ૐ

પરમાત્મને નમઃ

પંડિત કૈલાશચન્દ્ર જૈન ગ્રન્થમાલા, પુષ્પ-૧

# જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળા

(ભાગ-૧)

વિશ્વ; દ્રવ્ય-ગુણ-પર્યાય; છ સામાન્યગુણ તથા ચાર અભાવના પ્રશ્નોત્તર


લેખન તથા સંકલન :

**પંડિત કૈલાશચન્દ્ર જૈન**

'વિમલાંચલ', હરિનગર, અલીગઢ (ઉ.પ્ર.)



પ્રકાશન સહયોગ :

**તીર્થધામ મંગલાયતન, અલીગઢ**

પ્રકાશક :

**શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ, દેહરાદૂન**

પ્રકાશક

**શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ, દેહરાદૂન**

પ્રાપ્તિસ્થાન

ટાઈપ સેટિંગ :

**પૂજા ઈમ્પ્રેશન્સ**

ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય

જગતના સર્વ જીવો સુખ ઇચ્છે છે અને દુઃખથી ભયભીત છે. સુખ મેળવવા આ જીવ, સર્વ પદાર્થોને પોતાના ભાવો અનુસાર પલટવા ચાહે છે, પરંતુ અન્ય પદાર્થોને બદલવાનો ભાવ મિથ્યા છે, કેમકે પદાર્થ તો પોતાની મેળે પલટે છે અને આ જીવનું કાર્ય માત્ર જ્ઞાતા-દૃષ્ટા છે.

સુખી થવા માટે જિનવચનોને સમજવા અત્યંત આવશ્યક છે. વર્તમાનમાં જિનધર્મના રહસ્યને બતાવનારા અધ્યાત્મપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી છે. એવા સત્પુરુષના ચરણોમાં રહીને અમે જે કાંઈ શીખ્યા છીએ, તે અનુસાર પંડિત કૈલાશચંદ્રજી જૈન (બુલંદશહેર) દ્વારા ગુંથિત જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળાના સાત ભાગ, જિનધર્મના રહસ્યને અત્યંત સ્પષ્ટ કરનારા હોવાથી ચોથીવાર પ્રકાશિત થઈ રહ્યા છે.

આ પ્રકાશન કાર્યમાં અમે લોકો અમારા મંડળના વિવેકી અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખનાર સ્વર્ગીય શ્રી રૂપચંદજી, માજરાવાલોને યાદ કરીએ છીએ, જેની શુભ પ્રેરણાથી આ ગ્રંથોનું પ્રકાશનકાર્ય શરૂ થયું છે.

અમે ઘણા ભક્તિભાવથી અને વિનયપૂર્વક એવી ભાવના કરીએ છીએ કે સાચા સુખના અર્થી જીવ, જીનવચનને સમજીનેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે. એવી ભાવનાથી આ પુસ્તકોનું ચોથું પ્રકાશન આપના હાથમાં છે.

આ પહેલા ભાગમાં જૈનદર્શનના આધારભૂત સિદ્ધાંતો-વિશ્વ,



દ્રવ્ય, ગુણ, પર્યાયનું વિશદ વર્ણન પ્રશ્નોત્તરાત્મક શૈલી તેમજ આત્મહિતના પ્રયોજનની દૃષ્ટિથી કરવામાં આવ્યું છે. દ્રવ્યના પ્રકરણ અતંર્ગત છએ દ્રવ્યો; ગુણના પ્રકરણના અંતર્ગત છ સામાન્ય ગુણો તેમજ પર્યાયના પ્રકરણને અંતર્ગત તેના અર્થ તેમજ વ્યંજનપર્યય; સમાનજાતીય તેમજ અસમાનજાતીય-દ્રવ્યપર્યાય તેમજ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને સમજાવામાં આવ્યા છે. તે સિવાય જિનાગમમાં વર્ણિત ચાર અભાવ --પ્રાગ્ભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ, અત્યન્તાભાવને સ્પષ્ટ કરતા અભ્યાસ માટે અનેક પ્રશ્નોત્તર સમાયોજિત કરવામાં આવ્યા છે. સાથે જ આત્મહિતને માટે આવશ્યક જાણવાયોગ્ય વિષયોનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

અમારા ઉપકારી આદરણીય પંડિત કૈલાશચંદ્રજીના જન્મ-શતાબ્દી વર્ષના અનુસંધાને, તીર્થધામ મંગલાયતનમાં આયોજિત મંગલ સમર્પણ સમારોહના અવસરે આ સંપાદિત સંસ્કરણ પ્રકાશિત થઈ રહ્યું છે, તેનો અમને અત્યંત ગર્વ છે. તીર્થધામ મંગલાયતન પરિવારના પૂર્ણ સહયોથી આ કાર્ય સંપન્ન થયું છે, જેનો અમને હર્ષ છે. પ્રસ્તુત ગ્રંથને સુવ્યવસ્થિત સંપાદિતરૂપમાં ઉપલબ્ધ કરવાનો શ્રેય પંડિતજીના સુપુત્ર શ્રી પવન જૈન, અલીગઢ તેમજ પંડિત દેવેન્દ્રકુમાર જૈન, બિજોલિયાને છે. તેનો મંડળ તરફથી આભાર વ્યક્ત કરીએ છીએ.

દરેક જીવ આ ભાગમાં સમાહિત આધારભૂત સિદ્ધાંતોને સમ્યક્સ્વરૂપ સમજીને સ્વરૂપાનુભૂતિ પ્રાપ્ત કરે - એજ ભાવના છે.

૧૦ જૂન ૨૦૧૨
**મંગલ સંપર્ણ સમારોહ**
પંડિત કૈલાશચંદ્ર જૈન
જન્મ શતાબ્દી વર્ષ

નિવેદક
**દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**
દેહરાદૂન

## લેખકની ભૂમિકા

અનાદિકાળથી પરમગુરુ સર્વજ્ઞદેવ, અપરગુરુ ગણધરાદિએ જે વસ્તુસ્વરૂપનું વર્ણન કર્યું છે, તે જ વસ્તુસ્વરૂપ પૂજ્ય શ્રી કાનજીસ્વામીએ બતાવ્યું છે. તે વસ્તુસ્વરૂપનું જ્ઞાન જે મારા જ્ઞાનમાં આવ્યું, તેને હું સદાય પ્રશ્નોત્તરોના રૂપમાં લેખબદ્ધ કરતો રહ્યો છું. ધીરે-ધીરે સરળ પ્રશ્નોત્તરના રૂપમાં સમસ્ત જૈન-શાસનનો સાર લેખબદ્ધ થઈ ગયો. મારા વિચારમાં સત્ય વાત સમજવામાં ન આવવાનું મુખ્ય કારણ, જિનેન્દ્રદેવની આજ્ઞા ન જાણતા તથા જિનાગમના રહસ્ય દષ્ટિમાં આવવાથી, પોતાની મિથ્યા માન્યતાઓ અનુસાર શાસ્ત્રનો અભ્યાસ કરવો એ છે. જેના ફળસ્વરૂપ અજ્ઞાની જીવ પોતાની મિથ્યાબુદ્ધિથી સંસારમાર્ગનું શ્રદ્ધા-જ્ઞાન-આચરણ કરે છે. વસ્તુતઃ કોઈપણ અનુયોગના જૈનશાસ્ત્રનો સ્વાધ્યાય કરવાથી પૂર્વે જો નીચેના પ્રશ્નોત્તરોંનું મનન કરવામાં આવે, તો શાસ્ત્રોના સાચા અર્થ સમજવામાં સરળતા રહેશે તથા સંસારમાર્ગથી બચવાનો અવકાશ રહેશે.

**પ્રશ્ન-૧ :- પ્રત્યેક વાક્યમાંથી કઈ ચાર વાતોં કાઢવાથી રહસ્ય સ્પષ્ટ સમજવામાં આવે છે?**

ઉત્તર :- (૧) જિન, જિનવર અને જિનવરવૃષભ શું કહે છે? (૨) જિન-જિનવર અને જિનવરવૃષભોના કથનો સાંભળી, જ્ઞાની શું જાણે છે અને શું કરે છે? (૩) જિન-જિનવર ઔર જિનવરવૃષભોના કથનને સાંભળીને, સમ્યક્ત્વની સન્મુખ મિથ્યાદષ્ટિપાત્ર ભવ્યજીવ શું જાણે છે અને શું કરે છે? (૪) જિન-



જિનવર અને જિનવવૃષભોના કથન સાંભળીને દીર્ઘસંસારી મિથ્યાદષ્ટિ શું જાણે છે અને શું કરે છે?

**પ્રશ્ન-૨ :- જિન-જિનવર અને જિનવવૃષભોએ પદાર્થનું સ્વરૂપ કેવું અને શું બતાવ્યું છે? જેના શ્રદ્ધાનથી સર્વ દુઃખ દૂર થઈ જાય છે?**

ઉત્તર :- 'અનાદિ-નિધન વસ્તુઓ ભિન્ન-ભિન્ન પોતપોતાની મર્યાદાસહિત પરિણમે છે, કોઈ કોઈને આધીન નથી, કોઈ કોઈને પરિણમિત કરાવવાથી પરિણમિત થતી નથી.' જિન-જિનવર અને જિનવરવૃષભોએ એ બતાવ્યું છે કે પદાર્થોનું આવું શ્રદ્ધાન કરવાથી સર્વ દુઃખ દૂર થઈ જાય છે.

**પ્રશ્ન-૩ :- જિન-જિનવર અને જિનવરવૃષભોના આવા કથન સાંભળી જ્ઞાની શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- કેવળીની સમાન દરેક પદાર્થોના સ્વરૂપનું જ્ઞાન થઈ ગયું છે, માત્ર પ્રત્યક્ષ અને પરોક્ષનું અંતર રહે છે. જ્ઞાની પોતાના ત્રિકાળી જ્ઞાયકસ્વભાવમાં વિશેષ સ્થિરતા કરીને, શ્રેણી માંડીને સિદ્ધદશાની પ્રાપ્તિ કરે છે.

**પ્રશ્ન-૪ :- જિન-જિનવર અને જિનવરવૃષભોના કથન સાંભળીને, સમ્યક્ત્વની સન્મુખ મિથ્યાદષ્ટિ પાત્ર ભવ્યજીવ શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- અહો-અહો! જિન-જિનવર અને જિનવરવૃષભોનું કથન મહાન ઉપકારી છે!! એને દરેક પદાર્થની સ્વતંત્રતા ધ્યાનમાં આવી જાય છે. પોતાના ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરીને, જ્ઞાની બની, જ્ઞાનીની જેમ નિજ-સ્વભાવમાં વિશેષ એકાગ્રતા કરીને, શ્રેણી માંડીને સિદ્ધદશાને પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન-૫ :- જિન-જિનવર અને જિનવરવૃષભના કથન**

**સાંભળીને દીર્ઘસંસારી મિથ્યાદષ્ટિ શું જાણે છે અને શું કરે છે?**

**ઉત્તર :–** જિન-જિનવર અને જિનવરવૃષભનોના કથનનો વિરોધ કરે છે તથા મિથ્યાત્વની પુષ્ટિ કરીને ચારેય ગતિમાં રખડતા થકા નિગોદમાં ચાલ્યા જાય છે.

**પ્રશ્ન-૬ :– પહેલી કઈ પાંચ વાતોનો નિર્ણય કરીને શાસ્ત્રનો અભ્યાસ કરે તો કલ્યાણનો અવકાશ રહે?**

**ઉત્તર :–** (૧) વ્યાપ્ય-વ્યાપકસંબંધ, એક દ્રવ્યનું એની પર્યાયમાં જ થાય છે; બે દ્રવ્યોમાં વ્યાપ્ય-વ્યાપકસંબંધ કદી પણ હોતો નથી. (૨) અજ્ઞાનીનો વ્યાપ્ય-વ્યાપકસંબંધ, શુભાશુભ વિકારીભાવોની સાથે કહો તો કહો, પરંતુ પરદ્રવ્યોની સાથે તથા દ્રવ્યકર્મોની સાથે તો વ્યાપ્ય-વ્યાપકસંબંધ કોઈ અપેક્ષાએ નથી. (૩) જ્ઞાનીનો શુદ્ધભાવોની સાથે વ્યાપ્ય-વ્યાપકસંબંધ છે. (૪) હું આત્મા વ્યાપક અને શુદ્ધભાવમાં વ્યાપ્ય છું-એવા વિકલ્પોમાં પણ રહેશે તો પણ ધર્મની પ્રાપ્તિ નહિ થાય. (૫) હું અનાદિ-અનંત જ્ઞાયક એકરૂપ ભગવાન છું અને મારી પર્યાયમાં મારી મૂર્ખતાને કારણે એક-એક સમયનું બહિરાત્મપણું ચાલ્યું આવે છે—એવું જાણે-માને તો તરત બહિરાત્મપણાનો અભાવ થઈને, અંતરાત્મા બની જાય છે. આ પાંચ વાતોનો નિર્ણય કરીને શાસ્ત્ર અભ્યાસ કરે તો કલ્યાણનો અવકાશ છે.

**પ્રશ્ન-૭ :– આગમના દરેક વાક્યનો મર્મ જાણવા માટે શું જાણીને સ્વાધ્યાય કરવો?**

**ઉત્તર :–** ચારેય અનુયોગના દરેક વાક્યમાં (૧) શબ્દાર્થ, (૨) નયાર્થ, (૩) મતાર્થ, (૪) આગમાર્થ, અને (૫) ભાવાર્થ કાઢીને સ્વાધ્યાય કરવાથી જૈનધર્મના રહસ્યનો મર્મી બની જાય છે.



**પ્રશ્ન-૮ :– શબ્દાર્થ શું છે?**

**ઉત્તર :–** પ્રકરણ અનુસાર વાક્ય કે શબ્દનો યોગ્ય અર્થ સમજવો તે શબ્દાર્થ છે.

**પ્રશ્ન-૯ :– નયાર્થ શું છે?**

**ઉત્તર :–** ક્યા નયનું વાક્ય છે? તેમાં ભેદ-નિમિત્તાદિનો ઉપચાર બતાવનારા વ્યવહારનયનું કથન છે કે વસ્તુસ્વરૂપ બતાવનારા નિશ્ચયનયનું કથન છે, તેનો નિર્ણય કરીને અર્થ કરવો તે નયાર્થ છે.

**પ્રશ્ન-૧૦ :– મતાર્થ શું છે?**

**ઉત્તર :–** વસ્તુસ્વરૂપથી વિરૂદ્ધ ક્યા મતનું (સાંખ્ય-બૌદ્ધાદિક)નું ખંડન કરે છે તથા સ્યાદ્વાદમતનું મંડન કરે છે; એ પ્રકારે શાસ્ત્રનું કથન સમજવું તે મતાર્થ છે.

**પ્રશ્ન-૧૧ :– આગમાર્થ શું છે?**

**ઉત્તર :–** સિદ્ધાંત અનુસાર જે અર્થ પ્રસિદ્ધ હોય, તે અનુસાર અર્થ કરવો તે આગમાર્થ છે.

**પ્રશ્ન-૧૨ :– ભાવાર્થ શું છે?**

**ઉત્તર :–** શાસ્ત્રકથનનું તાત્પર્ય - સારાંશ, હેય-ઉપાદેયરૂપ પ્રયોજન શું છે? તેને જે બતાવે તે ભાવાર્થ છે. જેમકે નિરંજન જ્ઞાનમયી નિજ પરમાત્મદ્રવ્ય જ ઉપાદેય છે, એ સિવાય નિમિત્ત અથવા કોઈપણ પ્રકારના રાગ ઉપાદેય નથી. એ કથનનો ભાવાર્થ છે.

**પ્રશ્ન-૧૩ :– પદાર્થોનું સ્વરૂપ સીધા શબ્દોમાં શું છે, જેના શ્રદ્ધાન-જ્ઞાનથી સંપૂર્ણ દુઃખનો અભાવ થાય છે?**

**ઉત્તર :–** ‘જીવ અનંત, પુદ્‌ગલ અનંતા અનંત, ધર્મ-અધર્મ-આકાશ એક-એક અને લોકપ્રમાણ અસંખ્યાત્ કાળદ્રવ્ય છે. દરેક દ્રવ્યમાં અનંત-અનંત ગુણ છે. દરેક દ્રવ્યના, દરેક ગુણમાં, એક

જ સમયમાં એક પર્યાયનો વ્યય, એક પર્યાયનો ઉત્પાદ અને ગુણ ધ્રૌવ્ય રહે છે. એવા દરેક દ્રવ્યના, દરેક ગુણમાં થઈ ગયા છે, થાય છે અને થતા રહેશે.' એના શ્રદ્ધાન-જ્ઞાનથી સંપૂર્ણ દુઃખનો અભાવ જિનાગમમાં બતાવ્યો છે.

**પ્રશ્ન-૧૪ :- કોના સમાગમમાં રહીને તત્ત્વનો અભ્યાસ કરવો જોઈએ અને કોના સમાગમમાં રહીને તત્ત્વનો અભ્યાસ કદી પણ ન કરવો જોઈએ?**

ઉત્તર :- જ્ઞાનીઓના સમાગમમાં રહીને જ તત્ત્વ-અભ્યાસ કરવો જોઈએ અને અજ્ઞાનીઓના સમાગમમાં રહીને તત્ત્વ-અભ્યાસ ક્યારે પણ ન કરવો જોઈએ.

**પ્રશ્ન-૧૫ :- શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં 'જ્ઞાનીના સમાગમમાં તત્ત્વ અભ્યાસ કરવો અથવા અજ્ઞાનીઓના સમાગમમાં રહીને તત્ત્વ-અભ્યાસ ન કરવો' એવું ક્યાંય લખ્યું છે?**

ઉત્તર :- પ્રથમ અધ્યાય, પૃષ્ઠ-૧૭માં લખ્યું છે કે 'વિશેષ ગુણને ધરનારા વક્તાનો સંયોગ મળે તો ઘણું ભલું જ છે અને ન મળે તો શ્રદ્ધાનાદિક ગુણોના ધારી વક્તાઓના મુખથી શાસ્ત્ર સાંભળવા. એવા પ્રકારના ગુણોના ધારક મુનિ અથવા શ્રાવક, સમ્યગ્દષ્ટિ એના મુખથી તો શાસ્ત્ર સાંભળવા યોગ્ય છે અથવા પદ્ધતિબુદ્ધિથી અથવા શાસ્ત્ર સાંભળવાના લોભથી, શ્રદ્ધાન આદિ ગુણરહિત પાપી પુરુષોના મુખથી શાસ્ત્ર સાંભળવા યોગ્ય નથી.'

**પ્રશ્ન-૧૬ :- પાહુડ-દોહામાં, 'કોનો સહવાસ ન કરવો જોઈએ' એવું ક્યાંય લખ્યું છે?**

ઉત્તર :- પાહુડ-દોહા, ૨૦માં લખ્યું છે કે 'વિષ ભલું, વિષધર સર્પ ભલો, અગ્નિ કે વનવાસનું સેવન પણ ભલું, પણ જિનધર્મથી વિમુખ મિથ્યાત્વીઓનો સહવાસ ભલો નથી.'



**પ્રશ્ન-૧૭ :- પોતાનું ભલું ઈચ્છનારે કઈ કઈ વાતોનો નિર્ણય કરવો જોઈએ?**

ઉત્તર :- (૧) સમ્યગ્દર્શનથી જ ધર્મની શરૂઆત થાય છે. (૨) સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા વિના કોઈપણ જીવને સાચા વ્રત, સામાયિક પ્રતિક્રમણ, તપ, પ્રત્યાખ્યાનાદિ હોતા નથી, કેમકે તે ક્રિયા પહેલા પાંચ ગુણસ્થાનમાં શુભભાવરૂપથી હોય છે. (૩) શુભભાવ, જ્ઞાની અને અજ્ઞાની બંનેને હોય છે, પરંતુ અજ્ઞાની એનાથી ધર્મ થાશે, હિત થાશે એમ માને છે; જ્ઞાનીની દૃષ્ટિમાં હેય થવાથી તે તેને કદીપણ હિતરૂપ ધર્મ થાય એમ માનતો નથી. (૪) એમ ન સમજવું કે ધર્મીને શુભભાવ થતો જ નથી, પરંતુ તે શુભભાવને ધર્મ અથવા તેનાથી ક્રમશઃ ધર્મ થાય—એમ માનતો નથી, કારણ કે અનંત વીતરાગદેવોએ એને બંધનું કારણ કહ્યું છે. (૫) એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતો નથી, એને પરિણમિત નથી કરી શકતો, પ્રેરણા નથી કરી શકતો; લાભ-નુકસાન નથી કરી શકતો; એના ઉપર પ્રભાવ નથી પાડી શકતો, તેની સહાયતા કે ઉપકાર નથી કરી શકતો; તેને મારી-બાળી નથી શકતો—એવા પ્રત્યેક દ્રવ્ય-ગુણ-પર્યાયની સંપૂર્ણ સ્વતંત્રતા અનંતજ્ઞાનીઓની પોકારી-પોકારીને કરી રહી છે. (૬) જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ અને પછી વ્રતાદિ હોય છે. તે સમ્યક્ત્વ, સ્વ-પરના શ્રદ્ધાન થવાથી થાય છે તથા તે શ્રદ્ધાન, દ્રવ્યાનુયોગના અભ્યાસ કરવાથી થાય છે; માટે પહેલાં દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરી સમ્યગ્દષ્ટિ થવું જોઈએ. (૭) પહેલા ગુણસ્થાનમાં જિજ્ઞાસું જીવોને શાસ્ત્ર અભ્યાસ, અધ્યયન-મનન, જ્ઞાની પુરુષોનો ધર્મ ઉપદેશ-શ્રવણ નિરંતર તેનો સમાગમ, દેવદર્શન, પૂજા, ભક્તિ, દાન આદિ શુભભાવ હોય છે, પણ પહેલાં ગુણસ્થાનમાં સાચા વ્રત, તપ આદિ હોતા નથી.

**પ્રશ્ન-૧૮ :- ઉભયાભાસીના બંને નયોના ગ્રહણને પણ મિથ્યા કહ્યા તો એ શું કરે? (બંને નયોને ક્યા પ્રકારે સમજે?)**

ઉત્તર :- નિશ્ચયથી જે નિરૂપણ કર્યું હોય, તેને તો સત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું અથવા વ્યવહારથી જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માનીને તેનું શ્રદ્ધાન છોડવું.

**પ્રશ્ન-૧૯ :- વ્યવહારનો ત્યાગ કરીને, નિશ્ચયનયને અંગીકાર કરવાનો આદેશ શું ભગવાન અમૃતચંદ્રાચાર્યે આપ્યો છે?**

ઉત્તર :- હા, આપ્યો છે. શ્રી સમયસાર, કળશ-૧૭૩ માં આદેશ આપ્યો છે કે 'બધા જ હિંસાદિ કે અહિંસાદિમાં અધ્યવસાય છે, તે દરેકને છોડવા-એવું જિનદેવોએ કહ્યું છે. અમૃતચંદ્રાચાર્ય કહે છે કે-માટે હું એમ માનું છું કે જે પરાશ્રિત વ્યવહાર છે, તે દરેક છોડાવ્યા છે, તો પછી સત્પુરુષ એક પરમ ત્રિકાળી જ્ઞાયક નિશ્ચયને જ અંગીકાર કરીને શુદ્ધજ્ઞાનઘનરૂપ નિજ મહિમામાં જ સ્થિતિ કેમ નથી કરતા? એમ કહીને આચાર્ય ભગવાને ખેદ પ્રગટ કર્યો છે.'

**પ્રશ્ન-૨૦ :- નિશ્ચયનયને અંગીકાર કરીને અને વ્યવહારનયના ત્યાગના વિષયમાં ભગવાન કુંદકુંદાચાર્યે શ્રી મોક્ષપ્રાભૃત, ગાથા-૩૧માં શું કહ્યું છે?**

ઉત્તર :- જે વ્યવહારની શ્રદ્ધા છોડે છે, તે યોગી પોતાના આત્મકાર્યમાં જાગે છે તથા જે વ્યવહારમાં જાગે છે, તે પોતાના કાર્યમાં સૂતો છે; માટે વ્યવહારનયનું શ્રદ્ધાન છોડીને, નિશ્ચનયનું શ્રદ્ધાન કરવા યોગ્ય છે. એ જ વાત શ્રી સમાધિતંત્ર, ગાથા-૭૮માં ભગવાન પૂજ્યપાદ આચાર્યે બતાવી છે.

**પ્રશ્ન-૨૧ :- વ્યવહારનયનું શ્રદ્ધાન છોડીને, નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું કેમ યોગ્ય છે?**

ઉત્તર :- **વ્યવહારનય** (૧) સ્વદ્રવ્ય, પરદ્રવ્યને (૨) તેના



ભાવોને (૩) કારણ-કાર્યાદિને; કોઈને કોઈ સાથે મેળવીને નિરૂપણ કરે છે, તો એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો જોઈએ અને **નિશ્ચયનય** તેનું જ યથાવત્ નિરૂપણ કરે છે. કોઈને કોઈનામાં મેળવતું નથી અને તેવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરવું જોઈએ.

**પ્રશ્ન-૨૨ :- આપ કહો છો કે વ્યવહારનયના શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે; માટે તેનો ત્યાગ કરવો અને નિશ્ચયનયના શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે; માટે તેનું શ્રદ્ધાન કરવું, પરંતુ જિનમાર્ગમાં તો બંને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે, તેનું શું કારણ છે?**

ઉત્તર :- જિનમાર્ગમાં ક્યાંક તો નિશ્ચયનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને તો સત્યાર્થ 'એમ જ છે'- એમ જાણવું તથા ક્યાંક વ્યવહારનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેમાં 'એમ છે નહિ, નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે'- એમ જાણવું; એ પ્રકારે જાણવું એનું નામ જ બંને નયોનું ગ્રહણ છે.

**પ્રશ્ન-૨૩ :- કોઈ મનીષી એમ કહે છે કે 'આમ પણ છે અને આમ પણ છે' એ પ્રકારે બંને નયોનું ગ્રહણ કરવું જોઈએ; શું એ મહાનુભાવોનું કહેવું જૂઠું છે?**

ઉત્તર :- હા, બિલકુલ જૂઠું છું. કેમકે તેને જિનેન્દ્ર ભગવાનની આજ્ઞાની ખબર નથી, તથા બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણીને 'આમ પણ છે અને આમ પણ છે'- એ પ્રકારે ભ્રમરૂપ પ્રવર્તનથી તો બંને નયોનું ગ્રહણ કરવું નહિ એમ કહ્યું છે.

**પ્રશ્ન-૨૪ :- જો વ્યવહારનય અસત્યાર્થ છે તો તેનો ઉપદેશ જિનમાર્ગમાં શા માટે આપ્યો? એક માત્ર નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું જોઈએ.**

**ઉત્તર :-** એવો જ તર્ક શ્રી સમયસારમાં કર્યો છે. ત્યાં એમ ઉત્તર આપ્યો છે કે – જેમ મ્લેચ્છને મ્લેચ્છની ભાષા વિના અર્થ સમજાવા કોઈ સમર્થ નથી; તેમ વ્યવહાર વિના (સંસારીને સંસારી ભાષા વિના) પરમાર્થનો ઉપદેશ અશક્ય છે. માટે વ્યવહારનો ઉપદેશ છે. એ પ્રકારે નિશ્ચયનું જ્ઞાન કરાવવા વ્યવહાર દ્વારા ઉપદેશ આપે છે. વ્યવહારનય છે, એનો વિષય પણ છે, પરંતુ તે અંગીકાર કરવા યોગ્ય નથી.

**પ્રશ્ન-૨૫ :- વ્યવહાર વિના નિશ્ચયનો ઉપદેશ કેમ નથી થતો, તેનો પહેલો પ્રકાર સમજાવો.**

**ઉત્તર :-** નિશ્ચયથી આત્મા, પરદ્રવ્યોથી ભિન્ન, સ્વભાવથી અભિન્ન સ્વયંસિદ્ધ વસ્તુ છે. તેને જે નથી ઓળખતા, તેને એ પ્રકારે કહેતા રહ્યાં, ત્યારે તો તે સમજી ન શક્યા; માટે તેને વ્યવહારનયથી શરીરાદિક પરદ્રવ્યોની સાપેક્ષતા દ્વારા નર-નારક-પૃથ્વીકાયાદિરૂપ જીવના વિશેષ કર્યા, ત્યારે મનુષ્ય જીવ છે, નારકી જીવ છે – વગેરે પ્રકારસહિત તેને જીવની ઓળખાણ થઈ. એ પ્રકારે વ્યવહાર વિના (શરીરના સંયોગ વિના) નિશ્ચયના (આત્માના) ઉપદેશનું ન થવું જાણવું.

**પ્રશ્ન-૨૬ :- આગળના પ્રશ્નમાં વ્યવહારનયથી શરીરાદિક સહિત જીવની ઓળખાણ કરાવી, ત્યારે એવા વ્યવહારનયને કઈ રીતે અંગીકાર નહિ કરવો જોઈએ? તે સમજાવો.**

**ઉત્તર :-** વ્યવહારનયથી નર-નારક વગેરે પર્યાયને જ જીવ કહ્યો, તે પર્યાયને જ જીવ ન માની લેવો. વર્તમાન પર્યાય તો જીવ-પુદ્ગલના સંયોગરૂપ છે. ત્યાં નિશ્ચયથી જીવદ્રવ્ય ભિન્ન છે- તેને જ જીવ માનવો. જીવના સંયોગે શરીરાદિકને પણ ઉપચારથી જીવ કહ્યો, તે કથનમાત્ર જ છે; પરમાર્થથી શરીરાદિક જીવ હોતા નથી



– એવું શ્રદ્ધાન કરવું. એ પ્રકારે વ્યવહારનય (શરીરાદિવાળો જીવ) અંગીકાર કરવા યોગ્ય નથી.

**પ્રશ્ન-૨૭ :- વ્યવહાર વિના (ભેદ વિના) નિશ્ચયનો (અભેદ આત્માનો) ઉપદેશ કેમ નથી થતો? એ બીજા પ્રકારને સમજાવો.**

**ઉત્તર :-** નિશ્ચયથી આત્મા અભેદ વસ્તુ છે. તેને જે નથી ઓળખતા, તેને આ પ્રકારે કહેતા રહે તો તે કાંઈ સમજશે નહિ. ત્યારે તેને અભેદવસ્તુમાં ભેદ ઉત્પન્ન કરીને જ્ઞાન-દર્શનાદિ, ગુણ-પર્યાયરૂપ જીવના વિશેષ કર્યા. ત્યારે જાણનાર જીવ છે, દેખનાર જીવ છે – વગેરે પ્રકારસહિત જીવની ઓળખાણ થઈ. એ પ્રકારે ભેદ વિના, અભેદના ઉપદેશનું ન હોવું જાણવું.

**પ્રશ્ન-૨૮ :- આગળના પ્રશ્નમાં વ્યવહારનયથી જ્ઞાન-દર્શન-ભેદ દ્વારા જીવની ઓળખાણ કરાવી, ત્યારે એવા ભેદરૂપ વ્યવહારનયને કેમ અંગીકાર ન કરવો જોઈએ? તે સમજાવો.**

**ઉત્તર :-** અભેદ આત્મામાં જ્ઞાન-દર્શનાદિ ભેદ કર્યા, માટે તેને ભેદરૂપ ન માની લેવા, કેમકે ભેદ તો સમજાવવા માટે કર્યા છે; નિશ્ચયથી તો આત્મા અભેદ જ છે, તેને જ જીવવસ્તુ માનવી. સંજ્ઞા-સંખ્યા-લક્ષણ વગેરે ભેદ કહ્યા, તે કથનમાત્ર જ છે; પરમાર્થથી દ્રવ્યગુણ ભિન્ન-ભિન્ન નથી – એવું જ શ્રદ્ધાન કરવું. એ પ્રકારે ભેદરૂપ વ્યવહારનય અંગીકાર કરવા યોગ્ય નથી.

**પ્રશ્ન-૨૯ :- વ્યવહાર વિના, નિશ્ચયનો ઉપદેશ કેમ નથી થતો? તેના ત્રીજા પ્રકારને સમજાવો.**

**ઉત્તર :-** નિશ્ચયથી વીતરાગભાવ મોક્ષમાર્ગ છે. તેને જે નથી ઓળખતા, તેને એમ કહેતા રહીએ તો તે સમજી નહિ શકે. ત્યારે

તેને તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક, પરદ્રવ્યના નિમિત્ત મટવાની સાપેક્ષતા દ્વારા, વ્યવહારનયથી વ્રત-શીલ-સંયમાદિને વીતરાગભાવના વિશેષ બતાવ્યા, ત્યારે તેને વીતરાગભાવની ઓળખાણ થઈ. તે પ્રકારે વ્યવહાર વિના, નિશ્ચય મોક્ષમાર્ગનો ઉપદેશનું ન હોવું જાણવું.

**પ્રશ્ન-૩૦ :- આગળના પ્રશ્નમાં વ્યવહારનયથી મોક્ષમાર્ગની ઓળખાણ કરાવી, ત્યારે એવા વ્યવહારનયને કેમ અંગીકાર ન કરવો જોઈએ? તે સમજાવો.**

**ઉત્તર :-** પરદ્રવ્યનું નિમિત્ત મટવાની અપેક્ષાથી વ્રત-શીલ-સંયમાદિકને મોક્ષમાર્ગ કહ્યો, તો તેને જ મોક્ષમાર્ગ ન માની લેવો જોઈએ, કેમકે (૧) પરદ્રવ્યનું ગ્રહણ-ત્યાગ આત્માના હોય તો આત્મા પરદ્રવ્યનો કર્તા-હર્તા થઈ જાય, પરંતુ કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને આધીન નથી. (૨) માટે આત્મા, પોતાના જે રાગાદિક ભાવ છે, તેને છોડીને વીતરાગી થાય છે. (૩) તેથી નિશ્ચયથી વીતરાગભાવ જ મોક્ષમાર્ગ છે. (૪) વીતરાગભાવોના અને વ્રતાદિકના કદાચિત્ કાર્યકારણપણું (નિમિત્ત-નૈમિત્તિકપણું) છે; માટે, વ્રતાદિને મોક્ષમાર્ગ કહ્યો, તે કથનમાત્ર જ છે; પરમાર્થથી બાહ્યક્રિયા મોક્ષમાર્ગ નથી - એમ શ્રદ્ધાન કરવું. એ પ્રકારે વ્યવહારનય અંગીકાર કરવા યોગ્ય નથી - એમ જાણવું.

**પ્રશ્ન-૩૧ :- જે જીવ, વ્યવહારનયના કથનને જ સાચું માની લે છે, તેને જિનવાણીમાં ક્યા-ક્યા નામથી સંબોધન કર્યું છે?**

**ઉત્તર :-** (૧) શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં, ગાથા-૬માં કહ્યું કે 'તસ્ય દેશના નાસ્તિ' (૨) શ્રી સમયસાર, કળશ-૫૫માં કહ્યું છે કે 'અજ્ઞાન-મોહ અંધકાર છે, એનું સૂલટવું દુર્નિવાર છે'. (૩) શ્રી પ્રવચનસાર, ગાથા-૫૫માં કહ્યું છે કે 'તે ડગલે ને પગલે છેતરાય છે.' (૪) શ્રી આત્માવલોકનમાં કહ્યું છે કે 'આ તેનું હરામજાદીપણું



છે.' વગેરે બધા શાસ્ત્રોમાં મૂર્ખ આદિ નામોથી સંબોધન કર્યું છે.

**પ્રશ્ન-૩૨ :- પરમાગમના અમૂલ્ય અગ્યાર સિદ્ધાંત ક્યા ક્યા છે, જે મોક્ષાર્થીને સદા યાદ રાખવા જોઈએ અને તે જિનવાણીમાં ક્યાં ક્યાં કહ્યા છે?**

**ઉત્તર :-** (૧) એક દ્રવ્ય, બીજા દ્રવ્યને અડતો નથી. (શ્રી સમયસાર ગાથા ૩) (૨) દરેક દ્રવ્યની દરેક પર્યાય, ક્રમબદ્ધ જ થાય છે. (શ્રી સમયસાર, ગાથા-૩૦૮ થી ૩૧૧ સુધી) (૩) ઉત્પાદ, ઉત્પાદથીત છે, વ્યય કે ધ્રુવથી નથી. (શ્રી પ્રવચનસાર, ગાથા-૧૦૧) (૪) દરેક પર્યાય પોતાના જન્મક્ષણમાં જ થાય છે. (શ્રી પ્રવચનસાર, ગાથા-૧૦૨) (૫) ઉત્પાદ પોતાના ષટ્કારના પરિણમનથી જ થાય છે. (શ્રી પંચાસ્તિકાય, ગાથા-૬૨) (૬) પર્યાય અને ધ્રુવના પ્રદેશ ભિન્ન-ભિન્ન છે. (શ્રી સમયસાર, ગાથા ૧૮૧ થી ૧૮૩) (૭) ભાવશક્તિને કારણે, પર્યાય થાય જ છે; કરવી પડતી નથી. (શ્રી સમયસાર, ૩૩મી શક્તિ) (૮) નિજ ભૂતાર્થસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે. (શ્રી સમયસાર, ગાથા-૧૧) (૯) ચારેય અનુયોગનું તાત્પર્ય માત્ર વીતરાગતા છે. (શ્રી પંચાસ્તિકાય, ગાથા-૧૭૨) (૧૦) સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય ગુણ-પર્યાયનો ભેદ વિચારવો, તે અન્યવશપણું છે. (શ્રી નિયમસાર, ૧૪૫) (૧૧) ધ્રુવનું આલંબન છે, વેદન નથી અને પર્યાયનું વેદન છે, પણ આલંબન નથી. (શ્રી વચનામૃત, ૩૭૨).

**પ્રશ્ન-૩૩ :- પર્યાયનું સાચું કારણ કોણ છે અને કોણ નથી?**

**ઉત્તર :-** પર્યાયનું કારણ તે સમયની પર્યાયની યોગ્યતા છે. ખરેખર તો પર્યાયની એક સમયની સત્તા જ પર્યાયનું સાચું કારણ છે. (અ) પર્યાયનું કારણ, પર તો હોઈ જ ન શકે, કેમકે પરનું તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પૃથક્-પૃથક્ છે. (આ) પર્યાયનું કારણ,

ત્રિકાળી દ્રવ્ય પણ ન હોઈ શકે, કેમકે પર્યાય એક સમયની છે, જો ત્રિકાળી કારણ હોય તો પર્યાય પણ ત્રિકાળી હોવી જોઈએ, તે તો છે નહિ. (ઈ) પર્યાયનું કારણ, અનંતરપૂર્વક્ષણવર્તી-પર્યાય પણ ન હોઈ શકે; કેમકે અભાવમાંથી ભાવની ઉત્પત્તિ નથી થઈ શકતી; માટે એમ સિદ્ધ થાય છે કે પર્યાયનું સાચું કારણ તે સમયની પર્યાયની યોગ્યતા જ છે.

**પ્રશ્ન-૩૪ :- મારા નિજ આત્માનું સ્વદ્રવ્ય-પરદ્રવ્ય ક્યું-ક્યું છે, જેને જાણવા-માનવાથી ચારેય ગતિનો અભાવ થઈ જાય?**

**ઉત્તર :-** (૧) **સ્વદ્રવ્ય,** એટલે કે નિર્વિકલ્પમાત્ર વસ્તુ; **પરદ્રવ્ય,** એટલે કે સવિકલ્પ ભેદ કલ્પના; (૨) **સ્વક્ષેત્ર,** એટલે કે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ; **પરક્ષેત્ર,** એટલે કે પ્રદેશોમાં ભેદ પડવો. (૩) **સ્વકાળ,** એટલે કે વસ્તુમાત્રની મૂળ અવસ્થા; **પરકાળ,** એટલે કે એક સમયની પર્યાય; (૪) **સ્વભાવ,** એટલે કે વસ્તુની મૂળ સહજશક્તિ; **પરભાવ,** એટલે કે ગુણભેદ કરવો. **(શ્રી સમયસાર, કળશ-૧૫૨)**

**પ્રશ્ન-૩૫ :- ક્યા કારણથી સમ્યક્ત્વનો અધિકારી થઈ શકે છે અને ક્યા કારણથી સમ્યક્ત્વનો અધિકારી નથી થઈ શકતો?**

**ઉત્તર :-** જુઓ! તત્ત્વવિચારની મહિમા! તત્ત્વવિચારરહિત, દેવાદિકની પ્રતીતિ કરે, ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરે, વ્રતાદિ પાળે, તપશ્ચરણાદિ કરે; તેને તો સમ્યક્ત્વ થવાનો અધિકાર નથી અને તત્ત્વવિચારવાળો એના વિના પણ સમ્યક્ત્વનો અધિકારી છે.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, ૨૬૦)**

**પ્રશ્ન-૩૬ :- જીવનું કર્તવ્ય શું છે?**

**ઉત્તર :-** જીવનું કર્તવ્ય તો તત્ત્વનિર્ણયનો અભ્યાસ જ છે. તેનાથી જ દર્શનમોહનું ઉપશમવું સ્વયં થાય છે, તેમાં (દર્શનમોહના



ઉપશમમાં) જીવનું કર્તવ્ય કાંઈ નથી.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૩૧૪)**

**પ્રશ્ન-૩૭ :- જિનધર્મની પરિપાટી શું છે?**

**ઉત્તર :-** જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ થાય છે, પછી વ્રતાદિ હોય છે. સમ્યક્ત્વ તો સ્વ-પરનું શ્રદ્ધાન હોવાથી થાય છે, તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાથી થાય છે. માટે પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભ્યાસ કરીને સમ્યગ્દૃષ્ટિ બનવું પ્રત્યેક જીવનું પરમ કર્તવ્ય છે.

**(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૨૯૩)**

**પ્રશ્ન-૩૮ :- ક્યા ક્યા ગ્રંથોનો અભ્યાસ કરીએ તો એક ભૂતાર્થ સ્વભાવનો આશ્રય થઈ શકે?**

**ઉત્તર :-** શ્રી મોક્ષમાર્ગપ્રકાશક તેમજ જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળાના સાત ભાગોનો સૂક્ષ્મ રીતે અભ્યાસ કરે તો ભૂતાર્થસ્વભાવનો આશ્રય લેવાનું થઈ શકે.

**પ્રશ્ન-૩૯ :- શ્રી મોક્ષમાર્ગપ્રકાશક તથા જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળામાં ક્યા ક્યા વિષયો બતાવ્યા છે?**

**ઉત્તર :-** છ દ્રવ્ય; સાત તત્ત્વ; છ સામાન્યગુણ; ચાર અભાવ; છ કારક; દ્રવ્ય-ગુણ, પર્યાયની સ્વતંત્રતા; ઉપાદાન-ઉપાદેય; નિમિત્ત-નૈમિત્તિક; યોગ્યતા; નિમિત્ત; સમયસાર સોમી ગાથાના ચાર બોલ; ઔપશમાદિક પાંચ ભાવ; ત્યાગપણા યોગ્ય મિથ્યાદર્શન આદિનું સ્વરૂપ; પ્રગટ કરવા યોગ્ય સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ; એક નિજ ભૂતાર્થના આશ્રયે જ ધર્મની પ્રાપ્તિ થઈ શકે છે, વગેરે વિષયોનું સૂક્ષ્મ રીતે વર્ણન કર્યું છે, જેથી જીવ નિજસ્વભાવનો આશ્રય કરીને મોક્ષનો પથિક બને.

**પ્રશ્ન-૪૦ :- શું જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળાના સાત ભાગ**

આપે બનાવ્યા છે?

ઉત્તર :- જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળાના સાત ભાગ તો આહાર વર્ગણાનું કાર્ય છે. વ્યવહારનયથી નિરૂપણ કરવામાં આવે છે, કે મેં બનાવ્યું છે. અરે ભાઈ! ચારેય અનુયોગના ગ્રંથમાંથી પરમાગમનું મૂળ કાઢીને થોડામાં સંગ્રહ કરી દીધો છે, જેમાં પાત્ર ભવ્ય જીવ સુગમતાથી ધર્મની પ્રાપ્તિને યોગ્ય થઈ શકે. આ સાત ભાગોનો એક માત્ર ઉપદેશ મિથ્યાત્વાદિનો અભાવ કરીને, સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ કરી ક્રમશઃ મોક્ષમાર્ગના પથિક બનવાનું જ છે.

ભવદીય
**પંડિત કૈલાશચંદ્ર જૈન**
અલીગઢ (ઉત્તરપ્રદેશ)



# અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
## (સંક્ષિપ્ત જીવનવૃત્ત)

ભારતની વસંધરા, અનાદિથી જ તીર્થંકર ભગવંતો, વીતરાગી સંતો, જ્ઞાની-ધર્માત્માઓ તથા દાર્શનિક/આધ્યાત્મિક ચિંતકોની જન્મદાત્રી રહી છે. આ જ દેશમાં વર્તમાનકાળમાં ભગવાન ઋષભદેવથી લઈને ભગવાન મહાવીર સુધીના ચોવીસ તીર્થંકરો થયા છે. વર્તમાનમાં ભગવાન મહાવીરના શાસનકાળમાં ધરસેન આદિ મહાન દિગંબર સંત, શ્રીમદ્ કુંદકુંદાચાર્ય વગેરે મહાન આધ્યાત્મિક સંત, આ પવિત્ર જિનશાસનની ધજાને દિગદિગંતમાં ફરકાવતા રહ્યા છે.

વર્તમાન શતાબ્દીમાં જિનેન્દ્ર ભગવંતો, વીતરાગી સંતો તથા જ્ઞાની ધર્માત્માઓ દ્વારા ઉદ્‌ઘાટિત આ શાશ્વત સત્યને, જેમણે પોતાના પ્રચંડ પુરુષાર્થથી સ્વયં આત્મસાધ કરતા થકા ૪૫ વર્ષો સુધી અવિરલ પ્રવાહિત કર્યો છે, તેમની દિવ્યવાણીથી આ વિશ્વમાં અધ્યાત્મક ક્રાંતિનો શંખનાદ ફૂંક્યો - એવા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીથી આજે કોણ અપરિચિત છે! પૂજ્ય ગુરુદેવશ્રીએ ક્રિયાકાંડની કાલીકારામાં કેદ, આ વિશુદ્ધ જિનશાનને પોતાના આધ્યાત્મિક આભામંડળ દ્વારા નતો મુક્ત કર્યો, પરંતુ એનો એવો પ્રચાર-પ્રસાર કે માનો આ વિષમ પંચમકાળમાં તીર્થંકરોનો વિરહ ભૂલાવી, ભરતક્ષેત્રને, વિદેહક્ષેત્ર અને પંચમકાળને ચોથો કાળ જ બનાવી દીધો.

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જનપદના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના

શ્રેષ્ઠીવીર્ય શ્રી મોતીચંભાઈને ઘરે, માતા ઉજમબાની કૂખે વિક્રમ સંવત્ ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, રવિવાર (તા.૨૧ એપ્રિલ, સન્ ૧૮૯૦ ઈ.સ.) પ્રાતઃકાળ આ બાળ મહાત્માનો જન્મ થયો.

સાત વર્ષની વયમાં લૌકિક શિક્ષા લેવાનો પ્રારંભ કર્યો. પ્રત્યેક વસ્તુના હૃદય સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મુધુરભાષીપણું, શાંત સ્વભાવ, સૌમ્ય તથા ગંભીર મુખમુદ્રા, તથા નિઃસ્પૃહ સ્વભાવવાળા હોવાથી બાળ 'કાનજી' શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. વિદ્યાલય અને જૈન પાઠશાળાના અભ્યાસમાં હંમેશા પ્રથમ નંબર આવતો, પરંતુ વિદ્યાલયની લૌકિક શિક્ષાથી એમને સંતોષ નહોતો થતો. અંદર ને અંદર એવું લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરમાં માતાના અવસાનથી, પિતાજીની સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ પછી પિતાજીના સ્વર્ગવાસને કારણે, સત્તર વર્ષની ઉંમરમાં ભાગીદારની સાથે વ્યવસાયિક પ્રવૃત્તિમાં જોડાવાનું થયું. દુકાન ઉપર પણ ધાર્મિક પુસ્તકોં વાંચતા હતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રીના સમયે રામલીલા કે નાટક જોવા જતાં, તો તેમાં પણ વૈરાગ્યરસનું ઘોલન કરતા હતા. જેના ફળસ્વરૂપ પહેલીવાર સત્તર વર્ષની ઉંમરમાં ઉજ્વળ ભવિષ્યની અભિવ્યક્તિ કરતું એવું, બાર લાઈનની એક કાવ્યની રચના કરે છે. - **શિવરમણી રમનાર તૂં, તૂં હી દેવનો દેવ.**

સત્યની શોધ માટે દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા અવસ્થામાં દુકાનનો પરિત્યાગ કરે છે, અને ગુરુની સમક્ષ આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે, પછી ૨૪ વર્ષની ઉંમરમાં (વિક્રમ સંવત્ ૧૯૭૦)માં જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ સાધર્મીઓના વિશાળ જનસમુદાયની ઉપસ્થિતિમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા



અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર ચઢતી વખતે ધોતી ફાટી જાય છે, તીક્ષ્ણ બુદ્ધિધારક કાનજીને શંકા થાય છે કે કાંઈક ખોટું થઈ રહ્યું છે.

વિક્રમ સંવત્ ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદયના સૂચક એક મંગલકારી પવિત્ર પ્રસંગ બને છે :

વિધિની કોઈ ધન્ય ક્ષણમાં શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ રચિત 'સમયસાર' નામનું મહાન પરમાગમ, ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે- —'**આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.**' સમયસારનું અધ્યયન અને ચિંતન કરતા અંતરમાં આનંદ અને ઉલ્લાસ પ્રસ્ફુટિત થાય છે તથા અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થાય છે. ભૂલી પડી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, મોક્ષમાર્ગપ્રકાશક, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાનદિપીકા વગેરે દિગંબર શાસ્ત્રના અભ્યાસથી તેમને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળમાર્ગ છે અને એ જ સાચો ધર્મ છે. એ માટે અંતરંગ શ્રદ્ધા કંઈક જુદી અને બહારમાં વેષ કંઈક જુદો — આ સ્થિતિ તેમને અસહ્ય લાગવા લાગે છે. તેથી અંતરંગમાં અત્યંત મનોમંથન પછી સંપ્રદાયનો પરિત્યાગનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની શોધ કરતા કરતા સોનગઢ આવીને 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકને દિવસે, (ચૈત્ર સુદ ૧૩, સંવત્ ૧૯૯૧) બપોરે સવા બે વાગ્યે સંપ્રદાયનું ચિહ્ન મુહપતિનો ત્યાગ કરે છે અને પોતે સ્વયં ઘોષિત કરે છે કે '**હવે હું સ્થાનકવાસી સાધુ નથી; હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.**' સિંહવૃત્તિના ધારક આ મહાપુરુષે ૪૫ વર્ષની

ઉંમરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિયા'માં નિવાસ કરતા માત્ર ત્રણ વર્ષમાં જ જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેને કારણે આ મકાન એકદમ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમ પ્રતાપી સત્પુરુષના નિવાસસ્થાન અને પ્રવચન સ્થળ 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કર્યું. ગુરુદેવશ્રીએ જેઠ વદ ૮, સંવત્ ૧૯૯૪ના દિવસે આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મસાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની ગયું.

અહીં દિગંબરધર્મના ચારેય અનુયોગના નાના-મોટા ૧૮૩ ગ્રંથોનું ગહનતાથી અધ્યયન કર્યું. એમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા. જેમાં શ્રી સમયસાર ગ્રંથ ઉપર તો ૧૯ વાર અધ્યાત્મ વર્ષા કરી. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો ઉપર પણ ઘણીવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનારા અને કુંદકુંદાદિ આચાર્યોના ગૂઢ શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટક આ મહાપુરુષના ભવતાપ વિનાશક અમૃતવાણીને ઈ.સ. ૧૯૬૧થી નિયમિતરૂપથી ટેપમાં ઉત્કીર્ણ કરવામાં આવ્યા. જેના પ્રતાપથી આજે આપણી પાસે નવ હજારથી વધારે પ્રવચનો સુરક્ષિત ઉપલબ્ધ છે. આ મંગલ ગુરુવાણી દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષ મંડળોમાં તથા લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘર-ઘરમાં ગુંજાયમાન થઈ રહી છે. એનાથી એટલું તો નિશ્ચિત છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મ સંદેશ, દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને



નિયમિત ઉપલબ્ધ થતો રહે, એ હેતુથી વિક્રમ સંવત્ ૨૦૦૦ના માગશર મહિનાથી (ડિસેમ્બર ૧૯૪૩થી) 'આત્મધર્મ' નામનું માસિક આધ્યાત્મિક પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણિકચંદ દોશીના સંપાદકત્વથી પ્રારંભ થયું છે, જે વર્તમાનમાં ગુજરાતી તથા હિન્દી ભાષામાં નિયમિત પ્રકાશિત થઈ રહ્યું છે.

સોનગઢમાં વિક્રમ સંવત્ ૧૯૯૭-ફાગણ સુદ બીજના દિને નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધર આદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. ઈ.સ. ૧૯૪૧થી ઈ.સ. ૧૯૮૦ સુધી સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત સમ્ગ્ર ભારતદેશના અનેક શહેરોમાં તથા આફ્રીકાના નાઈરોબીમાં કુલ ૬૬ પંચ કલ્યાણક તથા વેદી પ્રતિષ્ઠા આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પાવન કર-કમળોથી થઈ.

શ્રી સમ્મેદશિખરજીની યાત્રાનું નિમિત્ત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર ઈ.સ. ૧૯૫૭ અને ઈ.સ. ૧૯૬૭માં એમ બે વાર થયું. આ જ પ્રકરો સમગ્ર દક્ષિણ અને મધ્ય ભારતમાં ઈ.સ.૧૯૫૯ અને ઈ.સ.૧૯૬૯માં, એમ બે વાર વિહાર થયો.

તા.૨૮ નવેમ્બર ૧૯૮૦ શુક્રવાર (કાર્તક વદ ૭, સંવત્ ૨૦૩૭)ના દિને આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંત પુરુષ દેહાદિનું લક્ષ્ય છોડીને, પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાયંકાળ આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. વીરશાસનને પ્રાણવંત કરીને અહીંથી અધ્યાત્મયુગ સૃજન કરી ગયા.

# અધ્યાત્મ મનીષી પંડિત કૈલાશચંદ્ર જૈન
## (સંક્ષિપ્ત જીવનવૃત્ત)

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અનન્ય ભક્ત પંડિત કૈલાશચંદ્ર જૈનનો જન્મ, આજથી લગભગ ૯૯ વર્ષ પૂર્વ ગ્રામ ટીકરી, જિલ્લો મેરઠમાં પિતા મિટ્ઠનલાલ જૈનના ઘરે, માતા શ્રીમતિ ભરતોદેવીની કૂખે થયો છે. એ સિવાય એમને બે ભાઈ તથા બે બહેનોં સહિત પોતે પાંચ ભાઈ-બહેન હતા.

તેમની પ્રારંભિક શિક્ષા મથુરા-ચૌરાસી તથા તે પછી જંબુ વિદ્યાલય, સરદારપુરમાં થઈ. શરૂથી જ સ્વાભિમાની વૃત્તિના ધણી હોવાની સાથે નિર્ભીકતા, નિસ્પૃહતા, સિદ્ધાંતો પર અડગતા વગેરે એમના વ્યક્તિત્વની ઉલ્લેખનીય વિશેષતા છે.

નાનપણમાં જ લાહોરમાં સ્વતંત્ર વ્યવસાય તેમજ સ્વાધીનતા આંદોલન પછી સ્વદેશ વાપસી ઉપરાંત બુલંદશહેરમાં આજાદ ટ્રેડિંગ કંપની નામથી સ્ટેશનરીનો વ્યવસાય કરતા થકા, પોતાની સહધર્મિણી શ્રીમતિ વિમલાદેવી તેમજ ચાર પુત્રિઓ તથા એક પુત્રની સાથે પૂરા પરિવારની જવાબદારીનું નિર્વહન કરતા થકા ધર્મમાર્ગમાં નિરંતર ગતિશીલ રહ્યા.

આપના જીવનની ધારામાં અમૂલચૂલ પરિવર્તન ત્યારે થયું, જ્યારે ગિરનારયાત્રા દરમ્યાન સોનગઢની દિવ્યવિભૂતિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સાક્ષાત્કાર થયો. ત્યારબાદ નિરંતર તત્ત્વ આરાધના તથા તત્ત્વ પ્રચાર જ આપના જીવનનું અંગ બની ગયું અને સંપૂર્ણ દેશમાં તત્ત્વજ્ઞાનની ધજા ફરકાવા એકલા નીકળી પડ્યા.

યુવાવયમાં જ આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા ધારણ કરી, એકમાત્ર



આત્મસાધનાને જ જીવનનો ઉદ્દેશ બનાવીને તેમાં સફળતા અર્જિત કરી.

પોતાના જીવન આધાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ માનનીય શ્રી રામજીભાઈ દોશી તથા શ્રી ખેમચંદભાઈ સેઠ પાસેથી જે કાંઈ શીખ્યા, તેનું જ સાકારરૂપ છે ‘જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળા’ના આઠ ભાગ, જેનું અનવરત પ્રકાશન શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, દેહરાદૂનથી થતું રહ્યું છે. આજ ગ્રંથોના આધાર પર આપની પ્રેરણાથી આપના સુપુત્ર શ્રી પવન જૈનને ‘જિનાગમસાર’ની રચના/સંકલન કરી આપની પરંપરામાં વૃદ્ધિ કરી છે.

વિશ્વના પ્રાણીમાત્ર પ્રતિ કરુણાથી ઓતપ્રોત આપના હ્રદયની પાવન ભાવનાઓંનું સાકારરૂપ ‘તીર્થધામ મંગલાયતન’ આજે જિનેન્દ્રદેશના તેમજ ગુરુવાણીના પ્રચાર-પ્રસારની દશામાં ઉલ્લેખનીય ગતિથી કાર્ય કરી રહ્યું છે. અહીંથી પ્રકાશિત માસિક ‘મંગલાયતન’ પત્રિકા, ‘મંગલાયતન-ટાઈમ્સ’ તેમજ અનેક સાહિત્ય પણ પંડિતજીની પ્રેરણાથી તેમજ આશીર્વાદનું સુફળ છે.

વર્તમાનમાં શારીરિક શિથિલતા ઉપરાંત પણ તત્ત્વજ્ઞાનની જાગૃતિ આપના આત્મસાધનામય જીવનનું જીવંત પ્રતિબિંબ છે.

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| ૧. | ભેદજ્ઞાન | ૧ |
| ૨. | વિશ્વ : સ્વરૂપ તેમજ પરિજ્ઞાનથી લાભ | ૧૦ |
| ૩. | દ્રવ્ય : સ્વરૂપ તેમજ પરિજ્ઞાનથી લાભ | ૨૮ |
| ૪. | જીવદ્રવ્ય | ૭૨ |
| ૫. | પુદ્‌ગલદ્રવ્ય | ૮૬ |
| ૬. | ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્ય | ૧૧૪ |
| ૭. | આકાશદ્રવ્ય | ૧૨૧ |
| ૮. | કાળદ્રવ્ય | ૧૨૬ |
| ૯. | અભ્યાસ : દ્રવ્ય શબ્દથી દ્રવ્યની ઓળખાણ | ૧૩૦ |
| ૧૦. | ગુણ : સ્વરૂપ, ભેદ તથા પરિજ્ઞાનથી લાભ | ૧૩૩ |
| ૧૧. | અસ્તિત્વગુણ | ૧૪૬ |
| ૧૨. | વસ્તુત્વગુણ | ૧૬૬ |
| ૧૩. | દ્રવ્યત્વગુણ | ૧૮૦ |
| ૧૪. | પ્રમેયત્વગુણ | ૧૯૭ |
| ૧૫. | અગુરુલઘુત્વગુણ | ૨૧૬ |
| ૧૬. | પ્રદેશત્વગુણ | ૨૩૨ |
| ૧૭. | પર્યાય : સ્વરૂપ, ભેદ તથા લાભ | ૨૪૪ |
| ૧૮. | ચાર અભાવ : સ્વરૂપ તથા પરિજ્ઞાનથી લાભ | ૨૯૧ |
| ૧૯. | અભ્યાસ : છ સામાન્યગુણ, ચાર અભાવ.. | ૩૧૧ |
| ૨૦. | સંયુક્ત પ્રશ્નોત્તર : વિશ્વ; છ દ્રવ્ય;... | ૩૧૫ |
| ૨૧. | આત્મહિતના આઠ સૂત્ર | ૩૩૮ |
| ૨૨. | માનચિત્રથી વસ્તુસ્વરૂપ | ૩૫૮ |




ૐ

શ્રી વીતરાગાય નમઃ

# જૈન સિદ્ધાંત પ્રવેશ રત્નમાળા

## ભાગ-૧

ણમો અરહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આયરિયાણં,
ણમો ઉવ્જ્ઝાયાણં, ણમો લોએ સવ્વસાહૂણં. ૧.

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલમ્. ૨.

આત્મા જ્ઞાનં સ્વયં જ્ઞાનં, જ્ઞાનાદન્યત્કરોતિ કિમ્,
પરભાવસ્ય કર્તાત્મા, મોહોઽયં વ્યવહારિણામ્. ૩.

અજ્ઞાન તિમિરાન્ધાનાં, જ્ઞાનાંજન શલાકયા,
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ. ૪.

દેવ ગુરુ દોનોં ખડે, કિસકે લાગૂ પાંવ,
બલિહારી ગુરુદેવ કી, ભગવન દિયો બતાય. ૫.

કરુણાનિધિ ગુરુદેવ શ્રી, દિયા સત્ય ઉપદેશ,
જ્ઞાની માને પરખ કર, કરે મૂઢ સંક્લેશ. ૬.

## નિરંતર સ્મરણ કરવા યોગ્ય...

૧. અનાદિકાળથી આજ સુધી કોઈપણ પરદ્રવ્યે મારું ભલું-બુરું કર્યું જ નથી.

૨. અનાદિકાળથી આજ સુધી મેં પણ કોઈપણ પરદ્રવ્યનું ભલું-બૂરું કર્યું જ નથી.

૩. અનાદિકાળથી આજ સુધી નુકસાનીનો જ ધંધો કર્યો છે; જો નુકસાનીનો ધંધો ન કર્યો હોત તો સંસાર-પરિભ્રમણ મટી ગયું હોત, એમ થયું નથી.

૪. તે નુકસાની, માત્ર એક સમયની પર્યાયમાં છે, દ્રવ્ય-ગુણમાં નથી.

૫. જો પર્યાયની નુકસાની મટાડવી હોય અને પર્યાયમાં શાંતિ લાવવી હોય તો એકમાત્ર પોતાના અનંતગુણોના અભેદપિંડ તરફ દૃષ્ટિ કર.



## ૧

# ભેદજ્ઞાન

**પ્રશ્ન-૧ :- તું કોણ છો?**

ઉત્તર :- હું દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ અનંતગુણનો અભેદ પિંડ આત્મા છું.

**પ્રશ્ન-૨ :- તું કોણ નથી?**

ઉત્તર :- અત્યંત ભિન્ન પરપદાર્થ; આંખ, નાક, કાનરૂપ, શરીર; મન, વાણી, આઠ કર્મ; શુભાશુભ વિકારીભાવ, હું નથી.

**પ્રશ્ન-૩ :- તું ક્યારથી છો?**

ઉત્તર :- હું તો જન્મ-મરણરહિત અનાદિ-અનંત અનાદિકાળથી છું.

**પ્રશ્ન-૪ :- જન્મ-મરણ તો થાય છે, શું એ વાત અસત્ય છે?**

ઉત્તર :- શરીરનો સંયોગ-વિયોગ થાય છે, મારા આત્માનો નહિ.

**પ્રશ્ન-૫ :- તું દુઃખી કેમ છો?**

ઉત્તર :- જ્ઞાન-દર્શનાદિ અભેદ એક નિજ આત્માને ભૂલીને, મોહરૂપી દારૂ પીવાને કારણે, અનાદિકાળથી એક-એક સમય કરીને, પોતાની મૂર્ખતાથી જ દુઃખી થઈ રહ્યો છું.

**પ્રશ્ન-૬ :- પોતાની મૂર્ખતા શું છે?**

ઉત્તર :- પરપદાર્થમાં પોતાપણાની માન્યતા, એટલે કે મિથ્યાત્વ

જ પોતાની મૂર્ખતા છે.

**પ્રશ્ન-૭ :- મિથ્યાત્વ કેવું પાપ છે?**

ઉત્તર :- મિથ્યાત્વ, જુગાર, માંસભક્ષણ વગેરે સાત વ્યસનોથી પણ મોટું પાપ છે.

**પ્રશ્ન-૮ :- મિથ્યાત્વ સાત વ્યસનોથી પણ મોટું પાપ છે, એવું ક્યાં આવ્યું છે?**

ઉત્તર :- શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પાનું-૧૯૧માં લખ્યું છે કે 'જિનધર્મમાં તો આ આમ્નાય છે કે પહેલાં મોટું પાપ છોડાવીને, પછી નાના પાપ છોડાવ્યા છે; માટે આ મિથ્યાત્વને સાત વ્યસનોથી પણ મોટું પાપ જાણી પહેલા છોડાવ્યું છે. માટે જે પાપના ફળથી ડરે છે; પોતાના આત્માને દુઃખ સમુદ્રમાં ડુબાડવા નથી માગતા, તે જીવ આ મિથ્યાત્વને જરૂર છોડે, દરેક પ્રકારના મિથ્યાત્વભાવને છોડીને, સમ્યગ્દષ્ટિ થવું યોગ્ય છે, કેમકે સંસારનું મૂળ, મિથ્યાત્વ છે અને મોક્ષનું મૂળ, સમ્યક્ત્વ છે.'

**પ્રશ્ન-૯ :- મિથ્યાત્વ કેટલા પ્રકારનું છે?**

ઉત્તર :- બે પ્રકારનું છે. (૧) અગૃહીત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર, જે અનાદિકાળથી એક-એક સમય કરીને ચાલ્યું આવે છે, અને (૨) ગૃહીતમિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર, જે વિશેષરૂપથી મનુષ્યજન્મ પામવાથી કુદેવ, કુગુરુ, કુધર્મથી સમયે-સમયે નવું-નવું ગ્રહણ કરાતું જાય છે.

**પ્રશ્ન-૧૦ :- અગૃહીતમિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર કોને કહે છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કોને કહે છે?**

ઉત્તર :- જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે અનંતગુણોના અભેદ પિંડ નિજઆત્મા સિવાય, અનંત આત્માઓ, જેમાં ચોવીસ તીર્થંકર, દેવ, ગુરુ, સ્ત્રી, પુત્રાદિ; તથા અનંતાનંત પુદ્ગલ, જેમાં-સોનું, ચાંદી,



મકાન; દુકાન, શરીર, મન, વાણી વગેરે નોકર્મ, આઠ કર્મ; ધર્મ, અધર્મ, આકાશ એક-એક અને લોકપ્રમાણ અસંખ્યાત્ કાળદ્રવ્યોમાં; ચારેય ગતિના શરીરમાં, અને શુભાશુભ વિકારીભાવોમાં-આ બધામાં એકત્વબુદ્ધિ અગૃહીતમિથ્યાદર્શન છે. આ બધામાં એકત્વરૂપ આચરણ, અગૃહીત મિથ્યાચારિત્ર છે. - એ બધાથી ભિન્નપણું જાણીને નિજ આત્માની શ્રદ્ધા, સમ્યગ્દર્શન છે. - એ બધાથી ભિન્નપણું જાણીને નિજ જ્ઞાનમયી આત્માનું જ્ઞાન, સમ્યગ્જ્ઞાન છે. આ બધાથી ભિન્નપણું જાણીને નિજ આત્મામાં આચરણ—લીન થવું સમ્યક્ચારિત્ર છે.

**પ્રશ્ન-૧૧ :- તે અત્યાર સુધી શું કર્યું?**

ઉત્તર :- પરપદાર્થોને પોતાના માનીને, માત્ર મોહ-રાગ-દ્વેષ કર્યા છે.

**પ્રશ્ન-૧૨ :- હવે સુખી થવા માટે શું કરવું?**

ઉત્તર :- જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે અનંતગુણનો પિંડ જે પોતે આત્મા છે, એની ઓળખાણ કરવી.

**પ્રશ્ન-૧૩ :- હું મારી ઓળખાણ કઈ રીતે કરું?**

ઉત્તર :- મિથ્યાદષ્ટિના કાર્યક્ષેત્રની મર્યાદા વિકારીભાવો સુધી છે; જ્ઞાનીઓની મર્યાદા, શુદ્ધભાવો સુધી છે, પણ પરપદાર્થોમાં જ્ઞાની-અજ્ઞાની કાંઈ પણ કરી શકતો નથી. એમ જાણીને પોતાના આત્માનો આશ્રય કરે પોતાની ઓળખાણ થાય છે.

**પ્રશ્ન-૧૪ :- સંસાર અને મોક્ષ શું છે?**

ઉત્તર :- (૧) આત્મા, પોતાના જ્ઞાતા-દષ્ટાના ઉપયોગનું જ્યારે પરપદાર્થ તરફ લક્ષ કરે છે, પરમાં દઢતા કરી લે છે કે આ 'હું' એનું નામ સંસાર છે. (૨) આત્મા પોતાના જ્ઞાતા-દષ્ટાના ઉપયોગનું જ્યારે સ્વતરફ લક્ષ કરીને, સ્વમાં દઢતા કરે છે આ 'હું' એનું નામ મોક્ષ છે.

**પ્રશ્ન-૧૫ :- સંસારનો અભાવ અને મોક્ષની પ્રાપ્તિ માટે શું કરવું?**

ઉત્તર :- પોતાના આત્માનો આશ્રય લીધા વિના સંસારનો અભાવ અને મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી નથી; માટે પોતાના નિજ જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરે તો સંસારનો અભાવ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**પદાર્થોને જાણવાનો ઉપાય**

**પ્રશ્ન-૧૬ :- કોઈપણ વસ્તુને જાણવા માટે શું-શું જાણવું જરૂરી છે?**

ઉત્તર :- તેનું લક્ષણ જાણવું જરૂરી છે.

**પ્રશ્ન-૧૭ :- લક્ષણ કોને કહે છે?**

ઉત્તર :- અનેક મળેલા પદાર્થોમાંથી કોઈ એક પદાર્થને પૃથક્ કરનાર હેતુને લક્ષણ કહે છે; જેમકે જીવનું લક્ષણ, ચૈતન્ય.

**પ્રશ્ન-૧૮ :- લક્ષ કોને કહે છે?**

ઉત્તર :- જેનું લક્ષણ કરવામાં આવે તેને લક્ષ કહે છે; જેમકે જીવનું લક્ષણ ચૈતન્ય કહ્યું, તો તેમાં જીવ, લક્ષ્ય છે અને ચૈતન્ય લક્ષણ છે.

**પ્રશ્ન-૧૯ :- લક્ષણાભાસ કોને કહે છે?**

ઉત્તર :- જે લક્ષણ સદોષ હોય તેને લક્ષણાભાસ કહે છે.

**પ્રશ્ન-૨૦ :- લક્ષણના કેટલા દોષ છે?**

ઉત્તર :- ત્રણ છે. અવ્યાપ્તિદોષ, અતિવ્યાપ્તિદોષ, અસંભવદોષ.

**પ્રશ્ન-૨૧ :- અવ્યાપ્તિદોષ કોને કહે છે?**

ઉત્તર :- લક્ષના એક ભાગમાં લક્ષણ રહેવું (એટલે કે થોડામાં જોવા મળતું), તેને અવ્યાપ્તિદોષ કહે છે; જેમકે પશુનું લક્ષણ, શીંગડા.

**પ્રશ્ન-૨૨ :- અતિવ્યાપ્તિદોષ કોને કહે છે?**



ઉત્તર :- લક્ષ અને અલક્ષમાં લક્ષણનું રહેવું (એટલે કે વધારેમાં જોવા મળતું) તેને અતિવ્યાપ્તિદોષ કહે છે; જેમકે-ગાયનું લક્ષણ, શીંગડું.

**પ્રશ્ન-૨૩ :- અલક્ષ કોને કહે છે?**

ઉત્તર :- લક્ષથી વિરૂદ્ધ અન્ય પદાર્થોને અલક્ષ કહે છે.

**પ્રશ્ન-૨૪ :- અસંભવદોષ કોને કહે છે?**

ઉત્તર :- લક્ષમાં લક્ષણની અસંભાવનાને (એટલે કે જોવા જ ન મળે), અસંભવદોષ કહે છે; જેમકે-જીવનું લક્ષણ, જડ.

**પ્રશ્ન-૨૫ :- સાચા લક્ષણની ઓળખાણ શું છે?**

ઉત્તર :- જે લક્ષણ, લક્ષમાં તો દરેક સ્થાનમાં હોય અને અલક્ષમાં કોઈપણ સ્થાનમાં ન હોય, તે જ સાચા લક્ષણની ઓળખાણ છે; જેમકે-જીવનું લક્ષણ, ચૈતન્ય.

**પ્રશ્ન-૨૬ :- નયના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે ભેદ છે (૧) નિશ્ચયનય અને (૨) વ્યવહારનય.

**પ્રશ્ન-૨૭ :- નિશ્ચયનય કોને કહે છે?**

ઉત્તર :- વસ્તુના કોઈ સાચા (મૂળ) અંશને ગ્રહણ કરનાર જ્ઞાનને નિશ્ચયનય કહે છે; જેમકે માટીના ઘડાને માટીનો ઘડો કહેવું.

**પ્રશ્ન-૨૮ :- વ્યવહારનય કોને કહે છે?**

ઉત્તર :- કોઈ નિમિત્તથી એક પદાર્થને, બીજા પદાર્થરૂપ જાણનાર જ્ઞાનને વ્યવહારનય કહે છે; જેમકે માટીના ઘડાને, ઘી રાખવાના નિમિત્તે ઘીનો ઘડો કહેવો.

**પ્રશ્ન-૨૯ :- વ્યવહારનયના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે ભેદ છે -- સદ્ભૂતવ્યવહારનય અને અસદ્ભૂતવ્યવહારનય.

**પ્રશ્ન-૩૦ :- સદ્ભૂતવ્યવહારનય કોને કહે છે?**

ઉત્તર :- જે એક પદાર્થમાં ગુણ-ગુણીને ભેદરૂપે ગ્રહણ કરે, તેને સદ્‌ભૂતવ્યવહારનય કહે છે.

**પ્રશ્ન-૩૧ :- સદ્‌ભૂતવ્યવહારનયના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે ભેદ છે. ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનય અને અનુપચરિતસદ્‌ભૂતવ્યવહારનય.

**પ્રશ્ન-૩૨ :- ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનય કોને કહે છે?**

ઉત્તર :- જે ઉપાધિસહિત ગુણ-ગુણીને ભેદરૂપે ગ્રહણ કરે, તેને ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનય કહે છે; જેમકે-સંસારીજીવના મતિજ્ઞાનાદિ પર્યાય અને નર-નારકાદિ પર્યાયો.

**પ્રશ્ન-૩૩ :- અનુપચરિતસદ્‌ભુતવ્યવહારનય કોને કહે છે?**

ઉત્તર :- જે નય, નિરૂપાધિક ગુણ-ગુણીને ભેદરૂપે ગ્રહણ કરે, તેને અનુપચરિતસદ્‌ભુતવ્યવહારનય કહે છે; જેમ કે જીવના કેવળજ્ઞાન-કેવળદર્શન.

**પ્રશ્ન-૩૪ :- અસદ્‌ભૂતવ્યવહારનય કોને કહે છે?**

ઉત્તર :- જે મળેલા ભિન્ન પદાર્થોનું અભેદરૂપ કથન કરે, તેને અસદ્‌ભૂતવ્યવહારનય કહે છે; જેમ કે-આ શરીર મારું છે.

**પ્રશ્ન-૩૫ :- અસદ્‌ભૂતવ્યવહારનયના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે ભેદ છે. ઉપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનય અને અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનય.

**પ્રશ્ન-૩૬ :- ઉપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનય કોને કહે છે?**

ઉત્તર :- અત્યંત ભિન્ન પદાર્થોને જે અભેદરૂપથી ગ્રહણ કરે, તેને ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનય કહે છે; જેમ કે - જીવના મહેલ, ઘોડા, વસ્રો આદિ કહેવું.

**પ્રશ્ન-૩૭ :- અનુપચરિતસદ્‌ભૂતવ્યવહારનય કોને કહે છે?**

ઉત્તર :- જે નય, સંયોગસંબંધથી યુક્ત બે પદાર્થોના સંબંધને



વિષય બનાવે; જેમ કે જીવનું શરીર, જીવના કર્મ કહેવું.

**પ્રશ્ન-૩૮ :- આ ચાર પ્રકારના વ્યવહાર કોને હોય છે અને કોને નથી હોતા?**

ઉત્તર :- સાધક છદ્મસ્થજીવોને લાગુ પડે છે; મિથ્યાદષ્ટિ અને કેવળીને લાગુ નથી પડતા.

**પ્રશ્ન-૩૯ :- ઉપચરિતઅસદ્‌ભૂતવ્યવહારને સ્પષ્ટ કરો.**

ઉત્તર :- મારો દીકરો, મારા ગુરુ, મારા ભગવાન વગેરે અત્યંત ભિન્ન પદાર્થોને પોતાના કહેવા, પરંતુ માનવા નહિ.

**પ્રશ્ન-૪૦ :- અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયને સ્પષ્ટ કરો.**

ઉત્તર :- આંખ-નાક-કાન-દાંત વગેરે નોકર્મ તથા આઠ કર્મોને પોતાના કહેવા, પરંતુ માનવા નહિ.

**પ્રશ્ન-૪૧ :- ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનયને સ્પષ્ટ કરો.**

ઉત્તર :- શુભાશુભવિકારીભાવોને પોતાના કહેવા, પરંતુ માનવા નહિ.

**પ્રશ્ન-૪૨ :- અનુપચરિતસદ્‌ભૂવ્યવહારનયને સ્પષ્ટ કરો.**

ઉત્તર :- શુદ્ધપર્યાયને પોતાની કહેવી, પરંતુ ત્રિકાળી સ્વભાવની જેમ પોતાની ન માનવી.

**પ્રશ્ન-૪૩ :- (૧) મારો સોનાનો હાર છે; (૨) મારા ૩૨ દાંત છે; (૩) હું પૂજાનો ભાવ કરું છું; (૪) હું સમ્યગ્દષ્ટિ છું, વગેરે કથનો ક્યા ક્યા વ્યવહારનયના છે?**

ઉત્તર :- (૧) ઉપચરિતઅસદ્‌ભૂયવ્યવહારનય; (૨) અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનય (૩) ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનય; (૪) અનુપચરિતસદ્‌ભૂતવ્યવહારનયના છે.

**પ્રશ્ન-૪૪ :- ચાર પ્રકારના અધ્યાત્મવ્યવહાર ક્યા પ્રકારે**

છે?

ઉત્તર :- (૧) ઉપચરિતઅસદ્ભૂતવ્યવહારનય :- સાધક એમ જાણે છે કે મારી પર્યાયમાં વિકાર થાય છે; એમાં જે વ્યક્ત રાગ, એટલે કે બુદ્ધિપૂર્વકનો રાગ જે પ્રગટ જણાય છે તેવા રાગને આત્મા કહેવો. (૨) અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનય :- જે સમયે બુદ્ધિપૂર્વકનો રાગ છે, તે જ સમયે પોતાના ખ્યાલમાં આવી શકતો નથી, એવો અબુદ્ધિપૂર્કવકનો રાગ પણ છે, તેને જાણવો. (૩) ઉપચરિતસદ્ભૂતવ્યવહારનય :- 'જ્ઞાન, પરને જાણે છે' અથવા જ્ઞાનમાં રાગ, જ્ઞાતા હોવાથી 'રાગનું જ્ઞાન છે'-એમ કહેવું. અથવા જ્ઞાતાસ્વભાવના ભાનપૂર્વક જ્ઞાની 'વિકારને પણ જાણે છે'-એમ કહેવું. (૪) અનુપચરિતસદ્ભૂતવ્યવહારનય :- જ્ઞાન અને આત્મા વગેરે ગુણ-ગુણીનો ભેદ કરવો.

**પ્રશ્ન-૪૫ :- અધ્યાત્મનયના સ્વરૂપ થોડામાં સમજાવો.**

ઉત્તર :- (૧) બુદ્ધિપૂર્વકના રાગને આત્માનો કહેવો તે ઉપચરિતઅસદ્ભૂતવ્યવહારન છે. (૨) તે જ સમયે અબુદ્ધિપૂર્વક રાગ પણ છે, તેને આત્માનો કહેવો તે અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનય છે. (૩) બુદ્ધિપૂર્વક-અબુદ્ધિપૂર્વક બંને પ્રકારના રાગનું જ્ઞાન—એમ કહેવું તે ઉપચરિતસદ્ભૂતવ્યવહારનય છે. (૪) જ્ઞાન તે આત્મા અટલે કે જ્ઞાનવાળો આત્મા, દર્શનવાળો આત્મા, — એમ કહેવું તે અનુપચરિતસદ્ભૂતવ્યવહારનય છે.

**પ્રશ્ન-૪૬ :- પાંચમાં ગુણસ્થાનની અપેક્ષાએ ચારેય પ્રકારના આધ્યાત્મિક વ્યવહારનય ક્યા પ્રકારના છે?**

ઉત્તર :- (૧) બાર અણુવ્રતાદિનો રાગ મારી પર્યાયમાં છે એમ જાણવું ઉપચરિતઅસદ્ભૂતવ્યવહારનય છે; (૨) બાર અણુવ્રતાદિના રાગના સમયે અબુદ્ધિપૂર્વકનો રાગ પણ છે; એ રાગ મારી પર્યાયમાં છે એમ જાણવો તે અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનય છે; (૩) બુદ્ધિપૂર્વક-અબુદ્ધિપૂર્વક બંને પ્રકારના રાગનું જ્ઞાન એમ કહેવું, પણ એમ માનવું નહિ તે ઉપચરિતસદ્ભૂતવ્યવહારનય છે. (૪) જ્ઞાન તો જ્ઞાનનું છે એમ જાણવું તે અનુપચરિતસદ્ભૂતવ્યવહારનય છે.



**પ્રશ્ન-૪૭ :- પ્રમાણજ્ઞાન કોને કહે છે?**

ઉત્તર :- દરેક વસ્તુ સામાન્ય-વિશેષાત્મક હોય છે; માટે વસ્તુના સાચા જ્ઞાનને પ્રમાણજ્ઞાન કહે છે.

**પ્રશ્ન-૪૮ :- નય કોને કહે છે?**

ઉત્તર :- પ્રમાણ દ્વારા નિશ્ચિત થયેલી અનંત ધર્માત્મક વસ્તુના એક એક અંગનું જ્ઞાન મુખ્યપણે કરે તેને નય કહે છે. નય સાપેક્ષરૂપ છે.

**પ્રશ્ન-૪૯ :- નયનું તાત્પર્ય શું છે?**

ઉત્તર :- વસ્તુ અનંત ધર્માત્મક છે. વસ્તુમાં કોઈ ધર્મની મુખ્યતા કરીને અવિરોધરૂપે સાધ્ય પદાર્થોને જાણવું તે નયનું તાત્પર્ય છે.

**પ્રશ્ન-૫૦ :- જેને કાંઈપણ ખબર નથી તે શું કરે, કે જેથી સંસારનો અભાવ થઈને મોક્ષની પ્રાપ્તિ થાય?**

ઉત્તર :- (૧) વિશ્વ શું છે? (૨) જીવ-પુદ્ગલ-ધર્મ-અધર્મ-આકાશ અને કાળ; આ દ્રવ્યોની બધા દોષોથી રહિત ઓળખાણ; (૩) ગુણનું સ્વરૂપ; (૪) પર્યાયનું સ્વરૂપ; (૫) અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ- આ સામાન્યગુણોનું રહસ્ય; (૬) ચાર અભાવનું રહસ્ય; (૭) હળતા-મળતા પ્રશ્નોત્તર.--આ બધા પ્રકારો જાણે તો કલ્યાણનો અવકાશ છે. માટે આ પહેલા ભાગમાં દરેકના ક્રમસર પ્રશ્નોત્તરનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમાં ભવ્યજીવ તેને સમજીને, સંસારનો અભાવ કરીને મોક્ષની પ્રાપ્તિ કરી શકે.

●●

૨

## વિશ્વ : સ્વરૂપ તેમજ પરિજ્ઞાનથી લાભ

**પ્રશ્ન-૧ :- વિશ્વ કોને કહે છે?**

ઉત્તર :- છ દ્રવ્યોના સમૂહને વિશ્વ કહે છે.

**પ્રશ્ન-૨ :- વિશ્વના પર્યાયવાચી શબ્દો ક્યા-ક્યા છે?**

ઉત્તર :- જગત, લોક, દુનિયા, બ્રહ્માંડ, સંસાર, વર્લ્ડ વગેરે વિશ્વના પર્યાયવાચી શબ્દો છે.

**પ્રશ્ન-૩ :- વિશ્વમાં કેટલા દ્રવ્યો છે?**

ઉત્તર :- વિશ્વમાં છ દ્રવ્યો છે.

**પ્રશ્ન-૪ :- અમને તો વિશ્વમાં ઘણાં દ્રવ્યો દેખાય છે, આપ છ જ કેમ કહો છો?**

ઉત્તર :- જાતિ અપેક્ષાએ છ દ્રવ્યો છે; સંખ્યા અપેક્ષાએ અનંતાનંત છે.

**પ્રશ્ન-૫ :- જાતિ તેમજ સંખ્યા અપેક્ષાએ છ દ્રવ્યો ક્યા-ક્યા છે?***

ઉત્તર :- જાતિ અપેક્ષાએ—જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ. સંખ્યા અપેક્ષાએ—જીવદ્રવ્ય, અનંત; પુદ્ગલદ્રવ્ય, અનંતાનંત; ધર્મ-અધર્મ-આકાશદ્રવ્ય, એક-એક અને લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય છે.

* છએ દ્રવ્યોનું સ્વરૂપ તેમજ તેના પરિજ્ઞાનથી થનારા લાભનું વર્ણન 'દ્રવ્ય' નામના પાઠમાં આપવામાં આવ્યું છે.



**પ્રશ્ન-૬ :- જીવદ્રવ્ય કેટલા છે અને ક્યાં રહે છે?**

ઉત્તર :- જીવદ્રવ્ય અનંત છે અને તે સંપૂર્ણ લોકાકાશમાં રહેલાં છે.

**પ્રશ્ન-૭ :- પુદ્ગલદ્રવ્ય કેટલા છે અને ક્યાં રહે છે?**

ઉત્તર :- જીવદ્રવ્યથી અનંતગુણા અધિક પુદ્ગલદ્રવ્ય છે અને તે સંપૂર્ણ લોકાકાશમાં રહેલાં છે.

**પ્રશ્ન-૮ :- ધર્મ, અધર્મ, દ્રવ્ય કેટલા-કેટલા છે અને ક્યાં રહે છે?**

ઉત્તર :- ધર્મ અને અધર્મદ્રવ્ય એક-એક છે અને તે સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપેલા છે.

**પ્રશ્ન-૯ :- આકાશદ્રવ્ય કેટલા છે અને ક્યાં રહે છે?**

ઉત્તર :- આકાશદ્રવ્ય એક છે તે લોકાકાશ તથા અલોકાકાશરૂપમાં વ્યાપેલા છે.

**પ્રશ્ન-૧૦ :- કાળદ્રવ્ય કેટલા છે અને ક્યાં રહે છે?**

ઉત્તર :- લોકપ્રમાણ અસંખ્યાત્ કાળદ્રવ્ય છે; તે લોકાકાશના એક-એક પ્રદેશમાં રત્નોની માફક જડેલા છે.

**પ્રશ્ન-૧૧ :- વિશ્વમાં છ જાતિના દ્રવ્યો છે, એને જાણવાથી અમને શો લાભ છે?**

ઉત્તર :- આપણે કેવળી ભગવાનના લઘુનંદન બની જઈએ છીએ.

**પ્રશ્ન-૧૨ :- વિશ્વમાં છ જાતિના દ્રવ્યોને જાણવાથી આપણે કેવળી ભગવાનના લઘુનંદન કેવી રીતે બની જઈએ?**

ઉત્તર :- જેમ આપણી તિજોરીમાં છ રૂપિયા છે, આપણા જ્ઞાનમાં પણ છ રૂપિયા છે અને આપણા ખાતામાં પણ છ રૂપિયા લખ્યા છે. જ્યારે ત્રણે જગ્યાએ બરાબર જ છે તો હિસાબ ઠીક

છે; તેવી રીતે કેવળીભગવાનની દિવ્યધ્વનિરૂપી તિજોરીમાં જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય આવ્યા, શાસ્ત્રોમાં પણ જાતિ અપેક્ષાએ છ દ્રવ્યો આવ્યા અને અમારા જ્ઞાનમાં પણ જાતિ અપેક્ષાએ છ દ્રવ્યો આવ્યા. તે પ્રમાણે જેટલું કેવળી ભગવાન જાણે છે, તેટલું આપણે જાણી લીધું. એ અપેક્ષાએ આપણે પણ કેવળી ભગવાનના સાચા લઘુનંદન બની ગયા.

**પ્રશ્ન-૧૩ :- જેટલું કેવળીભગવાન જાણે છે, એટલું જ આપણે જાણીએ છીએ, તો એમના અને આપણા જાણવામાં શું ફેર છે?**

ઉત્તર :- જાણવામાં કોઈ અંતર નથી; માત્ર પ્રત્યક્ષ-પરોક્ષનો જ ભેદ છે. એમ સમયસાર, ગાથા-૧૪૩ની ટીકા-ભાવાર્થમાં, અષ્ટસહસ્રીમાં તથા રહસ્યપૂર્ણ ચિટ્ઠીમાં પણ આવ્યું છે.

**પ્રશ્ન-૧૪ :- જેટલું કેવળી જાણે છે, તેટલું જ સાધક જ્ઞાની જાણે છે, માત્ર પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ છે - આ વાત શાસ્ત્રોમાં ક્યાં ક્યાં આવી છે?**

ઉત્તર :- (૧) અષ્ટસહસ્રી, દશમ પરિચ્છેદ-૧૦૫ માં આવ્યું છે કે 'શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન સર્વ તત્ત્વોનું પ્રકાશન કરનારું છે. માત્ર પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ છે.' (૨) મોક્ષમાર્ગપ્રકાશક, આઠમો અધિકાર, પૃષ્ઠ-૨૭૦માં એમ આવ્યું છે કે 'પ્રત્યક્ષ-અપ્રત્યક્ષનો જ ભેદ છે, ભાસવામાં વિરૂદ્ધતા નથી.' (૩) આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવ્યું છે કે 'જેમ કેવળી યુગપત્ પ્રત્યક્ષ-પરોક્ષનું વિશેષ જાણવું.' (૪) શ્રી સમયસાર, ગાથા-૧૪૩ની ટીકા તથા ભાવાર્થમાં આવ્યું છે કે 'શ્રુતજ્ઞાની પણ કેવળીની જેમ વીતરાગ જેવા જ હોય છે-એમ જાણવું.' (૫) શ્રી સમયસાર, કળશ-૧૧૨માં આવ્યું છે કે 'જ્યાં સુધી સમ્યગ્દષ્ટિ છદ્મસ્થ છે, ત્યાં સુધી



કેવળજ્ઞાનની સાથે શુદ્ધનયના બળે પરોક્ષ ક્રીડા કરે છે, કેવળજ્ઞાન થવાથી સાક્ષાત્ ક્રીડા કરે છે.'

**પ્રશ્ન-૧૫ :- જ્યારે કેવળીના જ્ઞાનમાં વિશ્વના સર્વ દ્રવ્યોના ગુણ-પર્યાય આવે છે અને વિશ્વના દ્રવ્યો પણ એવા જ થતા હોય છે, થઈ રહ્યા છે, અને થતા રહેશે-તેને જાણવાથી અમને શો લાભ?**

ઉત્તર :- અનાદિથી જે પરમાં કર્તા-ભોક્તાની મિથ્યાબુદ્ધિ હતી તેનો અભાવ થઈ જાય છે. મિથ્યાત્વનો અભાવ થઈને, સમ્યગ્દર્શન આદિને પ્રાપ્ત કરીને ક્રમથી મોક્ષ તરફ ગમન થઈ જાય છે.

**પ્રશ્ન-૧૬ :- કેવળી ભગવાન સર્વ દ્રવ્યોને ભૂત-ભવિષ્ય-વર્તમાન પર્યાયોને એક સમયમાં યુગપત્ જાણે છે - એવું શાસ્ત્રોમાં ક્યાં ક્યાં આવ્યું છે?**

ઉત્તર :- ચારેય અનુયોગના શાસ્ત્રોમાં આવ્યું છે. (૧) સર્વ દ્રવ્ય પર્યાયેષુ કેવલસ્ય (મોક્ષશાસ્ત્ર, અધ્યાય ૧ સૂત્ર ૨૯) (૨) પ્રવચનસાર, ગાથા ૩૭, ૩૮, ૪૭, ૪૮, ૨૦૦માં આવ્યું છે. (૩) ધવલા, પુસ્તક ૧૩ પૃષ્ઠ-૩૪૬ થી ૩૫૩ સુધીમાં આવ્યું છે. (૪) છ ઢાળામાં - 'સકલ દ્રવ્ય કે ગુણ અનંત, પરજાય અનંતા, જાનૈ એકૈ કાલ, પ્રગટ કેવલિ ભગવંતા.' (૫) રત્નકરંડશ્રાવકાચારમાં શ્લોક-૧૩૭ના ભાવાર્થમાં લખ્યું છે કે 'જે જીવના જે દેશમાં, જે કાળમાં, જે વિધાનમાં જન્મ-મરણ, લાભ-અલાભ, સુખ-દુઃખનું થવું, જિનેન્દ્ર ભગવાને દિવ્યજ્ઞાન કરીને જાણ્યું છે, તે જીવના, તે દેશમાં, તે કાળમાં, તે વિધાનથી, જન્મ-મરણ, લાભ નિયમથી હોય છે. તેને દૂર કરવા માટે કોઈ ઈન્દ્ર અહંમિન્દ્ર જિનેન્દ્ર સમર્થ નથી. એવા સમસ્ત દ્રવ્યની સમસ્ત પર્યાયને જાણે છે, શ્રદ્ધાન કરે છે, તે સમ્યગ્દષ્ટિ શ્રાવક, પ્રથમપદના ધારક જાણવા.' એ જ વાત શ્રી

કાર્તિકેયાનુપ્રેક્ષામાં ગાથા-૩૨૧ સે ૩૨૩માં કહેવામાં આવ્યું છે.

**પ્રશ્ન-૧૭ :- જ્યારે કેવળીના જ્ઞાનમાં જેવું આવ્યું તેવું જ પ્રત્યેક દ્રવ્યનું સ્વતંત્ર પરિણમન થઈ રહ્યું છે, ત્યારે આ અજ્ઞાની જીવ કેમ નથી માનતા?**

ઉત્તર :- અજ્ઞાની જીવને ચારેય ગતિમાં ફરીને નિગોદમાં જવું સારું લાગે છે; માટે માનતો નથી.

**પ્રશ્ન-૧૮ :- જ્યારે કેવળી અને સાધકજ્ઞાની બધું જાણે છે તો કહેવાતા પંડિતો એમ કેમ કહે છે કે (૧) કેવળી ભગવાન ભૂત અને વર્તમાન કાળવર્તી પર્યાયોને જ જાણે છે અને ભવિષ્યની પર્યાયને તે થાય ત્યારે જાણે છે. (૨) સર્વજ્ઞ ભગવાન અપેક્ષિત ધર્મોને નથી જાણતા. (૩) કેવળી ભગવાન ભૂત-ભવિષ્યની પર્યાયોને સામાન્યરૂપથી જાણે છે, પરંતુ વિશેષરૂપથી નથી જાણતા. (૪) કેવળી ભગવાન ભવિષ્યની પર્યાયને સમગ્રપણે જાણે છે, ભિન્ન-ભિન્નપણે નથી જાણતા. (૫) જ્ઞાન માત્ર જ્ઞાનને જ જાણે છે. (૬) સર્વજ્ઞના જ્ઞાનમાં પદાર્થ ઝળકે છે, પરંતુ ભૂતકાળ અને ભવિષ્યકાળની પર્યાય સ્પષ્ટપણે ઝળકતી નથી; વગેરે ખોટી માન્યતાઓ કેમ જોવા મળે છે?**

ઉત્તર :- કહેવાતા વિદ્વાન પંડિતોની મિથ્યા માન્યતા એમ બતાવે છે કે તેમની જલ્દી નિગોદમાં જવાની તૈયારી છે. કેમકે આદિનાથ ભગવાનને ભરતજીએ પૂછ્યું હતું—ભગવાન ભવિષ્યમાં આપની સમાન તીર્થંકર થનાર કોઈ જીવ અહીં છે તો, ભગવાને કહ્યું હતું કે, આ મારીચ અંતિમ ૨૪માં તીર્થંકર મહાવીર થશે. તો વિચારો! સમવસરણમાં કેટલા જીવો હતા, ભગવાનને તે બધા જીવોનું ભૂત-ભવિષ્ય-વર્તમાન પર્યાયનું જ્ઞાન હતું. ખોટી માન્યતાવાળાઓએ એ ન માન્યું માટે તે નિગોદને પાત્ર છે. (૨) ભગવાન નેમિનાથને દ્વારિકાનું ભવિષ્ય પૂછ્યું હતું. એમણે કહ્યું કે ૧૨ વર્ષ પછી આગ લાગશે. મિથ્યા માન્યતાવાળાએ એ પણ ન માન્યું; માટે નિગોદને પાત્ર છે. (૩) દિગંબર શાસ્ત્ર પંચમકાળના આચાર્યોએ લખેલા છે. તેમાં જીવોના દસ-દસ ભવોનું વર્ણન આવે છે, તેમને પણ ન માન્યું માટે નિગોદને પાત્ર છે. (૪) ભરતજીએ કૈલાસપર્વત ઉપર ભૂત-ભવિષ્ય-વિર્તમાન ચોવીસીની સ્થાપના કરી હતી. તે ક્યાંથી આવી? અજ્ઞાનીઓને જરા પણ વિચાર નથી આવતો. (૫) ઉત્સર્પિણી, અવસર્પિણી વગેરે છ-છ કાળ હોય છે અને ચોથા કાળમાં ચોવીસ તીર્થંકર થશે એ વગેરે ન માનવાથી ઊંધી માન્યતાવાળો કોઈપણ હોય તે દરેક નિગોદને પાત્ર છે.



**પ્રશ્ન-૧૯ :- સર્વજ્ઞદેવના વિષયમાં પણ શ્રી ભગવાન કાર્તિકેયસ્વામીએ ધર્મઅનુપ્રેક્ષા ભાવનામાં શું કહ્યું છે?**

ઉત્તર :- ખરેખર સ્વામી કાર્તિકેય આચાર્યે ગાથા-૩૨૧-૩૨૨-૩૨૩માં જૈનધર્મનું ગૂઢ રહસ્ય ખોલ્યું છે. ગાથા ૩૨૧ તથા ૩૨૨માં કહ્યું કે 'જે જીવને, જે દેશમાં, જે કાળે, જે વિધિએ જન્મ-મરણ, સુખ-દુઃખ તથા રોગ અને દારિદ્ર વગેરે જે સર્વજ્ઞદેવે જે પ્રકારે જાણ્યું; તે પ્રકારે બધા નિયમથી થશે. સર્વજ્ઞદેવે જે પ્રકારે જાણ્યું; તે જ પ્રકારે તે જીવના, તે જ દેશમાં, તે જ કાળમાં અને તે જ વિધિએ નિયમપૂર્વક બધું થાય છે. તેનું નિવારણ કરવા માટે ઈન્દ્ર કે જિનેન્દ્ર તીર્થંકરદેવ કોઈ પણ સમર્થ નથી. તથા ગાથા ૩૨૩માં કહ્યું છે. એ પ્રકારે નિશ્ચયથી સર્વ દ્રવ્યો (જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાલ) તથા તે દ્રવ્યોની સમસ્ત પર્યાયને સર્વજ્ઞના આગમ અનુસાર જાણે છે—શ્રદ્ધા કરે છે, તે શુદ્ધ સમ્યગ્દષ્ટિ છે અને જે એવી શ્રદ્ધા નથી કરતો, શંકા કરે છે, તે સર્વજ્ઞના આગમની પ્રતિકૂળ છે, તે પ્રગટરૂપથી મિથ્યાદષ્ટિ છે.'

**પ્રશ્ન-૨૦ :- વિશ્વને જાણવાથી બીજા શું લાભ થાય છે?**

ઉત્તર :- જેમ તમારા ખિસ્સામાં છ રૂપિયા છે, તેના બદલે કોઈ એમ કહે કે આ તો એક રૂપિયો છે, તો આપ શું કહેશો? આ જૂઠો છે; તેવી જ રીતે વિશ્વમાં એકમાત્ર ભગવાન આત્મા છે; અન્ય કોઈ નથી, એવી માન્યતાવાળાનો એક મત છે; અને અમે જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય જાણ્યા તો તે મત મિથ્યાત્વ છે- એવું જ્ઞાન થયું તે લાભ થયો.

**પ્રશ્ન-૨૧ :- વિશ્વને જાણવાથી બીજા શું લાભ થાય છે?**

ઉત્તર :- જેમ તમારા ખિસ્સામાં છ રૂપિયા છે, તેના બદલે કોઈ પાંચ રૂપિયા કહે, તો તમે શું કહેશો? આ જૂઠો છે. એ પ્રમાણે અમે જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય જાણ્યા, એના બદલે એક મત એવો છે કે તે કાળદ્રવ્યને છોડીને, પાંચ જ દ્રવ્ય છે-એમ માને તો આપણે એવું જાણ્યું કે તે પણ મિથ્યા છે-એ લાભ થયો.

**પ્રશ્ન-૨૨ :- વિશ્વને જાણવાથી બીજા શું લાભ છે?**

ઉત્તર :- જેમ તમારી પાસે છ રૂપિયા છે, તેને કોઈ વધારે કે ઓછા કહે તો તમને ખ્યાલ આવી જાય કે આ બધા જૂઠા છે; તે પ્રમાણે તમે વિશ્વમાં છ જાતિના દ્રવ્ય જાણ્યા, કોઈ વધારે, ઓછા કહે છે તે બધા જૂઠા છે; એકમાત્ર તમે જ સાચા છો- એ લાભ થયો.

**પ્રશ્ન-૨૩ :- જાતિ અપેક્ષાએ છ દ્રવ્યોના સમૂહને વિશ્વ કહ્યું છે, શું તે બધા દ્રવ્યો એકબીજામાં મળેલા છે?**

ઉત્તર :- દરેક દ્રવ્ય પૃથક્-પૃથક્ રહીને પોતપોતાનું કાર્ય કરે છે. તે એકબીજામાં ભળેલા નથી. જુઓ પૂજામાં પણ કહ્યું છે. ‘જડ-ચેતન કી સબ પરિણતિ પ્રભુ, અપને-અપને મેં હોતી હૈ. અનુકૂલ કહેં, પ્રતિકૂલ કહેં, યહ જૂઠી મનકી વૃત્તિ હૈ.’

(દેવ-શાસ્ત્ર-ગુરુ પૂજા)



**પ્રશ્ન-૨૪ :- દરેક દ્રવ્ય પોતપોતાનું કાર્ય કરે છે - શું શ્રી સમયસારજીમાં ક્યાંય આવ્યું છે?**

ઉત્તર :- શ્રી સમયસાર, ગાથા ૩માં આવે છે કે - ‘લોકમાં સર્વત્ર જેટલા કોઈ પદાર્થો છે, તે બધા નિશ્ચયથી એકત્વનિશ્ચયને મળેલા હોવાથી જ સુંદરતા પામે છે..... તે બધા પદાર્થ પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેનારા પોતાના અનંત ધર્મોના ચક્રને ચુંબે છે- સ્પર્શે છે, તોપણ તે પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી. અત્યંત નજીક એક ક્ષેત્રાવગાહરૂપ રહે છે, તોપણ તે સદાકાળ પોતાના સ્વરૂપમાં ચ્યુત નથી થતા. પરરૂપ પરિણમન ન કરવાથી પોતાની અનંતવ્યક્તિતા નષ્ટ નથી થાતી, માટે તે ટંકોત્કીર્ણની માફક સ્થિર રહે છે અને બધા વિરૂદ્ધકાર્ય તથા અવિરૂદ્ધકાર્ય—બંનેની હેતુતાએ તે વિશ્વ ઉપર સદા ઉપકાર કરે છે, એટલે કે ટકાવી રાખે છે.’

**પ્રશ્ન-૨૫ :- દરેક દ્રવ્ય પોતપોતાનું સ્વતંત્ર કાર્ય કરે છે - શું એવું આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ પણ કહ્યું છે?**

ઉત્તર :- હા, મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ ૫૨માં લખ્યું છે ‘અનાદિનિધન વસ્તુઓ ભિન્ન-ભિન્ન, પોતપોતાની મર્યાદાસહિત પરિણમે છે. કોઈ કોઈને આધીન નથી; કોઈ કોઈને પરિણમાવવાથી પરિણમિત નથી થતી અને પરને પરિણમાવવાનો ભાવ મિથ્યાદર્શન છે.’

**પ્રશ્ન-૨૬ :- વિશ્વને જાણવાનો છઠ્ઠો લાભ શું છે?**

ઉત્તર :- ક્રમબદ્ધ, ક્રમનિયમિત પર્યાયની સિદ્ધિ.

**પ્રશ્ન-૨૭ :- વિશ્વને જાણવાથી ક્રમબદ્ધ, ક્રમનિયમિત પર્યાયની સિદ્ધિ કઈ રીતે થઈ?**

ઉત્તર :- જિનેન્દ્રકથિત વિશ્વવ્યવસ્થાને જાણવાથી ક્રમબદ્ધ, ક્રમનિયમિતપર્યાયની સિદ્ધિ થઈ જાય છે.

**પ્રશ્ન-૨૮ :- જિનેન્દ્રકથિત વિશ્વવ્યવસ્થા શું છે?**

ઉત્તર :- જીવ અનંત, પુદ્ગલ અનંતાઅનંત, ધર્મ-અધર્મ-આકાશ એક-એક, લોકપ્રમાણ અસંખ્યાત્ કાળદ્રવ્ય છે. દરેક દ્રવ્યમાં અનંત-અનંતગુણ છે. દરેક ગુણમાં એક જ સમયે એક પર્યાનો વ્યય, એક પર્યાયનો ઉત્પાદ અને ગુણ ધ્રૌવ્ય રહે છે. એવું દરેક દ્રવ્યના ગુણમાં થઈ ચુક્યું છે, થઈ રહ્યું છે અને ભવિષ્યમાં થતું રહેશે. આ જિનેન્દ્રકથિત વિશ્વ વ્યવસ્થા છે. આ જ વાત પ્રવચનસાર ગાથા-૮૬માં કહી છે.

**પ્રશ્ન-૨૯ :- ક્રમબદ્ધ પર્યાયના વિષયમાં ભૈયા ભગવતીદાસે શું કહ્યું છે?**

ઉત્તર :-

જો - જો દેખી વીતરાગ ને, સો-સો હોસી વીરા રે,
બિન દેખ્યો હોસી નહિં કબહૂં, કાહે હોત અધીરા રે.
સમયો એક બઢૈ નહિં ઘટસી, જો સુખ-દુઃખ કી પીરા રે,
તુ ક્યોં સોચ કરૈ મન કૂડો, હો વજ્ર જ્યોં હીરા રે.

**પ્રશ્ન-૩૦ :- ક્રમબદ્ધપર્યાયના વિષયમાં ભૈયા બુધજનજીએ શું કહ્યું છે?**

ઉત્તર :-

જાકિર જૈસે જાહિ સમય મેં, જો હો તબ જા દ્વાર,
સો બનિ હૈ ટરિ હૈ કછુ નાહિં, કરિ લીનૌં નિરધાર.
હમકો કછુ ભય ના રે, જાન લિયો સંસાર.

**પ્રશ્ન-૩૧ :- ક્રમબદ્ધપર્યાયના વિષયમાં મોક્ષપાહુડ, ગાથા-૮૬ના ભાવાર્થમાં શું કહ્યું છે?**



ઉત્તર :- સમ્યગ્દૃષ્ટિને એ પ્રકારે વિચાર આવે છે કે-જેવસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞે જેવું જાણ્યું છે, તેવું જ નિરંતર પરિણમે છે,-તેમ જ થાય છે. ઈષ્ટ-અનિષ્ટ માની દુઃખી-સુખી થવું નિષ્ફળ છે. આવા વિચારથી દુઃખ મટે છે, આ પ્રત્યક્ષ અનુભવગોચર છે.

**પ્રશ્ન-૩૨ :- રત્નકરંડશ્રાવકાચાર, શ્લોક ૧૩૭માં પંડિત સદાસુખ દાસજીએ ક્રમબદ્ધપર્યાયના વિષયમાં શું કહ્યું છે?**

ઉત્તર :- વળી સમ્યગ્દૃષ્ટિને એવો નિશ્ચય હોય છે કે જે જીવના જે દેશમાં, જે કાળમાં, જે વિધાનથી, જન્મ-મરણ, લાભ કે અલાભ, સુખ-દુઃખ થવા, તે જિનેન્દ્ર ભગવાનના દિવ્ય જ્ઞાન થકી જણાયા છે; તે જીવના તે કાળમાં, તે વિધાનથી જન્મ-મરણ, લાભ યા અલાભ નિયમથી હોય છે, તેને દૂર કરવાને કોઈ ઈન્દ્ર-અહમિન્દ્ર, જિનેન્દ્ર સમર્થ નથી.

**પ્રશ્ન-૩૩ :- ક્રમબદ્ધપર્યાયના વિષયમાં પ્રવચનસાર, ગાથા-૨૦૦ની ટીકામાં શું કહે છે?**

ઉત્તર :- 'શું જ્ઞાયકભાવનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી ક્રમે પ્રવર્તતા સમૂહવાળા, અગાધસ્વભાવ અને ગંભીર એવા સમસ્ત દ્રવ્યમાત્રને—જાણે કે તે દ્રવ્ય, જ્ઞાયકમાં કોતરાઈ ગયા હોય, ચીતરાઈ ગયા હોય, દટાઈ ગયા હોય, ખોડાઈ ગયા હોય, ડૂબી ગયા હોય, સમાઈ ગયા હોય, પ્રતિબિંબિત થયા હોય એમ એક ક્ષણમાં જ જે (શુદ્ધાત્મા) પ્રત્યક્ષ કરે છે'—એમ કહ્યું છે.

**પ્રશ્ન-૩૪ :- ક્રમબદ્ધપર્યાયના વિષયમાં પ્રવચનસાર, ગાથા-૯૯ થી ૧૦૨ સુધીનો સાર શું છે?**

ઉત્તર :- 'જન્મ-ક્ષણ' અને 'સ્વ-અવસર'ની વાત આવે છે, ત્યાં આકાશના પ્રદેશોનું ઉદાહરણ દઈને કાળક્રમ સમજાવ્યો છે. જેમ જે પ્રદેશ જ્યાં જ્યાં છે, તે ત્યાં ત્યાં રહે છે, તેમાં આગળ-પાછળ

થવું સંભવ નથી; એ પ્રમાણે જે જે પર્યાય, જે જે કાળમાં થવાની છે, તે તે પર્યાય તે તે કાળમાં થશે, એમાં પણ આગળ-પાછળ થવું સંભવ નથી. જુઓ આમાં ક્રમબદ્ધ-ક્રમનિયમિતની વાત સ્પષ્ટપણે આવી જાય છે.

**પ્રશ્ન-૩૫ :- કેવળી પોતાને નિશ્ચયથી જાણે છે અને પરને વ્યવહારથી જાણે છે, ત્યારે કોઈનું એમ કહેવું છે કે વ્યવહાર જૂઠો છે - તો તે જાણતો જ નથી; શું એ ઠીક છે?**

ઉત્તર :- એવા મહાનુભાવોને જિનધર્મના રહસ્યની ખબર જ નથી. કેમકે કેવળી ભગવાન સ્વયં તન્મય થઈને જાણે છે પણ પરને જાણે તો છે, પણ તેમાં તે તન્મય થઈને નથી જાણતા - તે કારણે તેમનું પરનું જાણવું વ્યવહાર કહ્યો છે.

**પ્રશ્ન-૩૬ :- સમયસાર, ગાથા-૨ ક્રમબદ્ધપર્યાયના વિષયમાં શું કહે છે?**

ઉત્તર :- જીવ-પદાર્થ કેવો છે? 'ક્રમરૂપ અને અક્રમરૂપ વર્તતો થકો એનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેને ગુણ-પર્યાયો અંગીકાર કરી છે' પર્યાય, ક્રમવર્તી અને ગુણ, સહવર્તી હોય છે. અહીંયાં જીવની ક્રમબદ્ધપર્યાયની વાતનું જ્ઞાન કરાવ્યું છે.

**પ્રશ્ન-૩૭ :- સમયસાર, ગાથા-૬૨માં ક્રમબદ્ધપર્યાયનો વિષય શું કહ્યું છે?**

ઉત્તર :- 'વર્ણાદિક ભાવ અનુક્રમે આવિર્ભાવ અને તિરોભાવને પ્રાપ્ત થયી થકી, એવી તે-તે વ્યક્તિઓ (પર્યાયો) દ્વારા પુદ્‌ગલ દ્રવ્યની સાથે રહેતી પુદ્‌ગલનું વર્ણાદિકની સાથે તાદાત્મ્ય પ્રગટ કરે છે.' અહીંયાં 'અનુક્રમથી આવિર્ભાવ અને તિરોભાવ' જાણીને અજીવની ક્રમબદ્ધપર્યાયની વાતનું જ્ઞાન કરાવ્યું છે.

**પ્રશ્ન-૩૮ :- સમયસાર, કર્તા-કર્મની ૭૬-૭૭-૭૮ ગાથામાં**



**ક્રમબદ્ધપર્યાયના વિષયમાં શું કહ્યું છે?**

ઉત્તર :- પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વૃત્ય, એવા ત્રણ પ્રકારે કાર્યની વાત કરીને ક્રમબદ્ધપર્યાયનું જ્ઞાન કરાવ્યું છે. એક જ કાર્યને ત્રણ નામથી સંબોધન કરીને ક્રમબદ્ધપણું સિદ્ધ કર્યું છે.

**પ્રશ્ન-૩૯ :- ક્રમબદ્ધ-ક્રમનિયમિતપર્યાયની સિદ્ધિથી શું લાભ છે?**

ઉત્તર :- કેવળીની સમાન જ્ઞાતા-દૃષ્ટા બુદ્ધિ પ્રગટ થઈ ગઈ.

**પ્રશ્ન-૪૦ :- વિશ્વ વ્યવસ્થાના વિષયમાં આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ શું કહ્યું છે?**

ઉત્તર :- 'જેવું પદાર્થનું સ્વરૂપ છે, તેવું જ શ્રદ્ધાન થઈ જાય તો સર્વ દુઃખો મટી જાય.' (**શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પૃષ્ઠ-૫૨**)

**પ્રશ્ન-૪૧ :- મોક્ષમાર્ગપ્રકાશકમાં પદાર્થોનું સ્વરૂપ કેવું બતાવ્યું છે?**

ઉત્તર :- 'અનાદિ-નિધન વસ્તુઓ ભિન્ન-ભિન્ન પોતપોતાની મર્યાદાસહિત પરિણમે છે. કોઈ કોઈને આધિન નથી. કોઈ પદાર્થ કોઈનું પરિણમાવ્યું પરિણમતું નથી.'

**પ્રશ્ન-૪૨ :- અજ્ઞાની શું કરે છે?**

ઉત્તર :- અજ્ઞાની પરદ્રવ્યને પોતાની ઈચ્છા અનુસાર પરિણમાવા માગે છે. એનો કોઈ ઉપાય નથી, એ તો મિથ્યાદર્શન છે. અજ્ઞાની, પદાર્થોને જૂઠા માનીને જૂઠા પરિણમાવા માગે છે. તેનાથી જીવ પોતે દુઃખી થાય છે.'

**પ્રશ્ન-૪૩ :- ભ્રમ દૂર કરવાનો સાચો ઉપાય શું છે?**

ઉત્તર :- પદાર્થોને યથાર્થ માનવા અને આ પદાર્થો મારા પરિણમાવ્યા પરિણમશે નહિ એમ માનવું, એ જ દુઃખ દૂર કરવાનો ઉપાય છે. ભ્રમજનિત દુઃખનો ઉપાય ભ્રમ દૂર કરવો એ જ છે.

ભ્રમ દૂર થવાથી સમ્યક્ શ્રદ્ધા થાય છે. એ જ સાચો ઉપાય જાણવો.

**પ્રશ્ન-૪૪ :- શું દરેક દ્રવ્ય પોતપોતાનું સ્વતંત્ર પરિણમન કરે છે, એવું શું સમયસારમાં પણ આવ્યું છે?**

ઉત્તર :- શ્રી સમયસાર, ગાથા-૩માં આવ્યું છે કે 'તે દરેક પદાર્થ પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેનારા પોતાના અનંત ધર્મના ચક્રને (સમૂહને) ચુંબે છે, સ્પર્શે છે અને તે પરસ્પર એકબીજાને સ્પર્શતા નથી.'

**પ્રશ્ન-૪૫ :- વિશ્વના દરેક દ્રવ્યના સ્વતંત્ર પરિણમનને જાણવા-માનવાથી શું લાભ થવો જોઈએ?**

ઉત્તર :- ક્રમબદ્ધ ક્રમનિયમિતપર્યાયની સિદ્ધિ થઈ ગઈ.

**પ્રશ્ન-૪૬ :- 'દરેક દ્રવ્ય સ્વતંત્રરૂપે પરિણમન કરે છે, કોઈ કોઈનું પરિણમાવ્યું પરિણમતું નથી અને બીજાને પરિણમાવવાનો ભાવ મિથ્યાદર્શન છે' - તો કર્મ ચક્કર કાપે છે, જ્ઞાનાવરણીય, જ્ઞાનને રોકે છે; અઘાતિયાકર્મ, અર્હંતભગવાનને મોક્ષમાં નથી જવા દેતા, આંખ, કાન, નાકથી જ્ઞાન થાય છે, ગુરુથી જ્ઞાન થાય છે - વગેરે કથન શાસ્ત્રોમાં કેમ આવે છે?**

ઉત્તર :- જિનવાણીમાં બે નયથી નિરૂપણ કર્યું છે. જ્યાં નિશ્ચયથી કથન કર્યું છે, ત્યાં તો યથાર્થ છે અને જ્યાં વ્યવહારથી કથન કર્યું છે, તે 'ઘીના ઘડા' સમાન જાણવું. વ્યવહારનો અર્થ 'એમ છે નહિ, નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે.'-એમ જાણવું. એ પ્રકારે જાણવું એનું નામ જ બંને નયને ગ્રહણ કરવો છે.

**પ્રશ્ન-૪૭ :- વિશ્વને જાણવાથી સાતમો લાભ ક્યો છે?**

ઉત્તર :- 'જ્ઞેય-જ્ઞાયક સંબંધનું સાચું જ્ઞાન'-વિશ્વને જાણવાનો



સાતમો લાભ છે.

**પ્રશ્ન-૪૮ :- વિશ્વને જાણવાથી જ્ઞેય-જ્ઞાયકના સાચા જ્ઞાનનો લાભ કઈ રીતે થાય?**

ઉત્તર :- શાસ્ત્રમાં આવે છે '**લોક્યન્તે દૃશ્યન્તે જીવાદિ પદાર્થો તત્રઃ સ લોકઃ**' એટલે કે, જ્યાં જીવાદિ પદાર્થો દેખાય છે તે લોક છે.

**પ્રશ્ન-૪૯ :- જેવું છ દ્રવ્યનું પરિણમન હોય છે, તેવું જ થાશે, એમાં જરા પણ હેર-ફેર ન થઈ શકે, એમ ભગવાને કહ્યું છે અને એવું જ વસ્તુનું સ્વરૂપ છે, તો અજ્ઞાની શું કામ નથી માનતો?**

ઉત્તર :- ચારેય ગતિમાંથી ફરીને નિગોદમાં જવાનું ઠીક લાગે છે; માટે અજ્ઞાની માનતો નથી. (જુઓ કાર્તિકિયાનુપ્રેક્ષા, શ્લોક ૩૨૩. આ પાઠના પ્રશ્ન-૨૩નો ઉત્તર જુઓ).

**પ્રશ્ન-૫૦ :- છ દ્રવ્યોના સમૂહને વિશ્વ કહ્યું, તો શું એ બધા એકબીજામાં મળેલાં છે?**

ઉત્તર :- એકબીજામાં બિલકુલ મળેલા નથી, કેમકે આપણે છ દ્રવ્યના પિંડને વિશ્વ નથી કહ્યું પરંતુ છ દ્રવ્યોના સમૂહને વિશ્વ કહ્યું છે. માટે દરેક દ્રવ્ય પોતપોતાના કાર્ય કરે છે, કોઈ દ્રવ્યનો બીજા દ્રવ્યની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ છે નહિ.

**પ્રશ્ન-૫૧ :- વિશ્વના આ છ દ્રવ્યોનો પરસ્પર કેવો સંબંધ છે?**

ઉત્તર :- એકક્ષેત્રાવગાહી સંબંધ છે.

**પ્રશ્ન-૫૨ :- સંબંધ કેટલા પ્રકારના છે?**

ઉત્તર :- ત્રણ પ્રકારના છે. (૧) એકક્ષેત્રાવગાહસંબંધ, (૨) અનિત્યતાદાત્મ્યસંબંધ, અને (૩) નિત્યતાદાત્મ્યસંબંધ.

**પ્રશ્ન-૫૩ :- એકક્ષેત્રાવગાહીસંબંધ કોનો, કોની સાથે છે?**

ઉત્તર :- જાતિ અપેક્ષાએ છ દ્રવ્યનો એકક્ષેત્રાવગાહીસંબંધ છે. અને મારા આત્માના સંસાર અવસ્થામાં આઠ કર્મોની સાથે એકક્ષેત્રાવગાહીસંબંધ છે.

**પ્રશ્ન-૫૪ :- સ્ત્રી, પુત્ર, ધન, દુકાન, મકાન, સોના, ચાંદીનો આ ત્રણે સંબંધોમાંથી શો સંબંધ છે?**

ઉત્તર :- આ પદાર્થોનો તો કોઈપણ પ્રકારનો કોઈ પણ સાથે સંબંધ નથી. જેમકે—વૃક્ષ ઉપર પક્ષી આવીને બેસે છે; કોઈ એક કલાકમાં, કોઈ બે કલાકમાં ઊડી જાય છે; તે પ્રમાણે સ્ત્રી-પુત્ર-મકાન વગેરે અત્યંત ભિન્ન પરપદાર્થોનો મારા આત્માની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી.

**પ્રશ્ન-૫૫ :- જ્યારે સ્ત્રી-પુત્ર વગેરે અત્યંત ભિન્ન પદાર્થોનો આત્માની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી તો આ મૂર્ખ જીવ કેમ પાગલ થઈ રહ્યો છે?**

ઉત્તર :- પરપદાર્થોનો એની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ન હોવા છતાં સ્વયં પોતાને પોતાની ખબર ન હોવાથી પોતાની મૂર્ખાઈથી જ મિથ્યા સંબંધ માની પાગલ થઈ રહ્યો છે.

**પ્રશ્ન-૫૬ :- આ પાગલપણું કેમ મટે?**

ઉત્તર :- વિશ્વમાં જાતિ અપેક્ષાએ છ જાતિના દ્રવ્ય છે; એક દ્રવ્યનું બીજા દ્રવ્ય સાથે કર્તા-ભોક્તા વગેરે કોઈપણ પ્રકારનો સંબંધ નથી; દરેક દ્રવ્ય, ક્રમબદ્ધ-ક્રમનિયમિત કાયમ રહેતો થકો સ્વયં બદલાય છે. હું તેમાં કાંઈપણ હેર-ફેર કરી શકતો નથી. -એમ જાણીને પોતાના ત્રિકાળી ભગવાનનો આશ્રય કરે તો પાગલપણું મટે.

**પ્રશ્ન-૫૭ :- જે પોતાની મૂર્ખતા છે, એની સાથે આત્માને કેવો સંબંધ છે?**



ઉત્તર :- શુભાશુભવિકારીભાવોની સાથે, એટલે કે પોતાની મૂર્ખતાનો આત્માની સાથે અનિત્યતાદાત્મ્યસંબંધ છે.

**પ્રશ્ન-૫૮ :- જો જીવ, અનિત્યાદાત્મ્યસંબંધરૂપ દયા, દાન, પૂજા, વ્રત વગેરે ભાવોથી મોક્ષમાર્ગને તો શું થાય?**

ઉત્તર :- જેમ—કારેલા કડવા, ઉપરથી લીમડો ચઢેલો; તેમ દિગંબર ધર્મ ધારણ કરવા છતાં આ વિકારીભાવોથી મોક્ષમાર્ગ માને તો મિથ્યાત્વાદિની પુષ્ટિ થઈને નિગોદમાં ચાલ્યો જશે અને શુભભાવને પુણ્યબંધનું કારણ માનીને તેનો અભાવ કરીને મોક્ષમાર્ગી બનીને મોક્ષ પ્રાપ્ત કરશે.

**પ્રશ્ન-૫૯ :- જેનો આત્માથી અભાવ ક્યારેય ન થયો હોય, શું એવો કોઈ સંબંધ છે?**

ઉત્તર :- આત્મા અને જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે અનંત ગુણોનો આત્મા સાથે નિત્યાતાદાત્મ્યસંબંધ છે; એમ માનીને નિજ આત્માનો આશ્રય લે તો સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૬૦ :- ત્રણે પ્રકારના સંબંધ જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- (૧) જે અત્યંત ભિન્ન પરપદાર્થ છે, એની સાથે મારે કોઈ સંબંધ નથી. (૨) કદાચ કર્મોનો એકક્ષેત્રાવગાહી સંબંધ છે, તોપણ અત્યંતાભાવ છે. (૩) શુભાશુભવિકારીભાવોની સાથે અનિત્યતાદાત્મ્યસંબંધ છે; એના આશ્રયે જીવને દુઃખ થાય છે. (૪) નિત્યતાદાત્મ્યસંબંધ, જે આત્માનો પોતાના ગુણોની સાથે તેનો આશ્રય કરે તો મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઈને, ક્રમથી મોક્ષની પ્રાપ્તિ થશે.

**પ્રશ્ન-૬૧ :- એવી વસ્તુઓનું નામ કહો કે જેનો આત્માથી કદિ અભાવ ન થયો હોય અને એનું ફળ શું?**

ઉત્તર :- ગુણોનો કદી અભાવ નથી થતો – એ ગુણોના અભેદરૂપ પોતાના આત્માનો આશ્રય લે તો નિર્વાણીની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૬૨ :- જાતિ અપેક્ષાએ છ દ્રવ્યોના સમૂહને એક નામથી શું કહે છે?**

ઉત્તર :- વિશ્વ કહે છે.

**પ્રશ્ન-૬૩ :- વિશ્વમાં જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય છે, આ કથન કેવું છે?**

ઉત્તર :- આ વ્યવહારનયનું કથન છે.

**પ્રશ્ન-૬૪ :- એનું નિશ્ચયનયનું કથન શું છે?**

ઉત્તર :- દરેક દ્રવ્ય પોતપોતાના સ્વચતુષ્ટયમાં છે, એટલે કે પોતપોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે, એ નિશ્ચયનયનું કથન છે.

**પ્રશ્ન-૬૫ :- વિશ્વને એવું કોણ જાણે છે અને કોણ નથી જાણતું?**

ઉત્તર :- જ્ઞાની જાણે છે અને અજ્ઞાની નથી જાણતા.

**પ્રશ્ન-૬૬ :- વિશ્વને જાણનારને ક્યા-ક્યા નામથી કહેવામાં આવે છે?**

ઉત્તર :- (૧) જિન, (૨) જિનવર, (૩) જિનવરવૃષભ કહેવામાં આવે છે.

**પ્રશ્ન-૬૭ :- જિન કોને કહે છે?**

ઉત્તર :- મિથ્યાત્વ અને રાગાદિને જિતનાર ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનવર્તી જ્ઞાનીઓને જિન કહે છે.

**પ્રશ્ન-૬૮ :- જિનવર કોને કહે છે?**

ઉત્તર :- જે 'જિનો'માં શ્રેષ્ઠ હોય છે, તે જિનવર છે. શ્રી ગણધરદેવ પણ જિનવર છે.

**પ્રશ્ન-૬૯ :- જિનવરવૃષભ કોને કહે છે?**

ઉત્તર :- જે જિનવરોમાં પણ શ્રેષ્ઠ હોય છે, તેને જિનવરવૃષભ કહે છે. પ્રત્યેક તીર્થંકર ભગવાનને ભાવ અપેક્ષાએ જિનવરવૃષભ કહે છે.



**પ્રશ્ન-૭૦ :- વિશ્વને જાણવાથી કેટલા સંબંધોનું જ્ઞાન થાય છે?**

ઉત્તર :- ત્રણ પ્રકારના સંબંધોનું જ્ઞાન થઈ જાય છે.

**પ્રશ્ન-૭૧ :- મારા આત્માનો વિશ્વ સાથે કેવો સંબંધ છે?**

ઉત્તર :- વ્યવહારથી વિશ્વ, જ્ઞેય અને હું, જ્ઞાયક; એ પ્રકારે જ્ઞેય-જ્ઞાયકસંબંધ છે-એવું જ્ઞાન થઈ જાય છે.

**પ્રશ્ન-૭૨ :- છ દ્રવ્યોના સમૂહને વિશ્વ કહે છે, તેને જાણવાથી આ પાઠમાં કેટલા લાભ બતાવ્યા છે, થોડામાં કહો.**

ઉત્તર :- (૧) કેવળી ભગવાનના લઘુનંદન બની જાય છે. (૨) કોઈ માત્ર એક દ્રવ્ય કહે તો તે જૂઠું છે. (૩) કોઈ માત્ર પાંચ દ્રવ્ય કહે તો તે જૂઠું છે. (૪) છ દ્રવ્યોથી ઓછા કે વધારે કહે તે પણ જૂઠું છે. (૫) પરમાં કર્તા-ભોક્તાની ખોટી બુદ્ધિનો અભાવ, સમ્યક્ત્વની પ્રાપ્તિ. (૬) ક્રમબદ્ધ, ક્રમનિયમિતપર્યાયની સિદ્ધિ. (૭) જ્ઞેય-જ્ઞાયકસંબંધની જાણ થવી. એ પ્રકારે જાતિ અપેક્ષાએ છ દ્રવ્યોના સમૂહને વિશ્વ કહે છે, તેને જાણવામાં થોડામાં આ સાત લાભો બતાવ્યા છે. ●●

૩

# દ્રવ્ય : સ્વરૂપ તેમજ પરિજ્ઞાનથી લાભ

**પ્રશ્ન-૧ :- દ્રવ્ય કોને કહે છે?**

ઉત્તર :- ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે.

**પ્રશ્ન-૨ :- ગુણોના સમૂહને શું કહે છે?**

ઉત્તર :- દ્રવ્ય કહે છે.

**પ્રશ્ન-૩ :- શું ગુણોના સમૂહને વિશ્વ કહે છે?**

ઉત્તર :- નહિ, ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે, વિશ્વ નથી કહેતા.

**પ્રશ્ન-૪ :- ગુણોનો સમૂહ કોણ છે?**

ઉત્તર :- દ્રવ્ય છે.

**પ્રશ્ન-૫ :- ગુણોનો સમૂહ ક્યું દ્રવ્ય છે?**

ઉત્તર :- દરેક દ્રવ્ય, ગુણોનો સમૂહ છે.

**પ્રશ્ન-૬ :- દરેક દ્રવ્ય, એટલે ક્યા ક્યા?**

ઉત્તર :- (૧) જીવ, અનન્ત; (૨) પુદ્‌ગલ, અનંતાઅનંત; (૩) ધર્મ, અધર્મ, આકાશ એક-એક; (૪) કાળ લોકપ્રમાણ અસંખ્યાત; એ બધા દ્રવ્યો, ગુણોનો સમૂહ છે.

**પ્રશ્ન-૭ :- સંસારી લોકો દ્રવ્ય કોને કહે છે?**

ઉત્તર :- તે રૂપિયા, સોનું, ચાંદી વગેરેને દ્રવ્ય કહે છે.

**પ્રશ્ન-૮ :- શું રૂપિયા, સોનું, ચાંદી વગેરે દ્રવ્ય નથી?**



ઉત્તર :- રૂપિયા, સોનું, ચાંદિ વગેરેમાં જેટલા પરમાણુ છે, તે દરેક પરમાણુ, ગુણોનો સમૂહ દ્રવ્ય છે.

**પ્રશ્ન-૯ :- ભગવાને દ્રવ્ય કોને કહ્યું છે?**

ઉત્તર :- ગુણોના સમૂહને દ્રવ્ય કહ્યું છે.

**પ્રશ્ન-૧૦ :- દ્રવ્યના પર્યાયવાચી શબ્દો ક્યા ક્યા છે?**

ઉત્તર :- વસ્તુ, સત્, સત્તા, તત્ત્વ, અન્વય, અર્થ, પદાર્થ વગેરે દ્રવ્યના પર્યાયવાચી શબ્દો છે.

**પ્રશ્ન-૧૧ :- શું હું પણ ગુણોનો સમૂહ છું?**

ઉત્તર :- હા, હું પણ ગુણોનો સમૂહ છું, કેમકે હું એક જીવદ્રવ્ય છું.

**પ્રશ્ન-૧૨ :- શું દરેક સિદ્ધ ભગવાન પણ ગુણોનો સમૂહ છે?**

ઉત્તર :- હા, દરેક સિદ્ધ ભગવાન પણ ગુણોનો સમૂહ છે, કેમકે તે પૃથક્-પૃથક્ જીવદ્રવ્ય છે.

**પ્રશ્ન-૧૩ :- શું એક શ્વાસમાં અઢારવાર જન્મ-મરણ કરનારા નિગોદના જીવો પણ ગુણોનો સમૂહ છે?**

ઉત્તર :- દરેક નિગોદના જીવો પણ ગુણોનો સમૂહ છે, કેમકે તે પણ દ્રવ્ય છે.

**પ્રશ્ન-૧૪ :- શું માખી, જુ, વૃક્ષનો જીવ, માછલી, વગેરે તિર્યંચ પણ ગુણોનો સમૂહ છે?**

ઉત્તર :- અરે ભાઈ! નિગોદથી માંડીને બે ઇન્દ્રિય જીવ, ત્રણ ઇન્દ્રિય જીવ, ચાર ઇન્દ્રિય જીવ, પાંચ ઇન્દ્રિય અસૈની અને ચારેય ગતિના સૈની જીવ તથા પાંચ પરમેષ્ઠી, બધા ગુણોનો સમૂહ છે, કારણ કે તે બધા જીવદ્રવ્ય છે.

**પ્રશ્ન-૧૫ :- શું બે ઇન્દ્રિયવાળા જીવો અને સિદ્ધ ભગવાનમાં**

**સમાન ગુણો છે?**

ઉત્તર :- હા ભાઈ! ચાહે કોઈપણ જીવ હોય, ચાહે નિગોદના હોય, બે ઈન્દ્રિયોવાળા હોય કે સિદ્ધ હોય, તે બધાના ગુણો સમાન જ છે. ગુણોની સંખ્યામાં જરાપણ હેર-ફેર નથી.

**પ્રશ્ન-૧૬ :- એ ક્યાં લખ્યું છે કે નિગોદના જીવમાં અને સિદ્ધ જીવોમાં ગુણ સમાન છે?**

ઉત્તર :- (૧) શ્રી નિયમસારજી, ગાથા-૪૭-૪૮ માં લખ્યું છે કે-

हैं सिद्ध जैसे जीव, त्यों भवलीन संसारी वही।
गुण आठ से जो हैं अलंकृत जन्म-मरण जरा नहीं।।
बिनदेह अविनाशी, अतीन्द्रिय, शुद्ध निर्मल सिद्ध ज्यों।
लोकाग्र में जैसे विराजे, जीव हैं भवलीन त्यों।।

(૧) આ બે ગાથાઓમાં શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી સંસારી જીવોમાં અને મુક્તજીવોમાં કોઈ અંતર નથી. માટે પોતાના સ્વભાવનો આશ્રય લઈને સિદ્ધદશા પ્રગટ કરવી પાત્ર જીવનું લક્ષણ છે. (૨) શ્રી દ્રવ્યસંગ્ર, ગાથા ૧૩માં '**सव्वे सुद्धा हु सुद्धणया**' શુદ્ધનયથી પણ ખરેખર જીવ શુદ્ધ છે. અહીંયાં પણ શુદ્ધપારિણામિકભાવ જે દ્રવ્યરૂપ છે, તે અવિનાશી છે; માટે એ જ આશ્રય કરવા યોગ્ય છે. એના જ આશ્રયે ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે; પર અને વિકારના આશ્રયે નહિ.

**પ્રશ્ન-૧૭ :- સિદ્ધ જીવોમાં અને સંસારી જીવોમાં ગુણોની અપેક્ષાએ ભેદ નથી - શું એવું ક્યાંય બુધજનજી તથા ધ્યાનતરાયજીએ કહ્યું છે?**

ઉત્તર :- (૧) બુધજનજીએ કહ્યું છે કે 'જો નિગોદ મેં સો હી મુઝમેં, સો હી મોક્ષ મંઝાર, નિશ્ચય ભેદ કછૂ ભી નાહીં, ભેદ



ગિનૈ સંસાર.' (૨) ધ્યાનતરાયજીએ કહ્યું છે કે 'જૈસા સિદ્ધક્ષેત્ર મેં રાજત, તૈસા ઘટ મેં જાનાજી.'

**પ્રશ્ન-૧૮ :- શું નિગોદથી લઈને ચારેય ગતિના જીવોમાં અને સિદ્ધ ભગવાનમાં ગુણ સમાન છે?**

ઉત્તર :- હા, દરેક જીવોમાં ગુણ સમાન છે, કોઈમાં પણ ઓછા-વધારે ગુણ નથી.

**પ્રશ્ન-૧૯ :- શું એક પરમાણુમાં પણ ગુણ સમાન છે અને તે પણ ગુણોનો સમૂહ છે?**

ઉત્તર :- હા, પરમાણુમાં પણ સિદ્ધ ભગવાન જેટલા ગુણ છે અને પરમાણુ પણ ગુણોનો સમૂહ છે, કેમકે પરમાણુ પણ દ્રવ્ય છે.

**પ્રશ્ન-૨૦ :- શું ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્ય પણ ગુણોનો સમૂહ છે અને એ બધામાં સિદ્ધ સમાન ગુણ છે?**

ઉત્તર :- હા, ધર્માદિ, બધા દ્રવ્ય છે. જે-જે દ્રવ્ય હોય છે તે દરેક ગુણોનો સમૂહ હોય છે અને તેમાં સમાન ગુણો જ હોય છે, ઓછા-વધારે હોતા નથી; માટે ધર્મ, અધર્મ, આકાશ, કાળ પણ દ્રવ્ય છે અને ગુણોનો સમૂહ છે. સિદ્ધ ભગવાન જેટલા જ પ્રત્યેક દ્રવ્યમાં ગુણ છે.

**પ્રશ્ન-૨૧ :- કાળદ્રવ્ય તો સંખ્યામાં અસંખ્યાત છે અને પ્રત્યેક કાળાણુ એક પ્રદેશી છે. શું પ્રત્યેક કાળાણું, ગુણોનો સમૂહ અને કાળાણુમાં પણ સિદ્ધ ભગવાન જેટલા જ ગુણ છે?**

ઉત્તર :- પ્રત્યેક કાળાણુ, ગુણોનો સમૂહ છે અને સિદ્ધ ભગવાનમાં જેટલા ગુણો છે તેટલા જ કાળાણુમાં પણ છે, કેમકે કાળાણું પણ દ્રવ્ય છે.

**પ્રશ્ન-૨૨ :- ધર્માદિ દ્રવ્ય તો અચેતન છે અને જીવ ચેતન**

**છે. એના ગુણો એક સમાન કેમ હોઈ શકે?**

ઉત્તર :- અમે સંખ્યા અપેક્ષાએ ગુણો સમાન કહ્યા છે.

**પ્રશ્ન-૨૩ :- એક દ્રવ્યમાં કેટલા ગુણ છે?**

ઉત્તર :- અનંત ગુણ છે.

**પ્રશ્ન-૨૪ :- 'ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે'- એને જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- પોતાના નિજ ભગવાનની મહિમા આવે છે.

**પ્રશ્ન-૨૫ :- દ્રવ્યને જાણવાથી પોતાના નિજ ભગવાનની મહિમા કેવી રીતે આવે?**

ઉત્તર :- (૧) જીવ અનંત છે. (૨) જીવથી અનંતગુણા અધિક પુદ્‌ગલદ્રવ્ય છે. (૩) પુદ્‌ગલદ્રવ્યથી અનંતગુણા અધિક, ત્રણ કાળનો સમય છે (૪) ત્રણ કાળના અનંત સમયથી અનંતગુણા અધિક, આકાશના પ્રદેશ છે. (૫) આકાશના પ્રદેશોથી અનંતગુણા અધિક, એક દ્રવ્યમાં ગુણો છે. (૬) એક દ્રવ્યના ગુણથી અનંતગુણા અધિક, બધા દ્રવ્યના ગુણો છે. (૭) દરેક દ્રવ્યના અનંતગુણોથી અધિક, બધા દ્રવ્યની પર્યાય છે. (૮) બધા દ્રવ્યોના ગુણોની પર્યાયોથી અનંતગુણા અધિક, અવિભાગ પ્રતિચ્છેદ છે. એ પ્રમાણે વિશ્વમાં આઠ નંબર સુધી જ જ્ઞેય છે. (૯) મારા આત્મામાં કેવળજ્ઞાનની શક્તિ છે. મારા કેવળજ્ઞાનની શક્તિમાં આઠ નંબર સુધી વિશ્વ એક સમયમાં જ્ઞેયરૂપ થાય છે. એવા-એવા અનંત વિશ્વો હોય તોપણ મારા કેવળજ્ઞાનની પર્યાયમાં જ્ઞેય થઈ શકે છે. એક સમયની પર્યાયની કેટલી તાકાત છે અને કેવળજ્ઞાન જેટલી અનંત પર્યાયો છે. (૧૦) કેવળજ્ઞાન મારા જ્ઞાનગુણમાંથી આવે છે, ત્યારે મારા જ્ઞાનગુણની તાકાતનું શું કહેવું! (૧૧) જ્ઞાન જેવા અનંતગુણ, મારામાં જ છે અને હું તે અનંતગુણોનો સ્વામી છું - એમ જાણે તો પોતાની મહિમા આવે છે.



**પ્રશ્ન-૨૬ :- ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે - એને જાણવાથી બીજો શો લાભ છે?**

ઉત્તર :- નવ પ્રકારના સમૂહથી દૃષ્ટિ ખસી જાય છે.

**પ્રશ્ન-૨૭ :- નવ પ્રકારના સમૂહ ક્યા-ક્યા છે?**

ઉત્તર :- (૧) અત્યંત ભિન્ન પરપદાર્થનો સમૂહ; (૨) આંખ, નાક, કાન વગેરેરૂપ ઔદારિક શરીરનો સમૂહ; (૩) તેજસ, કાર્મણ શરીરનો સમૂહ (૪) ભાષા-મનનો સમૂહ; (૫) શુભાશુભવિકારીભાવોનો સમૂહ; (૬) અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાયોનો પક્ષ સમૂહ; (૭) ભેદનયના પક્ષનો સમૂહ; (૮) અભેદનયના પક્ષનો સમૂહ; (૯) ભેદાભેદનયના પક્ષનો સમૂહ.

**પ્રશ્ન-૨૮ :- ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે - એને જાણવાથી ત્રીજો લાભ શું છે?**

ઉત્તર :- સમ્યગ્દર્શનથી લઈને સિદ્ધદશા સુધીની પ્રાપ્તિ કોના આશ્રયે થાય છે, એની જાણ થઈ જાય છે.

**પ્રશ્ન-૨૯ :- સિદ્ધ ભગવાનમાં અને મારામાં કઈ અપેક્ષાએ અંતર નથી?**

ઉત્તર :- ગુણોની અપેક્ષાએ અંતર નથી.

**પ્રશ્ન-૩૦ :- જ્યારે સિદ્ધ ભગવાનમાં અને અમારા ગુણોમાં અંતર નથી તો અંતર શેમાં છે?**

ઉત્તર :- માત્ર પર્યાયમાં અંતર છે.

**પ્રશ્ન-૩૧ :- સિદ્ધ બનવા માટે પર્યાય અંતરને દૂર કઈ રીતે કરાય?**

ઉત્તર :- જેમ સિદ્ધ ભગવાને કર્યું, તેમ જ કરીએ તો પર્યાયનું અંતર દૂર થાય.

**પ્રશ્ન-૩૨ :- સિદ્ધ બન્યા પહેલા સિદ્ધ આત્માએ પર્યાયમાંથી વિકારને દૂર કરવા શું કર્યું?**

ઉત્તર :- પોતાના અનંતગુણોના અભેદ પિંડ ભૂતાર્થસ્વભાવનું શ્રદ્ધાન આદિ કર્યું તો પર્યાયમાંથી વિકારનો અભાવ થયો અને અંતર મટી ગયું.

**પ્રશ્ન-૩૩ :- અમે પર્યાયના અંતરને દૂર કરવા માટે શું કરીએ?**

ઉત્તર :- આપણે પોતાના અનંત ગુણોના અભેદ પિંડ ભૂતાર્થસ્વભાવનું શ્રદ્ધાન આદિ કરીએ તો પર્યાયનું અંતર દૂર થઈને, આપણે પણ પર્યાયમાં સિદ્ધ જેવા થઈએ.

**પ્રશ્ન-૩૪ :- ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે - એને ઉદાહરણ આપીને સમજાવો.**

ઉત્તર :- જેમ આપણા ઘરમાં છ પુરુષ છે. દરેકની પાસે અખૂટ-અખૂટ ધન છે. કોઈની પાસે કોઈપણ પ્રકારના ધનની ઓછપ કે અધિકતા નથી. સમાન જ છે; એ જ પ્રમાણે જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય છે. પ્રત્યેક દ્રવ્ય અનંતા અનંત ગુણોનો પિંડ છે. કોઈની પાસે ગુણ ઓછા કે વધારે નથી. સમાન જ છે.

**પ્રશ્ન-૩૫ :- પ્રત્યેક દ્રવ્ય પાસે અનંતા અનંતગુણ છે. એને જાણવાથી અમને શો લાભ?**

ઉત્તર :- જ્યારે દરેક પાસે અનંતા અનંતગુણો છે; કોઈની પાસે ઓછા કે વધારે નથી તો પછી પરની સામે જોવાનું રહ્યું જ નહિ, માત્ર પોતાના અનંત ગુણોના અભેદ પિંડ ભગવાનની સામે જ જોવાનું રહ્યું.

**પ્રશ્ન-૩૬ :- ભૂતાર્થના આશ્રયે જ ધર્મ પ્રાપ્તિ થાય છે - એવું ક્યાંય શ્રી સમયસારમાં બતાવ્યું છે?**

ઉત્તર :- શ્રી સમયસાર, ગાથા-૧૧માં કહ્યું છે કે 'વ્યવહારનય



અભૂતાર્થ અને શુદ્ધનય ભૂતાર્થ છે.'—એવું ઋષિશ્વરોએ બતાવ્યું છે. જે જીવ ભૂતાર્થનો એટલે કે પોતાના અનંતગુણોના અભેદ ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લે છે તે જીવ નિશ્ચયથી (ખરેખર) સમ્યગ્દૃષ્ટિ છે.

**પ્રશ્ન-૩૭ :- શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં સ્વદ્રવ્ય કોને કહ્યો છે અને શા માટે કહ્યો છે?**

ઉત્તર :- (૧) અમૂર્તિક પ્રદેશોનો પુંજ (ક્ષેત્ર); (૨) પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોના ધારક (ભાવ); (૩) અનાદિ-નિધન (કાળ); (૪) વસ્તુ તે છે (દ્રવ્ય). એવા ત્રિકાળી દ્રવ્યના આશ્રયે જ ધર્મની પ્રાપ્તિ, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે; માટે ત્રિકાળી દ્રવ્યને સ્વ કહ્યું છે.

**પ્રશ્ન-૩૮ :- ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે, તેને સ્પષ્ટ કરવા માટે સુદૃષ્ટિતરંગિણીમાં ક્યું દૃષ્ટાંત આપ્યું છે?**

ઉત્તર :- જેમ એક ગુફામાં છ મુનિ બેઠા છે. એક ધ્યાનમાં લીન છે; બીજા આહારના નિમિત્તે જાય છે; ત્રીજાને સિંહ ખાઈ રહ્યો છે; ચોથા સામાયિક કરે છે; તેવી જ રીતે લોકાકાશરૂપી ગુફામાં જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય છે. તે બધા પોતપોતાના કાર્યમાં લીન છે. ત્યારે પરની સામું જોવાનું ન રહ્યું; માત્ર પોતાની સામું જોવાનું રહ્યું.

**પ્રશ્ન-૩૯ :- જ્યારે બધા દ્રવ્યોની પાસે અનંત-અનંત ગુણો છે અને સ્વયં ભગવાન છે, ત્યારે અજ્ઞાની જીવ પરની સામું કેમ જોવે છે?**

ઉત્તર :- (૧) અજ્ઞાની નહિ જોવે તો શું જ્ઞાની જોશે? અરે ભાઈ! અજ્ઞાનીનો સ્વભાવ જ એવો હોય છે. (૨) અજ્ઞાનીને જિનેન્દ્ર ભગવાનની આજ્ઞાની ખબર નહિ હોવાથી તે પરની સામું જોવે છે.

**પ્રશ્ન-૪૦ :- જિનેન્દ્ર ભગવાનની આજ્ઞા શું છે?**

ઉત્તર :- અનાદિ-નિધન વસ્તુઓ ભિન્ન-ભિન્ન, પોતપોતાની

મર્યાદામાં પરિણમે છે. કોઈ કોઈના પરિણમાવવાથી પરિણમતા નથી- આ જિનેન્દ્ર ભગવાનની આજ્ઞા છે.

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ-૫૨)

**પ્રશ્ન-૪૧ :- તત્ત્વાર્થસૂત્રમાં ભગવાનની શું આજ્ઞા છે?**

ઉત્તર :- સત્ દ્રવ્ય લક્ષણમ્. ઉત્પાદ વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્.

**પ્રશ્ન-૪૨ :- જિનેન્દ્ર ભગવાનની આજ્ઞા પાળવા શું કરીએ તો ધર્મની શરૂઆત થાય?**

ઉત્તર :- હું અનંતગુણનો અભેદ પિંડ ભૂતાર્થસ્વભાવી ભગવાન આત્મા છું—એમ જાણીને એનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ કરે તો ધર્મની શરૂઆત થાય.

**પ્રશ્ન-૪૩ :- ચારેય ગતિનો અભાવ કરવા માટે શું કરીએ તો પંચમ ગતિ મોક્ષની પ્રાપ્તિ થાય?**

ઉત્તર :- હું અનંતગુણનો અભેદ પિંડ ભૂતાર્થસ્વભાવી ભગવાન આત્મા છું — એમ જાણીને એમાં પરિપૂર્ણ લીનતા કરે તો પંચમગતિ મોક્ષની પ્રાપ્તિ થાય.

**પ્રશ્ન-૪૪ :- દ્રવ્યલિંગિ મુનિને ધર્મની પ્રાપ્તિ કેમ નથી થતી?**

ઉત્તર :- દ્રવ્યલિંગી મુનિએ પોતાને અનંતગુણનો અભેદ પિંડ ભૂતાર્થસ્વભાવી ભગવાન ન માનતા, પરપદાર્થનો પિંડ માન્યો અને જાણ્યો છે, માટે તેને ધર્મની પ્રાપ્તિ નથી થતી.

**પ્રશ્ન-૪૫ :- અજ્ઞાનીને આજ સુધી ધર્મની પ્રાપ્તિ કેમ નથી થઈ?**

ઉત્તર :- (૧) શરીર રૂપી, આત્મા અરૂપી (૨) શરીર જડ; આત્મા ચેતન (૩) શરીર સંયોગી; આત્મા અસંયોગી, (૪) શરીર વિનાશી; આત્મા અવિનાશી, (૫) શરીર આંધળું, આત્મા દેખનાર, (૬) શરીર ઇન્દ્રિયગ્રાહ્ય; આત્મા અતિન્દ્રિયગ્રાહ્ય, (૭) શરીર બાહ્ય



પરતત્ત્વ; આત્મા અંતરંગ સ્વતત્ત્વ - વગેરે દરેકમાં એક પ્રકારની શ્રદ્ધા, એક પ્રકારનું જ્ઞાન અને એક પ્રકારનું આચરણ હોવાથી અજ્ઞાનીને આજ સુધી ધર્મની પ્રાપ્તિ નથી થઈ અને જો આત્મા અને શરીરને ભિન્ન જાણે તો ધર્મની પ્રાપ્તિ થઈ જાય.

**પ્રશ્ન-૪૬ :- અજ્ઞાની પોતાને કોનું અભેદ પિંડ માને તો મિથ્યાત્વનો અભાવ તઈને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય?**

ઉત્તર :- અનંતગુણનો અભેદ પિંડ ભૂતાર્થ ભગવાન પોતાને માને તો મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય.

**પ્રશ્ન-૪૭ :- ભૂતકાળમાં જે મોક્ષે ગયા છે, તે ક્યા ઉપાયથી ગયા છે?**

ઉત્તર :- પોતાના અનંતગુણનો અભેદ પિંડ ભૂતાર્થસ્વભાવી ભગવાન આત્માનું શ્રદ્ધાન આદિ કરીને જ ભૂતકાળના મોક્ષે ગયા છે.

**પ્રશ્ન-૪૮ :- વિદેહક્ષેત્રથી જે નિરંતર મોક્ષે જઈ રહ્યા છે, તે ક્યા ઉપાયથી જાય છે?**

ઉત્તર :- પોતાના અનંતગુણનો અભેદ પિંડ ભૂતાર્થસ્વભાવી ભગવાન આત્માનું શ્રદ્ધાન કરવાથી જ વિદેહક્ષેત્રથી નિરંતર મોક્ષે જાય છે.

**પ્રશ્ન-૪૯ :- ભવિષ્યમાં જે જીવ, મોક્ષ જશે તે ક્યા ઉપાયે જશે?**

ઉત્તર :- પોતાના અનંતગુણના અભેદ પિંડ ભૂતાર્થસ્વભાવી ભગવાન આત્માનું શ્રદ્ધાન કરવાથી જ ભવિષ્યમાં મોક્ષે જશે.

**પ્રશ્ન-૫૦ :- શું ત્રણ કાળ, ત્રણ લોકમાં મોક્ષનો એક જ ઉપાય છે?**

ઉત્તર :- હા ભાઈ! ત્રણ કાળ, ત્રણ લોકમાં મોક્ષનો એક

જ ઉપાય છે, કેમકે ત્રણ કાળ, ત્રણ લોકમાં પરમાર્થનો એક જ પંથ છે, બીજો નથી.

**પ્રશ્ન-૫૧ :- ત્રણ કાળ અને ત્રણ લોકમાં મોક્ષનો એક જ ઉપાય છે - એવું ક્યાંય શાસ્ત્રમાં આવ્યું છે?**

**ઉત્તર** :- ચારેય અનુયોગમાં આવ્યું છે. (૧) 'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગ' (તત્ત્વાર્થસૂત્ર, પહલો અધ્યા., પ્રથમ સૂત્ર); (૨) શ્રી પ્રવચનસાર, ગાતા-૮૨-૧૯૯-૨૪૨ માં લખ્યું છે કે 'નિર્વાણનો અન્ય કોઈ માર્ગ નથી.' (૩) શ્રી નિયમસાર, ગાથા-૨, ૩, ૯૦ તથા કળશ ૧૨૧માં આવ્યું છે 'દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ, નિયમથી નિર્વાણનું કારણ છે;' (૪) શ્રી સમયસાર, ગાથા-૧૫૬માં 'માત્ર પરમાર્થ, મોક્ષ હેતુ જ એક દ્રવ્યસ્વભાવવાળો છે; માટે જીવના સ્વભાવ વડે જ જ્ઞાનનું ભવન બને છે; (૫) શ્રી રત્નકરંડશ્રાવકાચાર, ગાથા-૨-૩માં ' ધર્મના ઈશ્વર ભગવાન તીર્થંકર, પરમદેવ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ધર્મ કહે છે;' (૬) છ ઢાળા, ત્રીજી ઢાળમાં 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરણ—આ ત્રણની એકતા જ મોક્ષમાર્ગ છે.' એમ કહ્યું છે.

**પ્રશ્ન-૫૨ :- શું કરવાથી મુક્ત થશે?**

**ઉત્તર** :- 'હું અનંત ગુણનો અભેદ પિંડ ભૂતાર્થસ્વભાવી ભગવાન આત્મા છું'—એવું શ્રદ્ધાદિ કરવાથી જ મુક્ત થશે.

**પ્રશ્ન-૫૩ :- શું કરવાથી કદી પણ મુક્ત નહિ થાય?**

**ઉત્તર** :- નવ પ્રકારના પક્ષમાં પડવાથી કદી મુક્ત નહિ થાય.

**પ્રશ્ન-૫૪ :- શું જિનવરે કહેલા વ્રત, સમિતિને પાળવા માત્રથી મુક્તિ નથી થતી?**

**ઉત્તર** :- કદી પણ નહિ થાય, કેમકે શ્રી સમયસાર, ગાથા-૨૭૩માં લખ્યું છે કે જિનવરકથિત વ્રત, સમિતિનું પાલન કરનાર



પણ મિથ્યાદૃષ્ટિ-અભવ્ય અજ્ઞાની છે તથા ગાથા-૧૫૪માં એને નપુંસક કહ્યો છે.

**પ્રશ્ન-૫૫ :- શું અગ્યાર અંગ અને નવ પૂર્વના અભ્યાસથી પણ મુક્તિ નથી થતી?**

**ઉત્તર** :- ક્યારેય નથી થતી, કેમકે શ્રી કુંદકુંદ ભગવાને શ્રી સમયસાર, ગાથા-૨૭૪માં લખ્યું છે કે—આત્મ અનુભવ થયા વિના શાસ્ત્ર અભ્યાસ ગુણકારી નથી. તથા શ્રી સમયસાર, ગાથા-૩૧૭માં જેમ સાંપને દૂધ પીવડાવે તો ઝેર ચઢે છે, તે પ્રકારે મિથ્યાદૃષ્ટિને વિશેષ જ્ઞાનની ચતુરાઈ નિગોદનું કારણ બને છે.

**પ્રશ્ન-૫૬ :- સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે કોનો આશ્રય કરવો?**

**ઉત્તર** :- અનંતગુણના અભેદ પિંડ પોતાના દ્રવ્યનો આશ્રય કરે તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૫૭ :- કોનો આશ્રય કરે તો ક્યારે પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નથી થતી?**

**ઉત્તર** :- દર્શનમોહનીયના ક્ષયાદિકનો આશ્રય કરે તથા દેવ-ગુરુ-શાસ્ત્ર અને પરદ્રવ્યોનો આશ્રય કરે તોપણ ક્યારેય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નથી થતી.

**પ્રશ્ન-૫૮ :- જે જીવ, સમ્યગ્દર્શન માટે માત્ર દેવ-ગુરુ-શાસ્ત્રનો જ આશ્રય કરે, એનું ફળ શું છે?**

**ઉત્તર** :- ચારેય ગતિમાં રખડતો રખડતો નિગોદમાં ચાલ્યો જશે. કહ્યું છે કે 'જો વિમાનવાસી હું થાય, સમ્યગ્દર્શન બિન દુઃખ પાય.'

**પ્રશ્ન-૫૯ :- શું માત્ર દેવ-ગુરુ-શાસ્ત્રનો જ આશ્રય કાર્યકાર નથી?**

**ઉત્તર** :- સંસાર પરિભ્રમણ માટે કાર્યકારી છે.

**પ્રશ્ન-૬૦ :- સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવા માટે કોનો આશ્રય કરવો?**

ઉત્તર :- એકમાત્ર અનંતગુણનો અભેદ પિંડ પોતાના જ્ઞાયક દ્રવ્યનો આશ્રય કરીને જ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૬૧ :- ગુરુ અને શાસ્ત્રની તરફ જોવે તો શું સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ નથી થતી?**

ઉત્તર :- સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની તરફ જોતા કદી પણ નથી થથી, કેમકે જેમાં જે ચીજ હોય એમાંથી જ એ આવે છે, જેમાં ન હોય એમાંથી કઈ રીતે આવે? ક્યારેય નહિ.

**પ્રશ્ન-૬૨ :- સમ્યગ્જ્ઞાન મેળવવા માટે અગ્યાર અંગ અને નવ પૂર્વનો અભ્યાસ કરે તો એની પ્રાપ્તિ નથી થતી?**

ઉત્તર :- કદી પણ નથી થતી. કેમકે શ્રી સમયસાર, ગાથા-૨૭૪માં કહ્યું છે કે 'મોક્ષ કી શ્રદ્ધા વિહીન-અભવ્ય જીવ, શાસ્ત્રો પઢે; પર જ્ઞાન કી શ્રદ્ધા રહિત કો, પઠન યે નહિ ગુણ કરૈ'. ગાથા-૩૧૭માં લખ્યું છે કે 'સદ્રીત પઢકર શાસ્ત્ર ભી પ્રકૃતિ અભવ્ય નહીં તજે; જ્યોં દૂધ ગુડ પીતા હુઆ ભી, સર્પ નાહિં નિર્વિષ બને'. જ્યાં સુધી જીવને આત્મજ્ઞાન નથી ત્યાં સુધી બધા શાસ્ત્રોનું પઠન મિથ્યાજ્ઞાન છે, જરા પણ કાર્યકારી નથી.

**પ્રશ્ન-૬૩ :- કોનો આશ્રય કરે તો સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય?**

ઉત્તર :- અનંતગુણનો અભેદ પિંડ પોતાના જ્ઞાયક ભગવાનનો આશ્રય કરવાથી જ સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૬૪ :- શું શરીરની ક્રિયાથી સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ નથી થતી?**

ઉત્તર :- શરીરની ક્રિયા હું કરું છું - એવી માન્યતાથી તો મિથ્યાત્વનું મહાન પાપ થાય છે; સમ્યક્ચારિત્રની તો વાત જ નથી.



**પ્રશ્ન-૬૫ :- શું જિનેન્દ્ર ભગવાનના કહેલા સમિતિ, ગુપ્તિના શુભભાવાથો ચારિત્રની પ્રાપ્તિ થાય છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે જિનેન્દ્ર ભગવાને સમિતિ, ગુપ્તિના ભાવોને તો પુણ્યબંધનું કારણ કહ્યું છે; ચારિત્રની પ્રાપ્તિ નથી કહી.

**પ્રશ્ન-૬૬ :- જે જીવ શુભભાવોથી ચારિત્ર માને છે, તેને શ્રી સમયસારમાં શું-શું કહ્યું છે?**

ઉત્તર :- શ્રી કુંદકુંદ ભગવાને શ્રી સમયસાર, ગાથા-૨૭૩માં કહ્યું છે - જિનવર પ્રરૂપિત વ્રત, સમિતિ, ગુપ્તિ, અરુ તપ શીલને કરતો થકો પણ અભવ્ય જીવ, અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે. શ્રી સમયસાર, ગાથા-૧૪૫માં લખ્યું છે કે 'હૈ કર્મ અશુભ કુશીલ, અરુ જાનો સુશીલ શુભકર્મ કો। કિસ રીત હોય સુશીલ, જો સંસાર મેં દાખિલ કરેં' તથા ૧૫૪માં લખ્યું છે કે 'પરમાર્થ બાહિર જીવગણ, જાને ન હેતુ મોક્ષ કા, અજ્ઞાન સે વે પુણ્ય ઇચ્છે, હેતુ જો સંસાર કા'.

જેમ લસણ ખાવાથી કસ્તુરીનો ઓડકાર નથી આવતો તેમ શુભભાવોથી કદી પણ ધર્મની પ્રાપ્તિ નથી થતી; એકમાત્ર પોતાના સ્વદ્રવ્ય સ્વભાવનો આશ્રય કરવાથી જ ચારિત્રની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૬૭ :- મિથ્યાત્વનો અભાવ કેમ થાય છે?**

ઉત્તર :- એકમાત્ર પોતાના અનંતગુણોનો અભેદ પિંડ જ્ઞાયક ભગવાન સ્વદ્રવ્યનો આશ્રય લેવાથી જ મિથ્યાત્વનો અભાવ થાય છે.

**પ્રશ્ન-૬૮ :- મિથ્યાત્વનો અભાવ કરવા માટે આત્માનો આશ્રય ન લે પણ વ્રત કરે, ઘણા શાસ્ત્રો ભણે, તપશ્ચરણ કરે તો શું થાય?**

ઉત્તર :- ક્યારેય પણ મિથ્યાત્વનો અભાવ નહિ થાય, પણ

મિથ્યાત્વ દઢ થઈને નિગોદમાં ચાલ્યો જશે. આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ કહ્યું છે કે 'તત્ત્વવિચાર રહિત (એટલે કે આત્માનો આશ્રય કર્યા વિના) દેવાદિની પ્રતીતિ કરે; ઘણા શાસ્ત્રોનો અભ્યાસ કરે; વ્રતાદિ પાળે; તપશ્ચરણ વગેરે કરે; તેને તો સમ્યક્ત્વ થવાનો અધિકાર નથી.' (એટલે કે મિથ્યાત્વનો અભાવ થવાનો અવકાશ જ નથી) અને તત્ત્વવિચારવાળા, અર્થાત્ આત્માનો આશ્રય લેનારને વ્રતાદિ વિના પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ-૨૬૦)

**પ્રશ્ન-૬૯ :- શ્રેણી માંડવા કોનો આશ્રય કરે?**

ઉત્તર :- એકમાત્ર અનંતગુણનો અભેદ પિંડ પોતાના જ્ઞાયકસ્વભાવના આશ્રયથી જ શ્રેણીની પ્રાપ્તિ થાય છે; કોઈ દ્રવ્યકર્મ, નોકર્મ, ભાવકર્મ તથા પરલક્ષી જ્ઞાનથી કદિ પણ શ્રેણી મંડાતી નથી.

**પ્રશ્ન-૭૦ :- અર્હંત ભગવાનને કોનો આશ્રય છે?**

ઉત્તર :- એકમાત્ર અનંતગુણનો અભેદ પિંડ જ્ઞાયક ભગવાનરૂપ પોતાના દ્રવ્યનો જ આશ્રય છે.

**પ્રશ્ન-૭૧ :- પાત્ર જીવ સામાયિક માટે કોનો આશ્રય કરે છે?**

ઉત્તર :- એકમાત્ર અનંતગુણનો અભેદ પિંડ પોતાના જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરે છે.

**પ્રશ્ન-૭૨ :- અપાત્ર જીવ સામાયિક માટે કોનો આશ્રય કરે છે અને એનું ફળ શું છે?**

ઉત્તર :- શરીરની ક્રિયા અને પાઠ બોલવા આદિનો આશ્રય કરે છે; એનું ફળ અનંત સંસાર છે. છ ઢાળામાં કહ્યું છે કે 'મુનિવ્રત ધાર અનંતબાર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો.'



**પ્રશ્ન-૭૩ :- કોનો આશ્રય કરે તો શાંતિની પ્રાપ્તિ થાય?**

ઉત્તર :- એકમાત્ર અનંતગુણનો અભેદ પિંડ નિજ જ્ઞાયકસ્વભાવનો જ આશ્રય કરે તો શાંતિની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૭૪ :- અજ્ઞાની શાંતિ માટે કોનો આશ્રય માને છે અને એનું ફળ શું છે?**

ઉત્તર :- નવ પ્રકારના પક્ષોથી શાંતિ માને છે અને એનું ફળ ચાર ગતિનું ભ્રમણ છે.

**પ્રશ્ન-૭૫ :- જ્યારે 'અનંત ગુણનો અભેદ જ્ઞાયક પિંડ પોતાના ભગવાન આત્માના આશ્રયે જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, શ્રેણી, અર્હંત અને સિદ્ધદશાની પ્રાપ્તિ થાય છે; વિકારના આશ્રયે નહિ તો પછી (૧) ભગવાનની પૂજા કરો; (૨) દર્શન કરો; (૩) દાન કરો; (૪) યાત્રા કરો; (૫) અણુવ્રત પાળો; (૬) મહાવ્રત પાળો વગેરેનો ઉપદેશ શા માટે આપ્યો છે?**

ઉત્તર :- પાત્ર ભવ્ય જીવે પોતાના અનંતગુણનો અભેદ પિંડ જ્ઞાયક ભગવાન આત્માનો પરિપૂર્ણ આશ્રય લેવાનો પ્રયત્ન કર્યો, પરંતુ પરિપૂર્ણ આશ્રય ન લઈ શક્યો, એટલે કે મોક્ષ ન થયો, મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઈ – તો મોક્ષમાર્ગમાં ચારિત્રગુણની એક સમયની પર્યાયમાં બે અંશ પડે છે. તેમાં જે શુદ્ધિ અંશ છે, તે સાચો મોક્ષમાર્ગ છે અને જે ભૂમિકાનુસાર રાગ છે, તે જ્ઞાનીઓને હેયબુદ્ધિએ થાય છે. તેનું જ્ઞાન કરાવવા ભગવાનની પૂજા કરો, યાત્રા કરો વગેરેનો ઉપદેશ આપે છે.

**પ્રશ્ન-૭૬ :- ચોથા ગુણસ્થાને સમ્યગ્દષ્ટિની દષ્ટિ ક્યાં રહે છે અને અનંતાનુબંધી ક્રોધાદિના અભાવરૂપ સ્વરૂપાચરણચારિત્રની સાથે કેવો રાગ હોય છે અને કેવો નથી હોતો?**

ઉત્તર :- ચોથા ગુણસ્થાનીની દૃષ્ટિ, એકમાત્ર પોતાના

અનંતગુણના અભેદ પિંડ પર રહે છે. જેમકે મહાવીર સ્વામીના જીવને સિંહની પર્યાયમાં સમ્યગ્દર્શન થયું તો માંસ એનું ભોજન હોવા છતાં પણ, માંસનો વિકલ્પ પણ ન આવ્યો; તે પ્રમાણે જેને પ્રત્યક્ષ મદ્ય, માંસ મધુ કહે છે; તેને ખાવાનો વિકલ્પ પણ નથી આવતો. ગળું કપાય તો ભલે કપાય, પણ કુગુરુ, કુદેવ, કુશાસ્ત્રને નમન આદિનો વિકલ્પ પણ ન આવે; સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને જ નમનનો વિકલ્પ હેયબુદ્ધિએ આવે છે. યાદ રહે કરતા નથી પણ થાય છે.

**પ્રશ્ન-૭૭ :- સાચી શ્રાવકદશા થવાથી કેવો રાગ થાય છે?**

ઉત્તર :- બે ચોકડી કષાયના અભાવરૂપ દેશચારિત્રદશા થવાથી બાર અણુવ્રત આદિનો વિકલ્પ હેયબુદ્ધિએ હોય છે.

**પ્રશ્ન-૭૮ :- મુનિદશા થવાથી કેવો રાગ થાય છે?**

ઉત્તર :- ત્રણ ચોકડી કષાયના અભાવરૂપ શુદ્ધિ તો નિરંતર વર્તે છે, પણ છઠ્ઠા ગુણસ્થાને અઠ્ઠાવીશ મૂળગુણનો વિકલ્પ હેયબુદ્ધિએ હોય છે.

**પ્રશ્ન-૭૯ :- જ્ઞાનીને જે ભૂમિકા અનુસાર રાગ થાય છે - શું જ્ઞાની તેને પોતાનો માને છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, તે તો જ્ઞાનનું જ્ઞેય છે, હેય છે.

**પ્રશ્ન-૮૦ :- સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત મળ્યું, એવા સમયે પણ ભૂતાર્થસ્વભાવનો આશ્રય ન લે તો શું થાય?**

ઉત્તર :- શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં લખ્યું છે કે 'મનુષ્યભવમાં મોક્ષમાર્ગમાં પ્રવર્તન ન કરે તો કિંચિત્ વિશુદ્ધતા થઈને પછી તીવ્ર ઉદય આવતાં નિગોદ આદિની પર્યાયને પ્રાપ્ત કરે છે.' છ ઢાળામાં કહ્યું છે કે 'જો વિમાનવાસી હું થાય, સમ્યગ્દર્શન બિન દુઃખ પાય. તહતૈં ચય થાવર તન ધરૈ, યોં પરિવર્તન પૂરે કરૈં.'



**પ્રશ્ન-૮૧ :- આપ કહો છો કે અનંતગુણનો અભેદ પિંડ જ્ઞાયકસ્વભાવથી જ એકમાત્ર ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે-તો શું અમે પૂજા-પાઠ-વ્રત-નિયમ વગેરે ન કરીએ?**

ઉત્તર :- પહેલા ગુણસ્થાને જિજ્ઞાસુ જીવને શાસ્ત્રાભ્યાસ, અધ્યયન-મનન, જ્ઞાની પુરુષોને ધર્મ ઉપદેશ-શ્રવણ, નિરંતર તેમનો સમાગમ, દેવદર્શન, પૂજા, ભક્તિ, દાન વગેરે શુભભાવ હોય છે, પરંતુ સાચા વ્રત-તપ વગેરે નથી હોતા, કેમકે સાચા વ્રતાદિ તો સમ્યગ્દર્શન પછી પાંચમા ગુણસ્થાનમાં શુભભાવરૂપે હોય છે.

**પ્રશ્ન-૮૨ :- વ્રત, દાન, અણુવ્રતાદિથી ધર્મ નથી થતો-એવું કથન સાંભળવાથી અથવા વાંચવાથી લોકોને અત્યંત હાનિ થવી સંભવ છે. આ સમયે લોકો કંઈક વ્રત, પ્રત્યાખ્યાનાદિકની ક્રિયાઓ કરે છે, એને પણ છોડી દે, શું એનું કહેવું ઠીક છે?**

ઉત્તર :- (૧) બિલકુલ જૂઠું છે. કેમકે શું સત્યથી પણ કદી કોઈ જીવની હાનિ થઈ શકે છે? ક્યારેય નહિ. માટે સત્‌નું શ્રવણ કે અધ્યયન કરવાથી જીવોને કદી પણ હાનિ નથી થતી. (૨) વ્રત કરનારા જ્ઞાની છે કે અજ્ઞાની? એ જાણવું આવશ્યક છે. જો તે અજ્ઞાની છે તો તેને સાચા વ્રતાદિ કદી હોતા નથી; માટે એને છોડવાનો પ્રશ્ન જ નથી રહેતો. જો વ્રત કરનારા જ્ઞાની છે, તો તે વ્રત છોડીને અશુભમાં જાય, એ વાત બની શકે નહિ. (૩) પણ એવું બને છે કે જ્ઞાની, શુભભાવોને ક્રમશઃ દૂર કરીને શુદ્ધભાવની વૃદ્ધિ કરે, તે લાભનું કારણ છે, હાનિનું નહિ. માટે સત્ય કથનથી કોઈને હાનિ થઈ શકતી નથી.

**પ્રશ્ન-૮૩ :- હું અનંતગુણનો અભેદ પિંડ જ્ઞાયક ભગવાન આત્મા છું, જ્યાં સુધી એવો અનુભવ ન થાય, ત્યાં સુધી**

તો વ્રતાદિ કરવા જોઈએ ને?

ઉત્તર :- જેમ કોઈને અમેરિકા જવું છે અને કોઈ કારણસર અમેરિકા જવાનું ન બને તો શું અમેરિકાની બદલે રુસ જઈ આવે? ના. પણ અમેરિકા જવાનો પ્રયત્ન કરે, તે પ્રમાણે જ્યાં સુધી પોતાના જ્ઞાયકસ્વભાવનો અનુભવ ન થાય તો શું વ્રતાદિમાં લાગી જવું જોઈએ? નહિ; પરંતુ અનંતગુણનો અભેદ પિંડ જ્ઞાયકસ્વભાવના અનુભવનો અભ્યાસ કરવો. આત્મ-અનુભવના અભ્યાસને છોડીને વ્રતાદિમાં લાગી જાય, એ તો અમેરિકાને બદલે રૂસ જવા સમાન છે. માટે પાત્ર જીવોએ પ્રથમ અનંતગુણના અભેદ પિંડ પોતાના ભગવાનનો અનુભવ કરવો જ કાર્યકારી છે.

**પ્રશ્ન-૮૪ :- હું અનંતગુણનો અભેદ પિંડ જ્ઞાયક ભગવાન આત્મા છું - એવો અનુભવ થયા વિના, બાર અણુવ્રત આદિ કાર્યકારી છે કે નહિ?**

ઉત્તર :- ચારેય ગતિમાં રખડવામાં કાર્યકારી છે. શ્રાવકપણામાં કાર્યકારી નથી,

**પ્રશ્ન-૮૫ :- હું અનંત ગુણનો અભેદ પિંડ ભગવાન આત્મા છું, એવો અનુભવ થયા વિના અઠ્યાવીશ મૂળગુણનું પાલન આદિ મુનિપણા માટે કાર્યકારી છે કે નહિ?**

ઉત્તર :- કાર્યકારી નથી; પણ અનર્થકારી છે, કેમકે 'શ્રી મોક્ષમાર્ગપ્રકાશક'માં તેને મહાવ્રતાદિ પાળતો અભવ્ય, મિથ્યાદષ્ટિ પાપી કહ્યો છે.

**પ્રશ્ન-૮૬ :- પોતાનો અનુભવ થયા વિના અણુવ્રત મહાવ્રતાદિ કાર્યકારી નથી, એવું ક્યાંય સમયસાર, પ્રવચનસારમાં કહ્યું છે?**

ઉત્તર :- (૧) શ્રી પ્રવચનસાર, ગાથા-૨૭૧માં દ્રવ્યલિંગી મુનિને 'સંસારતત્ત્વ' કહ્યું છે. (૨) શ્રી સમયસારમાં, સ્વયં પોતાનો અનુભવ



થયા વિના નપુંસક, કુશીલ, અભવ્ય, મિથ્યાદષ્ટિ, પાપી વગેરે કહ્યા છે.

**પ્રશ્ન-૮૭ :- પોતાના આત્માનો આશ્રય લીધા વિના, શુભભાવ કાર્યકારી નથી - એવું ક્યાંય સમયસાર, કળશ ટીકામાં લખ્યું છે?**

ઉત્તર :- કળશ-૧૪૨માં લખ્યું છે કે... વિશુદ્ધ શુભોપયોગરૂપ પરિણામ, જૈનોક્ત સૂત્રનું અધ્યયન, જીવાદિ દ્રવ્યોના સ્વરૂપનું વારંવાર સ્મરણ, પંચ પરમેષ્ઠીની ભક્તિ વગેરે છે જે અનેક ક્રિયાભેદ, એના દ્વારા બહુ ઘટાટોપ કરે છે તો કરો, તોપણ શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થશે, તે તો શુદ્ધજ્ઞાન દ્વારા થશે. અજ્ઞાનીને પરંપરાએ આગળ જતા મોક્ષનું કારણ થશે, એવો ભ્રમ પેદા થાય છે, તે જૂઠું છે. અહિંસા મહાવ્રતનું પાલન, મહા પરિષહોને સહન કરવા, ઘણા કાળપર્યંત મરીને ચૂરો થતો થકો ઘણા કષ્ટો કરે તો કરો, તોપણ એમ કરવાથી કર્મક્ષય તો નથી થતો. કળશ-૧૪૩માં કહ્યું છે કે 'શુભ-અશુભરૂપ જેટલી ક્રિયા છે, તેનું મમત્વ છોડીને, એક શુદ્ધસ્વરૂપ-અનુભવકારણ છે.'

**પ્રશ્ન-૮૮ :- સમ્યગ્દર્શનરહિત શુભરાગરૂપ વ્યવહારક્રિયા છે એના વિષયમાં પંડિત બુધજનજીએ છ ઢાળામાં શું કહ્યું છે?**

ઉત્તર :- 'સમ્યક્ સહજ સ્વભાવ આપકા અનુભવ કરના યા બિન જપ-તપ વ્યર્થ કષ્ટ કે માહી પડના. કોટિ બાત કી બાત અરે! બુધજન ઉર ધરના! મન વચ તન શુચિ હોય, ગ્રહો જિન વૃષ કા શરના; અર્થાત્ સમ્યગ્દર્શનાદિ રહિત વ્યવહારશ્રદ્ધા જીવે અનંતવાર કરી છે, તે બધું મિથ્યા છે. મિથ્યાત્વપૂર્વક જીવ જે ભાવ કરે છે તે બધા દુઃખદાયક જ છે. કરોડો વાતનો આ જ સાર છે કે આત્માના સહજ સ્વભાવનો અનુભવ કરવો; એના વિના બધું (દયા, દાન,

પૂજા, અણુવ્રત, મહાવ્રતાદિ) નકામું છે. જેમ એકડા વિના મીંડાની કોઈ કિંમત નથી હોતી; તેમ સમ્યગ્દર્શન વિના વ્રતાદિની શુભ ક્રિયાઓ પર ઉપચારથી પણ સંભવ નથી.'

**પ્રશ્ન-૮૯ :- પોતાનો અનુભવ થયા વિના મહાવ્રતાદિ કાર્યકારી નથી - એવું ક્યાંય દૌલતરામજીએ છ ઢાળામાં લખ્યું છે?**

**ઉત્તર** :- બધી જગ્યાએ લખ્યું છે - (૧) પહેલી ઢાળમાં 'જો વિમાનવાસૂ હૂં થાય, સમ્યગ્દર્શન બિન દુઃખ પાય. તહતૈં ચય થાવર તન ધરૈ, યોં પરિવર્તન પૂરે કરૈ.' આ જીવ વિમાનવાસી દેવોમાં પણ ઉત્પન્ન થયો પણ ત્યાં તેણે સમ્યગ્દર્શન વિના દુઃખ વેઠ્યા અને ત્યાંથી પણ મરીને પૃથ્વીકાય આદિ સ્થાવરનું શરીર ધારણ કર્યું. (૨) ત્રીજી ઢાળમાં લખ્યું છે કે - સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા વિના, ચાહે ગમે તેટલો જ્ઞાનનો ઉઘાડ હોય, તે બધું મિથ્યાજ્ઞાન છે અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા વિના, ગમે તેટલા વ્રત તપાદિ હોય, તે બધું મિથ્યાચારિત્ર છે. (૩) ચોથી ઢાળમાં 'મુનિવ્રત ધાર અનંતવાર ગ્રીવક ઉપજાયૌ, પૈ નિજ આતમ જ્ઞાન બિન સુખ લેશ ન પાયો. એટલે કે આ જીવે મુનિના મહાવ્રતને ધારણ કરીને એના પ્રભાવથી નવમી ગ્રૈવેયક સુધીના વિમાનમાં અનંતવાર ઉત્પન્ન થયો, પણ આત્માના ભેદજ્ઞાન વિના લેશમાત્ર સુખ પ્રાપ્ત ન કર્યું. માટે (૪) લાખ બાત કી બાત યહી નિશ્ચય ઉર લાઓ, તોરિ સકલ જગ દન્દ ફન્દ, નિત આતમ ધ્યાઓ.'

**પ્રશ્ન-૯૦ :- શું આ જ વાત રત્નકરંડશ્રાવકાચારમાં પણ કહી છે?**

**ઉત્તર** :- બીજા શ્લોકના ભાવાર્થમાં લખ્યું છે કે સંસારમાં 'ધર્મ' એમ તો બધા કહે છે, પરંતુ ધર્મ શબ્દનો અર્થ તો એમ છે કે જે નરક, તિર્યંચ આદિ ગતિઓમાં પરિભ્રમણરૂપ દુઃખોથી



આત્માને છોડાવીને, ઉત્તમ આત્મિક અવિનાશી અતીન્દ્રિય મોક્ષસુખને ધારણ કરે. એવો ધર્મ વેચાતો નથી, જે ધન દઈને કે દાન-સમ્માન વગેરેથી મેળવી લેવાય; તથા કોઈનાથી દઈ શકાતો નથી, જે કોઈની ઉપાસનાથી પ્રસન્ન કરીને લઈ શકે; તથા મંદિર, પર્વત, જળ, અગ્નિ, દેવમૂર્તિ, તીર્થ આદિમાં ધર્મને રાખવામાં નથી આવ્યો કે ત્યાંથી લઈ આવે. ઉપવાસ, વ્રત, કાય-ક્લેશાદિ તપમાં શરીરાદિ કૃશ કરવાથી પણ મળતો નથી. એવું પણ નથી કે જે દેવાધિદેવ તીર્થંકરના મંદિરોથી કે તેમાં ઉપકરણ દાન, મંડલ વિધાન, પૂજા આદિથી પણ આત્માનો ધર્મ મળી શકે, કારણ કે ધર્મ તો આત્માનો સ્વભાવ છે. તેથી પરમાં આત્મબુદ્ધિ છોડીને, પોતાના જ્ઞાતા-દૃષ્ટાસ્વભાવ દ્વારા જ્ઞાયકસ્વભાવમાં જ પ્રવર્તનરૂપ જે આચરણ તે 'ધર્મ' છે. ... જો આત્મા ઉત્તમ ક્ષમાદિ વીતરાગ-સમ્યગ્દર્શનરૂપ ન થયો, તો ક્યાંય પણ કિંચિત્ ધર્મ નથી થતો. શ્લોક-૩૩ માં લખ્યું છે કે જેને મિથ્યાત્વ નથી એવા અવ્રતી મિથ્યાદૃષ્ટિ મોક્ષમાર્ગી છે અને જેને મિથ્યાત્વ છે, તે મુનિ વ્રતધારી સાધુ હોવા છતાં પણ મરીને ભવનત્રિકાદિકમાં ઉપજી સંસારમાં જ પરિભ્રમણ કરશે.

**પ્રશ્ન-૯૧ :- અજ્ઞાનીને વિશ્વમાં કેટલા દ્રવ્યો દેખાય છે?**

**ઉત્તર** :- અજ્ઞાનીને વિશ્વમાં એક પણ દ્રવ્ય નથી દેખાતું, કેમકે પોતાનો અનુભવ થયા વિના એકપણ દ્રવ્યની જાણકારી સાચી નથી. આ જ વાત સમયસાર કળશ ટીકા કળશ એકમાં તથા સમયસાર ગાથા ૨૦૧માં કહી છે.

**પ્રશ્ન-૯૨ :- અજ્ઞાનીને સાત તત્ત્વોમાંથી કેટલા તત્ત્વોનું જ્ઞાન છે?**

**ઉત્તર** :- એકનું પણ નહિ. કેમકે પોતાનો અનુભવ થયા વિના એક તત્ત્વની પણ જાણકારી સાચી નથી.

**પ્રશ્ન-૯૩ :- ભગવાને પહેલા દ્રવ્યનું સ્વરૂપ કેમ બતાવ્યું?**

ઉત્તર :- અજ્ઞાનીને અનાદિકાળથી એક-એક સમય કરીને, હું અનાદિ-અનંત અનંત ગુણોનો અભેદ પિંડ દ્રવ્ય છું-એના સંબંધમાં ભૂલ હોવાથી, ભગવાને પહેલાં દ્રવ્યનું સ્વરૂપ બતાવ્યું.

**પ્રશ્ન-૯૪ :- આપ કહો છો કે ભગવાને દ્રવ્યનું લક્ષણ 'ગુણોના સમૂહને દ્રવ્ય કહ્યું છે,' પરંતુ અન્ય શાસ્ત્રોમાં દ્રવ્યની પરિભાષા બીજા પ્રકારે કેમ બતાવી છે? જેમકે-તત્ત્વાર્થસૂત્રમાં 'ગુણ-પર્યાયવત્ દ્રવ્યમ્'; 'ગુણપર્યય સમુદાયોં દ્રવ્ય' તથા 'ગુણ સમુદાયો દ્રવ્યમ્' - એમ કેમ છે?**

ઉત્તર :- આમાંથી કોઈપણ એકને મુખ્ય કરવાનું કહેવામાં આવે છે, ત્યારે શેષ લક્ષણ પણ તેમાં ગર્ભિતરૂપે આવી જાય છે. માટે આચાર્યોએ બીજા પ્રકારથી દ્રવ્યનું લક્ષણ સ્પષ્ટ ધ્યાનમાં આવે એ અપેક્ષાએ કથન કર્યું છે અને ભાવ બધાનો એક જ છે; વિરોધ નથી—એમ જાણવું.

**પ્રશ્ન-૯૫ :- ભગવાને દ્રવ્યની મહિમા કોનાથી બતાવી?**

ઉત્તર :- એના ગુણોથી જ દરેક દ્રવ્યની મહિમા બતાવી છે.

**પ્રશ્ન-૯૬ :- મિથ્યાદષ્ટિ લોકો પોતાની મહિમા કોના-કોનાથી માને છે અને કોનાથી નથી માનતા?**

ઉત્તર :- (૧) હું પુત્રવાળો છું; (૨) હું સ્ત્રીવાળો છું; (૩) હું રૂપિયા પૈસાવાળો છું; (૪) હું સુંદર રૂપવાળો છું; (૫) હું ક્ષમાવાળો છું; (૬) હું અણુવ્રતવાળો છું; (૭) હું મહાવ્રતવાળો છું; (૮) મેં સ્ત્રી-પુત્રાદિનો ત્યાગ કર્યો છે; (૯) હું મુનિ, આચાર્ય છું; (૧૦) હું મહિનાના ઉપવાસ કરનારો છું; (૧૧) હું પરિષહ સહનારો છું; વગેરે અપ્રયોજનભૂત વાતોથી પોતાની મહિમા માને છે, પણ હું અનંતગુણનો અભેદ પિંડ જ્ઞાયક ભગવાન છું, તેનાથી



પોતાની મહિમા નથી માનતો.

**પ્રશ્ન-૯૭ :- રૂપિયા-પૈસા વગેરેથી પોતાની મહિમા માનનારનું ફળ શું છે?**

ઉત્તર :- ચારેય ગતિમાં ફરીને નિગોદ એનું ફળ છે.

**પ્રશ્ન-૯૮ :- નવ પ્રકારના પક્ષોથી પોતાની મહિમા માનનારો કોણ છે?**

ઉત્તર :- સંસારનો ભક્ત છે, એટલે કે ચારેય ગતિમાં રખડતો નિગોદને પાત્ર છે.

**પ્રશ્ન-૯૯ :- ભગવાને અનંતગુણનો અભેદ પિંડનો અનુભવ કરવાથી જ આત્માની મહિમા બતાવી છે?**

ઉત્તર :- અનંતગુણનો અભેદ પિંડ હું છું - એવો અનુભવ કરતા જ સંપૂર્ણ દુઃખનો અભાવ થઈને સંપૂર્ણ સુખની પ્રાપ્રિ થઈ જાય છે; તેથી ભગવાને અનંતગુણનો અભેદ પિંડનો અનુભવ કરવાથી આત્માની મહિમા બતાવી છે. અનુભવ કરતા જ 'સ હિ મુક્ત એવ' - એવું શ્રી સમયસાર કળશ ૧૯૮માં બતાવ્યું છે.

**પ્રશ્ન-૧૦૦ :- ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે, એને જાણવાથી ચોથો લાભ શું છે?**

ઉત્તર :- ગુણોની સંખ્યાનું સાચું માપ દષ્ટિમાં આવી જાય છે.

**પ્રશ્ન-૧૦૧ :- દ્રવ્યમાં ગુણોની સંખ્યાનું શું કોઈ માપ છે?**

ઉત્તર :- હા છે. (૧) જીવ, અનંત છે. (૨) જીવદ્રવ્યથી અનંતગુણા અધિક પુદ્‌ગલદ્રવ્ય છે. (૩) પુદ્‌ગલદ્રવ્યથી અનંતગુણા અધિક ત્રણકાળનો સમય છે. (૪) ત્રણ કાળના સમયથી અનંતગુણા અધિક, આકાશના પ્રદેશ છે. (૫) આકાશદ્રવ્યના પ્રદેશોથી અનંતગુણા અધિક એક દ્રવ્યમાં ગુણ છે.

**પ્રશ્ન-૧૦૨ :- ગુણોના સમૂહને દ્રવ્ય કહ છે, એને જાણવાનો**

**પાંચમો લાભ શો છે?**

ઉત્તર :- દ્રવ્યમાં ગુણ ક્યા પ્રકારે રહે છે, તેનો ખ્યાલ આવે છે.

**પ્રશ્ન-૧૦૩ :- દરેક દ્રવ્યમાં ગુણ ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- (૧) જેમ - સાકરમાં મીઠાશ છે, તેમ દ્રવ્યમાં ગુણ છે, (૨) જેમ અગ્નિમાં ઉષ્ણતા છે, તેમ દ્રવ્યમાં ગણ છે; (૩) જેમ સોનામાં પીળાશ છે, તેમ દ્રવ્યમાં ગુણ છે; (૪) જેમ પુદ્‌ગલમાં સ્પર્શાદિ છે, તેમ દ્રવ્યમાં ગુણ છે; (૫) જેમ કોયલનું કાળાપણું છે, તેમ દ્રવ્યમાં ગુણ છે.;

**પ્રશ્ન-૧૦૪ :- ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે, તેને જાણવાથી છઠ્ઠો લાભ શો થાય છે?**

ઉત્તર :- દ્રવ્યમાં ગુણ ક્યા પ્રકારે છે તેનો ખ્યાલ આવે છે.

**પ્રશ્ન-૧૦૫ :- દ્રવ્યની સાથે ગુણોનો કેવો સંબંધ છે?**

ઉત્તર :- નિત્યતાદાત્મયસિદ્ધસંબંધ છે, એટલે કે ક્યારેય ત્રણ કાળ, ત્રણ લોકમાં અલગ નહિ થનારો સંબંધ છે.

**પ્રશ્ન-૧૦૬ :- દ્રવ્યમાં ગુણ ક્યા પ્રકારે નથી?**

ઉત્તર :- જેમ ઘડામાં બોર છે, તે પ્રકારે દ્રવ્યમાં ગુણ નથી કેમકે (૧) ઘડામાં બોર ભરી શકાય છે અને કાઢી પણ શકાય છે; જ્યારે દ્રવ્યમાં ગુણ ભરી કે કાઢી શકાતા નથી; (૨) બોર ઘડાના સંપૂર્ણ ભાગમાં નથી; જ્યારે ગુણ, દ્રવ્યનાં દરેક ભાગોમાં છે; (૩) બોર ઘડાની સંપૂર્ણ અવસ્થાઓમાં નથી, જ્યારે ગુણ દ્રવ્યની સંપૂર્ણ અવસ્થાઓમાં છે; (૫) ઘડો ફૂટી જાય તો બોર નીકળી શકે છે; જ્યારે ગુણ દ્રવ્યમાંથી કદી નીકળી શકતા નથી.

**પ્રશ્ન-૧૦૭ :- શું જેમ પુદ્‌ગલમાં સ્પર્શાદિ ગુણ છે; તે પ્રકારે જ દ્રવ્યમાં ગુણ છે?**



ઉત્તર :- હાં એમ જ છે. કેમકે - (૧) જેમ - પુદ્‌ગલમાં સ્પર્શ, રસ ગુણ અનાદિથી છે; એને જે રીતે કાઢી કે નાખી શકાતા નથી; તે રીતે દ્રવ્યમાં ગુણ અનાદિથી છે, જેને કાઢી કે નાખી શકાતા નથી; (૨) જેમ પુદ્‌ગલમાં સ્પર્શ-રસાદિ ગુણ દરેક ભાગોમાં છે; એ પ્રકારે જ દ્રવ્યમાં ગુણ દરેક ભાગોમાં છે; (૩) જેમ પુદ્‌ગલમાં સ્પર્શ-રસાદિ ગુણ દરેક અવસ્થાઓમાં છે; તેમ તે પ્રકારે દરેક દ્રવ્યમાં ગુણ દરેક અવસ્થાઓમાં છે; (૪) જેમ પુદ્‌ગલમાંથી સ્પર્શ, રસાદિ ગુણ કદી નીકળીને વીખેરાઈ નથી જતાં, કેમકે એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ એક જ છે; તે પ્રકારે દરેક દ્રવ્યમાં ગુણ કદી નીકળીને વિખેરાઈ નથી જતાં; કેમ કે દરેક દ્રવ્ય-ગુણનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ એક જ છે.

**પ્રશ્ન-૧૦૮ :- (૧) શું એક થેલીમાં ચોખા ભરવામાં આવે; (૨) શું જેમ જીવમાં જ્ઞાન-દર્શનાદિ છે; (૩) શું એક પુસ્તકમાં પાંચસો પાના છે; (૪) શું જેમ આ ખુરશીમાં અનંત પરમાણુ છે; (૫) શું જેમ કાળદ્રવ્યમાં પરિણમનહેતુત્વ ગુણ છે; (૬) શું જેમ આ શર્ટમાં અનંત પરમાણુ છે; (૭) શું જેમ આત્માને શરીર સાથે સંબંધ છે; (૮) શું જેમ આત્માની સાથે આઠ કર્મોનો સંબંધ છે;(૯) શું જેમ ઓરડામાં રાઈ ભરી દીધી; (૧૦) શું જેમ રસગુલ્લામાં અનંત પરમાણુ છે; (૧૧) શું જેમ આકાશમાં અવગાહનત્વ ગુણ છે; (૧૨) શું જેમ જીવ-પુદ્‌ગલમાં ક્રિયાવતીશક્તિ અને વૈભાવિકશક્તિ છે; (૧૩) શું જેમ એક છતમાં હજારો માખીઓ છે, તે પ્રકારે દરેક દ્રવ્યમાં ગુણ છે?**

ઉત્તર :- પૂર્વ પ્રશ્ન અનુસાર ઉત્તર શોધો.

**પ્રશ્ન-૧૦૯ :- પોતાના અનંતગુણનો અભેદ પિંડ જ્ઞાયક**

**ભગવાન તરફ દૃષ્ટિ કરતા સાતમો લાભ શું થાય છે?**

ઉત્તર :- (૧) મિથ્યાત્વાદિ સંસારના પાંચ કારણોનો અભાવ થઈ જાય છે; (૨) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવરૂપ પાંચ પરાવર્તનનો અભાવ થઈ જાય છે; (૩) ચાર ગતિઓના અભાવરૂપ પાંચમી ગતિની પ્રાપ્તિ થાય છે; (૪) પાંચ પારિણામિકભાવનું મહત્ત્વ આવી જાય છે; (૫) પાંચ પરમેષ્ઠિમાં ગણતરી થવા લાગે છે; (૬) જ્ઞાતા-દૃષ્ટા બુદ્ધિ પ્રગટે છે; (૭) માર્ગણા-ગુણસ્થાન જીવસમાસરહિત પોતાનો આત્મા દૃષ્ટિમાં આવી જાય છે.

**પ્રશ્ન-૧૧૦ :- જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે ગુણો સાથે આત્માને કેવો સંબંધ છે?**

ઉત્તર :- નિત્યતાદાત્મ્યસંબંધ છે.

**પ્રશ્ન-૧૧૧ :- નિત્યતાદાત્મ્યસંબંધને શ્રી સમયસારના કર્તા-કર્મ અધિકરામાં ક્યા નામથી કહ્યો છે?**

ઉત્તર :- તાદાત્મ્યસિદ્ધસંબંધ નામથી કહ્યો છે.

**પ્રશ્ન-૧૧૨ :- તાદાત્મ્યસિદ્ધસંબંધ માનવા-જાણવાનું શું ફળ છે?**

ઉત્તર :- સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ, તેનું ફળ છે.

**પ્રશ્ન-૧૧૩ :- શુભાશુભ વિકારીભાવોની સાથે સંબંધનું શું નામ છે?**

ઉત્તર :- અનિત્યતાદાત્મ્યસંબંધ છે.

**પ્રશ્ન-૧૧૪ :- અનિત્યતાદાત્મ્યસંબંધને શ્રી સમયસારના કર્તા-કર્મ અધિકારમાં ક્યા નામથી કહ્યું છે?**

ઉત્તર :- સંયોગસિદ્ધસંબંધ નામથી કહ્યું છે.

**પ્રશ્ન-૧૧૫ :- સંયોગસિદ્ધસંબંધને તાદાત્મ્યસિદ્ધ સંબંધ માને તો શું થાય?**



ઉત્તર :- મિથ્યાદર્શન આદિ દૃઢ થઈને નિગોદમાં ચાલ્યો જશે.

**પ્રશ્ન-૧૧૬ :- સંયોગસિદ્ધસંબંધ અને નિજ કારણપરમાત્મા અલગ છે - એવો અનુભવ કરે તો શું થશે?**

ઉત્તર :- (૧) આસ્રવોનો અભાવ થઈ જાય; (૨) કર્મનો બંધ નથી થતો; (૩) સાચા સુખની પ્રાપ્તિ થઈ જાય છે; અને (૪) ક્રમથી નિર્વાણની પ્રાપ્તિ થશે.

**પ્રશ્ન-૧૧૭ :- વિકારીભાવોની સાથે અજ્ઞાની કેવો સંબંધ માને છે અને એનું ફળ શું છે?**

ઉત્તર :- કર્તા-કર્મ સંબંધ માને છે અને તેનું ફળ પરંપરા નિગોદ છે.

**પ્રશ્ન-૧૧૮ :- એવા દ્રવ્યોના નામ કહો કે જેમાં ગુણ ન હોય?**

ઉત્તર :- એવું કોઈ પણ દ્રવ્ય **નથી**, કેમકે ગુણોના સમૂહને જ દ્રવ્ય કહે છે.

**પ્રશ્ન-૧૧૯ :- ગુણોને કોણ નથી માનતું?**

ઉત્તર :- શ્વેતાંબર નથી માનતા.

**પ્રશ્ન-૧૨૦ :- દ્રવ્ય-ગુણ, ભેદરૂપ છે કે અભેદરૂપ છે?**

ઉત્તર :- દ્રવ્ય-ગુણ, ભેદ-અભેદ બંનેરૂપ છે.

**પ્રશ્ન-૧૨૧ :- દ્રવ્ય અને ગુણ, ભેદરૂપ કેવી રીતે છે?**

ઉત્તર :- સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજનની અપેક્ષાએ ભેદ છે.

**પ્રશ્ન-૧૨૨ :- દ્રવ્ય અને ગુણ અભેદરૂપ કેવી રીતે છે?**

ઉત્તર :- (૧) પ્રદેશોની અપેક્ષાએ; (૨) ક્ષેત્રની અપેક્ષાએ; અને (૩) કાળની અપેક્ષાએ દ્રવ્ય-ગુણ અભેદરૂપ છે.

**પ્રશ્ન-૧૨૩ :- દ્રવ્ય અને ગુણના 'સંજ્ઞા' અપેક્ષાએ કેવી**

રીતે ભેદ છે?

ઉત્તર :- એકનું નામ દ્રવ્ય છે, બીજાનું નામ ગુણ છે - આ સંજ્ઞા અપેક્ષાએ ભેદ છે.

**પ્રશ્ન-૧૨૪ :- દ્રવ્ય અને ગુણના 'સંખ્યા' અપેક્ષાએ કેવી રીતે ભેદ છે?**

ઉત્તર :- દ્રવ્ય, એક છે અને ગુણ, અનેક છે - આ સંખ્યા અપેક્ષાએ ભેદ છ.

**પ્રશ્ન-૧૨૫ :- દ્રવ્ય અને ગુણના 'લક્ષણ'ની અપેક્ષાએ ભેદરૂપ કેવી રીતે છે?**

ઉત્તર :- (૧) દ્રવ્યનું લક્ષણ - ગુણોનો સમૂહ છે; (૨) ગુણનું લક્ષણ - જે દ્રવ્યના દરેક ભાગોમાં અને દરેક અવસ્થાઓમાં રહે છે તેને ગુણ કહે છે - આ લક્ષણ અપેક્ષાએ ભેદ છે.

**પ્રશ્ન-૧૨૬ :- છ દ્રવ્યોને બેમાં વહેંચો?**

ઉત્તર :- જીવ અને અજીવ.

**પ્રશ્ન-૧૨૭ :- જીવ કોણ છે અને અજીવ કોણ છે?**

ઉત્તર :- જ્ઞાન-દર્શનવાળો જીવ છે, બાકી પાંચ દ્રવ્ય અજીવ છે.

**પ્રશ્ન-૧૨૮ :- છ દ્રવ્યોને બીજી રીતે બે ભેદરૂપ વહેંચો.**

ઉત્તર :- રૂપી અને અરૂપી.

**પ્રશ્ન-૧૨૯ :- રૂપી કોણ છે?**

ઉત્તર :- સ્પર્શ-રસ-ગંધ-વર્ણવાળા પુદ્‌ગલ રૂપી છે.

**પ્રશ્ન-૧૩૦ :- અરૂપી કોણ છે?**

ઉત્તર :- જીવ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ અરૂપી છે.

**પ્રશ્ન-૧૩૧ :- છ દ્રવ્યોને ત્રીજી રીતે બે ભેદરૂપે વહેંચો.**

ઉત્તર :- ક્રિયાવતીશક્તિસહિત અને ક્રિયાવતીશક્તિરહિત.



**પ્રશ્ન-૧૩૨ :- ક્રિયાવતીશક્તિવાળા ક્યા-ક્યા દ્રવ્ય છે?**

ઉત્તર :- જીવ અને પુદ્‌ગલદ્રવ્ય, ક્રિયાવતીશક્તિસહિત છે.

**પ્રશ્ન-૧૩૩ :- ક્રિયાવતીસક્તિરહિત ક્યા-ક્યા દ્રવ્ય છે?**

ઉત્તર :- ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ ચાર દ્રવ્ય ક્રિયાવતીશક્તિરહિત છે.

**પ્રશ્ન-૧૩૪ :- છ દ્રવ્યોને ચોથી રીતે બે ભેદરૂપે વહેંચો?**

ઉત્તર :- વૈભાવિકશક્તિસહિત અને વૈભાવિકશક્તિરહિત.

**પ્રશ્ન-૧૩૫ :- વૈભાવિકશક્તિસહિત ક્યા-ક્યા દ્રવ્ય છે?**

ઉત્તર :- જીવ અને પુદ્‌ગલ, વૈભાવિકશક્તિસહિત દ્રવ્ય છે.

**પ્રશ્ન-૧૩૬ :- વૈભાવિકશક્તિરહિત ક્યા-ક્યા દ્રવ્ય છે?**

ઉત્તર :- ધર્મ, અધર્મ, આકાશ અને કાળ, વૈભાવિકશક્તિથી રહિત દ્રવ્ય છે.

**પ્રશ્ન-૧૩૭ :- છ દ્રવ્યોને પાંચમી રીતે બે ભેદરૂપે વહેંચો?**

ઉત્તર :- બહુપ્રદેશી અને એક પ્રદેશી.

**પ્રશ્ન-૧૩૮ :- બહુપ્રદેશી દ્રવ્ય ક્યા-ક્યા છે?**

ઉત્તર :- જીવ, ધર્મ, અધર્મ અને આકાશદ્રવ્ય, બહુપ્રદેશી છે.

**પ્રશ્ન-૧૩૯ :- એક પ્રદેશી દ્રવ્ય ક્યા-ક્યા છે?**

ઉત્તર :- પુદ્‌ગલ પરમાણુ અને કાળદ્રવ્ય, એ બંને દ્રવ્ય એક પ્રદેશી છે.

**પ્રશ્ન-૧૪૦ :- છ દ્રવ્યોને છઠ્ઠી રીતે બે ભેદરૂપે વહેંચો?**

ઉત્તર :- એક અને અનેક.

**પ્રશ્ન-૧૪૧ :- એક-એક ક્યા-ક્યા દ્રવ્યો છે?**

ઉત્તર :- ધર્મ, અધર્મ અને આકાશ, એક-એક દ્રવ્ય છે.

**પ્રશ્ન-૧૪૨ :- અનેક દ્રવ્ય ક્યા-ક્યા છે?**

ઉત્તર :- જીવ, પુદ્‌ગલ અને કાળદ્રવ્ય અનેક છે.

**પ્રશ્ન-૧૪૩ :- છ દ્રવ્યોને સાતમી રીતે બે ભેદરૂપે વહેંચો?**

ઉત્તર :- જડ અને ચેતન.

**પ્રશ્ન-૧૪૪ :- જડદ્રવ્ય ક્યા-ક્યા છે?**

ઉત્તર :- પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ જડદ્રવ્ય છે.

**પ્રશ્ન-૧૪૫ :- ચેતન ક્યા ક્યા દ્રવ્ય છે?**

ઉત્તર :- એકમાત્ર જીવદ્રવ્ય ચેતન છે.

**પ્રશ્ન-૧૪૬ :- જીવને બે ભેદરૂપ વહેંચો?**

ઉત્તર :- (૧) સંસારી અને સિદ્ધ; (૨) જ્ઞાની અને અજ્ઞાની; (૩) કેવળજ્ઞાની અને અલ્પજ્ઞાની.

**પ્રશ્ન-૧૪૭ :- સંસારી કોણ-કોણ છે?**

ઉત્તર :- ચૌદ ગુણસ્થાન સુધી બધા જીવ સંસારી કહેવાય છે.

**પ્રશ્ન-૧૪૮ :- સિદ્ધ કોણ-કોણ છે?**

ઉત્તર :- ચૌદ ગુણસ્થાનની પાર દરેક જીવ સિદ્ધ છે.

**પ્રશ્ન-૧૪૯ :- જ્ઞાની કોણ-કોણ છે?**

ઉત્તર :- 'સમ્યગ્દૃષ્ટિ તે જ્ઞાની' એ અપેક્ષાએ ચોથા ગુણસ્થાનથી સિદ્ધદશા સુધીના બધા જ્ઞાની છે.

**પ્રશ્ન-૧૫૦ :- અજ્ઞાની કોણ-કોણ છે?**

ઉત્તર :- નિગોદથી લઈને ત્રીજા ગુણસ્થાન સુધી ચારેય ગતિના જીવ અજ્ઞાની છે, 'કેમકે મિથ્યાદૃષ્ટિ તે અજ્ઞાની'.

**પ્રશ્ન-૧૫૧ :- 'કેવળજ્ઞાની તે જ્ઞાની'માં ક્યા-ક્યા જીવ આવે છે?**

ઉત્તર :- તેરમા, ચૌદમા ગુણસ્થાન તથા સિદ્ધદશાવાળા કેવળજ્ઞાની જીવ આવે છે.



**પ્રશ્ન-૧૫૨ :- અજ્ઞાની (અલ્પજ્ઞાની) કોણ-કોણ છે?**

ઉત્તર :- 'અલ્પજ્ઞાની તે અજ્ઞાની અને કેવળજ્ઞાની તે જ્ઞાની' એ અપેક્ષાએ નિગોદથી લઈને બારમા ગુણસ્થાન સુધીના અજ્ઞાની (અલ્પજ્ઞાની) છે.

**પ્રશ્ન-૧૫૩ :- જીવોમાં ભવ્ય-અભવ્યનો વ્યવહાર ક્યાં સુધી છે?**

ઉત્તર :- ચૌદ ગુણસ્થાન સુધી છે; સિદ્ધ ભગવાનમાં ભવ્ય-અભવ્યનો ભેદ નથી, એટલે કે સિદ્ધ, ભવ્ય-અભવ્યથી રહિત છે.

**પ્રશ્ન-૧૫૪ :- સંસારીના બે ભેદ ક્યા ક્યા છે?**

ઉત્તર :- ભવ્ય અને અભવ્ય છે.

**પ્રશ્ન-૧૫૫ :- ભવ્યનો કોઈ ભેદ છે?**

ઉત્તર :- એક દૂરાનુદૂર ભવ્ય, બીજો નિકટ ભવ્ય.

**પ્રશ્ન-૧૫૬ :- અભવ્યનો કોઈ ભેદ છે?**

ઉત્તર :- જે કદી સુલટશે નહિ (નિગોદથી કદી નીકળશે જ નહિ) તે અભવ્ય છે. નિગોદમાંથી નીકળીને સુલટવાની શક્તિ હોવા છતાં પણ નહિ સુલટે તે અભવ્ય છે.

**પ્રશ્ન-૧૫૭ :- છદ્મસ્થનો શો અર્થ છે?**

ઉત્તર :- જ્ઞાન-દર્શનનું આચરણ રહે, ત્યાં સુધી છદ્મસ્થ છે.

**પ્રશ્ન-૧૫૮ :- છદ્મસ્થના કેટલા ભેદ છે?**

ઉત્તર :- સાધક અને બાધક.

**પ્રશ્ન-૧૫૯ :- સાધક કોણ-કોણ છે?**

ઉત્તર :- ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધીના સાધક છે.

**પ્રશ્ન-૧૬૦ :- બાધક કોણ-કોણ છે?**

ઉત્તર :- નિગોદથી લઈને ચાર ગતિના જીવ જ્યાં સુધી

સમ્યક્ત્વની પ્રાપ્તિ ન કરે ત્યાં સુધી બાધક છે.

**પ્રશ્ન-૧૬૧ :- પુદ્‌ગલદ્રવ્યના કેટલા ભેદ છે?**

ઉત્તર :- પરમાણુ અને સ્કંધ આ બે ભેદ છે.

**પ્રશ્ન-૧૬૨ :- સ્કંધના કેટલા ભેદ છે?**

ઉત્તર :- છ ભેદ છે, (૧) અતિસ્થૂળ સ્થૂળ, (૨) સ્થૂળ, (૩) સ્થૂળ-સૂક્ષ્મ, (૪) સૂક્ષ્મસ્થૂળ, (૫) સૂક્ષ્મ, (૬) અતિસૂક્ષ્મ (સૂક્ષ્મસૂક્ષ્મ).

**પ્રશ્ન-૧૬૩ :- અતિ સ્થૂળ-સ્થૂળ સ્કંધ કોને કહે છે?**

ઉત્તર :- કાષ્ઠ પાષાણાદિક જે સ્કંધ જેને છેદન કરવાથી સ્વયં પોતાની જાતે જોડાતા નથી તે સ્કંધ અતિસ્થૂળ-સ્થૂળ સ્કંધ છે.

**પ્રશ્ન-૧૬૪ :- સ્થૂળ સ્કંધ કોને કહે છે?**

ઉત્તર :- દૂધ, પાણી વગેરે જે સ્કંધને છેદન કરવાથી પાછા જોડાઈ જાય છે તે સ્કંધ સ્થૂળ છે.

**પ્રશ્ન-૧૬૫ :- સ્થૂળ સૂક્ષ્મ સ્કંધ કોને કહે છે?**

ઉત્તર :- આંખથી ન દેખાય તેવા ચાર ઈન્દ્રિયોના વિષયભૂત સ્કંધ હોવા છતાં સ્થૂળ જણાય છે. સ્પર્શ ઈન્દ્રિયથી સ્પર્શ કરી શકાય છે; જીભથી સ્વાદ લઈ શકાય છે, નાકથી સુંઘી શકાય છે, કાનથી સાંભળી શકાય છે, તે સ્કંધ સ્થૂળ-સૂક્ષ્મ છે.

**પ્રશ્ન-૧૬૬ :- સૂક્ષ્મ સ્કંધ કોને કહે છે?**

ઉત્તર :- ઈન્દ્રિયજ્ઞાનથી અગોચર એવા જે કર્મવર્ગણારૂપ સ્કંધ છે, તે સૂક્ષ્મ સ્કંધ છે.

**પ્રશ્ન-૧૬૭ :- અતિસૂક્ષ્મ સ્કંધ કોને કહે છે?**

ઉત્તર :- કાર્મણવર્ગણાથી અતીત જે અત્યંત સૂક્ષ્મ દ્વિ-અણુકપર્યંત સ્કંધ છે, તે સ્કંધ અતિસૂક્ષ્મ છે.

**પ્રશ્ન-૧૬૮ :- પુદ્‌ગલ પરમાણુ અને સ્કંધોના આ ભેદ**



**જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- અનાદિથી જીવ અજ્ઞાની છે. એને કહે છે કે, ભાઈ! આત્મા ચૈતન્યમૂર્તિ છે, તેના પુદ્‌ગલ પરમાણુ અને સ્કંધોના ભેદોથી તો કોઈપણ પ્રકારના (નિશ્ચય-વ્યવહારથી) સંબંધ નથી. પરંતુ સ્કંધોના નિમિત્તે જે ભાવ થાય છે, તે પણ પુદ્‌ગલ છે—એમ જાણીને, પોતાના અનંતગુણના અભેદ પિંડ જ્ઞાયક ભગવાનનો આશ્રય લે, તો ધર્મની શરૂઆત થઈને, વૃદ્ધિ થઈને પૂર્ણ શાંતિનો પથિક બને છે. એ પુદ્‌ગલોને જાણવાથી લાભ થાય છે.

**પ્રશ્ન-૧૬૯ :- દ્રવ્યના મૂળ કેટલા ભેદ છે?**

ઉત્તર :- જીવ અને અજીવ બે ભેદ છે.

**પ્રશ્ન-૧૭૦ :- જીવ-અજીવ દ્રવ્યના બે ભેદ બતાવવા પાછળનું રહસ્ય શું છે?**

ઉત્તર :- તું શુદ્ધ-બુદ્ધ અવિનાશી જીવ છો. તારો પરજીવો સાથે કે અજીવો સાથે કોઈ પણ અપેક્ષાએ કોઈ સંબંધ નથી—એમ જાણીને પોતાના શુદ્ધ-બુદ્ધ અવિનાશી જીવની દૃષ્ટિ કરીને ધર્મ પ્રાપ્ત કરી લેવો એ જીવ-અજીવ પાછળનું રહસ્ય છે. આ જ વાત બૃહદ દ્રવ્યસંગ્રહમાં કહી છે કે 'જોકે શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ પરમાત્મદ્રવ્ય ઉપાદેય છે, તોપણ હેયરૂપ અજીવ દ્રવ્યોનું પણ કથન કરવામાં આવે છે, કેમકે હેયતત્ત્વનું પરિજ્ઞાન કર્યા વિના, ઉપાદેયત્વનો આશ્રય કરાતો નથી.'

**પ્રશ્ન-૧૭૧ :- સંખ્યાની અપેક્ષાએ સૌથી વધારે ક્યો દ્રવ્ય છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્ય છે, કેમકે પુદ્‌ગલ પરમાણુ દ્રવ્યોની સંખ્યા સૌથી વધારે છે અને અનંત જીવરાશિથી અનંતા અનંતગુણી અધિક છે.

**પ્રશ્ન-૧૭૨ :- ક્ષેત્રની અપેક્ષાએ સૌથી વધારે કોણ છે?**

ઉત્તર :- ક્ષેત્ર અપેક્ષાએ ત્રિકાળવર્તી સમયની સંખ્યાથી અનંતગુણી સંખ્યા આકાશદ્રવ્યના પ્રદેશોની છે; માટે ક્ષેત્ર અપેક્ષાએ આકાશદ્રવ્ય સૌથી વધારે છે.

**પ્રશ્ન-૧૭૩ :- કાળની અપેક્ષાએ કોની સંખ્યા વધારે છે?**

ઉત્તર :- (૧) કાળ અપેક્ષાએ પ્રત્યેક દ્રવ્યના સ્વકાળરૂપ અનાદિ-અનંત પર્યાયો પુદ્‌ગલદ્રવ્યની સંખ્યાથી અનંતગુણી છે, તે પર્યાયો કાળ અપેક્ષાએ અનંત છે. (૨) ભૂતકાળના અનંત સમયોની અપેક્ષાએ ભવિષ્યકાળના સમયોની સંખ્યા અનંતગુણી અધિક છે.

**પ્રશ્ન-૧૭૪ :- ભાવ અપેક્ષાએ અનંતરૂપ કોની સંખ્યા અધિક છે?**

ઉત્તર :- ભાવ અપેક્ષાએ જીવદ્રવ્યની જ્ઞાનગુણની એક સમયની કેવળજ્ઞાન પર્યાયના અવિભાગપ્રતિચ્છેદોની સંખ્યા સૌથી વધારે છે. તે ભાવ અપેક્ષાએ અનંત છે.

**પ્રશ્ન-૧૭૫ :- છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો પહેલો પ્રકાર ક્યો છે?**

ઉત્તર :- સત્‌પણું (સદ્‌દ્રવ્યલક્ષણમ્‌) છે.

**પ્રશ્ન-૧૭૬ :- છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો બીજો પ્રકાર ક્યો છે?**

ઉત્તર :- 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય-યુક્તં સત્‌' એટલે કે ત્રિકાળ કાયમ રહીને પ્રત્યેક સમયની જૂની અવસ્થાનો વ્યય અને નવી અવસ્થાનો ઉત્પાદ થાય છે, તે છ દ્રવ્યોમાં સમાનરૂપ જોવા મળતો બીજો પ્રકાર છે.

**પ્રશ્ન-૧૭૭ :- છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો ત્રીજો પ્રકાર ક્યો છે?**



ઉત્તર :- દરેક દ્રવ્ય પોતપોતાના ગુણો અને પર્યાયોના માલિક હોય છે; બીજા દ્રવ્યોના ગુણો અને પર્યાયોના માલિક નથી થાતા. એ છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો ત્રીજો પ્રકાર છે.

**પ્રશ્ન-૧૭૮ :- છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો ચોથો પ્રકાર ક્યો છે?**

ઉત્તર :- ગુણ દ્રવ્યને આશ્રયે રહે છે; ગુણ ગુણને આશ્રયે નથી રહેતા, એ છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો ચોથો પ્રકાર છે.

**પ્રશ્ન-૧૭૯ :- છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો પાંચમો પ્રકાર ક્યો છે?**

ઉત્તર :- 'નિત્ય-અનિત્યપણું' એ છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો પાંચમો પ્રકાર છે.

**પ્રશ્ન-૧૮૦ :- છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો છઠ્ઠો પ્રકાર ક્યો છે?**

ઉત્તર :- 'સામાન્ય અને વિશેષપણું' એ છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો છઠ્ઠો પ્રકાર છે.

**પ્રશ્ન-૧૮૧ :- છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો સાતમો પ્રકાર ક્યો છે?**

ઉત્તર :- 'સ્યાદ્વાદ-અનેકાંતપણું' એ છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો સાતમો પ્રકાર છે.

**પ્રશ્ન-૧૮૨ :- છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો આઠમો પ્રકાર ક્યો છે?**

ઉત્તર :- પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેનારા પોતાના અનંત ધર્મોના ચક્રોને (સમૂહોને) ચુંબે છે, સ્પર્શે છે; તે પરસ્પર એકબીજાને સ્પર્શતા નથી - તે છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો આઠમો

પ્રકાર છે.

**પ્રશ્ન-૧૮૩ :- છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો નવમો પ્રકાર ક્યો છે?**

**ઉત્તર :-** અનાદિનિધન વસ્તુઓ ભિન્ન-ભિન્ન, પોતપોતાની મર્યાદામાં પરિણમે છે, કોઈ કોઈની પરિણમાવ્યું પરિણમતું નથી. તે છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો નવમો પ્રકાર છે.

**પ્રશ્ન-૧૮૪ :- છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો એવો દસમો પ્રકાર ક્યો છે?**

**ઉત્તર :-** એક દ્રવ્ય, બીજા દ્રવ્યનું કાંઈ પણ નથી કરી શકતું; તેને પરિણમાવતું નથી; પ્રેરણા નથી કરી શકતું; લાભ-હાનિ નથી કરી શકતું; તેના પર પ્રભાવ નથી પાડી શકતો; કોઈ કોઈની સહાયતા કે ઉપકાર કે અપકાર નથી કરી શકતું, એવા દરેક દ્રવ્ય-ગુણ-પર્યાયની સંપૂર્ણ સ્વતંત્રતા અનંત જ્ઞાનીઓએ એટલે કે (જિન-જિનવર-જિનવરવૃષભોએ) પોકારી પોકારીને કહી છે. - તે છ દ્રવ્યોમાં સમાનરૂપે જોવા મળતો દસમો પ્રકાર છે.

**પ્રશ્ન-૧૮૫ :- છ દ્રવ્યોને સમાનરૂપ જોવા મળતા દસ પ્રકારને જાણવાનો શો લાભ છે?**

**ઉત્તર :-** છ દ્રવ્યને જાણે, તેમાં સમાનરૂપે જોવા મળતા દસ પ્રકારોને જાણે, તેનાથી મારા નિજ આત્માને છોડીને કોઈ બીજા જીવોથી તથા બાકી પાંચ દ્રવ્યોના દ્રવ્ય-ગુણ-પર્યાયો સાથે મારે કોઈપણ પ્રકારનો કોઈ સંબંધ નથી. મારે તો માત્ર મારા અનંતગુણનો અભેદ પિંડ જ્ઞાયક ભગવાનના ગુણ-પર્યાયોની સાથે જ પ્રયોજન છે, બીજાથી નહિ. એમ જાણીને પોતામાં લીન થવું, એ દસ પ્રકારને જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૧૮૬ :- મારા આત્માનું તો પોતાના ગુણ-પર્યાયો સાથે પ્રયોજન છે, બીજાથી નહિ, એનાથી શો લાભ છે?**



**ઉત્તર :-** હું (જીવ) સદાય અરૂપી હોવાથી મારા અવયવો પણ સદાય અરૂપી જ છે; માટે કોઈ કાળમાં નિશ્ચયથી કે વ્યવહારથી હાથ, પગ વગેરે ચલાવવા, સ્થિર રાખવા વગેરે પરદ્રવ્યની કોઈપણ અવસ્થા, હું (જીવ) નથી કરી શકતો - એવો નિર્ણય થવો તે પોતાના ગુણ-પર્યાયોને જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૧૮૭ :- છ ઢાળામાં જીવનું સ્વરૂપ (અર્થાત્ મારું સ્વરૂપ) શું બતાવ્યું છે અને શું નથી બતાવ્યું તે સ્પષ્ટ સમજાવો?**

**ઉત્તર :-** 'ચેતન કો હૈ ઉપયોગરૂપ બિનમૂરત ચિન્મૂરત અનૂપ, પુદ્ગલ નભ-ધર્મ અધર્મ-કાલ, ઇનતૈં ન્યારી હૈ જીવચાલ.'

**ભાવાર્થ :-** (૧) હું જ્ઞાન-દર્શન ઉપયોગમયી જીવતત્ત્વ છું. (૨) મારું કાર્ય જ્ઞાતા-દૃષ્ટા (રહેવાનું) છે. (૩) આંખ-નાક-કાન ઔદારિક વગેરે શરીરરૂપ મારી મૂર્તિ નથી. (૪) ચૈતન્ય અરૂપી અસંખ્યાત પ્રદેશી મારો એક આકાર છે. (૫) સર્વજ્ઞસ્વભાવી જ્ઞાનપદાર્થ હોવાથી મારો આત્મા જ અનુપમ છે. (૬) મારા નિજ આત્મા સિવાય, અનંત જીવ, અનંતા અનંત પુદ્ગલ, ધર્મ-અધર્મ, આકાશ એક-એક, લોકપ્રમાણ અસંખ્યાત્ કાળદ્રવ્ય છે. એ પ્રત્યેક દ્રવ્યોથી મારા નિજ આત્માને કોઈપણ અપેક્ષાએ કોઈપણ પ્રકારના કર્તા-ભોક્તાનો સંબંધ નથી, કેમકે એ બધા દ્રવ્યોના અને મારા નિજ આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અલગ-અલગ છે. એમ છ ઢાળામાં કહ્યું છે.

**પ્રશ્ન-૧૮૮ :- આપ કહો છો કે એક દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથે સંબંધ નથી તો શાસ્ત્રોમાં કેમ લખ્યું છે કે (૧) કર્મ રખડાવે છે. (૨) જીવ, પુદ્ગલનો અને પુદ્ગલ જીવનો ઉપકાર કરે છે. (૩) ધર્મદ્રવ્ય, જીવ-પુદ્ગલને ચલાવે છે. શું આ બધી વાતો જૂઠી લખી છે?**

ઉત્તર :- યથાર્થ વાત કહેવામાં નથી આવતી; માટે જેમ પુસ્તકોનો કબાટ એમ બોલવામાં આવે છે, પણ ખરેખર તે કબાટ લાકડાનો છે, પણ તેમાં પુસ્તકો રાખે છે માટે તેને પુસ્તકોનો કબાટ એમ બોલવામાં આવે છે. તે પ્રકારે કર્મ રખડાવે છે વગેરે વ્યવહારકથન છે.

**પ્રશ્ન-૧૮૯ :- વ્યવહારકથનને જેમ છે તેમ એટલે કે સત્ય કથન માને તો શું થાય?**

ઉત્તર :- (૧) પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં 'તસ્ય દેશના નાસ્તિ' કહ્યું છે. (૨) સમયસાર કળશમાં 'યહ અજ્ઞાન મોહ અંધકાર હૈ, ઉસકા સુલટના દુર્નિવાર હૈ'. (૩) પ્રવચનસારમાં 'પદ-પદ પર ધોખા ખાતા હૈ'. (૪) તેના ધર્મના અંગ અન્યથારૂપ થઈને મિથ્યાભાવને પામે છે - એમ મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે.

**પ્રશ્ન-૧૯૦ :- વ્યવહારના કથનને સાચું માનનારાને 'તસ્ય દેશના નાસ્તિ' વગેરે કેમ કહે છે?**

ઉત્તર :- 'વ્યવહારનય, સ્વ-સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને, સ્વદ્રવ્યના ભાવો અને પરદ્રવ્યોના ભાવોને તથા કારણ-કાર્યાદિને કોઈને કોઈનામાં મેળવીને નિરૂપણ કરે છે; તેથી વ્યવહારના કથનનું જેમ છે તેમ શ્રદ્ધાન કરવાથી મિથ્યાત્વ દૃઢ થાય છે; માટે તે શ્રદ્ધાનનો ત્યાગ કરવો અને નિશ્ચયનય, સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનો, સ્વદ્રવ્યના ભાવો અને પરદ્રવ્યના ભાવોને તથા કારણ-કાર્યાદિકને કોઈને કોઈમાં મેળવીને નિરૂપણ નથી કરતા. તેના શ્રદ્ધાનથી સમ્યગ્દર્શનાદિની પ્રાપ્ત થાય છે; માટે વ્યવહારના કથનને સાચું માનનારાને 'તસ્ય દેશના નાસ્તિ' વગેરે શબ્દોથી આચાર્યે સંબોધન કર્યું છે.'

**પ્રશ્ન-૧૯૧ :- જ્યાં વ્યવહારનું કથન હોય ત્યાં શું અર્થ કરવો જોઈએ?**



ઉત્તર :- જ્યાં વ્યવહારનું કથન હોય એનો અર્થ કે 'આમ છે નહિ પણ નિમિત્તાદિની અપેક્ષાએ કથન કર્યું છે'—એમ જાણવું જોઈએ. નિમિત્તની મુખ્યતાથી કથન હોય છે, પરંતુ નિમિત્તની મુખ્યતાથી કાર્ય નથી થતું, એવો વ્યવહારનયના કથનનો અભિપ્રાય સમજવો જોઈએ.

**પ્રશ્ન-૧૯૨ :- સર્વજ્ઞદેવનું વીતરાગી ભેદજ્ઞાન શું છે?**

ઉત્તર :- જગતમાં છએ દ્રવ્યો એક જ ક્ષેત્રે વિદ્યમાન હોવા છતાં કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યના સ્વભાવને સ્પર્શતો નથી. દરેક દ્રવ્ય પોતપોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ ત્રિસ્વભાવમાં જ વર્તે છે; એટલે પ્રત્યેક દ્રવ્ય પોતાના સ્વભાવને જ સ્પર્શે છે -એ છે સર્વજ્ઞદેવ કથિત વીતરાગી ભેદવિજ્ઞાન.

**પ્રશ્ન-૧૯૩ :- સર્વજ્ઞદેવ કથિત વીતરાગી ભેદવિજ્ઞાનને માનવાથી શો લાભ થાય છે?**

ઉત્તર :- (૧) નિમિત્ત-ઉપાદાનનું સાચું સ્પષ્ટીકરણ એમાં આવી જાય છે. ઉપાદાન અને નિમિત્ત એ બંને પદાર્થો એક સાથે પ્રવર્તતા હોવા છતાં પણ, ઉપાદાનરૂપ પદાર્થ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સ્વભાવને જ સ્પર્શે છે; નિમિત્તને જરાપણ સ્પર્શતા નથી. (૨) નિમિત્તભૂત પદાર્થ પણ તેના પોતાના ઉત્પાદ-વ્યય ધ્રુવરૂપ સ્વભાવને જ સ્પર્શે છે; ઉપાદાનને તે જરાપણ સ્પર્શતા નથી. (૩) નિમિત્ત-ઉપાદાન બંને અલગ-અલગ પોતપોતાના સ્વભાવમાં જ પ્રવર્તે છે, પરિણમન કરે છે.

**પ્રશ્ન-૧૯૪ :- નિમિત્ત-ઉપાદાન અલગ-અલગ કાર્ય કરે છે; એકબીજાને કોઈ સંબંધ નથી, એમ જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- પૂજ્ય ગુરુદેવ કહે છે—અહો! પદાર્થોનો આ સ્વભાવ

બરાબર ઓળખી લે, તો ભેદજ્ઞાન થઈને સ્વદ્રવ્યના આશ્રયે નિર્મળપર્યાયનો ઉત્પાદ અને મલિનતાનો વ્યય થાય, તેનું નામ ધર્મ છે. એ સર્વજ્ઞના સર્વ ઉપદેશનું તાત્પર્ય છે.

**પ્રશ્ન-૧૯૫ :- શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યનું લક્ષણ પંચાધ્યાયમાં શું બતાવ્યું છે?**

ઉત્તર :- (૧) જે સત્સ્વરૂપ, (૨) સ્વતઃસિદ્ધ, (૩) અનાદિ-અનંત, (૪) સ્વસહાય, (૫) નિર્વિકલ્પ એટલે કે અખંડિત, તે દ્રવ્ય છે - એમ બતાવ્યું છે.

**પ્રશ્ન-૧૯૬ :- પંચાધ્યાયીમાં પર્યાયાર્થિકનયથી દ્રવ્યનું લક્ષણ શું બતાવ્યું છે?**

ઉત્તર :- (૧) ગુણ-પર્યાયવત્ દ્રવ્યમ્ (૨) ગુણપર્યાય સમુદાયોં દ્રવ્યમ્ (૩) ગુણ સમુદાયોં દ્રવ્યમ્ (૪) સમગુણ પર્યાયોં દ્રવ્યમ્ (૫) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્- એ બધા પર્યાયાર્થિકનયથી દ્રવ્યના લક્ષણ છે.

**પ્રશ્ન-૧૯૭ :- પંચાધ્યાયીમાં પ્રમાણથી દ્રવ્યનું લક્ષણ શું બતાવ્યું છે?**

ઉત્તર :- જે દ્રવ્ય ગુણ-પર્યાયવાળું છે, તે જ દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત છે અને તે જ દ્રવ્ય અખંડ સત્ અનિર્વચનીય છે.

**પ્રશ્ન-૧૯૮ :- સ્વતઃસિદ્ધથી શું તાત્પર્ય છે?**

ઉત્તર :- વસ્તુ, પરથી સિદ્ધ નથી, ઈશ્વરાદિની બનાવેલી નથી, સ્વતઃ સ્વભાવથી સ્વયંસિદ્ધ છે. એ તાત્પર્ય સ્વતઃસિદ્ધથી છે.

**પ્રશ્ન-૧૯૯ :- અનાદિ-અનંતનું શું તાત્પર્ય છે?**

ઉત્તર :- વસ્તુ, ક્ષણિક નથી. સત્ની ઉત્પત્તિ નથી કે ન તો સત્નો નાશ થાય છે, તે અનાદિથી છે અને અનંતકાળ રહેશે- આ અનાદિ-અનંતનું તાત્પર્ય છે.



**પ્રશ્ન-૨૦૦ :- સ્વસહાયથી શું તાત્પર્ય છે?**

ઉત્તર :- (૧) પદાર્થ, અન્ય પદાર્થોથી નથી. નિમિત્ત કે અન્ય પદાર્થોથી ન ટકે છે અને તો પરિણમન કરે છે. (૨) અનાદિ-અનંત સવભાવ, વિભાવ કે શુદ્ધ સ્વયં પોતાના પરિણમનને કારણે પરિણમે છે. (૩) ક્યારેય કોઈપણ પદાર્થનો અંશ ન તો કદી પોતામાં લે છે અને ન તો પોતાનો કોઈ અંશ બીજાને દે છે. એ સ્વસહાયનું તાત્પર્ય છે.

**પ્રશ્ન-૨૦૧ :- અનાદિ-અનંત અને સ્વસહાયમાં શું અંતર છે?**

ઉત્તર :- અનાદિ-અનંતમાં ઉત્પત્તિ અને નાશથી રહિત બતાવવું છે અને સ્વસહાયમાં તેની સ્વતંત્રની સ્થિતિ તથા સ્વતંત્ર પરિણમન બતાવવું છે, એટલું અંતર છે.

**પ્રશ્ન-૨૦૨ :- નિર્વિકલ્પ (અખંડિત) કોને કહે છે?**

ઉત્તર :- જેના દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી કોઈ પ્રકારે સર્વથા ખંડ ન થઈ શકે, તેને નિર્વિકલ્પ (અખંડિત) કહે છે.

**પ્રશ્ન-૨૦૩ :- મહાસત્તા કોને કહે છે?**

ઉત્તર :- સામાન્યને, અખંડને, અભેદને મહાસત્તા કહે છે.

**પ્રશ્ન-૨૦૪ :- અવાંતરસત્તા કોને કહે છે?**

ઉત્તર :- વિશેષને, ખંડને, ભેદને અવાંતર સત્તા કહે છે.

**પ્રશ્ન-૨૦૫ :- શું મહાસત્તા અને અવાંતરસત્તાના પ્રદેશો ભિન્ન-ભિન્ન છે?**

ઉત્તર :- ના, પ્રદેશ એક જ છે; માત્ર અપેક્ષાકૃત ભેદ છે કેમકે વસ્તુ સામાન્ય-વિશેષાત્મક છે.

**પ્રશ્ન-૨૦૬ :- દરેક દ્રવ્યનું સ્વચતુષ્ટય શું છે?**

ઉત્તર :- (૧) દ્રવ્ય - તે દ્રવ્ય છે. (૨) તેનું ક્ષેત્ર, તે ક્ષેત્ર

છે. (૩) તેનો કાળ, તે કાળ છે. (૪) તેનો ભાવ, તે ભાવ છે.

**પ્રશ્ન-૨૦૭ :- દરેક દ્રવ્યનું ચતુષ્ટય તે તે દ્રવ્યની અંદર છે કે બહાર છે?**

ઉત્તર :- તેની અંદર છે, બહાર નથી.

**પ્રશ્ન-૨૦૮ :- કોઈ સામાન્યને ન માને તો શું નુકસાન છે?**

ઉત્તર :- મોક્ષનો પુરુષાર્થ નહિ થઈ શકે.

**પ્રશ્ન-૨૦૯ :- કોઈ વિશેષને ન માને તો શું નુકસાન છે?**

ઉત્તર :- સંસાર અને મોક્ષ જ નહિ રહે.

**પ્રશ્ન-૨૧૦ :- સામાન્ય-વિશેષથી શું જાણવું જોઈએ?**

ઉત્તર :- પોતાના સામાન્ય અને વિશેષને બંનેને જાણી, પોતાના સામાન્ય તરફ દૃષ્ટિ કરવાથી પર્યાયમાંથી વિકારનો અભાવ અને ધર્મનો ઉત્પાદ થાય છે. પછી જેમ-જેમ પોતાના સામાન્યમાં એકાગ્રતા કરતો જાય છે; (તેમ-તેમ) ક્રમથી વૃદ્ધિ કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન-૨૧૧ :- ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે, તેને જાણવાથી શો-શો લાભ થાય છે?**

ઉત્તર :- (૧) પોતાની મહિમા આવે છે; (૨) નવ પ્રકારના સમૂહથી દૃષ્ટિ હટી જાય છે; (૩) સમ્યગ્દર્શનથી લઈને સિદ્ધદશા સુધીની પ્રાપ્તિ કોના આશ્રયે થાય છે તેની જાણ થાય છે; (૪) ગુણોની સંખ્યાનું માપ શું છે તેની ખબર પડે છે; (૫) દ્રવ્યમાં ગુણ ક્યા પ્રકારે છે, તેની જાણ થાય છે; (૬) દ્રવ્યમાં ગુણ ક્યા પ્રકારે નથી તેની જાણ થાય છે; (૭) મિથ્યાત્વાદિ સંસારના પાંચ કારણો અને પંચ પરાવર્તન વગેરેનો અભાવ થઈ જાય છે.

**પ્રશ્ન-૨૧૨ :- ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે તો પ્રત્યેક દ્રવ્ય કેવું છે?**



ઉત્તર :- (૧) પ્રત્યેક દ્રવ્ય 'સત્' છે. (૨) (૧) પ્રત્યેક દ્રવ્ય 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય'વાળું છે. (૩) (૧) પ્રત્યેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયનો માલિક છે. (૪) દરેક દ્રવ્યના ગુણ, દ્રવ્યને આશ્રયે રહે છે. (૫) પ્રત્યેક દ્રવ્ય, નિત્ય-અનિત્યરૂપ છે. (૬) પ્રત્યેક દ્રવ્ય, સામાન્ય-વિશેષરૂપ છે. (૭) પ્રત્યેક દ્રવ્ય, સ્યાદ્વાદ-અનેકાંતસ્વરૂપ છે. (૮) પ્રત્યેક દ્રવ્ય, પોતપોતાના ગુણ પર્યાયોને સ્પર્શે છે. (૯) પ્રત્યેક દ્રવ્ય, અનાદિ નિધન છે. (૧૦) પ્રત્યેક દ્રવ્ય, સ્વતંત્ર છે. (૧૧) પ્રત્યેક દ્રવ્ય, એક-અનેકરૂપ છે. (૧૨) પ્રત્યેક દ્રવ્ય, તત્-અતત્‌રૂપ છે. (૧૩) પ્રત્યેક દ્રવ્ય, સત્-અસત્‌રૂપ છે. (૧૪) પ્રત્યેક દ્રવ્ય, સામાન્ય-વિશેષગુણવાળું છે.

●●

(૪)

# જીવદ્રવ્ય

**પ્રશ્ન-૧ :- જીવદ્રવ્ય કોને કહે છે?**

ઉત્તર :- જેમાં ચેતના એટલે કે જ્ઞાન-દર્શનરૂપ શક્તિ હોય, તેને જીવદ્રવ્ય કહે છે.

**પ્રશ્ન-૨ :- ચૈતન્ય કોનું લક્ષણ છે?**

ઉત્તર :- જીવદ્રવ્યનું.

**પ્રશ્ન-૩ :- ચૈતન્યથી શું તાત્પર્ય છે?**

ઉત્તર :- ચૈતન્યથી જ્ઞાન-દર્શનગુણોનું ગ્રહણ થાય છે.

**પ્રશ્ન-૪ :- ચૈતન્ય જ આત્માનું લક્ષણ છે, તો તેના અન્ય ગુણોનું શું થયું?**

ઉત્તર :- ચૈતન્યગુણ, જાણવા-દેખવાનું કાર્ય કરે છે; અન્ય ગુણ જાણવા-દેખવાનું કાર્ય નથી કરતા. ચૈતન્ય કહેતા જ એના બધા ગુણો સાથે આવી જાય છે - એવું પાત્ર જીવ જાણે છે.

**પ્રશ્ન-૫ :- શ્રી સમયસારજીમાં આત્માને 'જ્ઞાન' જ કેમ કહ્યું છે?**

ઉત્તર :- 'જ્ઞાન' કહેતા જ આત્મા ગ્રહણ થઈ જાય છે; માટે આત્માને જ્ઞાન કહે છે. જ્ઞાન કહેતા જ અન્યગુણ પણ સાથે આવી જાય છે.



**પ્રશ્ન-૬ :- જ્ઞાન શબ્દ, કેટલા અર્થોમાં પ્રયુક્ત થાય છે?**

ઉત્તર :- (૧) જ્ઞાન શબ્દ, આત્મા માટે; (૨) જ્ઞાનગુણ માટે અને (૩) સમ્યગ્જ્ઞાન માટે. આ ત્રણ પ્રકારે ત્રણ અર્થોમાં પ્રયુક્ત થાય છે.

**પ્રશ્ન-૭ :- જીવદ્રવ્યમાં સામાન્યગુણ કેટલા અને ક્યા-ક્યા છે?**

ઉત્તર :- જીવદ્રવ્યમાં, અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે અનંત સામન્યગુણો છે.

**પ્રશ્ન-૮ :- જીવદ્રવ્યમાં વિશેષગુણ કેટલા અને ક્યા-ક્યા છે?**

ઉત્તર :- જીવદ્રવ્યમાં, ચૈતન્ય (જ્ઞાન-દર્શન) શ્રદ્ધા, ચારિત્ર, સુખ, ક્રિયાવતીશક્તિ વગેરે અનંત વિશેષગુણ છે.

**પ્રશ્ન-૯ :- જ્યારે જીવદ્રવ્યમાં સામાન્ય અને વિશેષગુણ અનંત છે, તો બધાના નામ કેમ નથી જણાવ્યા?**

ઉત્તર :- અમારું પ્રયોજન મોક્ષમાર્ગની સિદ્ધિ કરવાનું છે; માટે જે સામાન્ય-વિશેષગુણનું શ્રદ્ધાન કરવાથી મોક્ષ થાય અને જેનું શ્રદ્ધાન કર્યા વિના મોક્ષ ન થાય, તેનું જ અહીંયાં અમે વર્ણન કર્યું છે.

**પ્રશ્ન-૧૦ :- જીવદ્રવ્ય કેટલા છે?**

ઉત્તર :- વિશ્વમાં જીવદ્રવ્ય અનંત છે.

**પ્રશ્ન-૧૧ :- જીવદ્રવ્ય અનંત છે, એ ક્યારે માન્યું?**

ઉત્તર :- હું એક જીવ છું, બીજા પણ અલગ-અલગ અનંત જીવો છે, દરેક જીવ પોતપોતાના ગુણ-પર્યાયો સહિત, પોતપોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં વર્તી રહ્યા છે, વર્તશે અને વર્તતા રહેશે. એ પ્રમાણે અનંત જીવોના દ્રવ્ય-ગુણ-પર્યાય, જુદા-જુદા જ્ઞાનમાં આવે ત્યારે જીવદ્રવ્ય અનંત છે એમ માન્યું.

**પ્રશ્ન-૧૨ :- જીવદ્રવ્ય અનંત છે-એમ માનનારને ક્યા-ક્યા પ્રશ્નો નથી થતા?**

ઉત્તર :- (૧) હું બીજા જીવોનું ભલું કે બૂરું કરું; (૨) બીજા જીવો મારું ભલું કે બૂરું કરે; (૩) ભગવાન-દેવ-શાસ્ત્ર-ગુરુ મારું ભલું કરી દે, કોઈ દુશ્મન મારું બૂરું કરે - વગેરે પ્રશ્નો ઉઠતા નથી, કેમકે જીવ અનંત છે અને પ્રત્યેક જીવદ્રવ્યનું સ્વચતુષ્ટય જુદું-જુદું છે.

**પ્રશ્ન-૧૩ :- જીવદ્રવ્ય અનંત છે - એને જાણવાથી બીજો શો લાભ છે?**

ઉત્તર :- વેદાંતી માને છે કે આત્મા એક છે અને અમે જાણ્યું કે જીવ અનંત છે - તો એકમાત્ર આત્મા કહેનાર મિથ્યા છે, એમ જાણવામાં આવે છે.

**પ્રશ્ન-૧૪ :- મારું લક્ષણ, જ્ઞાન-દર્શનાદિ અનંતગુણસ્વરૂપ છે, એને જાણવાથી શો લાભ થાય છે?**

ઉત્તર :- હું આત્મા, શરીર-આંખ-નાક-કાન વગેરેરૂપ; આઠ કર્મોરૂપ; વિકારરૂપ; પરદ્રવ્યોરૂપ નથી - એમ જણાય છે.

**પ્રશ્ન-૧૫ :- હું આત્મા, શરીર, આઠ કર્મ, પરદ્રવ્યરૂપ અને વિકારરૂપ નથી - એમ જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- અનાદિકાળથી જીવને એવી મિથ્યાબુદ્ધિ છે કે હું શરીર-આંખ-નાક-કાનરૂપ છું અને શરીર હલાવી-ચલાવી શકું છું; કર્મ મને સુખી-દુઃખી કરે છે; અશુભભાવ ખરાબ, શુભભાવ સારા છે. એવી ખોટી માન્યતાનો અભાવ થઈ જાય છે, કેમકે હું જ્યારે એરૂપ નથી તો એમાં કરવા-ધરવાની બુદ્ધિનો પ્રશ્ન જ ઉત્પન્ન નથી થતો.

**પ્રશ્ન-૧૬ :- જે જીવ એમ કહે છે કે અમને તો 'ઉપયોગ લક્ષણવાળો જીવ' દેખાતો નથી; અમને તો શરીર વગેરેરૂપ જીવ દેખાય છે, તેને આચાર્ય ભગવાને શું કહ્યું?**



ઉત્તર :- શ્રી સમયસાર, ગાથા-૨૪માં કહ્યું છે કે 'નિત્યઉપયોગ લક્ષણવાળા જીવદ્રવ્ય, કદી શરીર-આંખ-નાક-કાન-મન-વાણી, કર્મ, વિકારરૂપ થતા જોવામાં નથી આવતા અને નિત્ય જડલક્ષણવાળા શરીર આદિ પુદ્‌ગલદ્રવ્ય, કદી જીવદ્રવ્ય થતા જોવામાં નથી આવતા, કેમકે ઉપયોગ અને જડત્વના એકરૂપ થવામાં, પ્રકાશ અને અંધકારની માફક વિરોધ છે. જડ-ચેતન પણ એક નથી થઈ શકતા, તે સર્વથા ભિન્ન જ છે, માટે હે ભવ્ય, તું સર્વ પ્રકારે પ્રસન્ન થા. પોતાનું ચિત્ત ઉજ્જ્વળ કરવા માટે સાવધાન થા અને સ્વદ્રવ્યને જ 'આ મારું.' એવો અનુભવ કર.'

**પ્રશ્ન-૧૭ :- 'જીવનું લક્ષણ, ઉપયોગ છે' એવું ક્યાં-ક્યાં આવ્યું છે?**

ઉત્તર :- બધા જ શાસ્ત્રોમાં આવ્યું છે. (૧) 'ઉપયોગો લક્ષણમ્' (તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય બીજો, સૂત્ર-૮) (૨) 'ઉપયોગ લક્ષણ જીવ હૈ' (શ્રી સમયસાર, ગાથા-૨૪માં) (૩) 'ચેતન કો હૈ ઉપયોગરૂપ' (શ્રી છ ઢાળામાં)

**પ્રશ્ન-૧૮ :- જીવદ્રવ્યના કેટલા પ્રદેશ છે?**

ઉત્તર :- લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશ છે.

**પ્રશ્ન-૧૯ :- સંકોચ-વિસ્તાર ક્યા દ્રવ્યમાં થાય છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના પ્રદેશમાં સંકોચ અને વિસ્તાર થાય છે; માટે લોકના અસંખ્યાતમાં ભાગથી લઈને, સમસ્ત લોકના અવગાહરૂપે છે.

**પ્રશ્ન-૨૦ :- જીવદ્રવ્યની જેમ શું અન્ય કોઈ દ્રવ્યને પણ અસંખ્યાત પ્રદેશ છે?**

ઉત્તર :- હા; ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને લોકાકાશના પણ

અસંખ્યાત પ્રદેશ છે.

**પ્રશ્ન-૨૧ :- શું જીવ તથા ધર્મ-અધર્મના અસંખ્યાત પ્રદેશોમાં કંઈ અંતર છે?**

ઉત્તર :- ધર્મ, અધર્મદ્રવ્ય આખા લોકાકાશમાં વ્યાપ્ત છે, જ્યારે જીવના પ્રદેશ, સંકોચ-વિસ્તારને પામે છે; એ પ્રકારે અવગાહમાં અંતર છે.

**પ્રશ્ન-૨૨ :- જીવમાં ક્રિયાવતીશક્તિ છે, એનું કામ શું છે?**

ઉત્તર :- જીવમાં ક્રિયાવતીશક્તિ નામના ગુણનું ગતિરૂપ અને સ્થિતિરૂપ બે પ્રકારે પરિણમન છે.

**પ્રશ્ન-૨૩ :- જીવનું લક્ષણ શરીર કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૨૪ :- જીવનું લક્ષણ ભાવકર્મ કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- (૧) અધ્યાત્મની અપેક્ષાએ અસંભવદોષ આવે છે. (૨) આગમની અપેક્ષાએ અવ્યાપ્તિદોષ આવે છે, કેમકે દસમા ગુણસ્થાન સુધી ભાવકર્મ છે; એ પછીના જીવોમાં નથી.

**પ્રશ્ન-૨૫ :- જીવનું લક્ષણ મતિ-શ્રુતજ્ઞાની કહીએ તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૨૬ :- જીવનું લક્ષણ કેવળજ્ઞાન કહીએ તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૨૭ :- જીવનું લક્ષણ કાન-નાકથી જ્ઞાન કરવું એમ કહીએ તો ક્યો દોષ આવે?**



ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૨૮ :- જીવનું લક્ષણ, શ્રેણી માંડવી એમ કહીએ તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૨૯ :- જીવનું લક્ષણ, ઈન્દ્રિય અને મન કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૩૦ :- જીવનું લક્ષણ, અરૂપી કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૩૧ :- જીવનું લક્ષણ, બહારની તપસ્યા અને નગ્ન રહેવું કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૩૨ :- જીવનું લક્ષણ, ક્રિયાવતીશક્તિવાળો કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૩૩ :- જીવનું લક્ષણ, પરનું ભલું-બૂરું કરવું; સત્ય બોલવું; દેશનો ઉપકાર કરવો; બાળકો અને સ્ત્રીનું પાલન-પોષણ કરવું; રૂપિયા કમાવા કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૩૪ :- આત્માનું લક્ષણ દયા, દાન, પૂજા, અણુવ્રત, મહાવ્રતાદિનો ભાવ કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અવ્યાપ્તિદોષ આવે છે. અધ્યાત્મની અપેક્ષાએ

અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૩૫ :- આત્માનું લક્ષણ, સમ્યગ્દર્શન કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૩૬ :- સાચા લક્ષણની શું ઓળખાણ છે?**

ઉત્તર :- લક્ષમાં જે સર્વત્ર જોવા મળે અને અલક્ષમાં ક્યાંય પણ જોવા ન મળે તે જ સાચા લક્ષણની ઓળખાણ છે.

**પ્રશ્ન-૩૭ :- આત્માનું લક્ષણ 'ચૈતન્ય' કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- કોઈપણ દોષ નથી આવતો, કેમકે નિગોદથી માંડીને સિદ્ધદશા સુધી બધા જીવોમાં 'ચૈતન્ય' લક્ષણ નિરંતર જોવા મળે છે અને અનાત્મામાં જોવા મળતું નથી; માટે 'ચૈતન્ય' લક્ષણ આત્માનું છે, તેમાં કોઈ દોષ નથી આવતો.

**પ્રશ્ન-૩૮ :- તારી સત્તા કોનામાં છે?**

ઉત્તર :- મારી સત્તા આત્માના ગુણ અને પર્યાયમાં છે.

**પ્રશ્ન-૩૯ :- મારી સત્તા આત્માના ગુણ અને પર્યાયમાં છે, એને જાણવાથી શો લાભ થાય?**

ઉત્તર :- શરીરની સત્તા; આઠ કર્મોની સત્તા; વિકારીભાવોની સત્તા; મારી સત્તા નથી - એમ જાણતા પોતાની સત્તા ઉપર દૃષ્ટિ દે તો ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય.

**પ્રશ્ન-૪૦ :- અસંખ્યાત પ્રદેશી આત્મા - એમ કહીએ તો શું કોઈ દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૪૧ :- તારું પરથી થાય છે, તારું તારાથી નહિ - એમ માનવાથી કોઈ દોષ આવે છે?**



ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૪૨ :- લોકવ્યાપક, તે આત્મા-એમ માનવાથી ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ અને અવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૪૩ :- લોકમાં રહે તે આત્મા - એમ માનવાથી ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૪૪ :- નિત્ય તે આત્મા - એમ માનવાથી ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૪૫ :- ગમન કરે તે જીવ - એમ માનવાથી ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૪૬ :- જીવના ગમનમાં; સ્થિર થવામાં; અવગાહનમાં અને પરિણમનમાં કોણ નિમિત્ત છે?**

ઉત્તર :- આ કાર્યોમાં ક્રમશઃ ધર્મદ્રવ્ય; અધર્મદ્રવ્ય; આકાશદ્રવ્ય,; કાળદ્રવ્ય નિમિત્ત છે.

**પ્રશ્ન-૪૭ :- જે નિયમ જીવને લાગુ થાય, એ બધા દ્રવ્યો ઉપર પણ લાગુ થાય છે તેના નામ કહો?**

ઉત્તર :- (૧) દ્રવ્યનું લક્ષણ 'અસ્તિત્વ' છે. (૨) 'ત્રિકાળ કાયમ રહીને પ્રત્યેક સમયે જૂની અવસ્થાનો વ્યય અને નવી અવસ્થા ઉત્પન્ન કરવું છે.' (૩) 'દ્રવ્ય પોતાની ગુણ-અવસ્થાવાળી છે.' (૪) 'દ્રવ્યના નિજભાવનો નાશ નથી થતો; માટે નિત્ય છે અને પરિણમન કરે છે; માટે અનિત્ય છે.' એ બધા દ્રવ્યો પર લાગુ થાય છે.

**પ્રશ્ન-૪૮ :- જીવનું લક્ષણ સામાન્ય-વિશેષગુણવાળો**

કહીએ તો ક્યો દોષ આવે?

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૪૯ :- જીવનું લક્ષણ, ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું કહીએ તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૫૦ :- છ ઢાળામાં જીવના લક્ષણ ક્યા-ક્યા છે?**

ઉત્તર :- જીવનું લક્ષણ જ્ઞાતા-દૃષ્ટા છે. આંખ, નાક, કાન શરીર આદિ મૂર્તિકરૂપ નથી. ચૈતન્ય, અરૂપી, અસંખ્યાત પ્રદેશી, જીવની મૂર્તિ છે. ઉપમારહિત છે. પુદ્ગલ, આકાશ, ધર્મ-અધર્મ, કાળની સાથે જીવનો કોઈ સંબંધ નથી - એમ કહ્યું છે.

**પ્રશ્ન-૫૧ :- પોતાનું લક્ષણ ચૈતન્ય માને તો શું થાય?**

ઉત્તર :- ચૈતન્ય લક્ષણવાળો 'હું છું'-એમ માનતા જ સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય છે, સુખની જાણ થઈ જાય છે.

**પ્રશ્ન-૫૨ :- જીવની શોભા કોનાથી છે?**

ઉત્તર :- પોતામાં સમ્યગ્દર્શન આદિને પ્રાપ્ત કરવું એ જ જીવની શોભા છે.

**પ્રશ્ન-૫૩ :- જીવની શોભા, લૌકિકમાં ઊંચા પદોથી માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૫૪ :- જીવની શોભા, શુક્લલેશ્યાના ભાવોથી માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- આગમની અપેક્ષાએ અવ્યાપ્તિદોષ અને અધ્યાત્મની અપેક્ષાએ અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૫૫ :- જીવની શોભા, હીરા-ઝવેરાતોથી માને તો ક્યો દોષ આવે?**



ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૫૬ :- જીવની શોભા, સુંદર શરીરથી માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૫૭ :- જીવની શોભા, દીકરા-દીકરીઓથી માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૫૮ :- જીવની શોભા, સુંદર મહેલોમાં રહેવાથી માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૫૯ :- જીવનું ગમન કોનાથી થાય છે?**

ઉત્તર :- જીવનું ગમન, ક્રિયાવતીશક્તિના ગમનરૂપ પરિણમનથી થાય છે.

**પ્રશ્ન-૬૦ :- જીવનું ગમન, ધર્મદ્રવ્યથી અથવા શરીરના કારણે માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૬૧ :- જીવનું ગમન, દ્રવ્યકર્મના કારણથી માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૬૨ :- જીવનું સ્થિર થવું કોનાથી થાય છે?**

ઉત્તર :- જીવનું સ્થિર થવું, ક્રિયાવતીશક્તિના સ્થિરરૂપ પરિણમનના કારણે થાય છે.

**પ્રશ્ન-૬૩ :- જીવનું સ્થિર થવું અધર્મદ્રવ્યથી અથવા શરીરને કારણે માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૬૪ :- જીવનું સ્થિર થવું દ્રવ્યકર્મને કારણે માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૬૫ :- જીવનું સ્થાન ક્યા છે?**

ઉત્તર :- પોતાના અસંખ્યાત પ્રદેશોમાં જીવનું સ્થાન છે.

**પ્રશ્ન-૬૬ :- જીવનું સ્થાન, આકાશદ્રવ્ય અથવા શરીરથી માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૬૭ :- જીવનું સ્થાન, દ્રવ્યકર્મનું કારણ માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૬૮ :- જીવનું સ્થાન, ગામ-શહેરમાં રહેવું માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૬૯ :- જીવનું પરિણમન ક્યા કારણે થાય છે?**

ઉત્તર :- જીવનું પરિણમન પોતાની યોગ્યતાથી થાય છે.

**પ્રશ્ન-૭૦ :- જીવનું પરિણમન કાળદ્રવ્યથી માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૭૧ :- જીવનું પરિણમન શરીરને કારણે માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૭૨ :- જીવનું પરિણમન દ્રવ્યકર્મને કારણ માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.



**પ્રશ્ન-૭૩ :- જીવમાં વૈભાવિકશક્તિ છે કે નહિ?**

ઉત્તર :- જીવમાં વૈભાવિકશક્તિ છે.

**પ્રશ્ન-૭૪ :- જીવનું લક્ષણ, વૈભાવિકશક્તિવાળું માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે, કેમકે પુદ્‌ગલમાં પણ વૈભાવિકશક્તિ છે.

**પ્રશ્ન-૭૫ :- જીવમાં ક્રિયાવતીશક્તિ છે કે નહિ?**

ઉત્તર :- જીવમાં ક્રિયાવતીશક્તિ છે.

**પ્રશ્ન-૭૬ :- જીવનું લક્ષણ, ક્રિયાવતીશક્તિવાળું માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે, કેમકે પુદ્‌ગલમાં પણ ક્રિયાવતીશક્તિ છે.

**પ્રશ્ન-૭૭ :- જીવમાં સમ્યગ્દર્શન ક્યાંથી ક્યાં સુધી હોય છે?**

ઉત્તર :- ચોથા ગુણસ્થાનથી લઈને સિદ્ધદશા સુધી જીવોમાં સમ્યગ્દર્શન હોય છે.

**પ્રશ્ન-૭૮ :- જીવનું લક્ષણ, સમ્યગ્દર્શન માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૭૯ :- જીવનું લક્ષણ, દેશચારિત્ર-સકલચારિત્ર માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૮૦ :- સિદ્ધદશા શું છે?**

ઉત્તર :- સંપૂર્ણ ગુણમાં ક્ષાયિકરૂપ પરિણમન સિદ્ધદશા છે.

**પ્રશ્ન-૮૧ :- જીવનું લક્ષણ, સિદ્ધદશા માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૮૨ :- જીવમાં સત્પણું છે કે નહિ?**

ઉત્તર :- જીવમાં સત્પણું છે.

**પ્રશ્ન-૮૩ :- જીવનું લક્ષણ સત્પણું માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૮૪ :- જીવ, નિત્ય-અનિત્યરૂપ છે કે નહિ?**

ઉત્તર :- જીવ, દ્રવ્ય-ગુણની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે.

**પ્રશ્ન-૮૫ :- જીવનું લક્ષણ, નિત્ય-અનિત્યરૂપ માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૮૬ :- જીવ, એક-અનેકરૂપ છે કે નહિ?**

ઉત્તર :- જીવ, દ્રવ્યની અપેક્ષાએ એક છે અને ગુણ-પર્યાયની અપેક્ષાએ અનેક છે.

**પ્રશ્ન-૮૭ :- જીવનું લક્ષણ, એક-અનેકપણું માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૮૮ :- જીવનું કાર્ય શું છે?**

ઉત્તર :- જ્ઞાતા-દૃષ્ટા જીવનું કાર્ય છે.

**પ્રશ્ન-૮૯ :- જીવનું કાર્ય બી.એ. પાસ થવું; વહેલી સવારે ચાર વાગે ઉઠવું; ણમોકારમંત્ર બોલવો; કસરત કરવી; રોટલી ખાવી; વેપાર કરવો; પદ્માસનમાં બેઠવું; ડોક્ટરી કરવી; કેસ લડવો; ભક્તાંબર સ્રોતનો પાઠ કરવો; માળા જપવી; ન્હાવું-ધોવું; અષ્ટ-દ્રવ્ય પૂજન કરવું; દસ ઉપવાસ કરવા, માને તો ક્યો દોષ આવે છે?**



ઉત્તર :- આ દરેકમાં અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૯૦ :- જીવમાં કઈ બિમારી છે?**

ઉત્તર :- મિથ્યાત્વ એ જીવની પર્યાયમાં બિમારી છે.

**પ્રશ્ન-૯૧ :- જીવનો રોગ બ્લડપ્રેશર; ઉધરસ થવી; લંગડુ થવું; માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૯૨ :- જીવનું ક્ષેત્ર, એક પ્રદેશી માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૯૩ :- જીવનું ક્ષેત્ર, અનંત પ્રદેશી માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૯૪ :- જીવનું ક્ષેત્ર ક્યું છે?**

ઉત્તર :- ચૈતન્ય અરૂપી અસંખ્યાતપ્રદેશી, જીવનું ક્ષેત્ર છે.

**પ્રશ્ન-૯૫ :- અસંખ્યાતપ્રદેશી હોય તે જીવ છે, એમ માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૯૬ :- જેમાં કોઈપણ પ્રકારનો દોષ ન હોય એવા જીવના લક્ષણ ક્યા છે?**

ઉત્તર :- ચૈતન્ય જીવનું સાચું લક્ષણ છે. કારણ કે નિગોદથી માંડીને સિદ્ધ ભગવાન સુધી બધામાં ચૈતન્ય લક્ષણ જોવા મળે છે અને જીવ સિવાય અન્ય કોઈમાં જોવા મળતું નથી. ●●

# ૫

# પુદ્‌ગલદ્રવ્ય

**પ્રશ્ન-૧ :- પુદ્‌ગલ કોને કહે છે?**

ઉત્તર :- જેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જોવા મળે છે તેને પુદ્‌ગલ કહે છે.

**પ્રશ્ન-૨ :- પુદ્‌ગલના કેટલા ભેદો છે?**

ઉત્તર :- બે ભેદ છે, પરમાણુ અને સ્કંધ.

**પ્રશ્ન-૩ :- પરમાણુ કોને કહે છે?**

ઉત્તર :- જેના બે વિભાગ નથી થઈ શકતા એવા સૌથી નાના પુદ્‌ગલને પરમાણુ કહે છે.

**પ્રશ્ન-૪ :- સ્કંધ કોને કહે છે?**

ઉત્તર :- બે કે બેથી વધારે પરમાણુઓના બંધને સ્કંધ કહે છે.

**પ્રશ્ન-૫ :- સ્કંધના કેટલા ભેદ છે?**

ઉત્તર :- આહારવર્ગણા, તૈજસવર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા, કાર્મણવર્ગણા વગેરે ૨૨ ભેદ છે.

**પ્રશ્ન-૬ :- આહારવર્ગણા કોને કહે છે?**

ઉત્તર :- જે પુદ્‌ગલસ્કંધ, ઔદારિક, વૈક્રયિક અને આહારક આ શરીરરૂપે પરિણન કરે તેને આહારવર્ગણા કહે છે.



**પ્રશ્ન-૭ :- આહારવર્ગણા આ ત્રણ શરીરરૂપ જ પરિણમન કરે છે કે બીજા કોઈ પ્રકારે પણ પરિણમન કરે છે?**

ઉત્તર :- આહારવર્ગણા માત્ર ઔદારિક, વૈક્રયિક અને આહારક શરીરરૂપ જ પરિણમન કરે છે; બીજો કોઈ પ્રકારે પરિણમન કરતું નથી.

**પ્રશ્ન-૮ :- તૈજસવર્ગણા કોને કહે છે?**

ઉત્તર :- જે વર્ગણાથી તૈજસશરીર બને છે, તેને તૈજસવર્ગણા કહે છે.

**પ્રશ્ન-૯ :- ભાષાવર્ગણા કોને કહે છે?**

ઉત્તર :- જે પુદ્‌ગલસ્કંધ શબ્દરૂપે પરિણમે છે તેને ભાષાવર્ગણા કહે છે.

**પ્રશ્ન-૧૦ :- મનોવર્ગણા કોને કહે છે?**

ઉત્તર :- જે પુદ્‌ગલસ્કંધથી અષ્ટદલ કમળના આકારે દ્રવ્યમનની રચના થાય છે તેને મનોવર્ગણા કહે છે.

**પ્રશ્ન-૧૧ :- કાર્મણવર્ગણા કોને કહે છે?**

ઉત્તર :- જે પુદ્‌ગલસ્કંધથી કાર્મણશરીર બને છે, તેને કાર્મણવર્ગણા કહે છે.

**પ્રશ્ન-૧૨ :- કેટલાક ઔદારિક શરીરના નામ કહો?**

ઉત્તર :- (૧) ભગવાનની પ્રતિમા, (૨) રોટલી, (૩) પરાત (૪) પુસ્તક, (૫) મકાન, (૬) સોનુ, (૭) ચાંદી, (૮) રૂપિયા, (૯) પલંગ, (૧૦) કપડા, (૧૧) ફોટો, (૧૨) ટેબલ વગેરે જે સ્થૂળરૂપે જોવામાં આવે છે તે બધા ઔદારિકશરીર છે.

**પ્રશ્ન-૧૩ :- પ્રતિમા આદિ ઔદારિકશરીર કેવી રીતે છે?**

ઉત્તર :- મનુષ્ય અને તિર્યંચના શરીરને ઔદારિક શરીર કહે

છે, તેથી પ્રતિમા આદિ એકેન્દ્રિય જીવનું શરીર છે.

**પ્રશ્ન-૧૪ :- મનુષ્ય-તિર્યંચોના સંયોગરૂપ શરીરનું શું નામ છે, એનો કર્તા કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- ઔદારિક શરીર છે, તેનો કર્તા આહારવર્ગણા છે; જીવ તથા અન્ય વર્ગણાઓ મનુષ્ય-તિર્યંચોની આત્મા નથી.

**પ્રશ્ન-૧૫ :- કોઈ ઔદારિકશરીરનો કર્તા મનુષ્ય અને તિર્યંચોની આત્માને જ માને તો તેનું ફળ શું છે?**

ઉત્તર :- ચારેય ગતિમાં રખડીને નિગોદ આ ખોટી માન્યતાનું ફળ છે.

**પ્રશ્ન-૧૬ :- ઔદારિકશરીરનો કર્તા જીવને માનવારૂપ નિગોદબુદ્ધિનો અભાવ કેમ થાય?**

ઉત્તર :- ઔદારિકશરીરનો કર્તા આહારવર્ગણા જ છે; જીવથી સર્વથા સંબંધ નથી- એમ જાણીને અશરીરી જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજ જીવતત્ત્વ ઉપર દૃષ્ટિ કરે તો નિગોદબુદ્ધિનો અભાવ થઈને સમ્યગ્દર્શન આદિ પ્રાપ્ત થાય છે. ત્યારે અનુપચરિત અસદ્‌ભુત વ્યવહારનયથી મનુષ્ય તિર્યંચોના ઔદારિકશરીર છે-એમ કહી શકાય, પરંતુ એમ નથી.

**પ્રશ્ન-૧૭ :- દેવ-નારકીઓના સંયોગરૂપ શરીરના શા નામો છે? એના કર્તા કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- વૈક્રિયકશરીર છે; તેના કર્તા આહારવર્ગણા જ છે; દેવ-નારકીઓનો આત્મા તથા અન્ય વર્ગણા નથી.

**પ્રશ્ન-૧૮ :- કોઈ વૈક્રિયકશરીરનો કર્તા દેવ-નારકીઓના આત્માને જ માને તો એનું ફળ શું છે?**

ઉત્તર :- ચારેય ગતિમાં ફરીને નિગોદ, એ ખોટી માન્યતાનું ફળ છે.



**પ્રશ્ન-૧૯ :- વૈક્રિયકશરીરનો કર્તા, દેવ-નારકીઓના આત્માને માનવારૂપ નિગોદબુદ્ધિનો અભાવ કેમ થાય?**

ઉત્તર :- વૈક્રિયકશરીરનો કર્તા આહારવર્ગણા જ છે; દેવ-નારકીઓના આત્માથી સર્વથા એને સંબંધ નથી - તેમ જાણીને અશરીરી જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજ જીવ તત્ત્વનો આશ્રય કરે તો નિગોદબુદ્ધિનો અભાવ થઈને, સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થાય છે, ત્યારે અનુપચરિત અસદ્‌ભુતવ્યવહારનયથી દેવ-નારકીઓના વૈક્રિયક શરીર હોય છે, એમ કહી શકાય, પરંતુ એમ છે નહિ.

**પ્રશ્ન-૨૦ :- આહારકઋદ્ધિધારી મહામુનિના સંયોગરૂપ શરીરના શા નામો છે; એના કર્તા કોણ અને કોણ નથી?**

ઉત્તર :- આહારકશરીર છે; એનો કર્તા આહારવર્ગણા જ છે. આહારકઋદ્ધિધારી મુનિનો આત્મા કે અન્ય વર્ગણાઓ નથી.

**પ્રશ્ન-૨૧ :- કોઈ આહારાકશરીરનો કર્તા મુનિના આત્માને જ માને તો આ ખોટી માન્યતાનું ફળ શું છે?**

ઉત્તર :- ચારેય ગતિમાં રખડીને નિગોદ તે ખોટી માન્યતાનું ફળ છે.

**પ્રશ્ન-૨૨ :- આહારકશરીરનો કર્તા, મુનિના આત્માને માનવારૂપ નિગોદબુદ્ધિનો અભાવ કેમ થાય?**

ઉત્તર :- આહારકશરીરનો કર્તા આહારવર્ગણા જ છે; મુનિના આત્મા સાથે એને સર્વથા સંબંધ નથી - એમ જાણી, અશરીરી જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજ જીવતત્ત્વનો આશ્રય લે તો નિગોદબુદ્ધિનો અભાવ થઈને સમ્યગ્દર્શન આદિ પ્રાપ્ત થાય છે; ત્યારે અનુપચરિત અસદ્‌ભૂતવ્યવહારનયથી એમ કહેવામાં આવે છે કે ઋદ્ધિધારીમુનિને આહારકશરીર હોય છે પણ એમ છે નહિ.

**પ્રશ્ન-૨૩ :- નિગોદથી લઈને ચૌદમા ગુણસ્થાન સુધી જીવોને**

**સંયોગરૂપ શરીરોની કાંતિમાં નિમિત્ત શરીરના નામ ક્યા છે? તેના કર્તા કોણ અને કોણ નથી?**

ઉત્તર :- તૈજસશરીર છે; તેનો કર્તા તૈજસવર્ગણા જ છે; કોઈ જીવ કે અન્ય વર્ગણાઓ નથી.

**પ્રશ્ન-૨૪ :- કોઈ તૈજસશરીરનો કર્તા, જીવને જ માને તો તેનું ફળ શું છે?**

ઉત્તર :- ચારેય ગતિમાં રખડીને નિગોદ તે ખોટી માન્યતાનું ફળ છે.

**પ્રશ્ન-૨૫ :- તૈજસશરીરનો કર્તા જીવને માનવારૂપ નિગોદ બુદ્ધિનનો અભયાવ કેમ થાય?**

ઉત્તર :- તૈજસશરીરનો કર્તા તૈજસવર્ગણા જ છે; કોઈ જીવને તથા અન્ય વર્ગણાઓને તેની સાથે સંબંધ નથી - એમ માની અશરીરી જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજ જીવતત્ત્વનો આશ્રય લે તો નિગોદબુદ્ધિનો અભાવ થઈને, સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય છે; ત્યારે અનુપચરિત અશદ્ભૂતવ્યવહારયથી જીવોને સંયોગરૂપ શરીરમાં કાંતિમાં નિમિત્તરૂપ તૈજસશરીર હોય છે - એમ કહી શકાય છે, પરંતું એમ છે નહિ.

**પ્રશ્ન-૨૬ :- જ્ઞાનાવરણાદિ આઠ કર્મો તથા એકસો અડતાલીસ ઉત્તર પ્રકૃતિઓના નામ શું છે? તેના કર્તા કોણ અને કોણ નથી?**

ઉત્તર :- કાર્મણશરીર છે; તેનો કર્તા કાર્મણવર્ગણા જ છે; કોઈપણ જીવ તથા અન્ય વર્ગણા નથી.

**પ્રશ્ન-૨૭ :- કોઈ કાર્મણશરીરનો કર્તા, આત્માને જ માને તો આ ખોટી માન્યતાનું ફળ શું છે?**

ઉત્તર :- ચારેય ગતિમાં રખડીને નિગોદ તે ખોટી માન્યતાનું ફળ છે.



**પ્રશ્ન-૨૮ :- કાર્મણશરીરનો કર્તા, જીવને માનવારૂપ નિગોદબુદ્ધિનો અભાવ કેમ થાય?**

ઉત્તર :- કાર્મણશરીરનો કર્તા કાર્મણવર્ગણા જ છે; કોઈપણ જીવને કાર્મણશરીર સાથે કર્તા-ભોક્તાનો સંબંધ નથી - એમ જાણીને અશરીરી જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજ જીવતત્ત્વનો આશ્રય લે તો નિગોદબુદ્ધિનો અભાવ થઈને, સમ્યગ્દર્શન આદિ પ્રાપ્ત થાય છે, ત્યારે અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનયથી આઠ કર્મોનો તથા એક સો અડતાલીસ ઉત્તર કર્મપ્રકૃતિઓનો કર્તા-ભોક્તા જીવ છે - એમ કહી શકાય, પણ એમ છે નહિ.

**પ્રશ્ન-૨૯ :- દિવ્યધ્વનિ, ગુરુનું વચન શું છે; તેના કર્તા કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- દિવ્યધ્વનિ તથા ગુરુનું વચન સ્કંધરૂપ પર્યાય છે; તેના કર્તા ભાષાવર્ગણા જ છે; કોઈ ભગવાન કે ગુરુની આત્મા તથા બીજી વર્ગણાઓ નથી.

**પ્રશ્ન-૩૦ :- કોઈ દિવ્યધ્વનિનો કર્તા, ભગવાનની આત્મા તથા ગુરુના વચનના કર્તા ગુરુની આત્માને માને તો આ ખોટી માન્યતાનું ફળ શું છે?**

ઉત્તર :- ચારેય ગતિમાં રખડીને નિગોદ તે ખોટી માન્યતાનું ફળ છે.

**પ્રશ્ન-૩૧ :- દિવ્યધ્વનિ અને ગુરુના વચનના કર્તા આત્માને માનવારૂપ નિગોદબુદ્ધિનો અભાવ કેમ થાય?**

ઉત્તર :- દિવ્યધ્વનિ તથા ગુરુના વચનના કર્તા ભાષાવર્ગણા જ છે; કોઈપણ આત્માને શબ્દની સાથે સર્વથા સંબંધ નથી - એમ જાણીને અશબ્દસ્વભાવી જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજ જીવતત્ત્વનો આશ્રય લે તો નિગોદબુદ્ધિનો અભાવ થઈને, સમ્યગ્દર્શન

પ્રાપ્ત થાય છે, ત્યારે અનુપચરિતઅસદ્ભૂત વ્યવહારથી, ભગવાનની દિવ્યધ્વનિ છે, ગુરુનું વચન છે એમ કહી શકાય છે, પણ એમ છે નહિ.

**પ્રશ્ન-૩૨ :- મન શું છે? તેનો કર્તા કોણ છે? અને કોણ નથી?**

ઉત્તર :- મન સ્કંધરૂપ પર્યાય છે; મનનો કર્તા મનોવર્ગણા જ છે; કોઈ જીવ કે બીજી વર્ગણા મનનો કર્તા નથી.

**પ્રશ્ન-૩૩ :- મનનો કર્તા જીવને માનવારૂપ નિગોદબુદ્ધિનો અભાવ કેમ થાય?**

ઉત્તર :- મનનો કર્તા મનોવર્ગણા છે; કોઈપણ જીવને મનના કર્તા-ભોક્તાની સાથે સંબંધ નથી - એમ જાણીને જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજ જીવતત્ત્વનો આશ્રય લે તો નિગોદબુદ્ધિનો અભાવ થઈને, સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે, ત્યારે અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનયથી ભગવાનની દિવ્યધ્વનિ છે, ગુરુનું વચન છે- એમ કહી શકાય, પરંતુ એમ છે નહિ.

**પ્રશ્ન-૩૪ :- બંધ કોને કહે છે?**

ઉત્તર :- જે સંબંધવિશેષથી અનેક વસ્તુઓમાં એકપણાનું જ્ઞાન થાય છે, તે સંબંધવિશેષને બંધ કહે છે.

**પ્રશ્ન-૩૫ :- બંધની વ્યાખ્યામાં કઈ-કઈ વાત આવી જરા સ્પષ્ટ કરો?**

ઉત્તર :- (૧) સંબંધવિશેષ હોવો જોઈએ. (૨) અનેક વસ્તુઓ હોવી જોઈએ (૩) કહેવા અને દેખવામાં એક આવે, પરંતુ (૪) જ્ઞાનમાં જેવી હોય તેવી જ આવે ત્યારે બંધનું સાચું જ્ઞાન થાય છે.

**પ્રશ્ન-૩૬ :- સ્પર્શ શું છે અને સ્પર્શની કેટલી પર્યાયો છે?**



ઉત્તર :- સ્પર્શ પુદ્ગલદ્રવ્યનો વિશેષગુણ છે અને સ્પર્શની આઠ પર્યાયો છે — હલ્કી-ભારે, ઠંડું-ગરમ, લુખ્ખું-ચિકાશ, કઠણ-નરમ.

**પ્રશ્ન-૩૭ :- રસ શું છે અને રસની કેટલી પર્યાયો છે?**

ઉત્તર :- રસ પુદ્ગલદ્રવ્યનો વિશેષ ગુણ છે અને ખાટો, મીઠો, કડવો, તીખો, કષાયેલો એ રસની પાંચ પર્યાયો છે.

**પ્રશ્ન-૩૮ :- ગંધ શું છે અને ગંધની કેટલી પર્યાયો છે?**

ઉત્તર :- ગંધ પુદ્ગલદ્રવ્યનો વિશેષ ગુણ છે અને સુગંધ-દુર્ગંધ ગંધની બે પર્યાયો છે.

**પ્રશ્ન-૩૯ :- વર્ણ શું છે અને તેની કેટલી પર્યાયો છે?**

ઉત્તર :- વર્ણ પુદ્ગલદ્રવ્યનો વિશેષ ગુણ છે અને કાળો, પીળો, લીલો, લાલ, સફેદ—તે વર્ણની પાંચ પર્યાયો છે.

**પ્રશ્ન-૪૦ :- પુદ્ગલની આ ૨૦ પર્યાયોને જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- અનાદિકાળથી અજ્ઞાની એક-એક સમય કરીને પુદ્ગલની જે ૨૦ પર્યાયો છે, તેને પોતાની માનીને પાગલ થઈ રહ્યો છે. તેનું પાગલપણું મટાડવા માટે વીસ પર્યાયોનો માલિક પુદ્ગલ છે; જીવ નથી એમ જાણવું જોઈએ. હે આત્મા! તારો એની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ નથી - એમ જાણીને તારી સામે દૃષ્ટિ કર તો પુદ્ગલની વીસ પર્યાયોનું સાચું જ્ઞાન થયું કહેવાશે.

**પ્રશ્ન-૪૧ :- પુદ્ગલનો જીવ સાથે સંબંધ નથી એમ ક્યાં આવ્યું છે?**

ઉત્તર :- ઈષ્ટોપદેશની ૫૦મી ગાથામાં કહ્યું છે કે 'જીવ જુદા પુદ્ગલ જુદા, યહી તત્ત્વ કા સાર; અન્ય કછુ વ્યાખ્યાન જો, સબ યાહી કા વિસ્તાર.'

**પ્રશ્ન-૪૨ :- પુદ્ગલદ્રવ્ય કેટલા પ્રદેશી છે?**

ઉત્તર :- ખરેખર પુદ્ગલ દ્રવ્ય એક પ્રદેશી છે, પરંતુ સ્કંધરૂપ હોવાની યોગ્યતાથી વ્યવહારથી સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશી કહેવાય છે.

**પ્રશ્ન-૪૩ :- પુદ્ગલાસ્તિકાયનો શાબ્દિક અર્થ શું છે?**

ઉત્તર :- (૧) પુદ્ = જોડવું, (૨) ગલ = જુદા થવું, વિખેરાઈ જવું (૩) અસ્તિ = હોવું, (૪) કાય = સમૂહ એટલે કે એકઠા થવું.

**પ્રશ્ન-૪૪ :- પુદ્ગલદ્રવ્યનું પૂરું નામ શું છે?**

ઉત્તર :- પુદ્ગલાસ્તિકાય.

**પ્રશ્ન-૪૫ :- પુદ્ એટલે કે જોડાવાનું તાત્પર્ય શું છે?**

ઉત્તર :- (૧) જેમ ચારસો પાનાનું પુસ્તક મેં જોડી દીધું. તેમાં પુસ્તક જોડાયું, 'પુદ્'ને કારણ; માન્યું મેં જોડ્યું; તો તેણે પુદ્ગલાસ્તિકાયના 'પુદ્' ને ઉડાડી દીધો; (૨) હું રૂપિયા કમાણો, રૂપિયા આવ્યા, 'પુદ્'ને કારણે, માન્યું કે હું કમાણો; તો પુદ્ગલાસ્તિકાયના 'પુદ્'ને ન માન્યું.

**પ્રશ્ન-૪૬ :- 'પુદ્'ને ક્યારે માન્યું?**

ઉત્તર :- (૧) મેં જાડુ આપ્યું; (૨) મૈં દાણા ભેગા કર્યા, (૩) મેં કમીજના ટૂકડાને જોડ્યા વગેરે કથનોમાં જાડુ દેવું, દાણા ભેગા કરવા, ટૂકડા જોડવા વગેરે 'પુદ્'થી થયા; મારાથી નહિ, ત્યારે 'પુદ્' માન્યું.

**પ્રશ્ન-૪૭ :- 'ગલ' એટલે કે વીખેરાઈ જવુંનું તાત્પર્ય શું છે?**

ઉત્તર :- જેમકે બાળકના હાથમાં કાચનો ગ્યાલ હતો, તેમાં દૂધ હતું તે ઢોળાઈ ગયું. અજ્ઞાનીને લાગે છે કે બાળકે સાવધાની



ન રાખી માટે દૂધ ઢોળાઈ ગયું, પરંતું દૂધ જે ઢોળાયું તે પુદ્ગલાસ્તિકાયના 'ગલ'ને કારણે છે. એમ ન માનીને, દૂધ ઢોળાવામાં બાળકની અસાવધાન ગોતે તો તેણે 'ગલ'ને નથી માન્યું.

**પ્રશ્ન-૪૮ :- 'ગલ'ને ક્યારે માન્યું?**

ઉત્તર :- જેમકે મેં લાડવાના બે ટૂકડા કર્યા; મેં કલમના બે ટૂકડા કર્યા; મેં સાવધાની ન રાખી તો દૂધ ઢોળાયું વગેરે કથનોમાં લાડવા અને કલમના ટૂકડા કરવા, દૂધ ઢોળાવું તે 'ગલ'ને કારણે થયું છે; મારે કારણે નહિ - એવું જ્ઞાન વર્તે તો પુદ્ગલાસ્તિકાયના 'ગલ'ને માન્યું.

**પ્રશ્ન-૪૯ :- 'અસ્તિ' અર્થાત્ હોવું, એનું તાત્પર્ય શું છે?**

ઉત્તર :- જેમકે, (૧) હું છું તો શરીર છે, (૨) હું છું તો શરીરનું કામ થાય છે. (૩) જ્ઞાન છે તો આંખ છે - વગેરે કથનોમાં અજ્ઞાની એમ માને છે કે શરીર છે; શરીરના કાર્યો છે, એ બધું આત્માને કારણે છે; તો તેણે પુદ્ગલાસ્તિકાયમાં 'અસ્તિ'પણું માન્યું નથી.

**પ્રશ્ન-૫૦ :- 'અસ્તિ'ને ક્યારે માની?**

ઉત્તર :- શરીર—આંખ, કાન, મન, વાણી વગેરે બધા પુદ્ગલાસ્તિકાયના અસ્તિપણાના કારણ છે; મારા કારણ નથી, ત્યારે 'અસ્તિ'ને માની.

**પ્રશ્ન-૫૧ :- કાય, એટલે કે સમૂહ/ ભેગા થવું, તેનું તાત્પર્ય શું છે?**

ઉત્તર :- જેમ, દીકરીના લગ્નમાં રસોયો બુંદી બનાવી દે છે અને ભાઈ જાય છે તો બુંદીના લાડુ બનાવીને રાખી દે છે. તેમાં ખરેખર લાડુ પુદ્ગલાસ્તિકાયના 'કાય'ને કારણે બન્યા. અજ્ઞાની માને છે કે મેં બનાવ્યા, તો તેણે 'કાય'ને માની નથી.

**પ્રશ્ન-૫૨ :- ‘કાય’ને ક્યારે માની કહેવાય?**

**ઉત્તર :-** (૧) દસ દવાઓ ભેળવીને મેં ચૂર્ણ બનાવ્યું, (૨) ઘી-સાકરથી મેં હલવો બનાવ્યો વગેરે કથનોમાં ચૂર્ણ, હલવો પુદ્‌ગલાસ્તિકાયના ‘કાય’ના કારણ બન્યા છે; મારે કારણે નહિ, ત્યારે પુદ્‌ગલાસ્તિકાયમાં ‘કાય’ને માની.

**પ્રશ્ન-૫૩ :- પુદ્‌ગલાસ્તિકાયથી શું સમજવું જોઈએ?**

**ઉત્તર :-** (૧) પદ્દ, (૨) ગલ, (૩) અસ્તિ, (૪) કાય, તે બધા પુદ્‌ગલના સ્વભાવ છે; તેનો મારા સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી, પણ અજ્ઞાની પુદ્‌ગલનું કાર્ય પુદ્‌ગલથી ન માનતા, પુદ્‌ગલાસ્તિકાયને ઉડાડી દે છે. આપણે એવી ભૂલ ન કરીએ અને પુદ્‌ગલનું કાર્ય પુદ્‌ગલથી જ માનીએ તો મિથ્યાત્વનો અભાવ થઈને ધર્મની પ્રાપ્તિ થાય છે—એમ સમજવું જોઈએ.

**પ્રશ્ન-૫૪ :- પુદ્‌ગલદ્રવ્ય કેટલા છે?**

**ઉત્તર :-** પુદ્‌ગલદ્રવ્ય અનંતાનંત છે.

**પ્રશ્ન-૫૫ :- પુદ્‌ગલદ્રવ્ય અનંતાઅનંત છે એમ ક્યારે માન્યું?**

**ઉત્તર :-** એક-એક પરમાણુ અનંતગુણ પર્યાયનો પિંડ છે. એક પરમાણુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, બીજા પરમાણુથી જુદાં છે. જેમકે એક પુસ્તક છે, ઘડિયાળ છે; લાડુ છે; તે સ્કંધ છે. તેમાં એક-એક પરમાણુ પોતપોતાના અનંત ગુણ-પર્યાયોસહિત વર્તે છે, એવું જ્ઞાન થાય અને જ્યારે એક પરમાણુ, બીજા પરમાણુનું કાંઈ કરતો નથી, તો મારે કરવા-ધરવાનો પ્રશ્ન જ નથી, ત્યારે પુદ્‌ગલદ્રવ્ય અનંતાઅનંત છે એમ માન્યું.

**પ્રશ્ન-૫૬ :- પુદ્‌ગલદ્રવ્ય રૂપી છે કે અરૂપી અને રૂપી કોને કહે છે?**

**ઉત્તર :-** પુદ્‌ગલદ્રવ્ય રૂપી છે; અરૂપી નથી. જેમાં સ્પર્શ-રસ-



ગંધ-વર્ણ જોવા મળે તે રૂપી છે.

**પ્રશ્ન-૫૭ :- પુદ્‌ગલોમાં બંધ કેમ થાય છે?**

**ઉત્તર :-** પુદ્‌ગલના સ્પર્શ-રસ-ગંધ-વર્ણાદિ વિશેષગુણોમાંથી સ્પર્શગુણના બે અંશો જ વધારે હોય ત્યારે ત્યાં સ્નિગ્ધનું સ્નિગ્ધની સાથે; રૂક્ષનું રૂક્ષ સાથે તથા સ્નિગ્ધ-રૂક્ષનો પરસ્પર બંધ થઈ જાય છે. અને જેમાં વધારે ગુણો હોય, તેરૂપ દરેક સ્કંધ થઈ જાય છે. તે પ્રકારે પુદ્‌ગલોના બંધની વાત છે. પુદ્‌ગલના બંધમાં જીવની સાથે કોઈપણ પ્રકારનો કર્તા-કર્મ; ભોક્તા-ભોગ્ય સંબંધ નથી, ત્યારે તેણે પુદ્‌ગલના બંધને જાણ્યો.

**પ્રશ્ન-૫૮ :- પુદ્‌ગલનો બંધ ક્યારે નથી થતો?**

**ઉત્તર :-** જે પુદ્‌ગલને સ્નિગ્ધતા કે રૂક્ષતા જઘન્યરૂપે હોય તે બંધને યોગ્ય નથી, અને એક સમાન ગુણવાળા પુદ્‌ગલોનો બંધ નથી થાતો.

**પ્રશ્ન-૫૯ :- તું પરમાણુ છો કે સ્કંધ?**

**ઉત્તર :-** પરમાણુ અને સ્કંધ તો પુદ્‌ગલના ભેદ છે; હું તો જીવદ્રવ્ય છું.

**પ્રશ્ન-૬૦ :- શરીરના કેટલા ભેદ છે?**

**ઉત્તર :-** પાંચ છે. ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ અને કાર્મણ.

**પ્રશ્ન-૬૧ :- ઔદારિકશરીર કોને કહે છે?**

**ઉત્તર :-** મનુષ્ય અને તિર્યંચોના સ્થૂળ શરીરને ઔદારિકશરીર કહે છે.

**પ્રશ્ન-૬૨ :- વૈક્રિયકશરીર કોને કહે છે?**

**ઉત્તર :-** જે નાના-મોટા, પૃથક-અપૃથક્ વગેરે અનેક ક્રિયાઓને કરે છે-એવા દેવ અને નારકીઓના શરીરને વૈક્રિયકશરીર કહે છે.

**પ્રશ્ન-૬૩ :- આહારકશરીર કોને કહે છે?**

ઉત્તર :- આહારકઋદ્ધિધારી છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિને, તત્ત્વોમાં કોઈ શંકા થવાથી અથવા જિનાલય આદિને વંદન કરવા માટે મસ્તકથી એક હાથ પ્રમાણ, સ્વચ્છ અને સફેદ, સાત ધાતુરહિત, પુરુષાકાર જે પુતળું નીકળે છે, તેને આહારકશરીર કહે છે.

**પ્રશ્ન-૬૪ :- તૈજસશરીર કોને કહે છે?**

ઉત્તર :- ઔદારિક, વૈક્રિયક અને આહારક આ ત્રણે શરીરમાં કાંતિ ઉત્પન્ન કરનાર શરીરને તૈજસશરીર કહે છે.

**પ્રશ્ન-૬૫ :- કાર્મણશરીર કોને કહે છે?**

ઉત્તર :- જ્ઞાનાવરણાદિ આઠ કર્મોના સમૂહને કાર્મણશરીર કહે છે.

**પ્રશ્ન-૬૬ :- એક જીવને એક સાથે કેટલા શરીરનો સંયોગ થઈ શકે છે?**

ઉત્તર :- એક સાથે ઓછામાં ઓછા બે અને વધારેમાં વધારે ચાર શરીરનો સંયોગ થઈ શકે છે - સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે (૧) વિગ્રહ ગતિમાં તૈજસ અને કાર્મણ, આ બે શરીરનો સંયોગ હોય છે. (૨) મનુષ્ય અને તિર્યંચોને ઔદારિક, તૈજસ અને કાર્મણ, આ ત્રણ શરીરનો સંયોગ હોય છે. (૩) ઋદ્ધિધારી મુનિને ઔદારિક, આહારક, તૈજસ અને કાર્મણ—એમ ચાર શરીરોનો સંયોગ હોય છે. (૪) દેવ અને નારકીઓને વૈક્રિયક, તૈજસ અને કાર્મણ - આ ત્રણ શરીરનો સંયોગ હોય છે.

**પ્રશ્ન-૬૭ :- ઔદારિકશરીરનો કર્તા કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- ઔદારિકશરીરનો કર્તા, આહારવર્ગણા છે; જીવ નથી.

**પ્રશ્ન-૬૮ :- વૈક્રિયકશરીરનો કર્તા કોણ છે અને કોણ નથી?**



ઉત્તર :- વૈક્રિયકશરીરનો કર્તા, આહારવર્ગણા છે; દેવ અને નારકીનો આત્મા નહિ.

**પ્રશ્ન-૬૯ :- શું આહારકશરીરના કર્તા આહારક ઋદ્ધિધારી મુનિ છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે આહારકશરીરનો કર્તા આહારવર્ગણા છે, મુનિ નથી.

**પ્રશ્ન-૭૦ :- તૈજસશરીરના કર્તા કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- તૈજસશરીરનો કર્તા તૈજસવર્ગણા છે; જીવ અને બીજી વર્ગણાઓ નહિ.

**પ્રશ્ન-૭૧ :- જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય વગેરે કર્મોના કર્તા કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોના કર્તા, કાર્મણવર્ગણા છે; જીવ અને અન્ય વર્ગણાઓ નહિ.

**પ્રશ્ન-૭૨ :- તમારે કેટલા શરીર છે?**

ઉત્તર :- હું તો આત્મા છું; મને કોઈ શરીર નથી.

**પ્રશ્ન-૭૩ :- દેવ-નારકીઓને કેટલા-કેટલા શરીર છે?**

ઉત્તર :- દેવ-નારકી પણ આત્મા છે; તેને પણ કોઈ શરીર નથી.

**પ્રશ્ન-૭૪ :- શું જીવ ભાષા બોલે છે?**

ઉત્તર :- ભાષાનો કર્તા ભાષાવર્ગણા છે, જીવ નથી.

**પ્રશ્ન-૭૫ :- રોટલી બનાવવા અને રોટલી ખાવાનો કર્તા આત્મા છે?**

ઉત્તર :- રોટલી બનાવવા અને ખાવાનો કર્તા, આહારવર્ગણા છે; આત્મા નથી.

**પ્રશ્ન-૭૬ :- મોહનીયકર્મનો ક્ષય ક્યા જીવે કર્યો?**

ઉત્તર :- મોહનીયકર્મના ક્ષયનો કર્તા, કાર્મણવર્ગણા છે; કોઈપણ જીવ નથી.

**પ્રશ્ન-૭૭ :- શું પુસ્તકો ઉઠાવવા-મૂકવાનો કર્તા જીવ છે?**

ઉત્તર :- પુસ્તકો ઉઠાવવા અને મૂકવાનો કર્તા આહારવર્ગણા છે; જીવ અને બીજી વર્ગણાઓ નથી.

**પ્રશ્ન-૭૮ :- સવારે ઉઠવું; શૌચ જવું; ન્હાવું; કપડા પહેરવા-ઉતારવા; પથારી કરવી; એકઠી કરવી; દુકાનને સજાવવી; સોનાનો હાર બનાવવો; રથ બનાવવો વગેરે કાર્યનો કર્તા કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- આ બધા કાર્યનો કર્તા એકમાત્ર આહારવર્ગણા છે; કોઈ જીવ અને બીજી વર્ગણાઓ નથી.

**પ્રશ્ન-૭૯ :- શું ઘઉંનો લોટ બાઈએ દળ્યો?**

ઉત્તર :- ઘઉંનો લોટ આહારવર્ગણાએ કર્યો છે; આત્મા બાઈ અને ઘંટીએ નહિ.

**પ્રશ્ન-૮૦ :- દિવ્યધ્વનિના કર્તા ક્યા-ક્યા ભગવાન છે?**

ઉત્તર :- દિવ્યધ્વનિના કર્તા, ભાષાવર્ગણા છે; કોઈ ભગવાન અને બીજી વર્ગણાઓ નથી.

**પ્રશ્ન-૮૧ :- મનનો કર્તા, સંજ્ઞી જીવ છે કે અસંજ્ઞી?**

ઉત્તર :- મનનો કર્તા, મનોવર્ગણા છે; કોઈ જીવ કે કોઈ બીજી વર્ગણાઓ નથી.

**પ્રશ્ન-૮૨ :- પુદ્‌ગલના સામાન્યગુણ ક્યા-ક્યા છે અને કેટલા છે?**

ઉત્તર :- અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે પુદ્‌ગલના સામાન્યગુણ



અનેક છે.

**પ્રશ્ન-૮૩ :- પુદ્‌ગલની પર્યાયના નામ બતાવો.**

ઉત્તર :- (૧) શબ્દ, (૨) બંધ, (૩) સૂક્ષ્મ, (૪) સ્થૂળ, (૫) આકાર, (૬) ખંડ, (૭) અંધકાર, (૮) છાયા, (૯) ઉદ્યોત, (૧૦) આતાપ આ બધી પુદ્‌ગલની પર્યાયો છે. તેનો કર્તા પુદ્‌ગલ જ છે; જીવ નથી.

**પ્રશ્ન-૮૪ :- તું હલકો છો કે ભારે?**

ઉત્તર :- હું તો આત્મા છું; હલકું-ભારે તો પુદ્‌ગલદ્રવ્યવી સ્પર્શગુણની પર્યાય છે.

**પ્રશ્ન-૮૫ :- અજ્ઞાની, હલકું-ભારે જાણીને શું કરે છે?**

ઉત્તર :- રાગ-દ્વેષ કરે છે.

**પ્રશ્ન-૮૬ :- અજ્ઞાની, હલકું-ભારે જાણીને રાગ-દ્વેષ કેમ કરે છે?**

ઉત્તર :- પોતાને પોતાનું ભાન ન હોવાથી અજ્ઞાની, સ્પર્શગુણની હલકી-ભારે પર્યાયને હું હલકો છું તો દ્વેષ કરે છે અને ભારે થવા માટે પિસ્તા, બદામ વગેરે ખાય છે તો રાગ કરે છે. જો પોતાને ભારે માને છે તો ચલાતું નથી માટે દ્વેષ કરે છે અને હલકો હોવાથી રાગ કરે છે.

**પ્રશ્ન-૮૭ :- આ હલકા-ભારેમાં જે રાગ-દ્વેષ થાય છે, તેનો અભાવ કેમ થાય?**

ઉત્તર :- હલકા-ભારે સ્પર્શરહિત હું અસ્પર્શસ્વભાવી ભગવાન આત્મા છું - એવું જાણે-માને તો રાગ-દ્વેષનો અભાવ થાય.

**પ્રશ્ન-૮૮ :- ઠંડુ-ગરમ શું છે?**

ઉત્તર :- ઠંડુ-ગરમ પુદ્‌ગલદ્રવ્યના સ્પર્શગુણની પર્યાય છે.

**પ્રશ્ન-૮૯ :- અજ્ઞાની, ઠંડુ-ગરમ જાણીને શું કરે છે?**

ઉત્તર :- રાગ-દ્વેષ કરે છે.

**પ્રશ્ન-૯૦ :- અજ્ઞાની જીવ ઠંડા-ગરમને જાણીને રાગ-દ્વેષ કેમ કરે છે?**

ઉત્તર :- (૧) મને ઠંડીનો તાવ છે, મને ગર્મીનો તાવ છે, એમ જાણીને દ્વેષ કરે છે. (૨) તાવ ઠીક થઈ જાય તો રાગ કરે છે.

**પ્રશ્ન-૯૧ :- ઠંડા-ગરમ સંબંધી રાગ-દ્વેષનો અભાવ કેમ થાય?**

ઉત્તર :- ઠંડુ-ગરમ સ્પર્શ ગુણરહિત હું અસ્પર્શસ્વભાવી ભગવાન આત્મા છું - એમ જાણે-માને તો રાગ-દ્વેષનો અભાવ થઈ જાય.

**પ્રશ્ન-૯૨ :- રૂક્ષ-ચીકણું, કઠણ-નરમ શું છે? તેને જાણીને અજ્ઞાની શું કરે છે?**

ઉત્તર :- પુદ્‌ગલના સ્પર્શગુણની પર્યાયો છે. તેને જાણીને અજ્ઞાની જીવ રાગ-દ્વેષ કરે છે.

**પ્રશ્ન-૯૩ :- અજ્ઞાની જીવ, રૂક્ષ-ચીકણું, કઠણ-નરમને જાણીને રાગ-દ્વેષ કેમ કરે છે?**

ઉત્તર :- મારું શરીર રૂક્ષ છે, કઠણ છે - એમ જાણીને દ્વેષ કરે છે અને ચીકણું-નરમથી રાગ કરે છે.

**પ્રશ્ન-૯૪ :- રૂક્ષ-ચીકણું, કઠણ-નરમ સંબંધી રાગ-દ્વેષનો અભાવ કેમ થાય?**

ઉત્તર :- રૂક્ષ-ચીકણું, કઠણ-નરમ સ્પર્શગુણરહિત હું અસ્પર્શસ્વભાવી ભગવાન આત્મા છું - એમ જાણે-માને તો રાગ-દ્વેષનો અભાવ થઈ જાય.

**પ્રશ્ન-૯૫ :- ખાટો-મીઠો, કડવો, કષાયેલો, તીખો શું છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્યના રસગુણની પર્યાયો છે.

**પ્રશ્ન-૯૬ :- અજ્ઞાની, ખાટો, મીઠો, કડવો, તીખો,**



**કશાયલાને જાણીને શું કરે છે?**

ઉત્તર :- રાગ-દ્વેષ કરે છે.

**પ્રશ્ન-૯૭ :- અજ્ઞાની, ખાટો, મીઠો, કડવો, તીખો, કષાયલાને જાણીને રાગ-દ્વેષ કેમ કરે છે?**

ઉત્તર :- મને લીંબુ ખાટું લાગે છે; પેંડા મીઠા લાગે છે; લીંબડાના પાંદડા કડવા લાગે છે વગેરે જેમાં રુચિ છે તેમાં રાગ કરે છે અને જેમાં અરુચિ છે તેમાં દ્વેષ કરે છે.

**પ્રશ્ન-૯૮ :- રસની પર્યાયોથી રાગ-દ્વેષનો અભાવ કઈ રીતે થાય?**

ઉત્તર :- ખાટો, મીઠો, કડવો, તીખો, કષાયલા રસગુણની પર્યાયથી રહિત હું અરસસ્વભાવી ભગવાન આત્મા છું—એવો અનુભવજ્ઞાન કરે તો રાગ-દ્વેષનો અભાવ થાય છે.

**પ્રશ્ન-૯૯ :- સુગંધ-દુર્ગંધ શું છે અને તેને જાણીને અજ્ઞાની શું કરે છે?**

ઉત્તર :- સુગંધ-દુર્ગંધ, પુદ્‌ગલના ગંધગુણની પર્યાયો છે. અજ્ઞાની તેને જાણીને રાગ-દ્વેષ કરે છે.

**પ્રશ્ન-૧૦૦ :- સુગંધ અને દુર્ગંધ, ગંધગુણની પર્યાયોથી અજ્ઞાની રાગ-દ્વેષ કેમ કરે છે?**

ઉત્તર :- (૧) વિષ્ટા આદિ દુર્ગંધમાં દ્વેષ કરે છે. (૨) ફુલ આદિ સુગંધમાં રાગ કરે છે.

**પ્રશ્ન-૧૦૧ :- સુગંધ-દુર્ગંધ વગેરેમાં રાગ-દ્વેષનો અભાવ કેમ થાય?**

ઉત્તર :- હું આત્મા અગંધસ્વભાવી છું. મારે સુગંધ-દુર્ગંધરૂપ પુદ્‌ગલના ગંધગુણની પર્યાય સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી. એમ જાણે-માને તો રાગ-દ્વેષનો અભાવ થાય છે.

**પ્રશ્ન-૧૦૨ :- કાળો, પીળો, લીલો, લાલ, સફેદ શું છે અને અજ્ઞાની તેને જાણીને શું કરે છે?**

ઉત્તર :- પુદ્‌ગલના વર્ણગુણની પર્યાય છે, અજ્ઞાની તેને જાણીને રાગ-દ્વેષ કરે છે.

**પ્રશ્ન-૧૦૩ :- કાળો, પીળો, વગેરે વર્ણગુણની પર્યાયોને જાણીને અજ્ઞાની, રાગ-દ્વેષ કેમ કરે છે?**

ઉત્તર :- હું કાળો છું તો દ્વેષ કરે છે; ગોરા હોવાથી રાગ કરે છે. મને ગોરી ઘરવાળી જોઈએ, કાળી ન જોઈએ વગેરે ભાવોમાં પાગલ બને છે.

**પ્રશ્ન-૧૦૪ :- કાળા-ગોરાપણામાં રાગ-દ્વેષનો અભાવ કેમ થાય?**

ઉત્તર :- હું આત્મા અવર્ણસ્વભાવી ભગવાન છું; કાળા-ગોરા આદિ પુદ્‌ગલોના વર્ણગુણની પર્યાયોથી મારે કોઈ સંબંધ નથી. એમ જાણે-માને તો રાગ-દ્વેષનો અભાવ થાય.

**પ્રશ્ન-૧૦૫ :- પુદ્‌ગલ જડ છે કે નહિ?**

ઉત્તર :- પુદ્‌ગલ જડ છે.

**પ્રશ્ન-૧૦૬ :- જો પુદ્‌ગલનું લક્ષણ જડ કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૧૦૭ :- પુદ્‌ગલનું લક્ષણ ક્ષેત્ર-ક્ષેત્રાંતર, એટલે કે ગતિ-સ્થિતિરૂપ કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૧૦૮ :- પુદ્‌ગલનું લક્ષણ એક પ્રદેશી કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.



**પ્રશ્ન-૧૦૯ :- પુદ્‌ગલનું લક્ષણ ચેતન કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૧૦ :- પુદ્‌ગલનું લક્ષણ ગતિહેતુત્વગુણ કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૧૧ :- જેમાં સ્પર્શ હોય, પણ ગંધ, રસ, વર્ણ ન હોય તેવા પુદ્‌ગલના નામ બતાવો.**

ઉત્તર :- જ્યાં સ્પર્શ હોય ત્યાં નિયમથી ગંધ, વર્ણ, રસ હોય જ; માટે જેમાં સ્પર્શ હોય પણ ગંધ આદિ નહોય એવા પુદ્‌ગલ હોતા જ નથી.

**પ્રશ્ન-૧૧૨ :- પુદ્‌ગલની શુદ્ધદશાનું શું નામ છે?**

ઉત્તર :- પરમાણુ.

**પ્રશ્ન-૧૧૩ :- પુદ્‌ગલની અશુદ્ધદશાનું શું નામ છે?**

ઉત્તર :- સ્કંધ.

**પ્રશ્ન-૧૧૪ :- પુદ્‌ગલની જેમ અન્ય દ્રવ્યોમાં પણ જોવા મળતી કઈ-કઈ વાતો છે?**

ઉત્તર :- (૧) દ્રવ્યનું લક્ષણ અસ્તિત્વ છે; (૨) 'ત્રિકાળ કાયમ રહીને, જૂની અવસ્થાનો વ્યય અને નવી અવસ્થાનો ઉત્પાદ' કરવો; (૩) પોતાના ગુણ-પર્યાયવાળો છે; (૪) પુદ્‌ગલનો નાશ નથી થતો; માટે નિત્ય છે અને પરિણમન કરે છે; માટે અનિત્ય છે - આ વાતો બધા દ્રવ્યો પર લાગુ થાય છે.

**પ્રશ્ન-૧૧૫ :- સંખ્યામાં સૌથી વધારે ક્યું દ્રવ્ય છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્ય છે.

**પ્રશ્ન-૧૧૬ :- પુદ્‌ગલ, ગમન કરે છે કે નહિ? અને જો**

**ગમન કરે છે તો તેમાં નિમિત્ત કોણ છે?**

ઉત્તર :- પુદ્‌ગલમાં ક્રિયાવતીશક્તિ હોવાથી ગમન કરે છે અને તેમાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૧૭ :- પુદ્‌ગલના સ્થિરપણામાં નિમિત્ત કોણ છે?**

ઉત્તર :- અધર્મદ્રવ્ય નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૧૮ :- પુદ્‌ગલને અવકાશ/અવગાહ દેવામાં કોણ નિમિત્ત છે?**

ઉત્તર :- આકાશદ્રવ્ય નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૧૯ :- પુદ્‌ગલના પરિણમનમાં કોણ નિમિત્ત છે?**

ઉત્તર :- કાળદ્રવ્ય નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૨૦ :- પુદ્‌ગલના કાર્યને પોતાનું કાર્ય માનનાર કોણ છે?**

ઉત્તર :- મિથ્યાદષ્ટિ, પાપી, જિનમતથી બહાર દ્વિક્રિયાવાદી છે.

**પ્રશ્ન-૧૨૧ :- સ્કંધની શું વિશેષતા છે?**

ઉત્તર :- (૧) એક પ્રદેશમાં અનેક રહે છે. (૨) લોકાકાશના એક પ્રદેશમાં બધા પરમાણુ અને સૂક્ષ્મ સ્કંધ સમાઈ શકે છે. (૩) એક મહાસ્કંધ, લોકપ્રમાણ-અસંખ્યાત લોકાકાશના પ્રદેશો રોકે છે.

**પ્રશ્ન-૧૨૨ :- રૂપી કોણ છે અને રૂપી કોણ નથી?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્ય રૂપી છે; અન્યદ્રવ્ય, રૂપી નથી એટલે કે અરૂપી છે.

**પ્રશ્ન-૧૨૩ :- પુદ્‌ગલનું સાચું લક્ષણ ક્યું છે?**

ઉત્તર :- જેમાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણ જોવા મળે તે પુદ્‌ગલનું સાચું લક્ષણ છે.

**પ્રશ્ન-૧૨૪ :- પુદ્‌ગલનું લક્ષણ ચેતનપણું માને તો ક્યો દોષ**



**આવે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૨૫ :- પુદ્‌ગલનું લક્ષણ, ગતિહેતુત્વપણું માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૨૬ :- પુદ્‌ગલનું ક્ષેત્ર કેટલું છે?**

ઉત્તર :- એક પ્રદેશી છે.

**પ્રશ્ન-૧૨૭ :- હલકું-ભારે વગેરે કોનું કાર્ય છે?**

ઉત્તર :- પુદ્‌ગલના સ્પર્શગુણનું કાર્ય છે.

**પ્રશ્ન-૧૨૮ :- હલકું-ભારે, જીવને માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૨૯ :- ઠંડું-ગરમ, જીવને માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૩૦ :- ખાટું-મીઠું, જીવને માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૩૧ :- સુગંધ-દુર્ગંધ, જીવથી માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૩૨ :- કાળો-પીળો, જીવને માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૩૩ :- સાત પ્રકારના સ્વર કોનું કાર્ય છે?**

ઉત્તર :- ભાષાવર્ગણાનું કાર્ય છે.

**પ્રશ્ન-૧૩૪ :- ભાષા/શબ્દ, જીવથી માને તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૩૫ :- આઠ કર્મ અને એકસો અડતાલીસ પ્રકૃતિઓ** કોનું કાર્ય છે?

ઉત્તર :- કાર્મણવર્ગણાનું કાર્ય છે.

**પ્રશ્ન-૧૩૬ :- આઠ કર્મ અને એકસો અડતાલીસ પ્રકૃતિનું હોવું જીવથી માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૩૭ :- ટેબલ-ખુરશી કોનું કાર્ય છે?**

ઉત્તર :- આહારવર્ગણાનું કાર્ય છે.

**પ્રશ્ન-૧૩૮ :- ટેબલ-ખુરશી સુથારના આત્માના માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૩૯ :- મનુષ્ય-તિર્યંચનો સંયોગરૂપ ઔદારિકશરીર કોનું કાર્ય છે?**

ઉત્તર :- આહારવર્ગણાનું કાર્ય છે.

**પ્રશ્ન-૧૪૦ :- ઔદારિકશરીરનો કર્તા, મનુષ્ય-તિર્યંચના આત્માને માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૪૧ :- વૈક્રિયકશરીરનો કર્તા, દેવ-નારકીની આત્માને માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૪૨ :- આહારકશરીર કોનું કાર્ય છે?**

ઉત્તર :- આહારવર્ગણાનું કાર્ય છે.

**પ્રશ્ન-૧૪૩ :- આહારકશરીરને ૠદ્ધિધારી મુનિનું કાર્ય માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૪૪ :- તૈજસશરીર કોનું કાર્ય છે?**

ઉત્તર :- તૈજસવર્ગણાનું કાર્ય છે.



**પ્રશ્ન-૧૪૫ :- તૈજસશરીરનો કર્તા સંસારી જીવોને માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૪૬ :- પુદ્‌ગલોમાં ગમન, જીવથી માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૪૭ :- પુદ્‌ગલમાં ગમન થવું કોનું કાર્ય છે?**

ઉત્તર :- પુદ્‌ગલોની ક્રિયાવતીશક્તિનું કાર્ય છે.

**પ્રશ્ન-૧૪૮ :- પુદ્‌ગલોમાં ગમન, ધર્મદ્રવ્યથી માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૪૯ :- પુદ્‌ગલોમાં સ્થિર થવું, જીવથી માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૫૦ :- પુદ્‌ગલોમાં સ્થિર થવું, અધર્મદ્રવ્ય માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૫૧ :- સ્પર્શન, રસના આદિ ઈન્દ્રિયો કોનું કાર્ય છે?**

ઉત્તર :- આહારવર્ગણાનું કાર્ય છે.

**પ્રશ્ન-૧૫૨ :- સ્પર્શન, રસના આદિને જીવના કાર્ય માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૫૩ :- દ્રવ્યમન કોનું કાર્ય છે?**

ઉત્તર :- મનોવર્ગણાનું કાર્ય છે.

**પ્રશ્ન-૧૫૪ :- દ્રવ્યમનને સંજ્ઞી પંચેન્દ્રિય જીવનું કાર્ય**

માને તો ક્યો દોષ આવે છે?

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

પ્રશ્ન-૧૫૫ :- દિવ્યધ્વનિ, ગુરુનું વચન, કોનું કાર્ય છે?

ઉત્તર :- ભાષાવર્ગણાનું કાર્ય છે.

પ્રશ્ન-૧૫૬ :- દિવ્યધ્વનિ, ગુરુનું વચન ભગવાનનો આત્મા માને તો ક્યો દોષ આવે છે?

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

પ્રશ્ન-૧૫૭ :- જેટલા શાસ્ત્રો છે, તે કોનું કાર્ય છે?

ઉત્તર :- આહારવર્ગણાનું કાર્ય છે.

પ્રશ્ન-૧૫૮ :- શાસ્ત્રોનો કર્તા, મુનિઓના આત્માને માને તો ક્યો દોષ આવે છે?

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

પ્રશ્ન-૧૫૯ :- ભગવાનની પ્રતિમા કોનું કાર્ય છે?

ઉત્તર :- આહારવર્ગણાનું કાર્ય છે.

પ્રશ્ન-૧૬૦ :- ભગવાનની પ્રતિમાનો કર્તા કારીગરનો આત્મા માને તો ક્યો દોષ આવે છે?

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

પ્રશ્ન-૧૬૧ :- પુસ્તકો લેવા-મૂકવા કોનું કાર્ય છે?

ઉત્તર :- આહારવર્ગણાનું કાર્ય છે.

પ્રશ્ન-૧૬૨ :- પુસ્તકો લેવા-મૂકવાને જીવનું કાર્ય માને તો ક્યો દોષ આવે?

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

પ્રશ્ન-૧૬૩ :- ખાવું-પીવું કોનું કાર્ય છે?

ઉત્તર :- આહારવર્ગણાનું કાર્ય છે.

પ્રશ્ન-૧૬૪ :- ખાવું-પીવું જીવનું માને તો ક્યો દોષ આવે છે?



ઉત્તર :- અસંભવદોષ આવે છે.

પ્રશ્ન-૧૬૫ :- બાળપણ, જુવાની, બુઢાપો કોનું છે?

ઉત્તર :- આહારવર્ગણાનું કાર્ય છે.

પ્રશ્ન-૧૬૬ :- બાળપણ-જુવાની-બુઢાપો જીવનું કાર્ય માને તો ક્યો દોષ આવે છે?

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

પ્રશ્ન-૧૬૭ :- દીકરી-માતા-પત્ની, કોનું કાર્ય છે?

ઉત્તર :- આહારવર્ગણાનું કાર્ય છે.

પ્રશ્ન-૧૬૮ :- દીકરી-માતા-પત્ની, જીવથી માને તો ક્યો દોષ આવે છે?

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

પ્રશ્ન-૧૬૯ :- જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ અને ક્ષય કોનું કાર્ય છે?

ઉત્તર :- કાર્મણવર્ગણાનું કાર્ય છે.

પ્રશ્ન-૧૭૦ :- જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમ-ક્ષયનો કર્તા જીવને માને તો ક્યો દોષ આવે છે?

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

પ્રશ્ન-૧૭૧ :- આઠેય કર્મનો ક્ષય, કોનું કાર્ય છે?

ઉત્તર :- કાર્મણવર્ગણાનું કાર્ય છે.

પ્રશ્ન-૧૭૨ :- આઠેય કર્મનો ક્ષય, જીવથી માને તો ક્યો દોષ આવે છે?

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

પ્રશ્ન-૧૭૩ :- શું પુદ્ગલ સ્વયં ચાલીને સ્થિર થાય છે?

ઉત્તર :- હા, પુદ્ગલ સ્વયં ચાલીને ક્રિયાવતીશક્તિથી સ્થિર

થાય છે.

**પ્રશ્ન-૧૭૪ :- પુદ્‌ગલોનું લક્ષણ, સ્વયં ચાલીને સ્થિર થાય તેમ માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિ દોષ આવે છે.

**પ્રશ્ન-૧૭૫ :- પુદ્‌ગલ સત્ છે કે નહિ?**

ઉત્તર :- હા, પુદ્‌ગલ સત્ છે.

**પ્રશ્ન-૧૭૬ :- પુદ્‌ગલનું લક્ષણ સત્ માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૧૭૭ :- પુદ્‌ગલમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણું હોય છે કે નહિ?**

ઉત્તર :- પુદ્‌ગલમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણું હોય છે.

**પ્રશ્ન-૧૭૮ :- પુદ્‌ગલનું લક્ષણ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણું માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૧૭૯ :- શું પુદ્‌ગલદ્રવ્યમાં નિત્ય-અનિત્યપણું છે?**

ઉત્તર :- પુદ્‌ગલમાં નિત્ય-અનિત્યપણું છે.

**પ્રશ્ન-૧૮૦ :- પુદ્‌ગલનું લક્ષણ, નિત્ય-અનિત્યપણું માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૧૮૧ :- પુદ્‌ગલોમાં જોડાવું-વિખેરાવું કોનું કાર્ય છે?**

ઉત્તર :- પુદ્‌ગલમાં પુદ્‌ને કારણે, જોડાવું અને ગલને કારણે વીખેરાવું થાય છે.

**પ્રશ્ન-૧૮૨ :- પુદ્‌ગલમાં પુદ્‌-ગલપણું, જીવથી માને તો ક્યો દોષ આવે છે?**



ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૮૩ :- મોટર-સાઈકલનું ચાલવું કોનું કાર્ય છે?**

ઉત્તર :- આહારવર્ગણાની ક્રિયાવતીશક્તિનું કાર્ય છે.

**પ્રશ્ન-૧૮૪ :- પુદ્‌ગલનું લક્ષણ, એક પ્રદેશી કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૧૮૫ :- પુદ્‌ગલનું લક્ષણ, અનંત પ્રદેશી માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે. ●●

## ૬

# ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્ય

**પ્રશ્ન-૧ :- ધર્મદ્રવ્ય કોને કહે છે?**

ઉત્તર :- જે સ્વયં સ્વતઃ ગમન કરતા થકા જીવ અને પુદ્ગલોને ગમન કરવામાં નિમિત્ત થાય છે તેને ધર્મદ્રવ્ય કહે છે; જેમકે-ગમન કરતી માછલીને ગમન કરવારૂપ પાણી છે.

**પ્રશ્ન-૨ :- અધર્મદ્રવ્ય કોને કહે છે?**

ઉત્તર :- પોતે સ્વતઃ ગતિપૂર્વક સ્થિતિરૂપ પરિણમે, એવા જીવ અને પુદ્ગલોને જે રોકાવામાં નિમિત્ત થાય તેને અધર્મદ્રવ્ય કહે છે; જેમકે પથિકને રોકાવા માટે વૃક્ષની છાયા.

**પ્રશ્ન-૩ :- અધર્મદ્રવ્યની વ્યાખ્યામાં 'ગતિપૂર્વક સ્થિતિ કરે' તેને અધર્મદ્રવ્ય નિમિત્ત છે. જો 'ગતિપૂર્વક શબ્દ' કાઢી નાખવામાં આવે તો શું હાનિ થાય?**

ઉત્તર :- જો આપણે 'ગતિપૂર્વક' શબ્દ કાઢી નાખીએ તો સદાય સ્થિર રહેનારા ધર્મ, આકાશ, કાળ અને અધર્મદ્રવ્ય પોતાને પણ સ્થિતિમાં અધર્મદ્રવ્યના નિમિત્તપણાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે, જે ખોટું છે.

**પ્રશ્ન-૪ :- શું ધર્મ એટલે કે પુણ્ય; અને અધર્મ એટલે કે પાપ એમ છે?**



ઉત્તર :- અહીં પુણ્ય-પાપથી તાત્પર્ય નથી; અહીંયાં તો ધર્મ અને અધર્મદ્રવ્ય નામનું સ્વતંત્ર દ્રવ્ય છે, તેનાથી તાત્પર્ય છે.

**પ્રશ્ન-૫ :- શું ધર્મદ્રવ્ય, જીવ પુદ્ગલને ચલાવે છે?**

ઉત્તર :- બિલકુલ નહિ; જીવ-પુદ્ગલ પોતપોતાની ક્રિયાવતી શક્તિના ગમનરૂપ પરિણમનને કારણે ચાલે છે; ધર્મદ્રવ્યને કારણે નહિ; ધર્મદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે.

**પ્રશ્ન-૬ :- શું અધર્મદ્રવ્ય, જીવ અને પુદ્ગલોને રોકે છે?**

ઉત્તર :- બિલકુલ નહિ; જીવ-પુદ્ગલ પોતપોતાની ક્રિયાવતી શક્તિના સ્થિરરૂપ પરિણમનને કારણે રોકાય છે, અધર્મદ્રવ્યને કારણે નહિ; અધર્મદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે.

**પ્રશ્ન-૭ :- ચાલવાની અને સ્થિર રહેવાની શક્તિ કેટલા દ્રવ્યોમાં છે?**

ઉત્તર :- માત્ર પુદ્ગલ અને જીવમાં જ છે; અન્ય દ્રવ્યોમાં નથી.

**પ્રશ્ન-૮ :- ક્રિયાવતીશક્તિ કોને કહે છે?**

ઉત્તર :- જીવ અને પુદ્ગલમાં પોતપોતાની ક્રિયાવતીશક્તિ નામનો ગુણ છે, તે નિત્ય છે. તેની પોતાની યોગ્યતાથી ક્યારેક ગતિરૂપ, ક્યારેક સ્થિતિરૂપ પર્યાયો થાય છે.

**પ્રશ્ન-૯ :- જ્યારે જીવ અને પુદ્ગલોમાં સ્વયં સ્વતઃ ચાલવાની અને સ્થિર રહેવાની શક્તિ છે, ત્યારે શાસ્ત્રોમાં ધર્મ-અધર્મદ્રવ્યનું વર્ણન કેમ કર્યું?**

ઉત્તર :- વસ્તુસ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે :- જ્યાં ઉપાદાન હોય છે ત્યાં નિમિત્ત હોય જ છે. (૧) ઉપાદાન નિજ ગુણ જહાં, તહાં નિમિત્ત પર હોય; ભેદજ્ઞાન પ્રમાણ વિધિ, બિરલા બૂજે કોય. (૨) પ્રવચનસાર ગાથા ૯૫માં પણ લખ્યું છે કે 'જેણે પૂર્વ અવસ્થા

પ્રાપ્ત કરી છે, એવું (ઉપાદાન) દ્રવ્ય પણ, જોકે ઉચિત બહિરંગ સાધનોના સાનિધ્ય (નિકટ, હાજરી)ના સદ્ભાવમાં અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે.'

**પ્રશ્ન-૧૧ :- હું મુંબઈથી દિલ્હી આવ્યો, તેમાં શરીર તો પોતાની ક્રિયાવતીશક્તિના ગતિરૂપ પરિણમનથી આવ્યું, પણ મારો ભાવ નિમિત્ત તો છે ને?**

**ઉત્તર** :- એવી માન્યતાવાળાએ ધર્મદ્રવ્યને ઉડાડી દીધું.

**પ્રશ્ન-૧૨ :- હું ધ્યાન કરવા બેઠો, શરીર તો પોતાની ક્રિયાવતીશક્તિના સ્થિરરૂપ પરિણમનને કારણે સ્થિર થયું, પરંતુ તેમાં નિમિત્ત તો હું ને?**

**ઉત્તર** :- એવી માન્યતાવાળાએ અધર્મદ્રવ્યને ઉડાવી દીધું.

**પ્રશ્ન-૧૩ :- 'ઉપકાર' શબ્દનો શો અર્થ છે?**

**ઉત્તર** :- ઉપકાર, નિમિત્ત, સહાયક વગેરે પર્યાયવાચી શબ્દ છે.

**પ્રશ્ન-૧૪ :-** કોઈ કહે - **ધર્મદ્રવ્ય-અધર્મદ્રવ્ય અમને દેખાતા નથી, માટે અમે નથી માનતા.**

**ઉત્તર** :- અરે ભાઈ! તમારા પરદાદા, દાદા વર્તમાનમાં તમને દેખાતા નથી તો શું એ હતા કે નહિ? તો કહે છે કે એ તો હતા. એ પ્રમાણે સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં દ્રવ્ય પ્રત્યક્ષ આવ્યું છે અને અનુમાન તર્ક વગેરેથી એ છે-એવું પાત્ર જીવ પણ જાણે છે; માટે આપણને દેખાતા નથી; તેથી અમે નથી માનતા-એમ કહેવું ખોટું છે.

**પ્રશ્ન-૧૫ :- ધર્મ-અધર્મદ્રવ્યને અમૂર્તસ્વભાવી કેમ કહ્યા છે?**

**ઉત્તર** :- સ્પર્શ-રસ-ગંધ-વર્ણ ન હોવાથી અમૂર્તસ્વભાવી કહ્યા છે.



**પ્રશ્ન-૧૬ :- ધર્મદ્રવ્યનું ક્ષેત્ર કેટલું મોટું છે?**

**ઉત્તર** :- લોક વ્યાપક અસંખ્યાત પ્રદેશી ક્ષેત્ર ધર્મદ્રવ્યનું છે.

**પ્રશ્ન-૧૭ :- ધર્મ-અધર્મના કેટલા-કેટલા ભાગ થઈ શકે છે?**

**ઉત્તર** :- જે દ્રવ્ય છે તે અખંડ જ હોય છે; તેના ભાગ ન થઈ શકે; માટે ધર્મ-અધર્મના ભાગ ન થઈ શકે.

**પ્રશ્ન-૧૮ :- શું ધર્મ-અધર્મદ્રવ્યમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણું હોય છે?**

**ઉત્તર** :- હા હોય છે, કેમકે દ્રવ્યનું લક્ષણ સત્ છે અને જે સત્ હોય છે, તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણું હોય છે.

**પ્રશ્ન-૧૯ :- શું ધર્મદ્રવ્ય ગમન કરે છે?**

**ઉત્તર** :- **નથી** કરતું; કેમકે ધર્મદ્રવ્યમાં ક્રિયાવતીશક્તિ **નથી** અને તે અનાદિ-અનંત સ્થિર છે.

**પ્રશ્ન-૨૦ :- ધર્મદ્રવ્ય પોતે ગમન નથી કરતું, પરંતુ જીવ-પુદ્ગલોને તો ગમન કરાવે છે ને?**

**ઉત્તર** :- **નથી** કરાવતું; કેમકે જે પોતે ગમન **નથી** કરતું, તે બીજાને ગમન કેવી રીતે કરાવી શકે? ક્યારેય નહિ.

**પ્રશ્ન-૨૧ :- શું અધર્મદ્રવ્ય, જીવ-પુદ્ગલોને સ્થિર કરાવે છે?**

**ઉત્તર** :- બિલકુલ નહિ; પરંતુ જીવ-પુદ્ગલ પોતે પોતાની ક્રિયાવતીશક્તિના સ્થિરરૂપ પરિણમનને કારણે સ્થિર થાય છે, ત્યારે અધર્મદ્રવ્યને નિમિત્ત કહેવામાં આવે છે.

**પ્રશ્ન-૨૨ :- શું અધર્મદ્રવ્ય ગમનપૂર્વક સ્થિર થયું છે?**

**ઉત્તર** :- બિલકુલ નહિ; અધર્મદ્રવ્ય તો અનાદિ અનંત સ્થિર જ છે.

**પ્રશ્ન-૨૩ :- ધર્મદ્રવ્યની ઓળખાણ શું છે?**

**ઉત્તર** :- ગતિહેતુત્વ વગેરે.

**પ્રશ્ન-૨૪ :- અધર્મદ્રવ્યની ઓળખાણ શું છે?**

ઉત્તર :- સ્થિતિહેતુત્વ વગેરે.

**પ્રશ્ન-૨૫ :- ધર્મ અને અધર્મદ્રવ્યમાં શું અંતર છે?**

ઉત્તર :- ધર્મદ્રવ્ય ગતિમાં નિમિત્ત છે, જ્યારે અધર્મદ્રવ્ય સ્થિતિમાં નિમિત્ત છે.

**પ્રશ્ન-૨૬ :- લોક-અલોકનો વિભાગ કોનાથી થાય છે?**

ઉત્તર :- ધર્મ-અધર્મદ્રવ્યોથી લોક-અલોકનો વિભાગ થાય છે.

**પ્રશ્ન-૨૭ :- ધર્મ-અધર્મદ્રવ્યનું લક્ષણ, જડ કહીએ તો શું દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૨૮ :- ધર્મ-અધર્મદ્રવ્યનું લક્ષણ, ચેતન કહીએ તો શું દોષ આવે છે?**

ઉત્તર :- અસંભદોષ આવે છે.

**પ્રશ્ન-૨૯ :- ધર્મ-અધર્મદ્રવ્યનું લક્ષણ, બહુપ્રદેશી કહીએ તો શું દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૩૦ :- ધર્મ-અધર્મની વિશેષતા શું છે?**

ઉત્તર :- તે (૧) નિત્ય છે; (૨) અવસ્થિત છે; (૩) અરૂપી છે; અને (૪) હલન-ચલન રહિત છે.

**પ્રશ્ન-૩૧ :- ધર્મ-અધર્મદ્રવ્યનું લક્ષણ, નિત્ય, અવસ્થિત, અરૂપી અને હલન-ચલનરહિત કહીએ તો શું દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૩૨ :- ધર્મદ્રવ્યના ગમનમાં કોણ નિમિત્ત છે?**

ઉત્તર :- ધર્મદ્રવ્ય ગમન કરતું જ નથી, ત્યારે નિમિત્ત કોણ છે એ પ્રશ્ન જ મિથ્યા છે.



**પ્રશ્ન-૩૩ :- ધર્મ-અધર્મદ્રવ્યને સ્થિર થવામાં કોણ નિમિત્ત છે?**

ઉત્તર :- એ તો અનાદિ-અનંત સ્થિર જ છે, માટે સ્થિર થવામાં કોણ નિમિત્ત છે એ પ્રશ્ન જ અવિવેકપૂર્ણ છે.

**પ્રશ્ન-૩૪ :- ધર્મ-અધર્મને જગ્યા આપવામાં કોણ નિમિત્ત છે?**

ઉત્તર :- આકાશદ્રવ્ય

**પ્રશ્ન-૩૫ :- ધર્મ-અધર્મદ્રવ્યના પરિણમનમાં કોણ નિમિત્ત છે?**

ઉત્તર :- કાળદ્રવ્ય છે.

**પ્રશ્ન-૩૬ :- સિદ્ધજીવ લોકની આગળ કેમ નથી જતા? તો કહ્યું કે 'ધર્મદ્રવ્યનો અભાવ હોવાથી'. આપ કહો છો કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરતું નથી તો શું તત્ત્વાર્થસૂત્રમાં ખોટું લખ્યું છે?**

ઉત્તર :- જે જીવ, ધર્મદ્રવ્યને માનતા જ નથી, તેની અપેક્ષાએ આ કથન કર્યું છે અને તે વ્યવહારકથન છે.

**પ્રશ્ન-૩૭ :- તો પછી સિદ્ધજીવ, અલોકમાં કેમ નથી જતા?**

ઉત્તર :- સિદ્ધજીવ, લોકના દ્રવ્ય છે; માટે અલોકમાં નથી જતા.

**પ્રશ્ન-૩૮ :- ધર્મ-અધર્મદ્રવ્યને જાણવાથી શું લાભ છે?**

ઉત્તર :- (૧) શાસ્ત્રોને વાંચ્યા પહેલા અજ્ઞાની એમ માનતો હતો કે શરીરને હું ચલાવું છું અથવા શરીર મને ચલાવે છે; હું શરીરને રોકું કે શરીર મને રોકે છે. (૨) શાસ્ત્ર વાંચીને અજ્ઞાનીએ કાઢ્યું કે ધર્મદ્રવ્ય મને ચલાવે છે અને અધર્મદ્રવ્ય રોકે છે. સાચું જ્ઞાન થતાં આ ખોટી બુદ્ધિનો અભાવ થઈ જાય છે. (૩) હું

આત્મા છું; ધર્મ, અધર્મદ્રવ્યની સાથે મારે કોઈપણ પ્રકારનો સંબંધ નથી—એમ જાણીને પોતામાં સ્થિર થાય તો ધર્મ-અધર્મદ્રવ્યને જાણ્યું સાચું કહેવાય.

**પ્રશ્ન-૩૯ :- ધર્મદ્રવ્ય, જીવ-પુદ્‌ગલને ગમન કરાવે છે--એમ માને તો શું દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૪૦ :- અધર્મદ્રવ્ય, જીવ-પુદ્‌ગલને સ્થિર કરાવે છે—એમ માને તો શું દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે. ●●



૭

# આકાશદ્રવ્ય

**પ્રશ્ન-૧ :- આકાશદ્રવ્ય કોને કહે છે?**

ઉત્તર :- જે જીવાદિક પાંચ દ્રવ્યોને રહેવા માટે સ્થાન આપે છે તેને આકાશદ્રવ્ય કહે છે. આકાશદ્રવ્ય સર્વવ્યાપક છે.

**પ્રશ્ન-૨ :- આકાશદ્રવ્ય જગ્યા આપે છે - એ કથન કેવું છે?**

ઉત્તર :- એ વ્યવહારનયનું કથન છે. એનો અર્થ 'એમ છે નહિ, નિમિત્તાદિની અપેક્ષાએ કથન કર્યું છે.'

**પ્રશ્ન-૩ :- આકાશના કેટલા ભેદ છે?**

ઉત્તર :- આકાશ એક જ અખંડ દ્રવ્ય છે.

**પ્રશ્ન-૪ :- તો શાસ્ત્રોમાં લોકાકાશ અને અલોકાકાશ એવા બે ભેદ કેમ કર્યા?**

ઉત્તર :- આકાશના જેટલા ભાગમાં જીવ-પુદ્‌ગલ-ધર્મ-અધર્મ અને કાળદ્રવ્ય રહે છે, તેને લોકાકાશ કહે છે. બાકી લોકાકાશથી અમર્યાદિત અલોકાકાશ છે; માટે આકાશના બે ભેદ કર્યા છે.

**પ્રશ્ન-૫ :- લોકાકાશ મોટો છે કે અલોકાકાશ?**

ઉત્તર :- લોકાકાશથી અમર્યાદિત મોટું અલોકાકાશ છે.

**પ્રશ્ન-૬ :- લોકાકાશ અને અલોકાકાશના રંગમાં શું**

અંતર છે?

ઉત્તર :- આકાશદ્રવ્ય અરૂપી છે. લોકાકાશ અને અલોકાકાશમાં રંગ જ હોતો નથી, કેમકે રંગ તો પુદ્‌ગલનો વિશેષગુણ છે.

**પ્રશ્ન-૭ :- લોકાકાશ-અલોકાકાશના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં શું અંતર છે?**

ઉત્તર :- બંનેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એક જ છે, કેમકે તે એક દ્રવ્ય છે.

**પ્રશ્ન-૮ :- અલોકાકાશમાં કેટલા દ્રવ્ય છે?**

ઉત્તર :- એકમાત્ર શુદ્ધઆકાશ જ દ્રવ્ય છે અને બીજું કોઈ પણ દ્રવ્ય નથી.

**પ્રશ્ન-૯ :- અલોકાકાશમાં કેટલા દ્રવ્ય છે?**

ઉત્તર :- એકમાત્ર આકાશદ્રવ્ય જ છે; બીજું કોઈ પણ દ્રવ્ય નથી.

**પ્રશ્ન-૧૦ :- અલોકાકાશમાં પરિણમન થાય છે કે નહિ? જો થાય છે તો તેના પરિણમનમાં કોણ નિમિત્ત છે?**

ઉત્તર :- અલોકાકાશમાં પરિણમન થાય છે અને તેના પરિણમનમાં કાળદ્રવ્ય નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૧ :- જ્યારે અલોકાકાશમાં કાળદ્રવ્ય છે જ નહિ, ત્યારે તે નિમિત્ત થાય છે, એ વાત ક્યાં આવી?**

ઉત્તર :- લોકાકાશમાં વિદ્યમાન કાળાણુ નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૨ :- લોકાકાશના પ્રદેશોમાં એક જ પ્રકારના બે દ્રવ્યો ક્યારે પણ સાથે નથી રહેતા, તે દ્રવ્યનું નામ શું છે?**

ઉત્તર :- કાળદ્રવ્ય છે, કેમકે કાળદ્રવ્ય, લોકાકાશના એક-એક પ્રદેશમાં રત્નોની રાશિ સમાન અનાદિ-અનંત સ્થિર છે.

**પ્રશ્ન-૧૩ :- કોઈ કહે છે કે જુઓ, અમે તમને જગ્યા**



**આપી, નહિતર તમે ગાડીમાં ચઢવાથી રહી ગયા હોત. શું એ વાત ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ ઠીક નથી; જેમ એક માણસ ફર્સ્ટક્લાસના ડબ્બામાં બેઠો હોય છે. એક માણસ આવ્યો-બાબુજી! મને જરા જગ્યા આપો. તેણે કહ્યું ચાલ-ચાલ. થોડીવારમાં વરસાદ આવ્યો અને ગાડીએ સીટી મારી; ત્યારે પેલા માણસે હાથ જોડીને કહ્યું, બાબુજી! બહુ જરૂરી કામ છે, જરા જગ્યા આપો ને. તેણે કહ્યું, ઠીક છે આવો બેસો. જુઓ, મેં તમને જગ્યા આપી ને!—એવી માન્યતાવાળાએ આકાશદ્રવ્યને ઉડાડી દીધું, કેમકે જગ્યા દેવામાં નિમિત્ત આકાશદ્રવ્ય છે.

**પ્રશ્ન-૧૪ :- આકાશદ્રવ્યની ઓળખાણ શું છે?**

ઉત્તર :- અવગાહનહેતુત્વ વગેરે.

**પ્રશ્ન-૧૫ :- આકાશનું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ શું છે?**

ઉત્તર :- (૧) આકાશ નામનું દ્રવ્ય છે. (૨) અનંત પ્રદેશી ક્ષેત્ર છે. (૩) તેનું પરિણમન તે કાળ છે, અને (૪) તેના અનંતગુણ તે તેના ભાવ છે.

**પ્રશ્ન-૧૬ :- આકાશદ્રવ્યને મૂર્તિક કહીએ તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૧૭ :- આકાશદ્રવ્યનું લક્ષણ, અમૂર્તિક કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૧૮ :- આકાશદ્રવ્યને જગ્યા દેવામાં કોણ નિમિત્ત છે?**

ઉત્તર :- પોતે જ પોતાને નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૯ :- આકાશને ગમન કરવામાં કોણ નિમિત્ત છે?**

ઉત્તર :- આકાશ દ્રવ્ય ગમન કરતું જ નથી, ત્યાકે કોણ નિમિત્ત છે એ પ્રશ્ન જ ખોટો.

**પ્રશ્ન-૨૦ :- શું આકાશના સ્થિર થવામાં અધર્મદ્રવ્ય નિમિત્ત છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે જે ચાલીને સ્થિર થાય, એવા જીવ અને પુદ્‌ગલને જ અધર્મદ્રવ્ય સ્થિર થવામાં નિમિત્ત છે. જે અનાદિ-અનંત સ્થિર છે, એમાં નિમિત્તનો પ્રશ્ન જ જૂઠો છે.

**પ્રશ્ન-૨૧ :- આકાશના પરિણમનમાં કોણ નિમિત્ત છે?**

ઉત્તર :- કાળદ્રવ્ય નિમિત્ત છે.

**પ્રશ્ન-૨૨ :- પ્રદેશ કોને કહે છે?**

ઉત્તર :- આકાશના સૌથી નાના ભાગને પ્રદેશ કહે છે.

**પ્રશ્ન-૨૩ :- આકાશ દ્રવ્યને ચેતન કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૨૪ :- આકાશની વિશેષતા કઈ-કઈ છે?**

ઉત્તર :- (૧) નિત્ય, (૨) અવસ્થિત, (૩) અરૂપી, (૪) હલન-ચલનરહિત, (૫) અનંતપ્રદેશી.

**પ્રશ્ન-૨૫ :- આકાશને કોણે બનાવ્યું?**

ઉત્તર :- આકાશ અનાદિ-અનંત છે અને જે અનાદિ-અનંત છે, તેને કોણે બનાવ્યું એ પ્રશ્ન મૂર્ખતા ભરેલો છે.

**પ્રશ્ન-૨૬ :- લોકાકાશના અસંખ્યાત પ્રદેશ છે, તેમાં (લોકાકાશમાં) અનંત જીવ; જીવથી અનંતગુણા પુદ્‌ગલદ્રવ્ય; એક-એક ધર્મ-અધર્મદ્રવ્ય અને અસંખ્ય કાળદ્રવ્ય રહે છે; કેવી રીતે રહી શકે છે?**

ઉત્તર :- (૧) જેમ, એક દીવાના પ્રકાશમાં અનંત દીવાઓનો



પ્રકાશ સમાઈ જાય છે; (૨) .. રસથી ભરેલા કાચના વાસણમાં ઘણું સોનું રહી શકે છે; (૩) દૂધથી ભરેલા ઘડામાં તેટલા જ પ્રમાણમાં રાખ અને સોઈ સમાઈ જાય છે; તેવી રીતે લોકાકાશના વિશિષ્ટ અવકાશદાનશક્તિને કારણે, અનંત દ્રવ્યો પણ લોકાકાશમાં સમાઈ જાય છે, તેમાં કોઈ બાધા નથી આવતી.

**પ્રશ્ન-૨૭ :- લોકાકાશનું લક્ષણ, અસંખ્યાત પ્રદેશી કહીએ તો ક્યો દોશ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૨૮ :- લોકાકાશનું લક્ષણ, હલન-ચલન રહિત કહીએ તો ક્યો દોશ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૨૯ :- આકાશદ્રવ્યને જાણવાનો શો લાભ છે?**

ઉત્તર :- આકાશ નામનું એક સ્વતંત્ર દ્રવ્ય છે. આકાશ દ્રવ્યની સાથે મારે કોઈપણ પ્રકારનો સંબંધ નથી-એમ જાણી પોતાની સન્મુખ થાય, ધર્મની પ્રાપ્તિ થાય, એ જ આકાશદ્રવ્યને જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૩૦ :- આકાશદ્રવ્ય બધા દ્રવ્યોને જગ્યા આપે છે-એમ માનવામાં ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે. ●●

# ૮

# કાળદ્રવ્ય

**પ્રશ્ન-૧ :- કાળદ્રવ્ય કોને કહે છે?**

ઉત્તર :- પોતપોતાની અવસ્થારૂપે સ્વયં પોતે પરિણમતા થકા જીવાદિક દ્રવ્યોના પરિણમનમાં જે નિમિત્ત થાય છે તેને કાળદ્રવ્ય કહ છે; જેમ કે કુંભારના ચાકડાને ફેરવવામાં આવતી લોઢાની ખીલી.

**પ્રશ્ન-૨ :- શું કાળદ્રવ્ય દરેક દ્રવ્યોને પરિણમાવે છે?**

ઉત્તર :- બિલકુલ નહિ; દરેક દ્રવ્યો પોતપોતાની અવસ્થારૂપ સ્વયં પોતે બદેલ છે તેમાં કાળદ્રવ્ય નિમિત્ છે.

**પ્રશ્ન-૩ :- જ્યારે બધા દ્રવ્યો પોતપોતાની અવસ્થારૂપ સ્વયં પરિણમે છે, ત્યારે કાળદ્રવ્ય નિમિત્ત છે, એમ કહેવાની શું જરૂર છે?**

ઉત્તર :- જ્યાં ઉપાદાન હોય છે ત્યાં નિમિત્ત હોય જ છે- -એવો વસ્તુનો સ્વભાવ છે - એ જ્ઞાન કરાવવા માટે નિમિત્તને બતાવવાની આવશ્યકતા છે.

**પ્રશ્ન-૪ :- કાળદ્રવ્યને સમજાવવા માટે ખીલ્લીનું દષ્ટાંત કેમ આપ્યું?**

ઉત્તર :- જેમ ખીલ્લી સ્થિર છે; તે પ્રમાણે લોકાકાશના એક-એક પ્રદેશપર એક-એક કાળદ્રવ્ય અનાદિ-અનંત સ્થિર છે, એ જ્ઞાન



કરાવવા માટે ખીલ્લીનું દષ્ટાંત દીધું છે.

**પ્રશ્ન-૫ :- કાળદ્રવ્ય કેટલા પ્રદેશી છે?**

ઉત્તર :- કાળદ્રવ્ય, એક પ્રદેશી છે, બહુપ્રદેશી નથી.

**પ્રશ્ન-૬ :- શાસ્ત્રોમાં કાળદ્રવ્યને 'અપ્રદેશી' કેમ કહ્યો છે?**

ઉત્તર :- એક પ્રદેશ, ગણતરીમાં ન આવવાથી કાળદ્રવ્યને અપ્રદેશી કહ્યો છે.

**પ્રશ્ન-૭ :- કાળદ્રવ્યનું લક્ષણ, સત્ કહીએ તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિ દોષ આવે છે.

**પ્રશ્ન-૮ :- કાળદ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણું છે કે નહિ?**

ઉત્તર :- ચોક્કસ છે, કેમકે દરેક દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણું હોય છે અને કાળદ્રવ્ય પણ એક દ્રવ્ય છે.

**પ્રશ્ન-૯ :- કાળદ્રવ્યના કેટલા ભેદ છે?**

ઉત્તર :- નિશ્ચયકાળ અને વ્યવહારકાળ - એવા બે ભેદ છે.

**પ્રશ્ન-૧૦ :- નિશ્ચયકાળ કોને કહે છે?**

ઉત્તર :- કાળદ્રવ્યને નિશ્ચયકાળ કહે છે.

**પ્રશ્ન-૧૧ :- વ્યવહારકાળ કોને કહે છે?**

ઉત્તર :- સમય, પળ, ઘડી, દિવસ, મહિનો, વર્ષ વગેરેને વ્યવહારકાળ કહે છે.

**પ્રશ્ન-૧૨ :- કાળદ્રવ્ય, અસ્તિકાય કેમ નથી?**

ઉત્તર :- બહુપ્રદેશી ન હોવાથી કાળદ્રવ્ય અસ્તિકાય નથી. કાળદ્રવ્યની અસ્તિ છે પણ કાયપણું નથી.

**પ્રશ્ન-૧૩ :- શું એક કાળદ્રવ્ય અને બીજા કાળદ્રવ્યનું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એક જ છે?**

ઉત્તર :- બિલકુલ નહિ; બધા કાળદ્રવ્યો દ્રવ્ય-ક્ષેત્ર-કાળભાવથી

જુદાં-જુદાં છે.

**પ્રશ્ન-૧૪ :- કાળદ્રવ્યની વિશેષતા કઈ-કઈ છે?**

ઉત્તર :- (૧) પ્રત્યેક કાળદ્રવ્ય, એક પ્રદેશી છે. (૨) અરૂપી છે, (૩) અસ્તિ છે; કાય નથી, (૪) નિત્ય છે, (૫) અવસ્થિત છે.

**પ્રશ્ન-૧૫ :- કાળદ્રવ્યને સ્થાન દેવામાં કોણ નિમિત્ત છે?**

ઉત્તર :- લોકાકાશ નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૬ :- કાળદ્રવ્ય કોને નિમિત્ત છે?**

ઉત્તર :- સ્વયં પોતે પરિણમતા ઘણાં બધા દ્રવ્યોને નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૭ :- લોકાકાશના એક પ્રદેશમાં રહેનારા અનંત દ્રવ્યોના પરિણમનમાં કોણ નિમિત્ત છે?**

ઉત્તર :- ત્યાં કાળદ્રવ્ય જ નિમિત્ત છે.

**પ્રશ્ન-૧૮ :- કાળદ્રવ્યને ગમનમાં અને સ્થિર થવામાં કોણ નિમિત્ત છે?**

ઉત્તર :- કાળદ્રવ્ય, અનાદિ-અનંત સ્થિર છે. તે ગમન કરે કે ગમનપૂર્વક સ્થિર થાય—એમ બનતું જ નથી.

**પ્રશ્ન-૧૯ :- પંચમકાળમાં મુક્તિ નથી થતી—એમ કેમ કહ્યું?**

ઉત્તર :- (૧) પંચમકાળમાં દૃષ્ટિમુક્તિ હોય છે અને મોહમુક્તમુક્તિ, વિદેહમુક્તિ, જીવનમુક્તિ નથી હોતી, કેમકે પંચમકાળમાં ઉત્પન્ન થનારા જીવ એટલો તીવ્ર પુરુષાર્થ નહિ કરી શકે—એવું ભગવાનની વાણીમાં આવ્યું છે. (૨) જંબુકુમાર વગેરે પંચમકાળમાં જ મોક્ષે ગયા છે અને વિદેહક્ષેત્રના મુનિને કોઈ પૂર્વ ભવના વેરી ઉઠાવી લાવે, તે અહીં મુક્તિ મેળવી શકે છે.

**પ્રશ્ન-૨૦ :- કાળદ્રવ્ય, બધા દ્રવ્યોને પરિણમન કરાવે છે એમ માને તો ક્યો દોષ આવે છે?**



ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૨૧ :- કાળદ્રવ્યનું લક્ષણ એક પ્રદેશી કહીએ તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અતિવ્યાપ્તિદોષ આવે છે.

**પ્રશ્ન-૨૨ :- કાળદ્રવ્યનું લક્ષણ અનંત પ્રદેશી કહીએ તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૨૩ :- કાળદ્રવ્યનું લક્ષણ અસંખ્યાત પ્રદેશી કહીએ તો ક્યો દોષ આવે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૨૪ :- કાળદ્રવ્યની ઓળખાણ, વર્ષ-મહિના આદિથી માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- અસંભવદોષ આવે છે.

**પ્રશ્ન-૨૫ :- કાળદ્રવ્યને જાણવાનો લાભ શો છે?**

ઉત્તર :- કાળદ્રવ્ય સ્વતંત્ર દ્રવ્ય છે, તેની સાથે મારે કોઈ સંબંધ નથી—એમ જાણીને પોતાનો આશ્રય કરે તો કાળદ્રવ્યને જાણવાનો લાભ છે.

●●

૯

## અભ્યાસ : દ્રવ્ય શબ્દથી દ્રવ્યની ઓળખાણ

**પ્રશ્ન-૧ :- ગિરનાર પર્વત ઉપરથી નેમિનાથ ભગવાન મોક્ષ પધાર્યા—તેનાથી ક્યા-ક્યા દ્રવ્ય પ્રમાણિત થાય છે?**

ઉત્તર :- આકાશદ્રવ્ય; જીવદ્રવ્ય; ધર્માસ્તિકાય, પ્રમાણિત થાય છે.

**પ્રશ્ન-૨ :- બાહુબલીસ્વામી, ચંદ્રગિરી પહાડ પર, ખડગાસને બિરાજે છે, તેનાથી ક્યા ક્યા દ્રવ્ય પ્રમાણિત થાય છે?**

ઉત્તર :- જીવદ્રવ્ય; આકાશ; અધર્માસ્તિકાય પ્રમાણિત થાય છે.

**પ્રશ્ન-૩ :- હું સમ્મેદશિખરની યાત્રાએ જાવ છું; તેમાં ક્યા ક્યા દ્રવ્ય પ્રમાણિત થાય છે?**

ઉત્તર :- જીવદ્રવ્ય; આકાશદ્રવ્ય; ધર્માસ્તિકાય પ્રમાણિત થાય છે.

**પ્રશ્ન-૪ :- પ્રભાત સમયમાં શ્રી મંદિરજી જઈને આવો, તેમાંથી ક્યા ક્યા દ્રવ્ય પ્રમાણિત થાય છે?**

ઉત્તર :- કાળદ્રવ્ય; આકાશ; ધર્માસ્તિકાય પ્રમાણિત થાય છે.

**પ્રશ્ન-૫ :- સુવર્ણપુરીમાં સુંદર માનસ્તંભ સ્થિત છે—તેનાથી ક્યા ક્યા દ્રવ્યો પ્રમાણિત થાય છે?**



ઉત્તર :- આકાશદ્રવ્ય; પુદ્‌ગલદ્રવ્ય; અધર્મદ્રવ્ય પ્રમાણિત થાય છે.

**પ્રશ્ન-૬ :- આત્માનું હિત તરત કરો; તેનાથી ક્યા-ક્યા દ્રવ્યો પ્રમાણિત થાય છે?**

ઉત્તર :- જીવ; કાળદ્રવ્ય; પ્રમાણિત થાય છે.

**પ્રશ્ન-૭ :- આઠ વર્ષનો બાળક મહાવિદેહક્ષેત્રમાં મોક્ષે જાય છે, તેનાથી ક્યા-ક્યા દ્રવ્યો પ્રમાણિત થાય છે?**

ઉત્તર :- કાળદ્રવ્ય; જીવદ્રવ્ય; આકાશદ્રવ્ય; ધર્માસ્તિકાય પ્રમાણિત થાય છે.

**પ્રશ્ન-૮ :- ભગવાન સિદ્ધાલયમાં સાદિ-અનંત સ્થિર રહે છે; તેનાથી ક્યા-ક્યા દ્રવ્યો પ્રમાણિત થાય છે?**

ઉત્તર :- જીવ; આકાશ; કાળ; અધર્માસ્તિકાય પ્રમાણિત થાય છે.

**પ્રશ્ન-૯ :- મહાવીરપ્રભુ, પાવાપુરીમાં ચોથા કાળમાં મોક્ષે પધાર્યા; તેનાથી ક્યા-ક્યા દ્રવ્યો પ્રમાણિત થાય છે?**

ઉત્તર :- જીવદ્રવ્ય; આકાશ; કાળ; અધર્માસ્તિકાય પ્રમાણિત થાય છે.

**પ્રશ્ન-૧૦ :- સીમંધરપ્રભુ સમવસરણમાં છ-છ ઘડી ઉપદેશ દે છે; તેનાથી ક્યા-ક્યા દ્રવ્યો પ્રમાણિત થાય છે?**

ઉત્તર :- જીવ; આકાશ; કાળ; પુદ્‌ગલ, પ્રમાણિત થાય છે.

**પ્રશ્ન-૧૧ :- ગૌતમસ્વામી, માનસ્તંભ પાસે આવ્યા તો હૃદય પલટી ગયું; તેનાથી ક્યા-ક્યા દ્રવ્યો પ્રમાણિત થાય છે?**

ઉત્તર :- જીવ; પુદ્‌ગલ; ધર્માસ્તિકાય; કાળદ્રવ્ય, પ્રમાણિત થાય છે.

**પ્રશ્ન-૧૨ :- ઈન્દ્ર સદાય સુરાલયમાંથી તીર્થંકરદેવના**

**દર્શને આવે છે; તેનાથી ક્યા-ક્યા દ્રવ્ય પ્રમાણિત થાય છે?**

ઉત્તર :- જીવ; કાળ; આકાશ; જીવ-પુદ્ગલ; ધર્મદ્રવ્ય, પ્રમાણિત થાય છે.

**પ્રશ્ન-૧૩ :- કુંદકુંદાચાર્ય કુંદનગિરી પર નિજધ્યાનમાં સ્થિત છે; તેનાથી ક્યા-ક્યા દ્રવ્ય પ્રમાણિત થાય છે?**

ઉત્તર :- જીવ; આકાશ; અધર્માસ્તિકાય, પ્રમાણિત થાય છે.

**પ્રશ્ન-૧૪ :- મુનિવર ગરમીમાં પહાડ ઉપર ધ્યાનમાં બેઠા છે; તેનાથી ક્યા-ક્યા દ્રવ્ય પ્રમાણિત થાય છે?**

ઉત્તર :- જીવ; કાળ; આકાશ; અધર્માસ્તિકાય, પ્રમાણિત થાય છે.

**પ્રશ્ન-૧૫ :- નંદીશ્વરધામમાં શાશ્વત જિનમંદિર સ્થિત છે; તેનાથી ક્યા-ક્યા દ્રવ્ય પ્રમાણિત થાય છે?**

ઉત્તર :- આકાશ; કાળ; પુદ્ગલ; અધર્માસ્તિકાય, પ્રમાણિત થાય છે.

**પ્રશ્ન-૧૬ :- સમવસરણમાં બેઠા હોય ત્યારે જીવોને તીવ્ર કષાય નથી થતો; તેનાથી ક્યા-ક્યા દ્રવ્ય પ્રમાણિત થાય છે?**

ઉત્તર :- આકાશ; અધર્મદ્રવ્ય; કાળ; જીવ, પ્રમાણિત થાય છે.

**પ્રશ્ન-૧૭ :- જીવ, સંસારથી મોક્ષ પધારે; તેનાથી ક્યા-ક્યા દ્રવ્ય પ્રમાણિત થાય છે?**

ઉત્તર :- જીવદ્રવ્ય; આકાશ; ધર્માસ્તિકાય, પ્રમાણિત થાય છે.

●●



(૧૦)

# ગુણ : સ્વરૂપ, ભેદ તથા પરિજ્ઞાનથી લાભ

**પ્રશ્ન-૧ :- ગુણ કોને કહે છે?**

ઉત્તર :- જે દ્રવ્યના સંપૂર્ણ ભાગમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં રહે છે તેને ગુણ કહે છે.

**પ્રશ્ન-૨ :- ગુણના પર્યાયવાચી શબ્દો ક્યા-ક્યા છે?**

ઉત્તર :- શક્તિ, લક્ષણ, વિશેષ, ધર્મ, ધ્રુવ, અર્થ, અન્વયી, સહભૂ, નિત્ય, અવસ્થિત ગુણના પર્યાયવાચી શબ્દ છે.

**પ્રશ્ન-૩ :- ગુણની વ્યાખ્યામાં 'દ્રવ્યવાચક' શબ્દ શું છે?**

ઉત્તર :- દ્રવ્યના.

**પ્રશ્ન-૪ :- ગુણની વ્યાખ્યામાં 'ક્ષેત્રવાચક' શબ્દ શું છે?**

ઉત્તર :- સંપૂર્ણ ભાગમાં.

**પ્રશ્ન-૫ :- ગુણની વ્યાખ્યામાં 'કાળવાચક' શબ્દ શું છે?**

ઉત્તર :- સંપૂર્ણ અવસ્થાઓમાં.

**પ્રશ્ન-૬ :- ગુણની વ્યાખ્યામાં 'ભાવવાચક' શબ્દ શું છે?**

ઉત્તર :- ગુણ કહે છે.

**પ્રશ્ન-૭ :- ગુણની વ્યાખ્યામાં 'સંપૂર્ણ ભાગોમાં' શું-શું સૂચવે છે?**

ઉત્તર :- (૧) ગુણ, દ્રવ્યના પૂરા ભાગમાં હોય છે; ઓછા-

વધારે (ભાગમાં) નથી હોતા; (૨) જેટલું મોટું દ્રવ્યનું ક્ષેત્ર છે, એટલું જ મોટું ગુણનું ક્ષેત્ર છે.

**પ્રશ્ન-૮ :- ગુણની વ્યાખ્યામાં 'સંપૂર્ણ અવસ્થાઓમાં' શું-શું સૂચવે છે?**

ઉત્તર :- (૧) ગુણષ દ્રવ્યથી ક્યારે પણ, કોઈપણ હાલતમાં જુદા નથી હોતા; (૨) દ્રવ્ય અનાદિ-અનંત છે તો તેના ગુણ પણ અનાદિ અનંત છે.

**પ્રશ્ન-૯ :- દ્રવ્ય પહેલા કે ગુણ પહેલાં?**

ઉત્તર :- દ્રવ્ય અને ગુણ બંને અનાદિ-અનંત છે; માટે પહેલા-પછીનો પ્રશ્ન જ નથી.

**પ્રશ્ન-૧૦ :- દ્રવ્યમાં ગુણ ક્યા પ્રકારે છે, ઉદાહરણ આપીને સમજાવો?**

ઉત્તર :- (૧) જેમ-ગોળમાં મીઠાશ છે, તેવી રીતે દ્રવ્યમાં ગુણ છે. (૨) જેમ—અગ્નિમાં ઉષ્ણતા છે, તેમ દ્રવ્યમાં ગુણ છે. (૩) જેમ પાણીમાં ઠંડાપણું છે, તેમ દ્રવ્યમાં ગુણ છે. (૪) જેમ—સોનામાં પીળાશ છે તેમ દ્રવ્યમાં ગુણ છે.

**પ્રશ્ન-૧૧ :- દ્રવ્યના પૂરા ભાગમાં કોણ રહે છે?**

ઉત્તર :- ગુણ છે.

**પ્રશ્ન-૧૨ :- દ્રવ્યની બધી અવસ્થાઓમાં રહેનાર કોણ છે?**

ઉત્તર :- ગુણ છે.

**પ્રશ્ન-૧૩ :- એક ગુણ, દ્રવ્યના કેટલા ભાગમાં છે?**

ઉત્તર :- સંપૂર્ણ ભાગમાં છે, કેમકે ગુણ, દ્રવ્યના સંપૂર્ણ ભાગમાં છે.

**પ્રશ્ન-૧૪ :- એક ગુણ, દ્રવ્યના કેટલા પ્રદેશોમાં છે?**

ઉત્તર :- સંપૂર્ણ પ્રદેશોમાં છે.



**પ્રશ્ન-૧૫ :- દ્રવ્યના એક પ્રદેશમાં કેટલા ગુણ છે?**

ઉત્તર :- સંપૂર્ણ (અનંત) ગુણ છે.

**પ્રશ્ન-૧૬ :- ગુણ કેટલા પ્રકારના છે?**

ઉત્તર :- બે પ્રકારના છે - સામાન્ય અને વિશેષ.

**પ્રશ્ન-૧૭ :- સામાન્યગુણ કોને કહે છે?**

ઉત્તર :- જે સર્વ દ્રવ્યોમાં હોય તેને સામાન્યગુણ કહે છે.

**પ્રશ્ન-૧૮ :- વિશેષગુણ કોન કહે છે?**

ઉત્તર :- જે સર્વ દ્રવ્યોમાં ન હોય પણ પોતપોતાના દ્રવ્યોમાં હોય તેને વિશેષગુણ કહે છે.

**પ્રશ્ન-૧૯ :- સામાન્યગુણોનું ક્ષેત્ર મોટું છે કે વિશેષગુણોનું?**

ઉત્તર :- દરેક દ્રવ્યમાં સામાન્યગુણો અને વિશેષગુણોનું ક્ષેત્ર એક જ હોય છે કારણ કે ગુણ, દ્રવ્યના સંપૂર્ણ ભાગમાં રહે છે.

**પ્રશ્ન-૨૦ :- દરેક દ્રવ્યમાં રહેનારા ગુણોને ભિન્ન-ભિન્ન કોના આધારે કરશો?**

ઉત્તર :- દરેક ગુણના ભિન્ન-ભિન્ન લક્ષણોથી જુદાં કરશે.

**પ્રશ્ન-૨૧ :- કઈ અપેક્ષાએ દ્રવ્યથી ગુણ જુદાં છે?**

ઉત્તર :- દ્રવ્યથી ગુણ કોઈ પણ અપેક્ષાએ જુદા નથી, કારણ કે ગુણ અને દ્રવ્યોનું ક્ષેત્ર અને કાળ એક જ છે.

**પ્રશ્ન-૨૨ :- એક દ્રવ્યનું નામ બતાવો કે જેમાં સામાન્ય ગુણ તો હોય પરંતુ વિશેષગુણ ન હોય.**

ઉત્તર :- એવું કોઈ દ્રવ્ય નથી, કેમકે સામાન્ય અને વિશેષગુણોના સમૂહને જ દ્રવ્ય કહે છે.

**પ્રશ્ન-૨૩ :- દ્રવ્યમાં સામાન્યગુણ ન હોય તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- જો દ્રવ્યમાં સામાન્યગુણ ન હોય તો દ્રવ્યપણું જ

ન રહે.

**પ્રશ્ન-૨૪ :- દ્રવ્યમાં વિશેષગુણ ન હોય તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- દ્રવ્યમાં વિશેષગુણ ન હોય તો એક દ્રવ્ય બીજા દ્રવ્યથી જુદા જણાતા નથી એટલે કે વિશેષગુણ ન હોય તો કોઈ દ્રવ્યને બીજા દ્રવ્યથી ભિન્ન કરી શકાતું નથી.

**પ્રશ્ન-૨૫ :- દ્રવ્ય અને ગુણમાં સંખ્યાભેદ છે કે નહિ?**

ઉત્તર :- છે. દ્રવ્ય એક છે; ગુણ અનેક છે, તે સંખ્યાભેદ છે.

**પ્રશ્ન-૨૬ :- એક દ્રવ્ય અને તેના ગુણોમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની તુલના કરો.**

ઉત્તર :- એક દ્રવ્ય અને તેના ગુણોના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ એક જ છે, પરંતુ ભાવોમાં અંતર છે.

**પ્રશ્ન-૨૭ :- પ્રત્યેક ગુણના કાર્યક્ષેત્રની મર્યાદા શું છે?**

ઉત્તર :- પ્રત્યેગ ગુણ પોતાના સ્વદ્રવ્યના ક્ષેત્રમાં નિરંતર પોતાનું જ કાર્ય કરે છે; ક્યારે પણ પરનું કે પરગુણનું કાર્ય નથી કરતા- એવા પ્રત્યેક ગુણને કાર્યક્ષેત્રની મર્યાદા છે.

**પ્રશ્ન-૨૮ :- જ્ઞાનગુણને ગુણની પરિભાષામાં લગાવો.**

ઉત્તર :- જ્ઞાનગુણ, જીવદ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં અને સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાળ રહે છે.

**પ્રશ્ન-૨૯ :- શું રસગુણ, જીવદ્રવ્યના સંપૂર્ણ ભાગમાં અને સંપૂર્ણ અવસ્થામાં ત્રિકાળ રહે છે?**

ઉત્તર :- બિલકુલ નહિ! કેમકે રસગુણ, પુદ્ગલનો ગુણ છે, પુદ્ગલ જીવનો નથી; માટે રસગુણ, જીવદ્રવ્યના સંપૂર્ણ ભાગમાં અને સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાળ રહે છે; જીવમાં નહિ.



**પ્રશ્ન-૩૦ :- ચારિત્રગુણને ગુણની પરિભાષામાં લગાવો?**

ઉત્તર :- ચારિત્રગુણ, જીવદ્રવ્યનાં સંપૂર્ણ ભાગમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં રહે છે.

**પ્રશ્ન-૩૧ :- ગતિહેતુત્વગુણને ગુણની પરિભાષામાં લગાવો.**

ઉત્તર :- ગતિહેતુત્વગુણ, ધર્મદ્રવ્યના સંપૂર્ણ ભાગમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં રહે છે.

**પ્રશ્ન-૩૨ :- પરિણમનહેતુત્વગુણને ગુણની પરિભાષામાં લગાવો.**

ઉત્તર :- પરિણમનહેતુત્વગુણ, કાળદ્રવ્યના સંપૂર્ણ ભાગમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં રહે છે.

**પ્રશ્ન-૩૩ :- ગંધગુણને, ગુણની પરિભાષામાં લગાવો.**

ઉત્તર :- ગંધગુણ, પુદ્ગદ્રવ્યના સંપૂર્ણ ભાગમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં રહે છે.

**પ્રશ્ન-૩૪ :- વૈભાવિકશક્તિને, ગુણની પરિભાષામાં લગાવો.**

ઉત્તર :- વૈભાવિકશક્તિ, જીવ તથા પુદ્ગલના સંપૂર્ણ ભાગમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં રહે છે.

**પ્રશ્ન-૩૫ :- અસ્પર્શગુણને, ગુણની પરિભાષામાં લગાવો.**

ઉત્તર :- અસ્પર્શગુણ, પુદ્ગલ દ્રવ્યને છોડીને શેષ જીવાદિક પાંચ દ્રવ્યોના સંપૂર્ણ ભાગમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં રહે છે.

**પ્રશ્ન-૩૬ :- શું શ્રદ્ધાગુણ સંપૂર્ણ દ્રવ્યોના સંપૂર્ણ ભાગોમાં અને સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાળ રહે છે?**

ઉત્તર :- ના ભાઈ! શ્રદ્ધાગુણ, માત્ર જીવદ્રવ્યમાં જોવા મળે

છે, બધા દ્રવ્યોમાં જોવામાં આવતો નથી. શ્રદ્ધાગુણ, જીવદ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં અને સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાળ રહે છે; બાકી દ્રવ્યોમાં નથી રહેતા - એમ જાણવું જોઈએ.

**પ્રશ્ન-૩૭ :- શું ક્રિયાવતીશક્તિગુણ, ધર્મદ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં અને સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાળ રહે છે?**

ઉત્તર :- ધર્મદ્રવ્યમાં નહિ, પરંતુ ક્રિયાવતીશક્તિ, જીવ તથા પુદ્ગલના સંપૂર્ણ ભાગોમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાળ રહે છે.

**પ્રશ્ન-૩૮ :- શું ગતિહેતુત્વગુણ, ધર્મદ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં અને સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાળ રહે છે?**

ઉત્તર :- હા, એકદમ ઠીક છે.

**પ્રશ્ન-૩૯ :- આનંદગુણને ગુણની પરિભાષામાં લગાવો.**

ઉત્તર :- આનંદગુણ, જીવદ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાળ રહે છે.

**પ્રશ્ન-૪૦ :- વર્ણગુણને ગુણની પરિભાષામાં લગાવો.**

ઉત્તર :- વર્ણગુણ, પુદ્ગલદ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાળ રહે છે.

**પ્રશ્ન-૪૧ :- અવગાહનહેતુત્વગુણને ગુણની પરિભાષામાં લગાવો.**

ઉત્તર :- અવગાહનહેતુત્વગુણ, આકાશદ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં રહે છે.

**પ્રશ્ન-૪૨ :- અગંધગુણને ગુણની પરિભાષામાં લગાવો.**

ઉત્તર :- અગંધગુણ, પુદ્ગલદ્રવ્યને છોડીને શેષ જીવાદિક પાંચેય દ્રવ્યોના સંપૂર્ણ ભાગોમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં રહે છે.

**પ્રશ્ન-૪૩ :- દર્શનગુણને ગુણની પરિભાષામાં લગાવો.**



ઉત્તર :- દર્શનગુણ જીવદ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં રહે છે.

**પ્રશ્ન-૪૪ :- વસ્તુત્વગુણને ગુણની પરિભાષામાં લગાવો.**

ઉત્તર :- વસ્તુત્વગુણ, બધા દ્રવ્યોના સંપૂર્ણ ભાગોમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાળ રહે છે.

**પ્રશ્ન-૪૫ :- પ્રદેશત્વગુણને ગુણની પરિભાષામાં લગાવો.**

ઉત્તર :- પ્રદેશત્વગુણ, પ્રત્યેક દ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં રહે છે.

**પ્રશ્ન-૪૬ :- અગુરુલઘુત્વગુણને ગુણની પરિભાષામાં લગાવો.**

ઉત્તર :- અગુરુલઘુત્વગુણ, પ્રત્યેક દ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં રહે છે.

**પ્રશ્ન-૪૭ :- ભોક્તૃત્વ-અભોક્તૃત્વગુણને ગુણની પરિભાષા લગાવો.**

ઉત્તર :- ભોક્તૃત્વ-અભોક્તૃત્વગુણ, દરેક દ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાળ રહે છે.

**પ્રશ્ન-૪૮ :- કર્તૃત્વ અને અકર્તૃત્વગુણને ગુણની પરિભાષા લગાવો.**

ઉત્તર :- કર્તૃત્વગુણ અને અકર્તૃત્વગુણ, દરેક દ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાળ રહે છે.

**પ્રશ્ન-૪૯ :- ગુણની વિશેષતાઓ કઈ-કઈ છે?**

ઉત્તર :- (૧) ગુણ, દ્રવ્યના આશ્રયે રહે છે; (૨) ગુણ, દ્રવ્યના વિશેષ છે; (૩) ગુણ પોતે નિર્વિશેષ છે, (પોતે બધા ગુણોથી રહિત છે;) (૪) સર્વ ગુણો, દ્રવ્યના પ્રદેશોમાં ભેગા રહે છે; (૫) ગુણ, કથંચિત્ પરિણમનશીલ છે; (૬) ગુણ, કથંચિત્ પરિણમનશીલ

નથી.

**પ્રશ્ન-૫૦ :- ગુણોને જાણવાથી શો લાભ છે?**

**ઉત્તર :-** ગુણો દ્વારા દરેક વસ્તુ ભિન્ન-ભિન્ન હાથ ઉપર રાખેલ આંબળાની જેમ દૃષ્ટિમાં આવી જાય, જેનાથી ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય છે. અને અનાદિથી એક-એક સમય કરીને પરમાં કર્તાપણાની અને ભોક્તાપણાની બુદ્ધિનો અભાવ થઈને, ધર્મની પ્રાપ્તિ થઈ જાય છે.

**પ્રશ્ન-૫૧ :- એક દ્રવ્યમાં કેટલા ગુણ હોય છે?**

**ઉત્તર :-** દરેક દ્રવ્યમાં અનંત-અનંત ગુણ છે.

**પ્રશ્ન-૫૨ :- પ્રત્યેક દ્રવ્યમાં અનંત-અનંત ગુણ છે, તેનું કોઈ માપ છે?**

**ઉત્તર :-** (૧) જીવદ્રવ્ય અનંત છે; (૨) જીવથી અનંતા અનંત ગુણા અધિક પુદ્‌ગલદ્રવ્ય છે; (૩) પુદ્‌ગલદ્રવ્યથી અનંતા અનંતગુણા ત્રણ કાળના સમય છે; (૪) ત્રણ કાળના સમયથી અનંતગુણા, આકાશદ્રવ્યના પ્રદેશો છે; (૫) આકાશદ્રવ્યના પ્રદેશોથી અનંતગુણા અધિક એક દ્રવ્યમાં ગુણ છે.

**પ્રશ્ન-૫૩ :- ગુણોને 'સહભૂ' કેમ કહે છે?**

**ઉત્તર :-** બધા ગુણો મળીને સાથે રહે છે; પર્યાયોની જેમ ક્રમથી નથી થતાં; માટે ભગવાને ગુણને 'સહભૂ' કહ્યા છે.

**પ્રશ્ન-૫૪ :- ભગવાન ઉમાસ્વામીએ તત્ત્વાર્થસૂત્રમાં ગુણનું લક્ષણ શું બતાવ્યું છે?**

**ઉત્તર :-** તત્ત્વાર્થસૂત્રના પાંચમા અધ્યાયના ૪૧માં સૂત્રમાં 'દ્રવ્યાશ્રયાનિર્ગુણાઃ ગુણાઃ' એટલે કે જે દ્રવ્યના આશ્રયથી છે અને પોતે બીજા ગુણોથી રહિત છે તે ગુણ છે—એમ કહ્યું છે.

**પ્રશ્ન-૫૫ :- જેમ ગુણ દ્રવ્યને આશ્રયે છે, તેમ પર્યાય પણ દ્રવ્યને આશ્રયે રહે છે; માટે પર્યાયમાં પણ ગુણનું લક્ષણ હોવાથી અતિવ્યાપ્તિનો દોષ આવે છે?**



**ઉત્તર :-** બિલકુલ નથી આવતો, કારણ કે 'દ્રવ્યાશ્રયઃ' પદ હોવાથી, એટલે કે જે નિત્ય દ્રવ્યને આશ્રયે રહે છે, તે ગુણની વાત છે; પર્યાયની વાત નથી. માટે 'દ્રવ્યાશ્રયઃ' પદથી પર્યાય એમાં નથી આવતી કેમકે પર્યાય એક સમયવર્તી જ હોય છે; માટે ગુણના લક્ષણમાં અતિવ્યાપ્તિનો દોષ નથી આવતો.

**પ્રશ્ન-૫૬ :- ગુણોને સમજવાથી શો લાભ છે?**

**ઉત્તર :-** (૧) દરેક ગુણ પોતપોતાના દ્રવ્યના આશ્રયે જ રહે છે; (૨) એક દ્રવ્યનો ગુણ બીજા દ્રવ્યને કે ગુણને કાંઈ નથી કરી શકતો; (૩) એક દ્રવ્યનો ગુણ, બીજા દ્રવ્યને કે ગુણને પ્રેરણા, અસર, મદદ નથી કરી શકતા; (૪) એક દ્રવ્યનો ગુણ તે જ દ્રવ્યના બીજા ગુણને પણ કઈ નથી કરી શકતું, કેમકે ભાવ જુદા-જુદા છે.

**પ્રશ્ન-૫૭ :- ગુણોનું સ્વરૂપ સમજવાથી શો લાભ છે?**

**ઉત્તર :-** હું જીવદ્રવ્ય છું અને મારા અનંતગુણોથી ભરપુર છું. હું ત્રણે કાળ શ્રીમંત છું, ગરીબ નથી - એમ જાણીને પોતાના ગુણોના પિંડ ભગવાનમાં લીન થાય, એ ગુણના સ્વરૂપને સમજવાથી લાભ થાય છે.

**પ્રશ્ન-૫૮ :- ગુણોને અન્વયી કેમ કહ્યા છે?**

**ઉત્તર :-** (૧) દરેક ગુણોનું અન્વય દ્રવ્ય એક છે; બધા સાથે મળીને રહે છે. (૨) બધા અનેક હોવા છતાં પણ એકરૂપ થઈને પ્રગટે છે. માટે ગુણોને અન્વયી કહ્યા છે.

**પ્રશ્ન-૫૯ :- ગુણને 'અર્થ' કેમ કહ્યું છે?**

**ઉત્તર :-** (૧) ગુણ સ્વતઃસિદ્ધ પરિણામી છે; (૨) ઉત્પાદ-

વ્યય-ધ્રૌવ્યયુક્ત છે; માટે ગુણને 'અર્થ' કહ્યું છે.

**પ્રશ્ન-૬૦ :- છ દ્રવ્યોમાં જોવા મળે છે તેને શું કહે છે?**

ઉત્તર :- સામાન્યગુણ કહે છે.

**પ્રશ્ન-૬૧ :- સામાન્યગુણ કેટલા છે?**

ઉત્તર :- અનેક છે પણ મુખ્ય છ છે.

**પ્રશ્ન-૬૨ :- જ્યારે સામાન્યગુણ અનેક છે તો તેમાંથી છ મુખ્ય ગુણ કેમ કહ્યા?**

ઉત્તર :- અહીં આપણે મોક્ષમાર્ગની સિદ્ધિ કરવી છે, માટે જેને જાણવાથી મોક્ષમાર્ગની સિદ્ધિ થાય અને જેને જાણ્યા વિના મોક્ષમાર્ગની સિદ્ધિ ન થાય; તેને અહીંયાં મુખ્ય કર્યા છે.

**પ્રશ્ન-૬૩ :- મુખ્ય છ સામાન્યગુણ ક્યા-ક્યા છે?***

ઉત્તર :- (૧) અસ્તિત્વગુણ, (૨) વસ્તુત્વગુણ, (૩) દ્રવ્યત્વગુણ, (૪) પ્રમેયત્વગુણ, (૫) અગુરુલઘુત્વગુણ, અને (૬) પ્રદેશત્વગુણ.

**પ્રશ્ન-૬૪ :- જીવદ્રવ્યના વિશેષગુણ કેટલા અને ક્યા-ક્યા છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના વિશેષગુણ પણ અનેક છે, પરંતું મુખ્ય જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, ક્રિયાવતીશક્તિ, વૈભાવિકશક્તિ વગેરે છે.

**પ્રશ્ન-૬૫ :- પુદ્‌ગલદ્રવ્યના વિશેષગુણ કેટલા અને ક્યા-ક્યા છે?**

ઉત્તર :- પુદ્‌ગલના વિશેષગુણ અનેક છે, પરંતુ મુખ્ય સ્પર્શ,

* આવનારા પ્રકરણોમાં પ્રત્યેક સામાન્યગુણો પર વિસ્તારથી પ્રશ્નોત્તર દેવામાં આવ્યા છે.



રસ, ગંધ, વર્ણ, ક્રિયાવતીશક્તિ, વૈભાવિકશક્તિ વગેરે છે.

**પ્રશ્ન-૬૬ :- ધર્મદ્રવ્યના વિશેષગુણ કેટલા અને ક્યા-ક્યા છે?**

ઉત્તર :- ધર્મદ્રવ્યના વિશેષગુણો પણ અનેક છે પરંતુ મુખ્ય ગતિહેતુત્વ વગેરે છે.

**પ્રશ્ન-૬૭ :- અધર્મદ્રવ્યના વિશેષગુણ કેટલા અને ક્યા-ક્યા છે?**

ઉત્તર :- અધર્મદ્રવ્યના વિશેષગુણો પણ અનેક છે પણ મુખ્ય સ્થિતિહેતુત્વ વગેરે છે.

**પ્રશ્ન-૬૮ :- આકાશદ્રવ્યના વિશેષગુણ કેટલા અને ક્યા-ક્યા છે?**

ઉત્તર :- આકાશદ્રવ્યના વિશેષગુણ પણ અનેક છે પણ મુખ્ય અવગાહનહેતુત્વ વગેરે છે.

**પ્રશ્ન-૬૯ :- કાળદ્રવ્યના વિશેષગુણ કેટલા અને ક્યા-ક્યા છે?**

ઉત્તર :- કાળદ્રવ્યના વિશેષગુણો પણ અનેક છે પરંતુ મુખ્ય પરિણમનહેતુત્વ વગેરે છે.

**પ્રશ્ન-૭૦ :- વિશેષગુણોમાં 'વગેરે' શબ્દ શું સૂચવે છે?**

ઉત્તર :- 'વગેરે' શબ્દ એનાથી પણ વધારે વિશેષગુણો છે —એમ સૂચવે છે.

**પ્રશ્ન-૭૧ :- પ્રત્યેક ગુણના કાર્યક્ષેત્રની મર્યાદા તેની અંદર છે, તેનાથી બહાર નથી, તેને સ્પષ્ટ કરીને સમજાવો?**

ઉત્તર :- (૧) જ્ઞાનગુણનું કાર્ય જ્ઞાનગુણથી જ થશે; શ્રદ્ધા, ચારિત્ર વગેરેથી નહિ થાય; (૨) શ્રદ્ધાગુણનું કાર્ય શ્રદ્ધાગુણથી જ થશે, જ્ઞાન-ચારિત્રાદિથી નહિ થાય; (૩) ચારિત્રગુણનું કાર્ય, ચારિત્રગુણથી જ થશે, જ્ઞાન-શ્રદ્ધા આદિથી નહિ થાય; એ જ

પ્રકારે, પુદ્‌ગલમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિક છે, પણ (૪) સ્પર્શગુણનું કાર્ય સ્પર્શગુણથી જ થશે; રસ-ગંધ આદિથી નહિ થાય; (૫) રસગુણનું કાર્ય રસગુણથી જ થશે, સ્પર્શ, વર્ણાદિથી નહિ થાય; (૬) ધર્મદ્રવ્યમાં ગતિહેતુત્વગુણનું કાર્ય, ગતિહેતુત્વથી જ થશે; બાકી ગુણોથી નહિ થાય. તાત્પર્ય એ છે કે દરેક ગુણનું કાર્ય, એનાથી બહાર નથી થતું.

**પ્રશ્ન-૭૨ :- એક ગુણનું બીજા ગુણના કાર્ય સાથે કેમ સંબંધ નથી?**

ઉત્તર :- પ્રત્યેક ગુણનું કાર્ય અલગ-અલગ છે, એટલે કે ભાવમાં અંતર હોવાથી સંબંધ નથી.

**પ્રશ્ન-૭૩ :- શું એક ગુણની વર્તમાન પર્યાયનું, તે જ ગુણની ભૂત-ભવિષ્યની પર્યાય સાથે સંબંધ છે?**

ઉત્તર :- ના, નથી. કેમકે દરેક સમયનું કાર્ય ભિન્ન-ભિન્ન છે; કાર્ય એક સમયનું છે.

**પ્રશ્ન-૭૪ :- જ્યારે એક ગુણની પર્યાયનું, તે જ ગુણની ભૂત-ભવિષ્યની પર્યાય સાથે સંબંધ નથી તો એક દ્રવ્યનું બીજા દ્રવ્ય સાથે સંબંધનનો પ્રશ્ન જ નથી. ત્યારે લોકો એક દ્રવ્યથી બીજા દ્રવ્યનો સંબંધ કેમ માને છે?**

ઉત્તર :- ચારેય ગતિમાંથી ફરીને નિગોદમાં જવું સારું લાગે છે; માટે લોકો એક દ્રવ્યને બીજા દ્રવ્યની સાથે સંબંધ માને છે.

**પ્રશ્ન-૭૫ :- એક દ્રવ્યથી, બીજા દ્રવ્યને કોઈ સંબંધ નથી, શું જિનેન્દ્રભગવાને એવું ક્યાંય કહ્યું છે?**

ઉત્તર :- શ્રી સમયસાર, ગાથા ૮૪ તથા ૮૬માં, તે સર્વજ્ઞના મતથી બહાર છે અને દ્વિક્રિયાવાદી કહ્યા છે તથા કળશ ૨૦૦માં સ્પષ્ટ કહ્યું છે કે 'नास्ति सरवोऽपि सम्बन्ध'



**પ્રશ્ન-૭૬ :- છ દ્રવ્ય અને તેના ગુણોને જાણવાનું ફળ શું?**

ઉત્તર :- (૧) સ્વ-પરનું ભેદવિજ્ઞાન, એનું ફળ છે. (૨) પરમાં કર્તા-ભોક્તાની બુદ્ધિનો અભાવ થઈને ધર્મની પ્રાપ્તિ એનું ફળ છે.

**પ્રશ્ન-૭૭ :- દ્રવ્યના સામાન્ય અને વિશેષગુણથી દ્રવ્યની પરિભાષા બતાવો?**

ઉત્તર :- સામાન્ય અને વિશેષગુણના સમૂહને દ્રવ્ય કહે છે.

**પ્રશ્ન-૭૮ :- હું ગુણસ્વરૂપ છું, નવ પક્ષસ્વરૂપ નથી, એનું ફળ શું થાશે?**

ઉત્તર :- હું ગુણ સામાન્ય છું એવો અનુભવ જ્ઞાન-આચરણ, ક્રમથી મોક્ષનું કારણ છે અને નવ પક્ષરૂપ માનનારો, ક્રમથી નિગોદની પ્રાપ્તિ કરે છે.

અનાદિ અનંતકાળથી જિન-જિનવર અને જિનવરવૃષભોએ ગુણનું સ્વરૂપ બતાવ્યું છે, બતાવે છે અને બતાવશે, તે સર્વેના ચરણોમાં નમસ્કાર. ●●

## ૧૧

# અસ્તિત્વગુણ

**કર્તા જગત કા માનતા જો કર્મ યા ભગવાન કો,**
**વહ ભૂલતા હૈ લોક મેં, અસ્તિત્વગુણ કે જ્ઞાન કો;**
**ઉત્પાદ-વ્યયયુત વસ્તુ હૈ, ફિર ભી સદા ધ્રુવતા ધરે,**
**અસ્તિત્વગુણ કે યોગ સે, કોઈ નહી જગ મેં મરે.**

**પ્રશ્ન-૧ :- અસ્તિત્વગુણ શું છે?**

ઉત્તર :- પ્રત્યેક દ્રવ્યનો સામાન્યગુણ છે.

**પ્રશ્ન-૨ :- અસ્તિત્વગુણ કોને કહે છે?**

ઉત્તર :- જે શક્તિને કારણે, દ્રવ્યનો કદી નાશ ન થાય અને કોઈનાથી ઉત્પન્ન ન થાય તે શક્તિને અસ્તિત્વગુણ કહે છે.

**પ્રશ્ન-૩ :- અસ્તિત્વગુણને ગુણની પરિભાષામાં લગાવો?**

ઉત્તર :- અસ્તિત્વગુણ છએ દ્રવ્યોના સંપૂર્ણ ભાગોમાં અને સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાળ રહે છે.

**પ્રશ્ન-૪ :- તેને જાણવાથી અમને શો લાભ છે?**

ઉત્તર :- કોઈપણ દ્રવ્યનું, ચાહે તો જડ હોય કે ચેતન, કદી પણ નાશ નથી થતો અને કદી ઉત્પન્ન નથી થતા, એટલે કે (૧) દરેક દ્રવ્ય, અનાદિ-અનંત છે. (૨) દરેક દ્રવ્ય અજર-અમર છે--એ જણાય છે.

**પ્રશ્ન-૫ :- કોઈપણ દ્રવ્યનો નાશ અને ઉત્પન્ન થવાનું નથી, દરેક દ્રવ્યો અનાદિ-અનંત અને અજર-અમર છે, તેનાથી અમને શો લાભ?**



ઉત્તર :- દરેક દ્રવ્યો, અનાદિ-અનંત અને અજર-અમર છે તો મારો પણ કદી નાશ નથી થતો અને હું પણ કદી ઉત્પન્ન નથી થતો, આ પ્રકારે હું અનાદિ-અનંત અને અજર-અમર ભગવાન છું - એમ જાણવામાં આવે છે.

**પ્રશ્ન-૬ :- અસ્તિત્વગુણને જાણવાથી બીજો શો લાભ થાય છે?**

ઉત્તર :- સાત પ્રકારના ભયનો અભાવ થઈ જાય છે.

**પ્રશ્ન-૭ :- સાત પ્રકારના ભય ક્યા-ક્યા છે?**

ઉત્તર :- (૧) આ લોકનો ભય, (૨) પરલોકનો ભય, (૩) વેદનાભય, (૪) અરક્ષાભય, (૫) અગુપ્તિભય, (૬) મરણભય, (૭) આકસ્મિકભય.

**પ્રશ્ન-૮ :- અસ્તિત્વગુણને જાણવાથી બીજા શા લાભ થાય છે?**

ઉત્તર :- અનાદિકાળથી મિથ્યાદષ્ટિની એવી બુદ્ધિ હતી કે આ જગતને ઈશ્વર બનાવે છે, રક્ષા કરે છે અને નાશ કરે છે. અસ્તિત્વગુણને જાણવાથી માલુમ પડ્યું કે કોઈનો નાશ કે ઉત્પન્ન થવું નથી હોતું; બધા દ્રવ્યો અનાદિ-અનંત છે, ત્યારે ઈશ્વર બનાવે છે, રક્ષા કરે છે અને નાશ કરે છે-એવી મિથ્યાબુદ્ધિનો અભાવ થઈ જાય છે.

**પ્રશ્ન-૯ :- અસ્તિત્વગુણને જાણવાથી બીજા ક્યા લાભ થાય છે?**

ઉત્તર :- અનાદિકાળથી દિગંબર ધર્મ ધારણ કરવા છતા પણ, કર્મ બનાવે છે, કર્મ રક્ષા કરે છે, કર્મ નાશ કરે છે — એવી મિથ્યાબુદ્ધિ

હતી. અસ્તિત્વગુણને જાણવાથી જ્યારે કોઈનું બનવું, રક્ષા, નાશ થતો જ નથી અને બધા અનાદિ-અનંત છે, ત્યારે કર્મ બનાવે છે, રક્ષા કરે છે અને નાશ કરે છે એવી ખોટી બુદ્ધિનો અભાવ થઈ જાય છે.

**પ્રશ્ન-૧૦ :- જે સમયે આદિનાથ ભગવાન હતા, તે સમયે તું હતો કે નહિ?**

**ઉત્તર** :- અસ્તિત્વગુણને કારણે અમને માલુમ પડ્યું કે તે કાળે હું કોઈને કોઈ ક્ષેત્રમાં હતો.

**પ્રશ્ન-૧૧ :- શું ઈશ્વર જગતના કર્તા છે?**

**ઉત્તર** :- બિલકુલ નહિ. કેમકે અસ્તિત્વગુણને કારણે છએ દ્રવ્ય સ્વયં-સિદ્ધ અનાદિ-અનંત છે, ત્યારે ઈશ્વર, જગતના કર્તા છે, એ વાત અસત્ય છે.

**પ્રશ્ન-૧૨ :- શું ઈશ્વર જગતની રક્ષા કરે છે?**

**ઉત્તર** :- બિલકુલ નહિ. કારણ કે પ્રત્યેક વસ્તુ પોતાની અનંત શક્તિથી સ્વયં રક્ષિત છે, ત્યારે ઈશ્વર, જગતની રક્ષા કરે છે, એ વાત અસત્ય છે.

**પ્રશ્ન-૧૩ :- શું ઈશ્વર જગતનો નાશ કરે છે?**

**ઉત્તર** :- બિલકુલ નહિ, કારણ કે અસ્તિત્વગુણને કારણે કોઈપણ દ્રવ્યનો નાશ નથી થતો તો ઈશ્વર જગતને નાશ કરે છે એ વાત અસત્ય છે.

**પ્રશ્ન-૧૪ :- શું કર્મ જગતનો કર્તા છે?**

**ઉત્તર** :- બિલકુલ નહિ, કેમકે અસ્તિત્વગુણને કારણે છએ દ્રવ્ય સ્વયં સિદ્ધ અનાદિ-અનંત છે, ત્યારે કર્મ જગતનો કર્તા છે એ વાત અસત્ય છે.

**પ્રશ્ન-૧૫ :- શું કર્મ, જગતની રક્ષા કરે છે?**



**ઉત્તર** :- બિલકુલ નહિ, કેમકે પ્રત્યેક વસ્તુ પોતાની અનંત શક્તિઓથી સ્વયં રક્ષિત છે, ત્યારે કર્મ, જગતની રક્ષા કરે છે એ વાત અસત્ય છે.

**પ્રશ્ન-૧૬ :- શું કર્મ, જગતનો નાશ કરે છે?**

**ઉત્તર** :- બિલકુલ નહિ, કેમકે અસ્તિત્વગુણને કારણે કોઈપણ દ્રવ્યનો નાશ થતો નથી તો કર્મ, જગતનો નાશ કરે છે એ વાત અસત્ય છે.

**પ્રશ્ન-૧૭ :- અસ્તિત્વગુણને જાણવાના બીજા શા લાભ છે?**

**ઉત્તર** :- અનાદિકાળની પરમાં કરવા-કરાવવાની, ભોક્તા-ભોગ્યની બુદ્ધિનો અભાવ થઈને, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, તે લાભ છે.

**પ્રશ્ન-૧૮ :- અસ્તિત્વગુણને જાણવાથી પરમાં કરવા-કરાવવાની, ભોક્તા-ભોગ્યની બુદ્ધિનો અભાવ અને સમ્યક્ત્વની પ્રાપ્તિ કેવી રીતે થઈ જાય છે?**

**ઉત્તર** :- જ્યારે દરેક વસ્તુ અનાદિ-અનંત અને અજર-અમર છે ત્યારે (૧) હું બીજાને અથવા બીજા મને ઉત્પન્ન કરે છે; (૨) હું બીજાની અથવા બીજા મારી રક્ષા કરે છે; (૩) હું બીજાનો કે બીજા મારો નાશ કરે છે, આ ત્રણેય માન્યતાનો અભાવ થઈને પરમાં કરવા-કરાવવાની, ભોક્તા-ભોગ્યની મિથ્યાબુદ્ધિનો અભાવ થઈને સમ્યક્ત્વની પ્રાપ્તિ તત્કાળ થઈ જાય છે.

**પ્રશ્ન-૧૯ :- અસ્તિત્વગુણ કેટલા છે અને કેમ?**

**ઉત્તર** :- જેટલા દ્રવ્ય છે તેટલા જ અસ્તિત્વગુણ છે કેમકે સામાન્યગુણ હોવાને લીધે દરેક દ્રવ્યમાં એક-એક અસ્તિત્વગુણ છે.

**પ્રશ્ન-૨૦ :- દ્રવ્યનું લક્ષણ 'સત્' કેમ કહ્યું?**

**ઉત્તર** :- અસ્તિત્વગુણને કારણે, દ્રવ્યનું લક્ષણ સત્ કહ્યું છે.

**પ્રશ્ન-૨૧ :- હું હંમેશા રહીશ કે નહિ-એવી શંકાવાળો શું ભૂલે છે?**

ઉત્તર :- અસ્તિત્વગુણને ભૂલે છે.

**પ્રશ્ન-૨૨ :- અસ્તિત્વગુણની અપેક્ષાએ છએ દ્રવ્યોને શું કહે છે?**

ઉત્તર :- સત્ કહે છે.

**પ્રશ્ન-૨૩ :- સત્ શું છે?**

ઉત્તર :- દ્રવ્યનું લક્ષણ છે.

**પ્રશ્ન-૨૪ :- સત્ કોને કહે છે?**

ઉત્તર :- જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય રહિત છે, તેને સત્ કહે છે. દરેક દ્રવ્ય સત્ છે; માટે દરેક દ્રવ્યમાં પોતાને જ કારણે, પર્યાય અપેક્ષાએ નવી અવસ્થાની ઉત્પત્તિ, પૂર્વ પર્યાયનો વ્યય અને દ્રવ્યની અપેક્ષાએ ધ્રૌવ્ય રહેવું-એવી સ્થિતિ દરેક દ્રવ્ય અને ગુણમાં ત્રિકાળ થતી રહી છે, થતી રહે છે અને થતી રહેશે.

**પ્રશ્ન-૨૫ :- શું ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યનો સમય અલગ-અલગ છે?**

ઉત્તર :- ત્રણેનો સમય એક જ છે; આગળ-પાછળ નથી.

**પ્રશ્ન-૨૬ :- શું દરેક દ્રવ્યમાં અને ગુણમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રિકાળ થતું રહે છે?**

ઉત્તર :- હા, પ્રત્યેક દ્રવ્ય અને ગુણમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રિકાળ થતું રહે છે.

**પ્રશ્ન-૨૭ :- દ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રુવને સમજાવો?**

ઉત્તર :- (૧) મનુષ્યપર્યાયનો વ્યય, દેવપણાનો ઉત્પાદ, આત્મા ધ્રુવ. (૨) અયોગીદશાનો વ્યય, સિદ્ધદશાનો ઉત્પાદ, આત્મા ધ્રુવ. (૩) કેરીમાં ખાટાપણાનો વ્યય, મીઠાપણાનો ઉત્પાદ, કેરી ધ્રુવ. એ પ્રમાણે દરેક જગ્યાએ સમજી લેવું.



**પ્રશ્ન-૨૮ :- ગુણમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક સમયમાં ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- (૧) મિથ્યાત્વનો વ્યય, સમ્યક્ત્વનો ઉત્પાદ, શ્રદ્ધાગુણ ધ્રુવ. (૨) ઠંડાનો વ્યય, ગરમનો ઉત્પાદ, સ્પર્શગુણ ધ્રુવ. (૩) શ્રુતજ્ઞાનનો વ્યય, કેવળજ્ઞાનનો ઉત્પાદ, જ્ઞાનગુણ ધ્રુવ. દરેક ગુણમાં એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ થાય છે, થતા રહે છે, અને થતા રહેશે - એવો વસ્તુનો સ્વભાવ છે.

**પ્રશ્ન-૨૯ :- (૧) ચારિત્રગુણ, (૨) જ્ઞાનગુણ, (૩) ક્ષાયિક-સમ્યક્ત્વ, (૪) ગતિહેતુત્વગુણ, (૫) ગંધ, (૬) વર્ણ, (૭) મીઠો, (૮) ઠંડો, (૯) ચારિત્રમોહનીયનો અભાવ, (૧૦) જ્ઞાનાવરણીયનો અભાવ, (૧૧) શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ વગેરેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવીને બતાવો?**

ઉત્તર :- (૧) પહેલી પર્યાયનો વ્યય, નવી પર્યાયનો ઉત્પાદ, ચારિત્રગુણ ધ્રુવ. (૨) જ્ઞાનની પહેલી પર્યાયનો વ્યય, નવીન પર્યાયનો ઉત્પાદ, જ્ઞાનગુણ ધ્રુવ. (૩) ક્ષયોપશમસમ્યક્ત્વનો વ્યય, ક્ષાયિકસમ્યક્ત્વનો ઉત્પાદ, શ્રદ્ધાગુણ ધ્રુવ. (૪) પહેલી પર્યાયનો વ્યય, બીજી પર્યાયનો ઉત્પાદ, ગતિહેતુત્વગુણ ધ્રુવ. (૫) સુગંધનો વ્યય, દુર્ગંધનો ઉત્પાદ, ગંધગુણ ધ્રુવ. (૬) કાળાનો વ્યય, સફેદનો ઉત્પાદ, વર્ણગુણ ધ્રુવ. (૭) ખાટાનો વ્યય, મીઠાનો ઉત્પાદ, રસગુણ ધ્રુવ. (૮) ગરમનો વ્યય, ઠંડાનો ઉત્પાદ, સ્પર્શગુણ ધ્રુવ. (૯) ચારિત્રમોહનીયના ક્ષયોપશમનો વ્યય, ચારિત્રમોહનીયના ક્ષયનો ઉત્પાદ, કાર્મણવર્ગણા ધ્રુવ. (૧૦) જ્ઞાનાવરણીયના ક્ષયોપશમનો વ્યય, જ્ઞાનાવરણીયના ક્ષયનો ઉત્પાદ, કાર્મવર્ગણા ધ્રુવ. (૧૧) મતિજ્ઞાનનો વ્યય, શ્રુતજ્ઞાનનો ઉત્પાદ, જ્ઞાનગુણ ધ્રુવ.

**પ્રશ્ન-૩૦ :- અસ્તિપણું વસ્તુનું ક્યું લક્ષણ સિદ્ધ કરે છે?**

**ઉત્તર :-** વિશ્વમાં જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય છે. દરેક દ્રવ્યમાં અનંત-અનંત ગુણ છે. દરેક ગુણ/શક્તિની સ્વયં સ્વતઃ પ્રતિસમય અવસ્થા બદલાતી રહે છે. શક્તિ કાયમ રહે છે. જેમ 'સત્-દ્રવ્ય-લક્ષણમ્'. પોતાની અવસ્થાને પલટતા-પલટતા જ દ્રવ્ય અનાદિ-અનંત કાયમ રહે છે. તેની સિદ્ધિને માટે 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય-યુક્તં સત્' એટલે કે વસ્તુ દરેક સમયે પોતાની સત્તા કાયમ રાખીને, પૂર્વ અવસ્થાનો વ્યય, નવી અવસ્થાનો ઉત્પાદ કરે છે—એવો નિયમ છે.

**પ્રશ્ન-૩૧ :- શું અસ્તિત્વગુણથી એમ સિદ્ધ થાય છે કે દરેક દ્રવ્યના ગુણની પર્યાયો ક્રમબદ્ધ, ક્રમનિયમિત છે, તેમાં જરા પણ હેરફેર થઈ શકતી નથી?**

**ઉત્તર :-** હા સિદ્ધ થાય છે. (૧) શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે કે 'અનાદિ-નિધન વસ્તુઓ ભિન્ન-ભિન્ન પોત પોતાની મર્યાદામાં પરિણમે છે, કોઈ કોઈની પરિણમાવી પરિણમતી નથી.'—એવો વસ્તુનો સ્વભાવ છે અને બીજાને પરિણમાવવાનો ભાવ મિથ્યાદર્શન છે. (૨) રાવણે સીતાને કહ્યું—જેવો રામને પ્રેમ કરે છે, તેવો મને પ્રેમ કર—એવા ભાવને કારણે તે ત્રીજી નરકે ગયો. માટે જે કોઈપણ દ્રવ્યને પરિણમાવવાનો ભાવ કરે છે, તે નિગોદમાં જવા લાયક છે.

**પ્રશ્ન-૩૨ :- જે વસ્તુ છે, કાયમ રહીને બદલવાનો તેનો સ્વભાવ છે, ત્યારે આપણે તેને આમ કરી દઈએ, તેમ કરી દઈએ, એવા માન્યતાઓ કેમ જોવા મળે છે?**

**ઉત્તર :-** (૧) તેને ચારેય ગતિમાં ભટકીને નિગોદમાં જવું ઠીક લાગે છે. (૨) તે જિનેન્દ્રભગવાનની આજ્ઞા બહાર, નિગોને



લાયક છે.

**પ્રશ્ન-૩૩ :- જ્યારે બધું ક્રમબદ્ધ છે, તો અમારું કાર્ય શું રહ્યું?**

**ઉત્તર :-** માત્ર જ્ઞાતા-દૃષ્ટા રહેવું.

**પ્રશ્ન-૩૪ :- જો અમારું કાર્ય સિદ્ધ ભગવાનની જેમ જ્ઞાતા-દૃષ્ટા રહ્યું તો અમારામાં અને સિદ્ધ ભગવાનમાં શું અંતર રહ્યું?**

**ઉત્તર :-** કાંઈ પણ અંતર ન રહ્યું; માત્ર અજ્ઞાનીની માન્યતાનું અંતર છે.

**પ્રશ્ન-૩૫ :- વિશ્વની દરેક વ્યવસ્થા વ્યવસ્થિત જ છે--એવું શાસ્ત્રોમાં ક્યા બતાવ્યું છે?**

**ઉત્તર :-** શ્રી પ્રવચનસાર, ગાથા-૯૩માં 'પારમેશ્વરી વ્યવસ્થા' કહ્યું છે. વિશ્વની વ્યવસ્થા બધી વ્યવસ્થિત જ છે, તેમાં જરા પણ હેર-ફેર નથી થઈ શકતી.

**પ્રશ્ન-૩૬ :- નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ થાય છે- લોકો એમ કેમ કહે છે?**

**ઉત્તર :-** ચારેય ગતિમાં ફરીને નિગોદમાં જવું સારું લાગે છે; માટે કહે છે.

**પ્રશ્ન-૩૭ :- હું મનુષ્ય છું—એ વાક્યમાં અસ્તિત્વગુણને ક્યારે માન્યું અને ક્યારે ન માન્યું?**

**ઉત્તર :-** (૧) સંયોગરૂપ ઔદારિક - તૈજસ-કાર્મણ-ભાષા-મનમાં અનંત પુદ્ગલોના અસ્તિત્વથી, મારા જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજ જીવતત્ત્વના અસ્તિત્વનો કોઈ પણ પ્રકારનો સંબંધ નથી - એવો અનુભવ-જ્ઞાન વર્તે ત્યારે અસ્તિત્વગુણને માન્યું. (૨) જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજ જીવતત્ત્વના એક અસ્તિત્વને ભૂલીને, સંયોગરૂપ અનંત પુદ્ગલોના અસ્તિત્વમાં, એક આત્માના અસ્તિત્વની કલ્પના

કરનારાએ અસ્તિત્વગુણને માન્યો નથી.

**પ્રશ્ન-૩૮ :- સંયોગરૂપ અનંત પુદ્‌ગલોના અસ્તિત્વમાં, એક આત્માનું અસ્તિત્વ, એટલે કે હું મનુષ્ય છું, એમ માનવાનું શું ફળ છે?**

ઉત્તર :- ચારેય ગતિમાં ફરીને નિગોદ આ મિથ્યા માન્યતાનું ફળ છે.

**પ્રશ્ન-૩૯ :- પુદ્‌ગલના અસ્તિત્વમાં, એક આત્માના અસ્તિત્વરૂપ નિગોદબુદ્ધિનો અભાવ કેમ થાય? ત્યારે અસ્તિત્વગુણને માન્યો કહેવાય?**

ઉત્તર :- સંયોગરૂપ ઔદારિક-તેજસ-કાર્મણ-ભાષા-મનમાં અનંત પુદ્‌ગલોના અસ્તિત્વથી, મારા જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજ જીવતત્ત્વના અસ્તિત્વને, કોઈપણ પ્રકારે, કોઈપણ અપેક્ષાએ, કર્તા-ભોક્તાનો સંબંધ નથી, કેમકે દરેક અસ્તિત્વના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-અલગ-અલગ છે - એમ જાણીને, જ્ઞાન-દર્શન-ઉપયોગમયી નિજ જીવતત્ત્વના અસ્તિત્વ તરફ દૃષ્ટિ કરે તો નિગોદબુદ્ધિનો અભાવ થઈને, ધર્મની પ્રાપ્તિ કરે, ત્યારે અસ્તિત્વગુણને માન્યું; પછી અનુપચરિતઅસદ્‌ભુતવ્યવહારનયથી હું મનુષ્ય છું - એમ કહી શકાય છે, પરંતુ એમ છે નહિ.

**પ્રશ્ન-૪૦ :- (૧) કુંભારે ઘડો બનાવ્યો; (૨) સ્ત્રીએ રોટલી બનાવી; (૩) બાઈએ અગ્નિથી પાણી ગરમ કર્યું; (૩) મેં પુસ્તક બનાવ્યું; (૪) અધર્મદ્રવ્યએ જીવ પુદ્‌ગલને ઠરાવ્યા; (૫) કેવળજ્ઞાનાવરણીયના અભાવથી કેવળજ્ઞાન થયું; (૬) તેણે ગાળ આપી તો મને ગુસ્સો આવ્યો; (૭) મેં પથારી કરી; (૮) હું સવારે ઉઠ્યો; (૯) મેં પેટી ઉઠાવી; (૧૦) કુંદકુંદ ભગવાને સમયસાર બનાવ્યું — આ વાક્યોમાં અસ્તિત્વગુણ સમજાવો?**



ઉત્તર :- કૃપા કરીને પ્રશ્ન-૩૮ થી ૪૦ સુધીનો જાતે અભ્યાસ કરો.

**પ્રશ્ન-૪૧ :- અસ્તિત્વગુણની જાતિ કેટલા પ્રકારની છે?**

ઉત્તર :- છ પ્રકારની છે, કેમકે વિશ્વમાં છ જાતિના જ દ્રવ્યો છે.

**પ્રશ્ન-૪૨ :- અસ્તિત્વગુણનું ક્ષેત્ર કેટલું મોટું છે અને શું કામ છે?**

ઉત્તર :- જેટલું દ્રવ્યનું ક્ષેત્ર, તેટલું જ ગુણનું ક્ષેત્ર છે કારણ કે અસ્તિત્વગુણ, દ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં જોવા મળે છે.

**પ્રશ્ન-૪૩ :- જીવના અસ્તિત્વગુણનું ક્ષેત્ર કેટલું મોટું છે?**

ઉત્તર :- અસંખ્યાત પ્રદેશી છે.

**પ્રશ્ન-૪૪ :- શું જીવ સિવાય બીજા કોઈપણ દ્રવ્યના અસ્તિત્વગુણનું ક્ષેત્ર અસંખ્યાત પ્રદેશી છે?**

ઉત્તર :- ધર્મ, અધર્મદ્રવ્યના અસ્તિત્વગુણનું ક્ષેત્ર પણ અસંખ્યાત પ્રદેશી છે.

**પ્રશ્ન-૪૫ :- કાળ અને પરમાણુના અસ્તિત્વગુણનું ક્ષેત્ર કેટલું છે?**

ઉત્તર :- એક પ્રદેશી છે.

**પ્રશ્ન-૪૬ :- આકાશદ્રવ્યના અસ્તિત્વગુણનું ક્ષેત્ર કેટલું છે?**

ઉત્તર :- અનંતપ્રદેશી છે.

**પ્રશ્ન-૪૭ :- અસ્તિત્વગુણનો કાળ કેટલો છે?**

ઉત્તર :- જેટલો દ્રવ્યનો કાળ છે, તેટલો જ અસ્તિત્વગુણનો કાળ છે, એટલે કે અનાદિ-અનંત છે, કેમકે અસ્તિત્વગુણ, દ્રવ્યની સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાળ રહે છે.

**પ્રશ્ન-૪૮ :- અસ્તિત્વગુણને પહેલા નંબરે કેમ રાખ્યો છે?**

ઉત્તર :- પહેલા વસ્તુમાં 'હયાતીપણું' 'મૌજુદગીપણું' છે-એવો નિર્ણય થવાથી જ અન્ય ધર્મ થઈ શકે છે; માટે અસ્તિત્વગુણને પહેલા કહ્યો છે.

**પ્રશ્ન-૪૯ :- જ્ઞાની, અસ્તિત્વગુણને કેવું જાણે છે અને અજ્ઞાની કેવું જાણે છે?**

ઉત્તર :- મારું અસ્તિત્વ મારા દ્રવ્ય-ગુણ-પર્યાયથી છે; પરથી નથી—એવું જ્ઞાની જાણે છે અને મારું અસ્તિત્વપણું પરથી છે—એવું અજ્ઞાની માને છે.

**પ્રશ્ન-૫૦ :- એવી કઈ ખોટી માન્યતા છે, જેનાથી સમ્યક્ત્વ નથી થતું?**

ઉત્તર :- પોતાના અસ્તિત્વનો સ્વીકાર ન કરતા, પરના અસ્તિત્વને પોતાનું અસ્તિત્વ માનવાને કારણે સમ્યગ્દર્શન નથી થતું.

**પ્રશ્ન-૫૧ :- અસ્તિત્વ કેટલા પ્રકારના છે?**

ઉત્તર :- ચાર પ્રકારના છે - (૧) પરદ્રવ્યનું અસ્તિત્વ; (૨) વિકારી-પર્યાયનું અસ્તિત્વ; (૩) અપૂર્ણ-પૂર્ણ, શુદ્ધપર્યાયનું અસ્તિત્વ; (૪) ત્રિકાળી દ્રવ્યનું અસ્તિત્વ.

**પ્રશ્ન-૫૨ :- કોના-કોના અસ્તિત્વથી ધર્મની પ્રાપ્તિ થતી નથી અને કોના અસ્તિત્વથી ધર્મની પ્રાપ્તિ થાય છે.**

ઉત્તર :- (૧) પરના અસ્તિત્વથી, (૨) વિકાર પર્યાયના અસ્તિત્વથી, (૩) અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાયના અસ્તિત્વના આશ્રયે, ક્યારેય પણ ધર્મની પ્રાપ્તિ નથી થતી. એકમાત્ર પોતાના ત્રિકાળી સ્વભાવના અસ્તિત્વના આશ્રયે જ ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.

**પ્રશ્ન-૫૩ :- અસ્તિત્વગુણ જડ છે કે ચેતન અને કેમ?**

ઉત્તર :- બંને છે; જીવનું ચેતન છે; બાકી દ્રવ્યોનું અસિત્વગુણ



જડ છે.

**પ્રશ્ન-૫૪ :- હું અજર-અમર છું - કેવી રીતે જાણ્યું?**

ઉત્તર :- અસ્તિત્વગુણથી જાણ્યું.

**પ્રશ્ન-૫૫ :- મારો કદી નાશ નથી થતો, ન કદી ઉત્પન્ન થાવ છું એ કેવી રીતે જાણ્યું?**

ઉત્તર :- અસ્તિત્વગુણથી જાણ્યું.

**પ્રશ્ન-૫૬ :- કોઈ ઈશ્વરને સૃષ્ટિનો કર્તા, રક્ષક અને નાશ કરનાર કહે તો ક્યા ગુણને નથી માન્યું?**

ઉત્તર :- તેણે અસ્તિત્વગુણને નથી માન્યું.

**પ્રશ્ન-૫૭ :- કોઈ કર્મને સૃષ્ટિનો કર્તા, રક્ષક, નાશક કહે તો તેણે ક્યા ગુણને નથી માન્યો?**

ઉત્તર :- તેણે અસ્તિત્વગુણને નથી માન્યું.

**પ્રશ્ન-૫૮ :- અસ્તિત્વગુણ, રૂપી છે કે અરૂપી કેમ?**

ઉત્તર :- બંને છે; પુદ્‌ગલનું અસ્તિત્વગુણ રૂપી છે; બાકી દ્રવ્યોનું અસ્તિત્વગુણ અરૂપી છે.

**પ્રશ્ન-૫૯ :- ક્યા દ્રવ્યોનું અસ્તિત્વગુણ, ગતિ કરે છે?**

ઉત્તર :- જીવ અને પુદ્‌ગલનું અસ્તિત્વગુણ ગતિ કરે છે.

**પ્રશ્ન-૬૦ :- ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્યનું અસ્તિત્વગુણ ગતિ કેમ નથી કરતું?**

ઉત્તર :- ધર્માદિ દ્રવ્યમાં ક્રિયાવતીશક્તિ નામનો ગુણ ન હોવાથી તેનું અસ્તિત્વગુણ ગતિ નથી કરતું.

**પ્રશ્ન-૬૧ :- અસ્તિત્વગુણને સમજવાથી અન્યમતની કઈ માન્યતાનો અભાવ થઈ જાય છે?**

ઉત્તર :- (૧) ઈશ્વર, ઉત્પન્ન, રક્ષા, નાશ કરે છે. (૨) કર્મ, ઉત્પન્ન, રક્ષા, નાશ કરે છે-એવી અન્યમતની ખોટી માન્યતાનો નાશ

થઈ જાય છે.

**પ્રશ્ન-૬૨ :- અસ્તિત્વગુણ ક્યા દ્રવ્યમાં નથી?**

**ઉત્તર** :- એવું કોઈપણ દ્રવ્ય નથી, જેમાં અસ્તિત્વગુણ જોવા ન મળે, કેમકે અસ્તિત્વગુણ દરેક દ્રવ્યનો સામાન્યગુણ છે.

**પ્રશ્ન-૬૩ :- ત્રિકાળ કાયમ કોણ રહે છે?**

**ઉત્તર** :- પ્રત્યેક દ્રવ્ય અને તેના ગુણ, ત્રિકાળ કાયમ રહે છે.

**પ્રશ્ન-૬૪ :- પ્રત્યેક દ્રવ્ય અને ગુણ, ત્રિકાળ કાયમ ક્યા કારણે રહે છે?**

**ઉત્તર** :- અસ્તિત્વગુણને કારણે.

**પ્રશ્ન-૬૫ :- આ લોકનો ભય, પરલોકના ભય મટાડવા માટે ક્યા ગુણના મર્મને જાણવું જોઈએ?**

**ઉત્તર** :- અસ્તિત્વગુણના મર્મને જાણવું જોઈએ.

**પ્રશ્ન-૬૬ :- કોઈ દ્રવ્ય પહેલા ન હોય અને પછી ઉત્પન્ન થાય એવું બની શકે?**

**ઉત્તર** :- બિલકુલ નહિ, કેમકે દરેક દ્રવ્ય, અસ્તિત્વગુણને કારણે અનાદિ-અનંત છે; પહેલા-પછીનો પ્રશ્ન જ ખોટો છે.

**પ્રશ્ન-૬૭ :- સંસારમાં કોઈપણ દ્રવ્યનો નાશ નથી થતો અને કદી ઉત્પન્ન નથી થતો-તેની સિદ્ધિ કેટલા પ્રકારે થઈ શકે છે?**

**ઉત્તર** :- કરોડો પ્રકારથી થઈ શકે છે. પ્રથમાનુયોગના શાસ્ત્રોમાં તો પાને-પાને આ વાત લખી છે.

**પ્રશ્ન-૬૮ :- અસ્તિત્વની સિદ્ધિના કેટલાક ઉદાહરણ આપી સમજાવો.**

**ઉત્તર** :- (૧) ભગવાન મહાવીરથી, (૨) પાર્શ્વનાથ ભગવાનથી, (૩) જે કર્તા છે, તે ભોક્તા છે, (૪) વ્યંતરોથી, (૫) સર્પથી,



(૬) રાગ નીકળી જાય છે, જ્ઞાન રહી જાય છે, (૭) વૃદ્ધપણાથી, (૮) ચરણાનુયોગથી, (૯) કરણાનુયોગથી, (૧૦) દ્રવ્યાનુયોગથી અસ્તિત્વની સિદ્ધિ થાય છે.

**પ્રશ્ન-૬૯ :- 'ભગવાન મહાવીરથી,' અસ્તિત્વની સિદ્ધિ ક્યા પ્રકારે થાય છે?**

**ઉત્તર** :- જે આદિનાથ ભગવાનના સમયમાં મારિચ હતો, તે કેટલીવાર નિગોદ ગયો; તેણે જ સિંહની પર્યાયમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું; તે જ જીવે નંદરાજાના ભવમાં તીર્થંકર નામકર્મ બાંધ્યું, તે જીવ જ મહાવીર તીર્થંકર કહેવાયા, તે જ મોક્ષે ગયા. જુઓ આત્મા 'તેનો તે.' રહ્યો, તો અસ્તિત્વની સિદ્ધિ થઈ ગઈ. મિથ્યાદષ્ટિ જીવ પર્યાયદષ્ટિ કરીને પાગલ બને છે; જ્ઞાની સ્વભાવદષ્ટિ કરીને મોક્ષ ચાલ્યો જાય છે.

**પ્રશ્ન-૭૦ :- 'પાર્શ્વનાથ ભગવાનથી' અસ્તિત્વની સિદ્ધિ ક્યા પ્રકારે થાય છે?**

**ઉત્તર** :- મરુભૂતિના ભવમાં કમઠના પત્થર પડવાથી મૃત્યું થયું; તેણે જ હાથીની પર્યાયમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું અને સર્પના ડંખથી મૃત્યું થયું; તે જ અગ્નિવેગ મુનિ થયા, ત્યાં અજગર ગળી ગયો; ત્યાં વ્રજનાભી ચક્રવર્તી બન્યા; તે જ આનંદ મુનિ થયા; તે જ આરાધના કરતા-કરતા ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ થયા. મરૂભૂતિથી લઈને સિદ્ધદશા સુધી તે જ આત્મા રહ્યો. જુઓ! તેથી અસ્તિત્વની સિદ્ધિ કહે છે.

**પ્રશ્ન-૭૧ :- 'જે કર્તા છે, તે જ ભોક્તા છે.' તેનાથી અસ્તિત્વની સિદ્ધિ કેમ થઈ?**

**ઉત્તર** :- દ્રવ્યદષ્ટિથી જોવામાં આવે તો 'જે કર્તા છે, તે જ ભોગતા છે' જેમ મનુષ્ય પર્યાયમાં જે જીવે શુભભાવ કર્યા, એ

જ જીવદ્રવ્યે દેવાદિની પર્યાયમાં પોતાના કરેલા ફળને ભોગવ્યા. માટે ભૂતકાળમાં જે જીવે જેવા ભાવ કર્યા, તે જ જીવ વર્તમાનમાં ભોગવે છે; બીજો નહિ. તેને અસ્તિત્વની સિદ્ધિ થઈ ગઈ.

**પ્રશ્ન-૭૨ :- 'વ્યંતરોથી' અસ્તિત્વની સિદ્ધિ કેવી રીતે થાય છે?**

ઉત્તર :- કોઈ બાઈને વ્યંતર આવતું હતું, તે બોલતી હતી 'હું આની જેઠાણી છું', આ મારો બધો માલ ખાઈ ગઈ, હું તેને નહિ છોડું. તેનાથી સિદ્ધ થયું કે પહેલા જેઠાણીનો જીવ હતો, એ જ વર્તમાનમાં વ્યંતર થઈ. જે જીવ જેઠાણીમાં હતો, તે જ વ્યંતરમાં રહ્યો, એ પ્રકારે વ્યંતરથી અસ્તિત્વની સિદ્ધિ થાય છે. એ પ્રકારે અન્યમાં પણ સમજી લેવું જોઈએ.

**પ્રશ્ન-૭૩ :- અસ્તિત્વનો શો અર્થ છે?**

ઉત્તર :- અસ્તિ = હોવું. ત્વ = પણું એટલે કે હોવાપણું.

**પ્રશ્ન-૭૪ :- જે છે, તેનો નાશ નથી થતો અને ઉત્પન્ન નથી થતું એ કેવી રીતે જાણ્યું?**

ઉત્તર :- અસ્તિત્વગુણથી જાણ્યું.

**પ્રશ્ન-૭૫ :- છએ દ્રવ્યો ભૂતકાળમાં હતા, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે - એ કેવી રીતે જાણ્યું?**

ઉત્તર :- અસ્તિત્વગુણથી જાણ્યું.

**પ્રશ્ન-૭૬ :- હું છું અને જગત પણ છે; હું મારામાંથી છું; જગત જગતમાં છે - એ કેવી રીતે જાણ્યું?**

ઉત્તર :- અસ્તિત્વગુણથી જાણ્યું.

**પ્રશ્ન-૭૭ :- મને કોઈ મારી કે જીવાડી નથી શકતું - તે કેવી રીતે જાણ્યું?**

ઉત્તર :- અસ્તિત્વગુણથી જાણ્યું.



**પ્રશ્ન-૭૮ :- હું સ્વતંત્ર અનાદિ અનંત પોતાના કારણે છું; મારો કોઈથી નાશ કે ઉત્પત્તિ નથી - એ કેવી રીતે જાણ્યું?**

ઉત્તર :- અસ્તિત્વગુણથી જાણ્યું.

**પ્રશ્ન-૭૯ :- અસ્તિત્વગુણ અને અસ્તિમાં શું અંતર છે?**

ઉત્તર :- અસ્તિત્વગુણ દરેક દ્રવ્યનો સામાન્યગુણ છે અને અસ્તિ હોવાપણાને કહે છે.

**પ્રશ્ન-૮૦ :- જાતિ અપેક્ષાએ અસ્તિત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- જાતિ અપેક્ષાએ વિશ્વમાં છ દ્રવ્ય છે; માટે જાતિ અપેક્ષાએ વિશ્વમાં છ અસ્તિત્વગુણ છે.

**પ્રશ્ન-૮૧ :- સંખ્યા અપેક્ષાએ અસ્તિત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- જીવના અસ્તિત્વગુણ અનંત; પુદ્ગલના અસ્તિત્વગુણ અનંતા અનંત; ધર્મ-અધર્મ-આકાશના અસ્તિત્વગુણ એક-એક; અને કાળદ્રવ્યના અસ્તિત્વગુણ લોકપ્રમાણ અસંખ્યાત્ છે, કેમકે દરેક દ્રવ્યમાં એક-એક અસ્તિત્વગુણ છે.

**પ્રશ્ન-૮૨ :- સંખ્યા અપેક્ષાએ અસંખ્યાત પ્રદેશી અસ્તિત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- અનંત જીવોના અનંત અસંખ્યાતપ્રદેશી અસ્તિત્વગુણ છે. ધર્મ-અધર્મ દ્રવ્યના એક-એક અસંખ્યાત પ્રદેશી અસ્તિત્વગુણ છે.

**પ્રશ્ન-૮૩ :- જાતિ અપેક્ષાએ કેટલા દ્રવ્યોના અસ્તિત્વગુણ અસંખ્યાત પ્રદેશી છે?**

ઉત્તર :- જીવ-ધર્મ-અધર્મ, આ ત્રણે દ્રવ્યોના અસ્તિત્વગુણ અસંખ્યાત પ્રદેશી છે.

**પ્રશ્ન-૮૪ :- અનંત પ્રદેશી અસ્તિત્વગુણ કેટલા છે અને શેમાં**

છે?

ઉત્તર :- અનંત પ્રદેશી અસ્તિત્વગુણ એક જ છે અને આકાશદ્રવ્યમાં છે.

**પ્રશ્ન-૮૫ :- એક પ્રદેશી અસ્તિત્વગુણ, સંખ્યા અપેક્ષાએ કેટલા છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્યના એક પ્રદેશી અસ્તિત્વગુણ, અનંતા અનંત છે અને કાળદ્રવ્યના એક પ્રદેશી અસ્તિત્વગુણ, લોકપ્રમાણ અસંખ્યાત છે.

**પ્રશ્ન-૮૬ :- એક જીવમાં કેટલા અસ્તિત્વ ગુણ છે?**

ઉત્તર :- એક જ છે.

**પ્રશ્ન-૮૭ :- સંયોગરૂપ ઔદારિક શરીરમાં કેટલા અસ્તિત્વગુણ છે?**

ઉત્તર :- સંયોગરૂપ ઔદારિક શરીરમાં જેટલા પરમાણુ છે, તેટલા જ અસ્તિત્વગુણ છે.

**પ્રશ્ન-૮૮ :- સંયોગરૂપ તૈજસશરીરમાં કેટલા અસ્તિત્વગુણ છે?**

ઉત્તર :- સંયોગરૂપ તૈજસશરીરમાં જેટલા પરમાણુ છે, તેટલા જ અસ્તિત્વગુણમાં છે.

**પ્રશ્ન-૮૯ :- સંયોગરૂપ કાર્મણશરીરમાં કેટલા અસ્તિત્વગુણ છે?**

ઉત્તર :- સંયોગરૂપે કાર્મણશરીરમાં જેટલા પરમાણુ છે, તેટલા જ અસ્તિત્વગુણમાં છે.

**પ્રશ્ન-૯૦ :- શબ્દમાં કેટલા અસ્તિત્વગુણ છે?**

ઉત્તર :- શબ્દમાં જેટલા પરમાણુ છે, તેટલા જ અસ્તિત્વગુણ છે.



**પ્રશ્ન-૯૧ :- દ્રવ્યમનમાં કેટલા અસ્તિત્વગુણ છે?**

ઉત્તર :- દ્રવ્યમનમાં જેટલા પરમાણુ છે, તેટલા જ અસ્તિત્વગુણ છે.

**પ્રશ્ન-૯૨ :- વિશ્વમાં કેટલા અસ્તિત્વગુણ છે?**

ઉત્તર :- જેટલા વિશ્વમાં દ્રવ્ય છે, તેટલા જ અસ્તિત્વગુણ છે.

**પ્રશ્ન-૯૩ :- વિશ્વમાં જેટલા દ્રવ્ય છે, તેટલા જ વિશ્વમાં અસ્તિત્વગુણ છે - આ કોને કહ્યું છે?**

ઉત્તર :- જિન-જિનવર અને જિનવરવૃષભોએ કહ્યું છે.

**પ્રશ્ન-૯૪ :- જિન-જિનવર જિનવવરવૃષભોના આ કથનથી શું સિદ્ધ થાય છે?**

ઉત્તર :- અનંત જ્ઞાનીઓનો એક મત છે, એ સિદ્ધ થાય છે.

**પ્રશ્ન-૯૫ :- વિશ્વમાં જેટલા દ્રવ્ય છે, તેટલા અસ્તિત્વગુણ છે, તેને જાણીને સમ્યગ્દષ્ટિ શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- કેવળી સમાન સંપૂર્ણ અસ્તિત્વગુણોનું જ્ઞાન થઈ જાય છે. અને પોતાના અનંત અસ્તિત્વગુણરૂપ અભેદ આત્મામાં સ્થિરતા કરીને શ્રેણી માંડીને સિદ્ધદશાની પ્રાપ્તિ કરી લે છે.

**પ્રશ્ન-૯૬ :- વિશ્વમાં જેટલા દ્રવ્ય છે, તેટલા જ અસ્તિત્વગુણ છે, તેને જાણીને સમ્યક્ત્વની સન્મુખ મિથ્યાદષ્ટિ શું કરે છે?**

ઉત્તર :- અહો! જિન-જિનવર-જિનવવૃષભોએ જેટલા દ્રવ્ય છે, તેટલા જ અસ્તિત્વગુણ બતાવ્યા છે. એમ માનસિકજ્ઞાનમાં લેવાથી ગૃહીતમિથ્યાત્વનો અભાવ થઈ જાય છે, સાથે અસ્તિત્વગુણરૂપ પોતાના અભેદ આત્માનો આશ્રય લઈને જ્ઞાની થઈ જાય છે અને પછી ક્રમથી જ્ઞાનીની સમાન સિદ્ધદશા પ્રાપ્ત કરી લે છે.

**પ્રશ્ન-૯૭ :- વિશ્વમાં જેટલા દ્રવ્યો છે, તેટલા જ અસ્તિત્વગુણ છે, તેને સાંભળીને અપાત્ર મિથ્યાદષ્ટિ શું કરે છે?**

ઉત્તર :- વિશ્વમાં જેટલા દ્રવ્ય છે, તેટલા જ અસ્તિત્વગુણ છે - એ વાતનો વિરોધ કરીને ગૃહીતમિથ્યાત્વની પુષ્ટિ કરીને નિગોદમાં ચાલ્યો જાય છે.

**પ્રશ્ન-૧૦૧ :- સંક્ષિપ્તમાં અસ્તિત્વગુણ શું બતાવે છે?**

ઉત્તર :- વિશ્વમાં અનંત જીવોના અનંત અસ્તિત્વ છે; પુદ્ગલોના અનંતાઅનંત અસ્તિત્વ છે; ધર્મ-અધર્મ-આકાશના એક-એક અસ્તિત્વ છે; કાળદ્રવ્યના લોકપ્રમાણ અસંખ્યાત અસ્તિત્વ છે. એક દ્રવ્યના અસ્તિત્વન, બીજા દ્રવ્યોના અસ્તિત્વ સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી, કેમકે પ્રત્યેક દ્રવ્યના અસ્તિત્વનું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અલગ-અલગ છે - એમ થોડામાં અસ્તિત્વગુણ બતાવે છે.

**પ્રશ્ન-૧૦૨ :- આ પાઠમાં અસ્તિત્વગુણના ક્યા ક્યા લાભ આવે છે?**

ઉત્તર :- (૧) બધા દ્રવ્યો અનાદિ-અનંત છે; (૨) બધા દ્રવ્યો અજર-અમર છે; (૩) સાત પ્રકારના ભયનો અભાવ થઈ જાય છે; (૪) ઈશ્વર ઉત્પન્ન કરે છે; (૫) ઈશ્વર રક્ષા કરે છે; (૬) ઈશ્વર નાશ કરે છે; (૭) કર્મ ઉત્પન્ન કરે છે; (૮) કર્મ, રક્ષા કરે છે; અને (૯) કર્મ, નાશ કરે છે - એવી ખોટી માન્યતાનો અભાવ થઈ જાય છે; (૧૦) હું બીજાને અથવા બીજા મને ઉત્પન્ન કરે છે; (૧૧) હું બીજાની અને બીજા મારી રક્ષા કરે છે; (૧૨) હું બીજાને અથવા બીજા મારો નાશ કરે છે—એવી ખોટી માન્યતાનો અભાવ થાય છે; (૧૩) ઉત્પાદ-વ્યય-ધ્રુવની સિદ્ધિ થઈ જાય છે; (૧૪) અસ્તિત્વની સિદ્ધિ ચારેય અનુયોગથી તથા અનેક બીજા



પ્રકારે થઈ જાય છે; (૧૫) જેટલા દ્રવ્ય છે, એટલા જ અસ્તિત્વગુણ છે. આ ૧૫ લાભ અસ્તિત્વગુણના જાણવાથી છે, એવું આ પાઠમાં બતાવ્યું છે.

**પ્રશ્ન-૧૦૩ :- પૂર્વ પ્રશ્નમાં સમાગત લાભોમાં કઈ ચાર વાતો પ્રત્યેક લાભ ઉપર લગાવી જોઈએ?**

ઉત્તર :- (૧) જિન-જિનવર અને જિનવવરવૃષભ શું કહે છે? (૨) જિન-જિનવર અને જિનવરવૃષભોના કથનને સાંભળીને જ્ઞાની શું જાણે છે અને શું કરે છે? (૩) જિન-જિનવર અને જિનવરવૃષભોના કથન સાંભળીને સમ્યક્ત્વની સન્મુખ મિથ્યાદષ્ટિ જીવ શું જાણે છે અને શું કરે છે? (૪) જિન-જિનવર અને જિનવરવૃષભોના કથન સાંભળીને અપાત્ર મિથ્યાદષ્ટિ શું જાણે છે અને શું કરે છે?

●●

૧૨

## વસ્તુત્વગુણ

વસ્તુત્વગુણ કે યોગ સે, હો દ્રવ્ય મેં સ્વ-સ્વ ક્રિયા,
સ્વાધીન ગુણ-પર્યાય કા હી, પાન દ્રવ્યો ને કિયા.
સામાન્ય ઔર વિશેષતા સે કર રહે નિજ કામ કો,
યોં માનકર વસ્તુત્વ કો, પાવો વિમલ શિવધામ કો.

**પ્રશ્ન-૧ :- વસ્તુત્વગુણ શું છે?**

ઉત્તર :- વસ્તુત્વગુણ પ્રત્યેક દ્રવ્યનો સામાન્યગુણ છે.

**પ્રશ્ન-૨ :- વસ્તુત્વગુણ કોને કહે છે?**

ઉત્તર :- જે શક્તિને કારણ, દ્રવ્યમાં અર્થક્રિયાકારિત્વ હોય તેને વસ્તુત્વગુણ કહે છે.

**પ્રશ્ન-૩ :- અર્થક્રિયાકારિત્વનો શો આશય છે?**

ઉત્તર :- પ્રયોજનભૂત ક્રિયા.

**પ્રશ્ન-૪ :- પ્રયોજનભૂત ક્રિયાનું તાત્પર્ય પણ અમે નથી સમજ્યા?**

ઉત્તર :- પ્રયોજનભૂતક્રિયા એટલે કે પોતપોતાનું કાર્ય.

**પ્રશ્ન-૫ :- આપે વસ્તુત્વગુણની પરિભાષામાં અર્થક્રિયા કારિત્વ, પ્રયોજનભૂત ક્રિયા, 'પોતપોતાનું કાર્ય' કહ્યું, પણ વસ્તુત્વગુણનું પ્રયોજન અમારી સમજમાં નથી આવ્યું?**

ઉત્તર :- જેમ, અમારા ઘરમાં છ પુરુષો - સ્ત્રી, દીકરો, દીકરી, બહેન, ફઈ અને ભાઈ છે. એ બધા પોતપોતાના જેવા સંબંધો છે, તેવા-તેવા તે કાર્યો કરે છે; તે પ્રકારે સંસારમાં જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય છે. દરેક દ્રવ્ય, પોત-પોતાના કાર્યો કરે છે, તેનું નામ અર્થક્રિયાકારિત્વ, પ્રયોજનભૂતક્રિયા છે.



**પ્રશ્ન-૬ :- આ વાતને જરા વધારે સ્પષ્ટ કરો.**

ઉત્તર :- જેમ, (૧) આંખ જોવાનું કાર્ય કરે છે; (૨) નાક, સુંઘવાનું; (૩) કાન સાંભળવાનું; (૪) મો ચાખવાનું; (૫) હાથ સ્પર્શનું કાર્ય કરે છે; તે પ્રકારે દરેક દ્રવ્યમાં અનંત અનંત ગુણ છે, તે પોતપોતાના કાર્ય કરે છે. જેમ જીવનો શ્રદ્ધાગુણ શ્રદ્ધાનું જ કાર્ય કરશે; જ્ઞાનગુણ જ્ઞાનનું જ કાર્ય કરશે - પુદ્‌ગલનો સ્પર્શગુણ, સ્પર્શનું જ કાર્ય કરશે અને ગંધગુણ, ગંધનું જ કાર્ય કરશે.

**પ્રશ્ન-૭ :- (૧) શું પ્રત્યેક દ્રવ્યમાં અનંતગુણ છે, શું દરેક દ્રવ્યનો દરેક ગુણ પોતપોતાના પ્રયોજનભૂત કાર્ય કર્યા જ કરે છે? (૨) શું કોઈપણ ગુણ, એક સમય માટે પણ પ્રયોજનભૂતક્રિયથી રહિત નથી થતું?**

ઉત્તર :- (૧) હા; પ્રત્યેક દ્રવ્યમાં અનંતગુણ છે અને પ્રત્યેક દ્રવ્યના પ્રત્યેક ગુણ, પોતાના પ્રયોજનભૂત કાર્ય કર્યા જ કરે છે. (૨) કોઈપણ ગુણ, એક સમય માટે પણ પ્રયોજનભૂતક્રિયાથી રહિત નથી થતા.

**પ્રશ્ન-૮ :- સિદ્ધ ભગવાનમાં પૂર્ણ ક્ષાયિકપણું પ્રગટ થઈ ગયું છે, તો શું તેનું પ્રયોજનભૂત કાર્ય પૂરું થઈ ગયું છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે અનંતગુણોમાંથી પ્રત્યેક સમયે નિર્મળ ક્ષાયિકપરિણમનરૂપ પ્રયોજનભૂત કાર્ય થતું જ રહે છે.

**પ્રશ્ન-૯ :- દ્રવ્યને વસ્તુ કેમ કહે છે?**

ઉત્તર :- વસ્તુત્વગુણને કારણે.

**પ્રશ્ન-૧૦ :- ગોમ્મટસારમાં વસ્તુ કોને કહે છે?**

ઉત્તર :- (૧) જેમાં ગુણ પર્યાય રહેતી હો; (૨) જેમાં સામાન્ય-વિશેષ સ્વભાવ હો તેને વસ્તુ કહે છે. (૩) દરેક દ્રવ્ય પોતપોતાનું પ્રયોજનભૂત કાર્ય કરે છે; માટે દરેક દ્રવ્યને વસ્તુ કહે છે.

**પ્રશ્ન-૧૧ :- વસ્તુ શું સૂચવે છે?**

ઉત્તર :- દરેક વસ્તુના ગુણ-પર્યાય પોતપોતામાં જ રહે છે; એકના બીજામાં નથી રહેતા.

**પ્રશ્ન-૧૨ :- દરેક વસ્તુના ગુણ-પર્યાય પોતામાં જ રહે છે, એકના બીજામાં નથી રહેતા, એનાથી અમને શો લાભ?**

ઉત્તર :- મારા ગુણ-પર્યાય મારામાં જ રહે છે; શરીમાં અથવા પરદ્રવ્યોમાં રહેતા નથી - એમ જાણીને પોતાના ગુણોના અભેદરૂપ વસ્તુ છે, તેનો આશ્રય લે તો ધર્મની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૧૩ :- (૧) જ્ઞાનગુણ, (૨) ચારિત્રગુણ, (૩) સ્પર્શગુણ, (૪) રસગુણ, (૫) ગતિહેતુત્વગુણ, (૬) શ્રદ્ધાગુણ, (૭) અસ્તિત્વગુણ, (૮) દર્શનગુણ, (૯) ગંધગુણ, (૧૦) વર્ણગુણ, (૧૧) ક્રિયાવતીશક્તિ, (૧૨) અવગાહનહેતુત્વ વગેરે ગુણોના પ્રયોજનભૂત કાર્ય ક્યા-ક્યા છે?**

ઉત્તર :- (૧) જ્ઞાનગુણનું પ્રયોજનભૂત કાર્ય, મતિજ્ઞાન આદિ આઠ પ્રકારનું છે. (૨) ચારિત્રગુણનું પ્રયોજનભૂત કાર્ય શુદ્ધ અને અશુદ્ધ બે પ્રકારનું છે. (૩) સ્પર્શગુણનું પ્રયોજનભૂત કાર્ય, આઠ પ્રકારના છે. (૪) રસગુણનું પ્રયોજનભૂત કાર્ય, પાંચ પ્રકારના છે. (૫) ગતિહેતુત્વનું પ્રયોજનભૂત કાર્ય, તેનું સમય-સમયનું શુદ્ધ પરિણમન છે. (૬) શ્રદ્ધાગુણનું પ્રયોજનભૂત કાર્ય મિથ્યાત્વ અને સમ્યક્ત્વરૂપ છે. (૭) અસ્તિત્વગુણનું પ્રયોજનભૂત કાર્ય, તેની શુદ્ધપર્યાય છે. (૮) દર્શનગુણનું પ્રયોજનભૂત કાર્ય, ચક્ષુદર્શનાદિ ચાર પ્રકારનું છે. (૯) ગંધગુણનું પ્રયોજનભૂત કાર્ય, સુગંધ-દુર્ગંધ બે પ્રકારનું છે. (૧૦) વર્ણગુણનું પ્રયોજનભૂત કાર્ય કાળો-લીલો આદિ પાંચ પ્રકારનું છે. (૧૧) ક્રિયાવતીશક્તિના પ્રયોજનભૂત કાર્ય ગમનરૂપ-સ્થિરરૂપ પરિણમન છે. (૧૨) અવગાહનહેતુત્વગુણનું કાર્ય શુદ્ધપરિણમન અવગાહનરૂપ છે.



**પ્રશ્ન-૧૪ :- (૧) મતિજ્ઞાન, (૨) સમ્યગ્દર્શન, (૩) કેવળજ્ઞાન, (૪) ખાટો, (૫) ગરમ, (૬) કાળો, (૭) સુગંધ (૮) ચીકણો, (૯) શુભ, (૧૦) શુદ્ધ, (૧૧) કેવળદર્શન, એ પ્રયોજનભૂત કાર્ય ક્યા-ક્યા ગુણોનું છે?**

ઉત્તર :- મતિજ્ઞાન, જ્ઞાનગુણનું; સમ્યગ્દર્શન, શ્રદ્ધાગુણનું; કેવળજ્ઞાન, જ્ઞાનગુણનું; ખાટો, રસગુણનું; ગરમ, સ્પર્શગુણનું; કાળો, વર્ણગુણનું; સુગંધ, ગંધગુણનું; ચીકણો, સ્પર્શગુણનું; શુભ-શુદ્ધ, ચારિત્રગુણનું અને કેવળદર્શન, દર્શનગુણનું પ્રયોજનભૂત કાર્ય છે.

**પ્રશ્ન-૧૫ :- કોઈ દ્રવ્યનું કે ગુણનું પ્રયોજનભૂત કાર્ય કોઈપણ સમયે પૂરું થાય છે કે નહિ?**

ઉત્તર :- પ્રયોજનભૂત કાર્યનો મતલબ કદી સમાપ્ત ન થવું, કેમકે કોઈ દ્રવ્ય કે ગુણ નકામા નથી, જે એક સમય પણ પ્રયોજનભૂત કાર્યરહિત હોય.

**પ્રશ્ન-૧૬ :- આ ટેબલ રહેલું છે, તેમાં શું પ્રયોજનભૂત કાર્ય થઈ રહ્યું છે?**

ઉત્તર :- આ ટેબલ અનંત પુદ્ગલ પરમાણુનો સ્કંધ છે. ટેબલમાં એક-એક પરમાણુ, પોતપોતાના અનંતગુણો સહિત પોતપોતાની પ્રયોજનભૂત ક્રિયા નરંતર કરી રહી છે.

**પ્રશ્ન-૧૭ :- વસ્તુત્વગુણ શું બતાવે છે?**

ઉત્તર :- દરેક ગુણ પોતપોતાના પ્રયોજનભૂત કાર્ય કર્યા જ કરે છે; એક સમયમાત્ર પણ એવો નથી કે જ્યારે તે પોતાના

પ્રયોજનભૂત કાર્યથી રહિત થઈ જાય.

**પ્રશ્ન-૧૮ :- વસ્તુત્વગુણને જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- (૧) દરેક દ્રવ્ય પોતપોતાનું પ્રયોજનભૂત કાર્ય કરતું જ રહે છે, ત્યારે મારું કાર્ય જ્ઞાતા-દૃષ્ટાનું છે - એવો અનુભવ, જ્ઞાન થવું. (૨) અનાદિથી પરમાં કરવા-ધરવા અને ભોક્તા-ભોગ્યની ખોટી બુદ્ધિનો અભાવ થઈને, પોતાને જ કરવા-ભોગવવાનો અનુભવ, જ્ઞાન, રમણતા થવી. (૩) મિથ્યાત્વનો અભાવ, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ. (૪) પોતામાં અપૂર્વ શાંતિની પ્રાપ્તિ. (૫) મોક્ષ તરફ આગળ વધવું (૬) કેવળીની સમાન જ્ઞાતા-દૃષ્ટાપણું પ્રગટ કરવું, તે વસ્તુત્વગુણને જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૧૯ :- જેને સમ્યગ્દર્શન નથી, શું તેણે વસ્તુત્વગુણને નથી જાણ્યું?**

ઉત્તર :- નથી જાણ્યું, કેમકે પોતાને જાણ્યા વિના બધું જ અરણ્ય રૂદન છે.

**પ્રશ્ન-૨૦ :- શાસ્ત્રોમાં આવે છે કે આ જીવ અનંતવાર અગ્યાર અંગ નવ પૂર્વનો અભ્યાસી થયો છે અને સમ્યગ્દર્શનને પ્રાપ્ત નથી કર્યું તો શું તેને પણ વસ્તુત્વગુણના રહસ્યની ખબર નથી?**

ઉત્તર :- હા, તેને પણ વસ્તુત્વગુણના રહસ્યની ખબર નથી.

**પ્રશ્ન-૨૧ :- શું દ્રવ્યલિંગી મુનિએ પણ વસ્તુત્વગુણનું રહસ્ય નથી જાણ્યું?**

ઉત્તર :- નથી જાણ્યું, કેમકે કુંદકુંદ ભગવાને દ્રવ્યલિંગી મુનિને સંસારના નેતા કહ્યા છે અને શ્રી મોક્ષમાર્ગપ્રકાશકમાં દ્રવ્યલિંગી મુનિને મિથ્યાદૃષ્ટિ, અસંયમી, પાપી કહ્યા છે.

**પ્રશ્ન-૨૨ :- ભગવાને કહ્યા અનુસાર વ્રત-સમિતિ વગેરે પાલન કર્યા, શું તેણે પણ વસ્તુત્વગુણના રહસ્યને નથી જાણ્યું?**



ઉત્તર :- નથી જાણ્યું, કેમકે વસ્તુત્વગુણનું રહસ્ય જાણતા જ મોક્ષનો પથિક બની જાય છે.

**પ્રશ્ન-૨૩ :- શું દ્રવ્યલિંગી મુનિ, મોક્ષના પથિક નથી?**

ઉત્તર :- તે ચારેય ગતિમાં રખડતો પરિભ્રમણ કરે છે; નિગોદનો જ પથિક બને છે, મોક્ષનો પથિક નથી.

**પ્રશ્ન-૨૪ :- વિશ્વમાં એવી વસ્તુના નામ બતાવો, જે પોતાના પ્રયોજનભૂત કાર્યને નથી કરતી?**

ઉત્તર :- એવી વસ્તુ વિશ્વમાં છે જ નહિ.

**પ્રશ્ન-૨૫ :- પોતાના કાર્ય માટે બીજાની મદદ ઇચ્છનારા ક્યા ગુણના મર્મને નથી જાણતા?**

ઉત્તર :- વસ્તુત્વગુણના મર્મને નથી જાણતા.

**પ્રશ્ન-૨૬ :- મારું હિત મારાથી છે, તેણે ક્યા ગુણને માન્યો?**

ઉત્તર :- વસ્તુત્વગુણને માન્યો.

**પ્રશ્ન-૨૭ :- વસ્તુત્વગુણનું રહસ્ય ન જાણે, તો શું થાય?**

ઉત્તર :- (૧) સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કદી પણ નથી થતી. (૨) જ્યારે સમ્યગ્દર્શન નહિ થાય તો પછી મોક્ષનો પ્રશ્ન જ નથી રહેતો. (૩) પરમાં કરવા-ધરવાની માન્યતા કરી-કરીને નિગોદમાં ચાલ્યો જશે. (૪) બીજો મારું ભલું-બૂરું કરે, અથવા હું બીજાનું ભલું-બૂરું કરું- એવી આકુળતામાં જ સળગતો રહેશે. (૫) દરેક સમયે દુઃખ વધારતો જશે.

**પ્રશ્ન-૨૮ :- વસ્તુત્વગુણને જાણનારને કોની અપેક્ષા અને કોની ઉપેક્ષા રહે છે?**

ઉત્તર :- પોતાની અપેક્ષા અને પરની ઉપેક્ષા રહે છે.

**પ્રશ્ન-૨૯ :- વસ્તુત્વગુણને નહિ જાણનારને કોની ઉપેક્ષા અને કોની અપેક્ષા રહે છે?**

ઉત્તર :- પોતાની ઉપેક્ષા અને પરની અપેક્ષા રહે છે.

**પ્રશ્ન-૩૦ :- વસ્તુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- જેટલા દ્રવ્ય છે તેટલા જ વસ્તુત્વગુણ છે, કેમકે દરેક દ્રવ્યમાં એક-એક વસ્તુત્વગુણ જોવા મળે છે.

**પ્રશ્ન-૩૧ :- વસ્તુત્વગુણ જડ છે કે ચેતન?**

ઉત્તર :- બંને છે; જીવનું વસ્તુત્વ ગુણ ચેતન છે; બાકીના દ્રવ્યોનું જડ છે.

**પ્રશ્ન-૩૨ :- વસ્તુત્વગુણનું ક્ષેત્ર કેટલું મોટું છે?**

ઉત્તર :- જેટલું દ્રવ્યનું ક્ષેત્ર છે, તેટલું જ ક્ષેત્ર વસ્તુત્વગુણનું છે, કેમકે વસ્તુત્વગુણ, દ્રવ્યના સંપૂર્ણ ભાગમાં હોય છે.

**પ્રશ્ન-૩૩ :- વસ્તુત્વગુણનો કાળ કેટલો છે?**

ઉત્તર :- જેટલો દ્રવ્યનો કાળ છે, તેટલો જ વસ્તુત્વગુણનો કાળ છે, કેમકે વસ્તુત્વગુણ, દ્રવ્યની સંપૂર્ણ અવસ્થામાં ત્રિકાળ રહે છે એટલે કે વસ્તુત્વગુણનો કાળ, અનાદિ-અનંત છે.

**પ્રશ્ન-૩૪ :- જીવનું શું પ્રયોજન છે?**

ઉત્તર :- દુઃખ ન હોય, સુખ હોય એ જ પ્રયોજન છે.

**પ્રશ્ન-૩૫ :- અસ્તિત્વ અને વસ્તુત્વગુણમાં શું અંતર છે?**

ઉત્તર :- (૧) અસ્તિત્વગુણ અનાદિ-અનંત કાયમપણાને સૂચવે છે; (૨) વસ્તુત્વગુણ, પ્રયોજનભૂત કાર્યને સૂચવે છે.

**પ્રશ્ન-૩૬ :- અસ્તિત્વગુણ અને વસ્તુત્વગુણને જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- દરેક દ્રવ્ય કાયમ રહેતું થકું પોતપોતાનું પ્રયોજનભૂત કાર્યને કરતું જ રહે છે; મારું પ્રયોજનભૂતકાર્ય જ્ઞાતા-દૃષ્ટા છે - એવો અનુભવ કરે, તો અસ્તિત્વગુણ, વસ્તુત્વગુણને જાણવાનો લાભ છે.



**પ્રશ્ન-૩૭ :- પ્રયોજનભૂત કાર્યો કેટલા છે?**

ઉત્તર :- જાતિ અપેક્ષાએ છ છે.

**પ્રશ્ન-૩૮ :- સંખ્યા અપેક્ષાએ પ્રયોજનભૂત કાર્ય કેટલા છે?**

ઉત્તર :- જેટલા બધા દ્રવ્યના ગુણો છે, તેટલા જ એક સમયમાં પ્રયોજનભૂત કાર્ય છે.

**પ્રશ્ન-૩૯ :- અસ્તિત્વગુણ મોટો કે વસ્તુત્વગુણ મોટો?**

ઉત્તર :- બંને સમાન છે, કારણ કે દરેક ગુણ, દ્રવ્યના સરખા હોય છે.

**પ્રશ્ન-૪૦ :- શું અનાદિ-અનંતપણું વસ્તુત્વગુણ સિદ્ધ કરે છે?**

ઉત્તર :- બિલકુલ નહિ. કારણ કે અનાદિ-અનંતપણું તો અસ્તિત્વગુણ સિદ્ધ કરે છે; વસ્તુત્વગુણ નહિ.

**પ્રશ્ન-૪૧ :- શું પ્રયોજનભૂત ક્રિયાને અસ્તિત્વગુણ સિદ્ધ કરે છે?**

ઉત્તર :- બિલકુલ નહિ. કારણ કે પ્રયોજનભૂત ક્રિયાને વસ્તુત્વગુણ સિદ્ધ કરે છે; અસ્તિત્વગુણને નહિ.

**પ્રશ્ન-૪૨ :- એવા દ્રવ્યના નામ જણાવો, જેમાં અસ્તિત્વગુણ તો હોય પણ સાથે વસ્તુત્વગુણ ન હોય.**

ઉત્તર :- એવું કોઈ પણ દ્રવ્ય નથી, કારણ કે વસ્તુત્વગુણ દરેક દ્રવ્યનો સામાન્યગુણ છે.

**પ્રશ્ન-૪૩ :- મોક્ષની પ્રાપ્તિ કેમ થાય?**

ઉત્તર :- દરેક દ્રવ્ય અને ગુણમાં પોતપોતાની પ્રયોજનભૂત ક્રિયા થતી રહી છે, થતી રહે છે અને ભવિષ્યમાં થતી રહેશે- -એવું જાણે-માને તો ધર્મની પ્રાપ્તિ થઈને ક્રમથી મોક્ષની પ્રાપ્તિ

થાય છે.

**પ્રશ્ન-૪૪ :- વસ્તુત્વગુણ અને વસ્તુમાં શું અંતર છે?**

ઉત્તર :- વસ્તુત્વગુણ દરેક દ્રવ્યનો સામાન્યગુણ છે અને વસ્તુ દ્રવ્યને કહે છે.

**પ્રશ્ન-૪૫ :- વિશ્વમાં જાતિ અપેક્ષાએ વસ્તુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- વિશ્વમાં જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય છે; માટે વિશ્વમાં જાતિ અપેક્ષાએ છ વસ્તુત્વગુણ છે.

**પ્રશ્ન-૪૬ :- વિશ્વમાં સંખ્યા અપેક્ષાએ વસ્તુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- જીવના વસ્તુત્વગુણ અનંત; પુદ્‌ગલના વસ્તુત્વગુણ અનંતાઅનંત; ધર્મ-અધર્મ-આકાશના વસ્તુત્વગુણ એક-એક; અને કાળદ્રવ્યના વસ્તુત્વગુણ લોકપ્રમાણ અસંખ્યાત છે.

**પ્રશ્ન-૪૭ :- અસંખ્યાત પ્રદેશી વસ્તુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- જીવના અસંખ્યાત પ્રદેશી વસ્તુત્વગુણ અનંત છે અને ધર્મ-અધર્મદ્રવ્યના અસંખ્યાત પ્રદેશી વસ્તુત્વગુણ એક-એક છે.

**પ્રશ્ન-૪૮ :- વિશ્વમાં જાતિ અપેક્ષાએ કેટલા દ્રવ્યોના વસ્તુત્વગુણ અસંખ્યાત પ્રદેશી છે?**

ઉત્તર :- જીવ-ધર્મ-અધર્મ, આ ત્રણ દ્રવ્યોના વસ્તુત્વગુણ અસંખ્યાત પ્રદેશી છે.

**પ્રશ્ન-૪૯ :- અનંત પ્રદેશી વસ્તુત્વગુણ કેટલા છે અને ક્યા દ્રવ્યના છે?**

ઉત્તર :- અનંત પ્રદેશી વસ્તુત્વગુણ એક જ છે અને તે આકાશ દ્રવ્યના છે.

**પ્રશ્ન-૫૦ :- વિશ્વમાં સંખ્યા અપેક્ષાએ એક પ્રદેશી**



**વસ્તુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- જેટલા પુદ્‌ગલ અને કાળદ્રવ્ય છે, તેટલા જ વિશ્વમાં એક પ્રદેશી વસ્તુત્વગુણ છે, એટલે કે પુદ્‌ગલદ્રવ્યના અનંતાઅનંત વસ્તુત્વગુણ છે અને કાળદ્રવ્યના લોકપ્રમાણ અસંખ્યાત વસ્તુત્વગુણ, એક પ્રદેશી છે.

**પ્રશ્ન-૫૧ :- ક્યા દ્રવ્યોના વસ્તુત્વગુણ ગતિ કરે છે?**

ઉત્તર :- જીવ અને પુદ્‌ગલદ્રવ્યના વસ્તુત્વગુણ ગતિ કરે છે.

**પ્રશ્ન-૫૨ :- ક્યા દ્રવ્યોના વસ્તુત્વગુણ ગતિ નથી કરતા?**

ઉત્તર :- ધર્મ-અધર્મ-આકાશ અને કાળ આ ચાર દ્રવ્યોના વસ્તુત્વગુણ ગતિ નથી કરતા.

**પ્રશ્ન-૫૩ :- એક જીવમાં વસ્તુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- એક જ છે.

**પ્રશ્ન-૫૪ :- સંયોગરૂપ ઔદારિક, તૈજસ, કાર્મણશરીરમાં વસ્તુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- સંયોગરૂપ ઔદારિક, તૈજસ અને કાર્મણશરીરમાં જેટલા પરમાણુ છે તેટલા જ વસ્તુત્વગુણ છે.

**પ્રશ્ન-૫૫ :- શબ્દમાં વસ્તુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- શબ્દમાં જેટલા પરમાણુ છે, તેટલા જ વસ્તુત્વગુણ છે.

**પ્રશ્ન-૫૬ :- દ્રવ્યમનમાં વસ્તુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- દ્રવ્યમનમાં જેટલા પરમાણુ છે, તેટલા જ વસ્તુત્વગુણ છે.

**પ્રશ્ન-૫૭ :- પ્રત્યેક દ્રવ્ય શેમાં રહે છે?**

ઉત્તર :- પોતપોતાના ગુણ-પર્યાયમાં જ રહે છે.

**પ્રશ્ન-૫૮ :- સામાન્ય-વિશેષ ક્યા-ક્યા અર્થોમાં પ્રયુક્ત થાય છે?**

**ઉત્તર** :- (૧) દર્શનગુણને સામાન્ય અને જ્ઞાનગુણને વિશેષ કહે છે. (૨) જ્યારે દ્રવ્યને સામાન્ય કહીએ તો ગુણને વિશેષ કહે છે. (૩) જ્યારે ગુણને સામાન્ય કહીએ તો પર્યાયને વિશેષ કહે છે. (૪) જે દરેક દ્રવ્યોમાં રહે છે, તેને સામાન્યગુણ કહે છે અને જે પોતપોતના દ્રવ્યમાં રહે છે, બીજા દ્રવ્યોમાં નથી રહેતા તેને વિશેષગુણ કહે છે. (૫) આત્મામાં દ્રવ્ય-ગુણ કે જે સામાન્ય પારિણામિકભાવ છે, તેને સામાન્ય કહે છે અને તેની કારણશુદ્ધપર્યાય છે, જે વિશેષ પારિણામિક છે, તેને વિશેષ કહે છે. (૬) ટૂંકમાં બોલવાના અર્થને સામાન્ય કહે છે અને વિસ્તારપૂર્વક અર્થના કથન કરવાને વિશેષ કહે છે.

**પ્રશ્ન-૫૯ :- વસ્તુત્વગુણ કેટલા છે?**

**ઉત્તર** :- જેટલા દ્રવ્ય છે, તેટલા જ વિશ્વમાં વસ્તુત્વગુણ છે.

**પ્રશ્ન-૬૦ :- હું મનુષ્ય છું—આ વાક્યમાં (૧) વસ્તુત્વગુણને ક્યારે માન્યું, (૨) અને ક્યારે નથી માન્યું?**

**ઉત્તર** :- (૧) સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનમાં અનંત પુદ્ગલ વસ્તુઓ અસ્તિત્વગુણને કારણે પોતપોતાના અસ્તિત્વને કાયમ રાખતા થકા; વસ્તુત્વગુણને કારણે પોતપોતાનું પ્રયોજનભૂત કાર્ય કરે છે. મારો નિજ આત્મા પણ અસ્તિત્વગુણને કારણે કાયમ રહેતો થકો; વસ્તુત્વગુણને કારણે પોતાને જાણવારૂપ પ્રયોજનભૂત કાર્ય કરે છે. મને જાણવારૂપ પ્રયોજનભૂતક્રિયાના, સંયોગરૂપ પુદ્ગલોની પ્રયોજનભૂત ક્રિયા સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી. એવું અનુભવ-જ્ઞાન વર્તે તો વસ્તુત્વગુણને માન્યું. (૨) જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજવસ્તુને જાણવારૂપ પ્રયોજનભૂતક્રિયાને ભૂલીને, સંયોગરૂપ પુદ્ગલોની પ્રયોજનભૂતક્રિયાને આત્માની પ્રયોજનભૂત ક્રિયા માનનારાએ વસ્તુત્વગુણને નથી માન્યો.



**પ્રશ્ન-૬૧ :- સંયોગરૂપ પુદ્ગલોની પ્રયોજનભૂત ક્રિયાને આત્માની ક્રિયા માનવાનું શું ફળ છે?**

**ઉત્તર** :- ચારેય ગતિમાં ફરીને નિગોદ, એ ખોટી માન્યાતનું ફળ છે.

**પ્રશ્ન-૬૨ :- સંયોગરૂપ પુદ્ગલોની પ્રયોજનભૂત ક્રિયાને આત્માની પ્રયોજનભૂતક્રિયા માનવારૂપ નિગોદબુદ્ધિનો અભાવ કેમ થાય, ત્યારે વસ્તુત્વગુણને માન્યું કહેવામાં આવે?**

**ઉત્તર** :- સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનરૂપ અનંતપુદ્ગલોની પ્રયોજનભૂત ક્રિયા મારા જ્ઞાન-દર્શન ઉપયોગમયી જાનવારૂપ પ્રયોજનભૂતક્રિયાની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી. કારણ કે દરેક દ્રવ્યની પ્રયોજનભૂતક્રિયાનું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અલગ-અલગ છે. એમ જાણીને જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજવસ્તુ તરફ દૃષ્ટિ કરે તો નિગોદબુદ્ધિનો અભાવ થઈને ધર્મની પ્રાપ્તિ થાય છે ત્યારે વસ્તુત્વગુણને માન્યું, ત્યારે અનુપચરિત અસદ્ભૂતવ્યવહાર-નયથી હું મનુષ્ય છું - એમ કહી શકાય છે, પરંતુ એમ છે નહિ.

**પ્રશ્ન-૬૩ :- (૧) જીવ શબ્દ બોલે છે; (૨) હું વહેલી સવારે ઊઠું છું; (૩) હું દાતણ કરું છું; (૪) હું ચા પીઉં છું; (૫) બાઈએ હલવો બનાવ્યો; (૬) સુથારે ખુરશી બનાવી; (૭) હું ગોરો છું; (૮) હું જવાન છું; (૯) હું માતા છું; (૧૦) હું પૂજારી છું; (૧૧) હું દુકાન ચલાવું છું; (૧૨) હું ડોક્ટર છું; (૧૩) હું હીરાનો વ્યાપારી છું, આ વાક્યોમાં વસ્તુત્વગુણને સ્પષ્ટ સમજાવો?**

**ઉત્તર** :- ઉપરના વાક્યો ઉપર પૂર્વના પ્રશ્નોત્તર અનુસાર જાતે અભ્યાસ કરો.

**પ્રશ્ન-૬૪ :- જેટલા દ્રવ્ય છે, તેટલા જ વસ્તુત્વગુણ**

**છે-એ વાક્યમાંથી ચાર વાતો કઈ કઈ કાઢવી જોઈએ?**

ઉત્તર :- (૧) જિન-જિનવર અને જિનવરવૃષભ શું કહે છે? (૨) જિન-જિનવર-જિનવરવૃષભોના કથનને સાંભળીને જ્ઞાની શું જાણે છે અને શું કરે છે? (૩) પાત્ર મિથ્યાદષ્ટિ ભવ્ય જીવ, શું જાણે છે અને શું કરે છે? (૪) અપાત્ર મિથ્યાદષ્ટિ જીવ શું જાણે છે અને શું કરે છે?

**પ્રશ્ન-૬૫ :- જેટલા દ્રવ્ય છે, તેટલા જ વસ્તુત્વગુણ છે, એમ કોણે કહ્યું?**

ઉત્તર :- જિન-જિનવર-જિનવવૃષભોએ કહ્યું.

**પ્રશ્ન-૬૬ :- જિન-જિનવર-જિનવરવૃષભોના આ કથનો સાંભળીને જ્ઞાની શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- જેમ કેવળી વિશ્વના દરેક વસ્તુત્વગુણને જાણે છે; તેમ જ જ્ઞાની જાણે છે. જ્ઞાની, વસ્તુત્વગુણરૂપ અભેદ આત્મામાં સ્થિરતા કરીને, શ્રેણી માંડીને સિદ્ધદશાને પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન-૬૭ :- જેટલા દ્રવ્ય છે, તેટલા જ વસ્તુત્વગુણ છે - એમ સાંભળીને પાત્ર મિથ્યાદષ્ટિ શું કરે છે?**

ઉત્તર :- અહો! અહો! જિન-જિનવર-જિનવરવૃષભોનું કથન મહાન હિતકારી છે - એમ જાણીને પાત્ર મિથ્યાદષ્ટિ પણ જ્ઞાની બનીને જ્ઞાનીની જેમ ક્રમથી સિદ્ધદશાને પ્રાપ્ત કરી લે છે.

**પ્રશ્ન-૬૮ :- જેટલા દ્રવ્ય છે, તેટલા જ વસ્તુત્વગુણ છે - એ સાંભળીને અજ્ઞાની અપાત્ર શું કરે છે?**

ઉત્તર :- તેનો વિરોધ કરીને, નિગોદમાં ચાલ્યો જાય છે.

**પ્રશ્ન-૬૯ :- થોડામાં વસ્તુત્વગુણ શું જણાવે છે?**

ઉત્તર :- વિશ્વમાં જીવ અનંત, પુદ્ગલ અનંતાઅનંત, ધર્મ-અધર્મ, આકાશ એક-એક અને કાળદ્રવ્ય લોકપ્રમાણ અસંખ્યાત છે.



પ્રત્યેક વસ્તુ કાયમ રહેતી થકી, પોતપોતાની પ્રયોજનભૂતક્રિયા કરતી રહે છે. એક વસ્તુની પ્રયોજનભૂતક્રિયાને બીજી વસ્તુઓની પ્રયોજનભૂતક્રિયા સાથે, કોઈપણ પ્રકારનો સંબંધ નથી, કારણ કે દરેક દ્રવ્યની પ્રયોજનભૂતક્રિયાના પરસ્પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં જુદાં-જુદાં છે-એમ થોડામાં વસ્તુત્વગુણ કહે છે.

**પ્રશ્ન-૭૦ :- વસ્તુત્વગુણના ક્યા ક્યા લાભ આ પાઠમાં આવ્યા છે?**

ઉત્તર :- (૧) પ્રત્યેક દ્રવ્ય પોતપોતાનું પ્રયોજનભૂત કાર્ય કરતું જ રહે છે. (૨) દરેક દ્રવ્યના દરેક ગુણ પોતપોતાનું પ્રયોજનભૂ કાર્ય કરતું જ રહે છે, કારણ કે કોઈ દ્રવ્ય કે ગુણ નકામું નથી; (૩) દરેક વસ્તુ પોતપોતાના ગુણપર્યાયમાં જ રહે છે; (૪) દરેક વસ્તુ સામાન્ય-વિશેષરૂપ પ્રવર્તે છે; (૫) પરમાં કર્તા-કર્મ અને ભોક્તા-ભોગ્યની મિથ્યા માન્યતાનો અભાવ થઈ જાય છે; (૬) ક્રમબદ્ધ અને ક્રમનિયમિતપર્યાયની સિદ્ધિ થઈ જાય છે; (૭) નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ થાય છે-એવી ખોટી માન્યતાનો અભાવ થઈને સ્વતંત્રતાની જાણ થાય છે; (૮) મિથ્યાત્વનો અભાવ થઈને, સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ જાય છે; (૯) કેવળીની સમાન જ્ઞાતા-દ્રષ્ટાપણું પ્રગટ થઈ જાય છે; (૧૦) દરેક વસ્તુ સામાન્ય-વિશેષરૂપ છે એમ જાણીને પોતાના સામાન્ય સ્વભાવ તરફ દષ્ટિ કરે તો વસ્તુમાં બહિરાત્મપણાનો અભાવ થઈને અંતરાત્મા બનીને ક્રમથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે; (૧૧) બીજી વસ્તુઓના સામાન્ય-વિશેષ ઉપર દષ્ટિ કરે તો ચારેય ગતિમાં ભટકીને નિગોદને પ્રાપ્ત કરે છે; (૧૨) જેટલી વસ્તુઓ છે, તેટલા જ સામાન્ય-વિશેષ છે કારણ કે દરેક વસ્તુ, સામાન્ય-વિશેષરૂપ છે; (૧૩) જેટલી વસ્તુઓ છે, તેટલા જ વસ્તુત્વગુણ છે.

●●

૧૩

## દ્રવ્યત્વગુણ

દ્રવ્યત્વગુણ ઈસ વસ્તુ કો, જગ મેં પલટતા હૈ સદા,
લેકિન કભી ભી દ્રવ્ય તો, તજતા ન લક્ષણ સંપદા;
સ્વદ્રવ્ય મેં મોક્ષાર્થી હો, સ્વાધીન સુખ લો સર્વદા,
હો નાશ જિસસે આજ તક કી, દુઃખદાયી ભવ કથા.

**પ્રશ્ન-૧ :- દ્રવ્યત્વગુણ શું છે?**

ઉત્તર :- દ્રવ્યત્વગુણ, દરેક દ્રવ્યનો સામાન્યગુણ છે.

**પ્રશ્ન-૨ :- દ્રવ્યત્વગુણ કોને કહે છે?**

ઉત્તર :- જે શક્તિને કારણે, દ્રવ્યની અવસ્થા નિરંતર બદલાતી રહે છે તેને દ્રવ્યત્વગુણ કહે છે.

**પ્રશ્ન-૩ :- દ્રવ્યત્વગુણ શું સૂચવે છે?**

ઉત્તર :- નિરંતર પરિણમનને સૂચવે છે.

**પ્રશ્ન-૪ :- 'નિરંતર પરિણમન'નું શું તાત્પર્ય છે?**

ઉત્તર :- એક સમયમાત્ર પણ પર્યાય રોકાતી નથી, એટલે કે દરેક સમયે નવું-નવું કાર્ય થવું, એમ બતાવે છે.

**પ્રશ્ન-૫ :- જ્યારે બધા દ્રવ્યોમાં નિરંતર પર્યાય થતી રહે છે, કોઈને એક સમય પણ રોકાવાનો અવકાશ નથી, એવું વસ્તુસ્વરૂપ છે, ત્યારે જીવોને પરનું કરી દઉં કે પરને ભોગવું એવી બુદ્ધિ કેમ જોવા મળે છે?**



ઉત્તર :- દ્રવ્યત્વગુણનો મર્મ ન જાણવાને કારણે પરમાં કરવાની અને ભોગવવાની બુદ્ધિ અજ્ઞાનીઓમાં જોવા મળે છે, જે નિગોદનું કારણ છે.

**પ્રશ્ન-૬ :- વસ્તુત્વગુણ અને દ્રવ્યત્વગુણમાં શું અંતર છે?**

ઉત્તર :- (૧) વસ્તુત્વગુણ, દ્રવ્ય-ગુણમાં પ્રયોજનભૂતક્રિયાને બતાવે છે. (૨) દ્રવ્યત્વગુણ, એ પ્રયોજનભૂતક્રિયાને 'નિરંતર બદલવાની વાતને' બતાવે છે.

**પ્રશ્ન-૭ :- અસ્તિત્વ, વસ્તુત્વ અને દ્રવ્યત્વગુણનું શું રહસ્ય છે?**

ઉત્તર :- (૧) દરેક દ્રવ્ય અનાદિ-અનંત કાયમ રહે છે; (૨) કાયમ રહેતું થકું પોતપોતાની પ્રયોજનભૂત ક્રિયા કર્યા જ કરે છે; અને (૩) તે ક્રિયા નિરંતર બદલાતી રહે છે - એવો દ્રવ્યનો સ્વભાવ છે. એ વાતને જાણે, ત્યારે દૃષ્ટિ સ્વભાવ ઉપર આવે છે અને પરને બદલું, પરને કાયમ રાખું, કોઈના કાર્યને કરું, કોઈના કાર્યને બદલું - વગેરે ખોટી બુદ્ધિનો અભાવ થઈને જ્ઞાતા-દૃષ્ટાસ્વભાવ પર્યાયમાં પ્રગટે છે.

**પ્રશ્ન-૮ :- વસ્તુને દ્રવ્ય કેમ કહે છે?**

ઉત્તર :- દ્રવ્યત્વગુણને કારણે.

**પ્રશ્ન-૯ :- શું દરેક ગુણ, કાયમ રહેતું થકું પોતપોતાના પ્રયોજનભૂત કાર્યને કરતું એવું નિરંતર બદલતું રહે છે?**

ઉત્તર :- હા, એવો જ વસ્તુનો સ્વભાવ છે. તે 'પરમેશ્વરી વ્યવસ્થા' છે.

**પ્રશ્ન-૧૦ :- દરેક દ્રવ્ય-ગુણમાં નિરંતર નવી-નવી પર્યાયો થાય છે, તેને દ્રવ્યત્વગુણ કરે છે કે કાળદ્રવ્ય કરે છે?**

ઉત્તર :- દરેક દ્રવ્ય-ગુણમાં નિરંતર નવી-નવી પર્યાયે

પોતપોતાની યોગ્યતાથી થાય છે. તેમાં અંતરંગ નિમિત્તકારણ દ્રવ્યત્વગુણ છે અને બહારનું નિમિત્તકારણ કાળદ્રવ્ય છે.

**પ્રશ્ન-૧૧ :- દ્રવ્ય અને દ્રવ્યત્વગુણમાં શું અંતર છે?**

ઉત્તર :- દ્રવ્ય તો અનંતગુણોનો અભેદ પિંડ છે અને દ્રવ્યત્વગુણ દરેક દ્રવ્યનો સામાન્યગુણ છે.

**પ્રશ્ન-૧૨ :- દ્રવ્યત્વગુણને સામાન્યગુણ કેમ કહ્યો?**

ઉત્તર :- દરેક દ્રવ્યોમાં જોવા મળે છે; માટે સામાન્યગુણ કહ્યો.

**પ્રશ્ન-૧૩ :- જીવમાં અજ્ઞાનદશા સદાય એક જેવી નથી રહેતી, તેનું શું કારણ?**

ઉત્તર :- દ્રવ્યત્વગુણને કારણે નિરંતર પરિણમન થવું એ જ તેનું કારણ છે.

**પ્રશ્ન-૧૪ :- દ્રવ્યત્વગુણથી શું-શું સમજવું જોઈએ?**

ઉત્તર :- (૧) સર્વ દ્રવ્યોની અવસ્થાઓનું નિરંતર પરિવર્તન તેનું તેના કારણે, તેમાં જ થાય છે; બીજું કોઈ પરદ્રવ્ય કે નિમિત્ત કાંઈ કરી શકતું નથી; (૨) જીવની કોઈપણ પર્યાય, બીજા જીવોથી, અજીવોથી, કર્મથી, શરીરાદિથી નથી બદલતી; (૩) બીજા જીવોની, અજીવોની, કર્મ, શરીર વગેરેની પર્યાયો પણ મારાથી નથી બદલતી; (૪) જીવમાં અજ્ઞાનદશા સદાય એક જેવી નથી રહેતી; (૫) પહેલા ઓછું જ્ઞાન હતું, પછી વધારે જ્ઞાન થયું, તે તે સમયની યોગ્યતાથી થયું છે; (૬) જ્ઞાનનો વિકાસ, જ્ઞાનગુણથી જ થાય છે; કોઈ શાસ્ત્રથી, ગુરુથી, દિવ્યધ્વનિથી, કર્મથી, શુભભાવથી કે અન્યગુણોથી નથી થતું; (૭) જે પર્યાય થઈ, તેનું તેના ગુણની પૂર્વ અને ઉત્તરપર્યાય સાથે પણ સંબંધ નથી.

**પ્રશ્ન-૧૫ :- શ્રુતજ્ઞાન બદલીને કેવળજ્ઞાન થયું, તેનું કારણ**



**કોણ છે?**

ઉત્તર :- દ્રવ્યત્વગુણ જ કારણ છે.

**પ્રશ્ન-૧૬ :- દ્રવ્યને સદાય કૂટસ્થ માનનારા ક્યા ગુણના મર્મને નથી જાણતા?**

ઉત્તર :- દ્રવ્યત્વગુણના મર્મને નથી જાણતા.

**પ્રશ્ન-૧૭ :- મિથ્યાત્વનો અભાવ થઈને, સમ્યક્ત્વની પ્રાપ્તિ ક્યા ગુણને બતાવે છે?**

ઉત્તર :- દ્રવ્યત્વગુણને બતાવે છે.

**પ્રશ્ન-૧૮ :- સંસારનો અભાવ થઈને સિદ્ધદશાની પ્રાપ્તિ ક્યા ગુણને બતાવે છે?**

ઉત્તર :- દ્રવ્યત્વગુણને બતાવે છે.

**પ્રશ્ન-૧૯ :- પાત્ર જીવ, દ્રવ્યત્વગુણથી શું જાણે છે?**

ઉત્તર :- સંસારનો અભાવ અને મુક્તિ પોતાના હાથમાં છે; કોઈ બીજાના કારણે સંસાર કે મોક્ષ નથી.

**પ્રશ્ન-૨૦ :- દરેક ગુણની પર્યાય કેમ બદલાય છે?**

ઉત્તર :- પોતપોતાની યોગ્યતાથી બદલાય છે; તેમાં અંતરંગ નિમિત્ત દ્રવ્યત્વગુણ છે.

**પ્રશ્ન-૨૧ :- દુઃખનો અભાવ અને સુખ પ્રાપ્ત કરવા માટે ક્યા ગુણના મર્મને જાણવું જોઈએ?**

ઉત્તર :- દ્રવ્યત્વગુણના મર્મને જાણવું જોઈએ.

**પ્રશ્ન-૨૨ :- મારે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે, તેના માટે પરની સેવા કરું, સમ્મેદશિખર જાવું, માળા જપું, કોઈ પાઠ કરું કે વ્રત ઉપવાસ આદિ કરું તો પ્રાપ્ત થાય?**

ઉત્તર :- જેમ નાનું બાળક છે તેને 'અ આ ઈ ઈ' વાંચવું છે; તે તેના માટે ઉપવાસ કરે, દાન કરે, જાત્રા કરે તો એ કાર્યોથી

તે 'અ આ' વાંચી નહિ શકે, પણ તે 'અ આ'નો પોતે અભ્યાસ કરે તો 'અ આ' લખી-વાંચી શકશે; તેમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે સેવા કરે, સમ્મેદશિખર જાય, માળા જપે, તો તેનાથી સમ્યગ્દર્શન પમાતું નથી, એકમાત્ર પોતાના અંતગુણોનો અભેદ પિંડ ભગવાનનો આશ્રય લે તો દ્રવ્યત્વગુણને કારણે મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૨૩ :- એક ગુણમાં કેટલી પર્યાયો હોય છે?**

ઉત્તર :- ત્રણ કાળના જેટલા સમય છે તેટલી-તેટલી પર્યાય દરેક ગુણમાં હોય છે.

**પ્રશ્ન-૨૪ :- મારા જીવનમાં દ્રવ્યગુણને સમજવાથી બીજા કોઈ લાભ છે?**

ઉત્તર :- ભગવાનની આજ્ઞા અનુસાર દ્રવ્યત્વગુણને સમજે તો લૌકિકમાં પણ અશાંતિ નહિ આવે અને પોતાનો અનુભવ કરે તો મોક્ષરૂપી લક્ષ્મીનો નાથ બની જાય.

**પ્રશ્ન-૨૫ :- દ્રવ્યત્વગુણને જાણવાથી લૌકિકમાં શાંતિ કઈ રીતે આવે?**

ઉત્તર :- (૧) પચાસ લાખનું નુકસાન કે લાભ થયો; (૨) દીકરો મરી ગયો કે જન્મ્યો;(૩) મકાન બન્યું કે પડી ગયું; (૪) શરીરમાં બિમારી આવી કે શરીર ઠીક થયું; તે બધું દ્રવ્યત્વગુણને કારણે પર્યાય પલટીને થયું છે; તેમાં બીજાનો હસ્તક્ષેપ નથી-એમ જાણે તો તરત શાંતિ થાય.

**પ્રશ્ન-૨૬ :- હું મનુષ્ય છું—આ વાક્યમાં દ્રવ્યત્વગુણને ક્યારે માન્યું અને ક્યારે ન માન્યું?**

ઉત્તર :- (૧) સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનમાં અનંત પુદ્‌ગલદ્રવ્ય, અસ્તિત્વગુણને કારણે પોતપોતાનું અસ્તિત્વ



કાયમ રાખીને; વસ્તુત્વગુણને કારણે પોત પોતાની પ્રયોજનભૂત ક્રિયા કરતા થકા; દ્રવ્યત્વગુણને કારણે નિરંતર બદલાતા રહે છે. મારો આત્મા પણ અસિત્વગુણને કારણે કાયમ રહેતો થકો; વસ્તુત્વગુણને કારણે પોતાની જાણવારૂપ પ્રયોજનભૂત ક્રિયા કરીને; દ્રવ્યત્વગુણને કારણે જાણવારૂપ નવું-નવું કાર્ય નિરંતર કરતું રહે છે. સંયોગરૂપે અનંત પુદ્‌ગલદ્રવ્યો નિરંતર બદલવાની ક્રિયાનો મારા આત્માની જાણવારૂપ ક્રિયાથી કોઈપણ પ્રકારે સંબંધ નથી - એવું અનુભવ-જ્ઞાન વર્તે તો દ્રવ્યત્વગુણને માન્યું (૨) જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજ જીવદ્રવ્યને નિરંતર જાણવારૂપ કાર્યને ભૂલીને, સંયોગરૂપ અનંત પુદ્‌ગલદ્રવ્યોની નિરંતર બદલવાની ક્રિયાને, આત્માની ક્રિયા માનનારે દ્રવ્યગુણને નથી માન્યું.

**પ્રશ્ન-૨૭ :- સંયોગરૂપ પુદ્‌ગલોના નિરંતર બદલવારૂપ કાર્યને આત્માનું કાર્ય માનવાનું શું ફળ છે?**

ઉત્તર :- ચારેય ગતિમાં ફરીને નિગોદ, આ ખોટી માન્યતાનું ફળ છે.

**પ્રશ્ન-૨૮ :- પુદ્‌ગલોની નિરંતર બદલવાની ક્રિયાને આત્માની ક્રિયા માનવારૂપ નિગોદબુદ્ધિનો અભાવ કેમ થાય, ત્યારે દ્રવ્યત્વગુણને માન્યું કહેવાય?**

ઉત્તર :- સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનરૂપ પુદ્‌ગલોની નિરંતર બદલવારૂપ ક્રિયાને, મારા જ્ઞાન-દર્શન ઉફયોગમયી નિજદ્રવ્યને નિરંતર જાણવારૂપ કાર્યને કોઈ પણ પ્રકારે કોઈ પણ અપેક્ષાએ, કર્તા-ભોક્તાનો સંબંધ નથી, કેમકે દરેક દ્રવ્યની નિરંતર બદલવાની ક્રિયાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અલગ-અલગ છે.

**પ્રશ્ન-૨૯ :- (૧) મેં હોશિયારી ન રાખી તો દૂધ ફાટી ગયું; (૨) મારી બિમારી દવા ખાવાથી ઠીક થઈ ગઈ; (૩) કુંભારે**

**ઘડો બનાવ્યો; (૪) તેણે ગાળ આપી તો મને ગુસ્સો આવ્યો; (૫) મેં મકાન બનાવ્યું; (૬) મારી અસાવધાનીથી ગ્લાસ તૂટી ગયો; (૭) મેં કબાટ બનાવ્યો; (૮) મેં પુસ્તક બનાવ્યું; (૯) જ્ઞાનાવરણીયકર્મના ક્ષયથી કેવળજ્ઞાન થયું; (૧૦) દર્શન-મોહનીયના ક્ષયથી ક્ષાયિકસમ્યક્ત્વ થયું; (૧૧) આંખથી જ્ઞાન થયું; (૧૨) હું ઊભો થયો - આ વાક્યોમાં દ્રવ્યત્વગુણને સ્પષ્ટ કરો.**

**ઉત્તર :-** આ દરેક વાક્યો ઉપર પહેલાનો પ્રશ્ન.... સુધી જાતે અભ્યાસ કરો.

**પ્રશ્ન-૩૦ :- દ્રવ્યત્વગુણને જાણનારને કેવા-કેવા પ્રશ્નો ઉપજતા નથી?**

**ઉત્તર :-** (૧) એમ કેમ થયું, (૨) તેનાથી આ, (૩) એમ હોય, એમ ન હોય- વગેરે પ્રશ્નો ઉપજતા નથી, કેમકે દ્રવ્યત્વગુણને કારણે પર્યાય બદલાય છે ત્યારે ‘આમ કેમ’ વગેરે પ્રશ્નોના અવકાશ નથી.

**પ્રશ્ન-૩૧ :- દ્રવ્યત્વગુણને જાણવાથી કઈ-કઈ વાતનો નિર્ણય થવો જોઈએ?**

**ઉત્તર :-** (૧) દરેક દ્રવ્ય-ગુણની અવસ્થા નિરંતર સ્વયં બદલાય છે; (૨) એક દ્રવ્યના ગુણની પર્યાય, બીજા દ્રવ્યના ગુણની પર્યાયને બદલી શકતી નથી; (૩) જીવની પર્યાય, અજીવોથી બદલાતી નથી જાતે જ બદલાય છે; (૪) અજીવોની પર્યાય, જીવોથી નથી બદલાતી; સ્વયં બદલાય છે; (૫) અજ્ઞાનદશાનો અભાવ એક સમયમાં થઈ શકે છે; (૬) સંસાર એક સમયનો છે; (૭) મોક્ષ પણ એક સમયનો છે.

**પ્રશ્ન-૩૨ :- શું કેરીનું ખાટાથી મીઠા થવું એ .. થી થયું છે?**

**ઉત્તર :-** બિલકુલ નહિ, દ્રવ્યત્વગુણને કારણે ખાટાથી મીઠી થઈ છે.. ને કારણે નહિ.

**પ્રશ્ન-૩૩ :- શું કેવળજ્ઞાન, કેવળદર્શન, સિદ્ધદશા, સંસારદશા બધી એક એક સમયની પર્યાય છે?**

**ઉત્તર :-** હા, બધી એક-એક સમયની પર્યાય છે. ખરેખર એક-એક સમયની પર્યાય, તે એક-એક સમયનો ભવ છે. સૂક્ષ્મઋજુસૂત્રનયની અપેક્ષાએ ચારે ગતિ પણ એક-એક સમયની છે, કેમકે ‘જેવી મતિ, તેવી ગતિ’ થઈ જાય છે.

**પ્રશ્ન-૩૪ :- જો દ્રવ્યત્વગુણને ન માને તો શું નુક્સાન થાય?**

**ઉત્તર :-** (૧) દ્રવ્ય, ગુણના કૂટસ્થપણાનો પ્રસંગ ઊભો થાય; (૨) સંસાર અને મોક્ષનો પ્રશ્ન જ ન રહે.

**પ્રશ્ન-૩૫ :- સંસાર અને મોક્ષ એક-એક સમયના છે, એમ જાણવાથી શો લાભ છે?**

**ઉત્તર :-** હે આત્મા! તું અનાદિ-અનંત ભગવાન છો; તેનો આશ્રય લે, તો એક સમયમાં સંસારનો અભાવ થઈને, મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે.

**પ્રશ્ન-૩૬ :- હું મોટો પાપી છું, મારું પાપ જન્મો-જન્મ સુધી દુઃખ દેશે-શું એ વાત ઠીક છે?**

**ઉત્તર :-** બિલકુલ ખોટી વાત છે, કેમકે દ્રવ્યત્વગુણને કારણે, પર્યાય બદલાઈ ગઈ, ત્યારે દુઃખનો પ્રશ્ન જ નથી ઉઠતો.

**પ્રશ્ન-૩૭ :- વસ્તુત્વગુણ પછી દ્રવ્યત્વગુણ બતાવવાનું રહસ્ય શું છે?**

**ઉત્તર :-** દરેક વસ્તુ પોતપોતાનું પ્રયોજનભૂત કાર્ય કરે છે- એમ વસ્તુત્વગુણમાં બતાવ્યું. દ્રવ્યત્વગુણ બતાવવા પાછળનું રહસ્ય

એ છે કે તે પ્રયોજનભૂતકાર્ય 'નિરંતર બદલતું' જ રહે છે.

**પ્રશ્ન-૩૮ :- દ્રવ્યત્વગુણનું કાર્ય ક્યારે પૂરું થશે?**

ઉત્તર :- નિરંતર પરિણમન થવું એ જ દ્રવ્યત્વગુણનું કાર્ય છે, પછી કાર્ય પૂરું થવાનો પ્રશ્ન જ નથી રહેતો.

**પ્રશ્ન-૩૯ :- જીવની પર્યાય, અજીવથી બદલાય છે - કોઈ એમ માને તો ક્યો દોષ આવે છે?**

ઉત્તર :- તેણે જીવના દ્રવ્યત્વગુણને નથી માન્યું અને જીવને પરિણમનરહિત માન્યું.

**પ્રશ્ન-૪૦ :- દ્રવ્યત્વગુણ ત્રિકાળ ક્યા કારણથી રહે છે?**

ઉત્તર :- અસ્તિત્વગુણને કારણે.

**પ્રશ્ન-૪૧ :- દ્રવ્યત્વગુણ પોતાનું પ્રયોજનભૂત કાર્ય ક્યા કારણે કરે છે?**

ઉત્તર :- વસ્તુત્વગુણને કારણે.

**પ્રશ્ન-૪૨ :- દ્રવ્યત્વગુણ નિરંતર ક્યા કારણે બદલાય છે?**

ઉત્તર :- સ્વયં દ્રવ્યત્વગુણને કારણે.

**પ્રશ્ન-૪૩ :- અસ્તિત્વ, વસ્તુત્વ અને દ્રવ્યત્વગુણનો શો મર્મ છે?**

ઉત્તર :- દરેક વસ્તુ કાયમ રહેતી થકી પોતપોતાના પ્રયોજનભૂત કાર્યને કરતી નિરંતર બદલાય છે - એવો દ્રવ્યનો સ્વભાવ છે. એમ જાણે-માને તો સંસારનો અભાવ અને મોક્ષ પ્રાપ્ત થાય છે, એ ત્રણે ગુણોનું તાત્પર્ય છે.

**પ્રશ્ન-૪૪ :- મોક્ષાર્થીએ શું જાણવું જોઈએ?**

ઉત્તર :- અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વગુણનો મર્મ જાણવું જોઈએ, કેમકે તેનો મર્મ જાણવાથી સંપૂર્ણ દુઃખનો અભાવ થઈ જાય છે.



**પ્રશ્ન-૪૫ :- વસ્તુ જગતમાં પલટાય છે, પરંતુ વસ્તુનો નાશ નથી થતો, ત્યારે અમે શું કરીએ?**

ઉત્તર :- પોતાના દ્રવ્યમાં દૃષ્ટિ કરે તો સમસ્ત દુઃખનો અભાવ થઈને સમ્યગ્દર્શનાદિ પૂર્વક મોક્ષનો ભાગી બનશે.

**પ્રશ્ન-૪૬ :- વિશ્વમાં જાતિ અપેક્ષાએ કેટલા દ્રવ્યત્વગુણ છે?**

ઉત્તર :- વિશ્વમાં જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય છે; માટે વિશ્વમાં જાતિ અપેક્ષાએ છ દ્રવ્યત્વગુણ છે.

**પ્રશ્ન-૪૭ :- વિશ્વમાં સંખ્યા અપેક્ષાએ કેટલા દ્રવ્યત્વગુણ છે?**

ઉત્તર :- જીવના દ્રવ્યત્વગુણ અનંત; પુદ્ગલના દ્રવ્યત્વગુણ અનંતાઅનંત; ધર્મ-અધર્મ-આકાશના દ્રવ્યત્વગુણ એક-એક; અને કાળદ્રવ્યના દ્રવ્યત્વગુણ લોકપ્રમાણ અસંખ્યાત છે.

**પ્રશ્ન-૪૮ :- દ્રવ્યત્વગુણ જડ છે કે ચેતન?**

ઉત્તર :- જીવનું ચેતન છે; બાકી દ્રવ્યોનું જડ છે.

**પ્રશ્ન-૪૯ :- સંખ્યા અપેક્ષાએ અસંખ્યાત પ્રદેશી દ્રવ્યત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- જીવના અસંખ્યાત પ્રદેશી દ્રવ્યત્વગુણ અનંત છે અને ધર્મ-અધર્મદ્રવ્યના અસંખ્યાત પ્રદેશી દ્રવ્યત્વગુણ એક-એક છે.

**પ્રશ્ન-૫૦ :- જાતિ અપેક્ષાએ કેટલા દ્રવ્યોના અસંખ્યાત પ્રદેશી દ્રવ્યત્વગુણ છે?**

ઉત્તર :- જીવ-ધર્મ-અધર્મ આ ત્રણ દ્રવ્યોના દ્રવ્યત્વગુણ અસંખ્યાત પ્રદેશી છે.

**પ્રશ્ન-૫૧ :- અનંત પ્રદેશી દ્રવ્યત્વગુણ કેટલા છે અને કોના છે?**

ઉત્તર :- અનંત પ્રદેશી દ્રવ્યત્વગુણ એક જ છે અને તે આકાશદ્રવ્યનું છે.

**પ્રશ્ન-૫૨ :- સંખ્યા અપેક્ષાએ એકપ્રદેશી દ્રવ્યત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- પુદ્‌ગલના એક પ્રદેશી દ્રવ્યત્વગુણ અનંતાઅનંત છે અને કાળદ્રવ્યના એક પ્રદેશી દ્રવ્યત્વગુણ લોકપ્રમાણ અસંખ્યાત છે.

**પ્રશ્ન-૫૩ :- જાતિ અપેક્ષાએ એક પ્રદેશી દ્રવ્યત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- પુદ્‌ગલ અને કાળદ્રવ્ય આ બે દ્રવ્યોના દ્રવ્યત્વગુણ એક પ્રદેશી છે.

**પ્રશ્ન-૫૪ :- ક્યા દ્રવ્યોના દ્રવ્યત્વગુણ, ગતિ કરે છે?**

ઉત્તર :- જીવ અને પુદ્‌ગલદ્રવ્યના દ્રવ્યત્વગુણ ગતિ કરે છે.

**પ્રશ્ન-૫૫ :- ક્યા દ્રવ્યોના દ્રવ્યત્વગુણ ગતિ નથી કરતા?**

ઉત્તર :- ધર્મ-અધર્મ-આકાશ અને કાળ આ ચાર દ્રવ્યોના દ્રવ્યત્વગુણ ગતિ નથી કરતા.

**પ્રશ્ન-૫૬ :- દ્રવ્યત્વગુણનું ક્ષેત્ર કેટલું મોટું છે?**

ઉત્તર :- જેટલું મોટું દ્રવ્યનું ક્ષેત્ર છે, તેટલું જ મોટું દ્રવ્યત્વગુણનું ક્ષેત્ર છે.

**પ્રશ્ન-૫૭ :- દ્રવ્યત્વગુણનો કાળ કેટલો છે?**

ઉત્તર :- જેટલો દ્રવ્યનો કાળ છે, તેટલો જ દ્રવ્યત્વગુણનો કાળ છે, એટલે કે અનાદિ-અનંત છે.

**પ્રશ્ન-૫૮ :- એક જીવના દ્રવ્યત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- એક જ છે.

**પ્રશ્ન-૫૯ :- સંયોગરૂપ, ઔદારિક, તૈજસ, કાર્મશરીરમાં દ્રવ્યત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- સંયોગરૂપ ઔદારિક, તૈજસ, કાર્મણશરીરમાં જેટલા પરમાણુ છે, તેટલા જ દ્રવ્યત્વગુણ છે.



**પ્રશ્ન-૬૦ :- શબ્દમાં દ્રવ્યત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- શબ્દમાં જેટલા પરમાણું છે, તેટલા જ દ્રવ્યત્વગુણ છે.

**પ્રશ્ન-૬૧ :- દ્રવ્યમનમાં દ્રવ્યત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- દ્રવ્યમનમાં જેટલા પરમાણુ છે, તેટલા જ દ્રવ્યત્વગુણ છે.

**પ્રશ્ન-૬૨ :- પર્યાયમાં વિકાસ-ન્યૂનતાનું શું કારણ છે?**

ઉત્તર :- નિરંતર પરિણમન જ કારણ છે.

**પ્રશ્ન-૬૩ :- નિરંતર પરિણમન શું બતાવે છે?**

ઉત્તર :- સદાય નવી-નવી પર્યાયનું થવું બતાવે છે.

**પ્રશ્ન-૬૪ :- વિશ્વમાં જેટલા દ્રવ્ય છે, તેટલા જ દ્રવ્યત્વગુણ છે, એમ કોણે કહ્યું?**

ઉત્તર :- જિન-જિનવર જિનવવૃષભોએ કહ્યું છે.

**પ્રશ્ન-૬૫ :- આ કથનને સાંભળીને જ્ઞાની શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- કેવળીની સમાન વિશ્વમાં જેટલા દ્રવ્યત્વગુણ છે તેને જાણે છે અને દ્રવ્યત્વગુણરૂપ અભેદ આત્મામાં વિશેષ સ્થિરતા કરીને, શ્રેણી માંડીને સિદ્ધદશાને પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન-૬૬ :- જેટલા દ્રવ્ય છે, તેટલા જ દ્રવ્યત્વગુણ છે - એ સાંભળીને સમ્યક્ત્વની સન્મુખ મિથ્યાદષ્ટિ શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- અહો! અહો! જિનવચન અપૂર્વ છે! એમ જાણીને, પોતાના દ્રવ્યત્વગુણરૂપ અભેદ આત્માનો આશ્રય લઈને, જ્ઞાની થઈ, જ્ઞાનીની સમાન સિદ્ધદશાને પ્રાપ્ત કરી લે છે.

**પ્રશ્ન-૬૭ :- જેટલા દ્રવ્ય છે, તેટલા જ દ્રવ્યત્વગુણ છે,**

**તેને સાંભળીને અપાત્ર મિથ્યાદષ્ટિ શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- જિનવચનનો વિરોધ કરીને, ચારેય ગતિમાં ફરીને નિગોદમાં ચાલ્યો જાય છે.

**પ્રશ્ન-૬૮ :- જેટલા દ્રવ્ય છે, તેટલા જ દ્રવ્યત્વગુણ છે, તેમ જિન-જિનવર-જિનવવૃષભોના કથનને જાણવા-માનવાથી શું લાભ છે?**

ઉત્તર :- (૧) જિનેન્દ્રભગવાનની આજ્ઞા જણાય છે; (૨) જ્ઞાની પોતાના દ્રવ્યત્વગુણરૂપ અભેદ આત્માનો આશ્રય લઈને નિર્વાણને પામે છે; (૩) પાત્ર મિથ્યાદષ્ટિ, દ્રવ્યત્વગુણના રહસ્યને જાણીને, જ્ઞાની બનીને, જ્ઞાનીની જેમ નિર્વાણને પામે છે; (૪) અજ્ઞાની, દ્રવ્યત્વગુણનો નિષેધ કરીને ચાર ગતિમાં ફરીને નિગોદમાં ચાલ્યો જાય છે.

**પ્રશ્ન-૬૮ :- ટૂંકમાં દ્રવ્યત્વગુણ શું કહેવા માગે છે?**

ઉત્તર :- વિશ્વમાં જીવ અનંત, પુદ્‌ગલ અનંતા અનંત, ધર્મ-અધર્મ-આકાશ એક-એક અને કાળદ્રવ્ય લોકપ્રમાણ અસંખ્યાત છે. દરેક દ્રવ્ય, કાયમ રહેતું થકું પોતપોતાની પ્રયોજનભૂત ક્રિયાને કરતું નિરંતર બદલાતું જ રહે છે; એક દ્રવ્યની નિરંતર બદલાવાની ક્રિયાને, બીજા દ્રવ્યોની નિરંતર બદલાવાની ક્રિયા સાથે કોઈપણ પ્રકારે, કોઈપણ અપેક્ષાએ કર્તા-ભોક્તાનો સંબંધ નથી. કેમકે દરેક દ્રવ્યની નિરંતર બદલાવાની ક્રિયાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા જુદાં છે - એમ થોડામાં દ્રવ્યત્વગુણ બતાવે છે.

**પ્રશ્ન-૭૦ :- દ્રવ્યત્વગુણના ક્યા ક્યા લાભ આ પાઠમાં બતાવ્યા છે?**

ઉત્તર :- (૧) દરેક દ્રવ્યોની અવસ્થાનું 'નિરંતર પરિણમન' તેનું તેમાં જ, તેનાથી થાય છે; (૨) દરેક દ્રવ્યના દરેક ગુણમાં પણ 'નિરંતર પરિણમન' તે ગુણની યોગ્યતાને કારણે જ થાય છે; (૩) મારી પર્યાય, કોઈ બીજા જીવોથી કે અજીવોથી થઈ જાય એમ છે નહિ; (૪) બીજા જીવોની કે અજીવોની કોઈ પણ પર્યાય મારાથી થા એમ પણ નથી; (૫) પર્યાયમાં જે વિકાસ-ન્યુનતા થાય છે - તે 'નિરંતર પરિણમનને કારણે' છે; તેમાં બીજાનો જરા પણ હસ્તક્ષેપ નથી; (૬) સંસાર એક સમયનો છે; (૭) મોક્ષ પણ એક સમયનો છે; (૮) નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ એક સમયનો છે; (૯) ઉપાદાન અને નિમિત્તનો સંબંધ પણ એક સમયનો છે; (૧૦) દ્રવ્યને સર્વથા કૂટસ્થ માનનારા જૂઠા છે; (૧૧) 'નિરંતર પરિણમન' સદા નવી-નવી પર્યાયને બતાવે છે; (૧૨) જે કાર્ય થયું તેનું ભૂત અને ભવિષ્યની પર્યાય સાથે કોઈ સંબંધ નથી; (૧૩) જેટલા દ્રવ્ય છે, તેટલા જ દ્રવ્યત્વગુણ છે.



**પ્રશ્ન-૭૧ :- 'ઉત્પાદ-વ્યયયુત વસ્તુ હૈ, ફિર ભી સદા ધ્રુવતા ધરે' આ કથનનું અનાદિથી જિનવરવૃષભ, જિનવર અને જિને શું આધ્યાત્મિક રહસ્ય બતાવ્યું છે?**

ઉત્તર :- 'દરેક દ્રવ્ય એક સમયમાં પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ ત્રિ સ્વભાવને સ્પર્શે છે; તે જ સમયે નિમિત્ત હોવા છતાં દ્રવ્ય તેને સ્પર્શતું નથી. સમ્યગ્દર્શન થયું - ત્યાં આત્મા તે સમ્યગ્દર્શનના ઉત્પાદને, મિથ્યાત્વના વ્યયને અને શ્રદ્ધારૂપ પોતાની ધ્રુવતાને સ્પર્શે છે, પરંતુ સમ્યક્ત્વના નિમિત્તભૂત એવા દેવ, ગુરુ કે શાસ્ત્રને સ્પર્શતા નથી; એ તો ભિન્ન સ્વભાવી પદાર્થ છે. સમ્યગ્દર્શનની ઉત્પત્તિ, મિથ્યાત્વનો વ્યય તથા શ્રદ્ધાપણાની અખંડતારૂપ ધ્રુવતા, આ ત્રણેનો આત્મામાં જ સમાવેશ થાય છે, પરંતુ એ સિવાય જે બાહ્ય નિમિત્ત છે, તેનો સમાવેશ આત્મામાં નથી થતો. દરેક સમયે ઉત્પાદ-વ્યય-

ધ્રુવરૂપ દ્રવ્યનો પોતાનો સ્વભાવ છે અને તે સ્વભાવના જ દરેક દ્રવ્યને સ્પર્શે છે; એટલે કે સ્વભાવરૂપે જ વર્તે છે, પરંતુ પરદ્રવ્યને કારણે કોઈના ઉત્પાદ-વ્યય-ધ્રુવ નથી. પરદ્રવ્ય પણ તેના પોતાના જ ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવમાં અનાદિ-અનંત વર્તે છે અને આ આત્મા પણ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવમાં જ અનાદિ-અનંત વર્તે છે. - એમ સમજનારા જ્ઞાનીને પોતાના આત્મામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિવાય બાહ્યમાં કોઈ પણ કાર્યને કિંચિત્‌માત્ર પોતાનું માનતા નથી; માટે ધ્રુવસ્વરૂપ પોતાનો જે આત્મા છે, તેના આશ્રયે નિર્મળતાનો જ ઉત્પાદ થાય છે, મલિનતા વ્યય થાય છે અને ધ્રુવનું અવલંબન બન્યું રહે છે તેનું નામ ધર્મ છે.'

**પ્રશ્ન-૭૨ :- શું અજીવદ્રવ્યોમાં પણ, પ્રત્યેક અજીવદ્રવ્ય પોતાના ત્રિ-સ્વભાવને જ સ્પર્શે છે?**

**ઉત્તર :-** હા, અજીવદ્રવ્ય પણ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ ત્રિ-સ્વભાવને સ્પર્શે છે; પરનો સ્પર્શ નથી કરતો. જેમ કે, માટીના પિંડમાંથી ઘડો થયો; ત્યાં પિંડ અવસ્થાના વ્યયને, ઘટ અવસ્થાના ઉત્પાદને અને માટીપણાની ધ્રુવતાને તે માટી સ્પર્શે છે, પરંતુ તે કુંભાર, ચાકડો, દોરી કે અન્ય કોઈપણ પરદ્રવ્યને સ્પર્શતું નથી અને કુંભાર પણ હાથની હલન—ચલનની પોતાના અવસ્થામાં જે ઉત્પાદ થયો, તે ઉત્પાદને સ્પર્શ કરે છે પણ પોતાથી બાહ્યરૂપ ઘડાને તે સ્પર્શતો નથી.

**પ્રશ્ન-૭૩ :- સર્વજ્ઞદેવનું વીતરાગી ભેદજ્ઞાન શું છે?**

**ઉત્તર :-** જગતમાં છ દ્રવ્યો એક જ ક્ષેત્રમાં વિદ્યમાન હોવા છતાં પણ, કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યના સ્વભાવને સ્પર્શતો નથી. પોતપોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સ્વભાવમાં જ દરેક દ્રવ્ય વર્તે છે; માટે તે પોતાના સ્વભાવને જ સ્પર્શે છે. જુઓ! આ સર્વજ્ઞદેવ



કથિત વીતરાગી ભેદજ્ઞાન!

**પ્રશ્ન-૭૪ :- સર્વજ્ઞદેવ કથિત વીતરાગી ભેદજ્ઞાનને જાણવા-માનવાથી શું સ્પષ્ટ થાય છે?**

**ઉત્તર :-** તેમાં નિમિત્ત-ઉપાદાનનું સ્પષ્ટીકરણ પણ આવી જાય છે. ઉપાદાન અને નિમિત્ત, તે બંને પદાર્થ એક સાથે પ્રવર્તમાન હોવા છતાં ઉપાદાનરૂપ પદાર્થ, પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સ્વભાવને જ સ્પર્શે છે; નિમિત્તને જરા પણ સ્પર્શતો નથી અને નિમિત્તભૂત પદાર્થ પણ તેના પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવતારૂપ સ્વભાવને જ સ્પર્શે છે; ઉપાદાનને જરા પણ સ્પર્શતો નથી. ઉપાદાન અને નિમિત્ત બંને જુદા-જુદા પોતપોતાના સ્વભાવમાં જ વર્તે છે, પરિણમન કરે છે.

**પ્રશ્ન-૭૫ :- સર્વજ્ઞ ભગવાનના સર્વ ઉપદેશનો સાર શું છે?**

**ઉત્તર :-** અહો! પદાર્થોનો આ ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવ બરાબર ઓળખી લે તો ભેદજ્ઞાન થઈને સ્વદ્રવ્યના આશ્રયે જ નિર્મળપર્યાયનો ઉત્પાદ અને મલિનતાનો વ્યય થાય, તેનું નામ ધર્મ છે અને તે સર્વજ્ઞ ભગવાનના સર્વ ઉપદેશનો સાર છે.

**પ્રશ્ન-૭૬ :- ભગવાને ટૂંકમાં શું વસ્તુસ્વરૂપને બતાવ્યું છે?**

**ઉત્તર :-** જીવ અનંત, પુદ્‌ગલ અનંતાઅનંત, ધર્મ-અધર્મ-આકાશ એક-એક, કાળ લોકપ્રમાણ અસંખ્યાત છે; દરેક દ્રવ્યમાં અનંત-અનંત ગુણ છે; દરેક ગુણ કાયમ રહેતો થકો એક જ સમયમાં પૂર્વ પર્યાયનો વ્યય અને નવીન પર્યાયનો ઉત્પાદ થતો રહ્યો છે, થતો રહે છે અને થતો રહેશે - તે વસ્તુનું સ્વરૂપ ભગવાને બતાવ્યું છે.

**પ્રશ્ન-૭૭ :- જેવું વસ્તુસ્વરૂપ ભગવાને બતાવ્યું છે, જો**

**એમ માને તો તેનું ફળ શું છે?**

ઉત્તર :- (૧) પર પદાર્થોમાં કર્તા-કર્મ, ભોક્તા-ભોગ્યની બુદ્ધિ સમાપ્ત થઈ જશે; (૨) સમ્યગ્દર્શન પામીને ક્રમથી મુક્તિસુંદરીનો નાથ બની જશે.

**પ્રશ્ન-૭૮ :- ભગવાને આવું વસ્તુસ્વરૂપ ક્યા શાસ્ત્રોમાં બતાવ્યું છે?**

ઉત્તર :- ચારેય અનુયોગોના શાસ્ત્રોમાં બતાવ્યું છે. (૧) શ્રી પ્રવચનસાર ગાથા-૯૩માં તેને 'પારમેશ્વરી વ્યવસ્થા' કહી છે. (૨) શ્રી તત્ત્વાર્થસૂત્રમાં 'સત્ દ્રવ્ય લક્ષણમ્; ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્'ના નામથી વસ્તુસ્વરૂપ સમજાવ્યું છે.

**પ્રશ્ન-૭૯ :- આવી વિશ્વ વ્યવસ્થાને જાણવાથી શું થાય છે?**

ઉત્તર :- સંપૂર્ણ દુઃખોનો અભાવ થઈને, પૂર્ણ સુખની પ્રાપ્તિ થાય છે - એવું આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પૃષ્ઠ-૫૨માં કહ્યું છે.

●●



(૧૪)

# પ્રમેયત્વગુણ

**સબ દ્રવ્ય-ગુણ, પ્રમેય સે બનતે વિષય હૈં જ્ઞાન કે,**
**રુકતા ન સમ્યગ્જ્ઞાન પર સે, જાનિયોં યોં ધ્યાન સે;**
**આત્મા અરૂપી જ્ઞેય નિજ, યહ જ્ઞાન ઉસકો જાનતા,**
**હૈ સ્વ-પર સત્તા વિશ્વ મેં, સુદૃષ્ટિ ઉનકો જાનતા.**

**પ્રશ્ન-૧ :- પ્રમેયત્વગુણ શું છે?**

ઉત્તર :- પ્રમેયત્વગુણ, દરેક દ્રવ્યમાં જોવા મળતો સામાન્યગુણ છે.

**પ્રશ્ન-૨ :- પ્રમેયત્વગુણ કોને કહે છે?**

ઉત્તર :- જે શક્તિને કારણે, દ્રવ્ય 'કોઈ ને કોઈ જ્ઞાન'નો વિષય હોય તેને પ્રમેયત્વગુણ કહે છે.

**પ્રશ્ન-૩ :- 'કોઈ ને કોઈ જ્ઞાન'થી શું તાત્પર્ય છે?**

ઉત્તર :- મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન આ પાંચમાંથી કોઈપણ એક જ્ઞાન એ એનું તાત્પર્ય છે.

**પ્રશ્ન-૪ :- જગતમાં કોઈ એવો પદાર્થ છે કે જેમાં પ્રમેયત્વગુણ ન હોય?**

ઉત્તર :- જગતમાં કોઈ એવો પદાર્થ નથી કે જેમાં પ્રમેયત્વગુણ ન હોય, કેમકે પ્રમેયત્વગુણ દરેક દ્રવ્યનો સામાન્યગુણ છે.

**પ્રશ્ન-૫ :- પ્રમેયત્વનો મતલબ શું છે?**

ઉત્તર :- જ્ઞાન થવા યોગ્ય, જ્ઞાન થવાયોગ્ય જ્ઞેય, knowable જાણ્યું.

**પ્રશ્ન-૬ :- પ્રમેયત્વનો વ્યુત્પત્તિ અર્થ શો છે?**

ઉત્તર :- પ્ર = એટલે કે વિશેષરૂપથી, મેય = એટલે કે જ્ઞાનમાં આવવા યોગ્ય. ત્વ = એટલે કે પણું. વિશેષરૂપથી જ્ઞાનમાં આવવા યોગ્યપણું.

**પ્રશ્ન-૭ :- રૂપી પદાર્થ જણાય છે અને અરૂપી પદાર્થ જણાતા નથી - શું એ વાત ઠીક છે?**

ઉત્તર :- બિલકુલ જૂઠી છે, કેમકે દરેક દ્રવ્યમાં પ્રમેયત્વગુણ છે; તે કારણે દરેક પદાર્થ કોઈને કોઈ જ્ઞાનનો વિષય હોય છે; માટે રૂપી અને અરૂપી બંને પદાર્થ ચોક્કસ જ્ઞાનમાં જણાય છે.

**પ્રશ્ન-૮ :- જ્ઞાન કરવાની અને જણાવું આ બંને શક્તિઓ એક સાથે શેમાં હોય છે?**

ઉત્તર :- એકમાત્ર જીવદ્રવ્યમાં જ છે.

**પ્રશ્ન-૯ :- શું પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળમાં પણ આ બંને શક્તિઓ છે?**

ઉત્તર :- નથી. પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળમાં માત્ર જ્ઞેયપણાની શક્તિત છે; જ્ઞાન કરવાની નથી.

**પ્રશ્ન-૧૦ :- અમે એવું કાર્ય કરીએ કે કોઈને ખબર ન પડે- એમ કહેનાર શું ભૂલે છે અને કોને નથી માનતો?**

ઉત્તર :- (૧) પ્રમેયત્વગુણને ભૂલે છે; (૨) અરિહંત-સિદ્ધને જ માનતો નથી, કારણ કે સંસારમાં એવું કોઈ પણ કાર્ય નથી કે જે અરિહંત અને સિદ્ધ ન જાણતા હોય; (૩) અવધિજ્ઞાની, મનઃપર્યયજ્ઞાનીને નથી માનતો; (૪) છદ્મસ્થ ભાવશ્રુતજ્ઞાનીને પણ નથી માનતો.



**પ્રશ્ન-૧૧ :- પ્રમેયત્વગુણને જાણવાનો લાભ શો છે?**

ઉત્તર :- બધા પાપોથી છૂટી જાય છે.

**પ્રશ્ન-૧૨ :- પ્રમેયત્વગુણને જાણવાથી બધા પાપોથી કેવી રીતે છૂટાય છે?**

ઉત્તર :- જે જીવ પાપ કરે છે, તે એમ જાણીને કરે છે કે કોઈ દેખતું નથી. પણ જો તેને એમ ખબર પડે કે અરિહંત-સિદ્ધ ભગવાન બધું જાણે છે, તો તે પાપ ન કરે.

**પ્રશ્ન-૧૩ :- પ્રમેયત્વગુણના રહસ્યને જાણનારા બધા પાપોથી કેવી રીતે છૂટી જાય છે, દૃષ્ટાંત આપીને સમજાવો?**

ઉત્તર :- એક પુરુષે ૫૦ ભેંસો ખરીદી, તેણે ભેંસનું દૂધ કાઢીને જમા કરીને ઘી બનાવીને વેચવાનું કામ શરૂ કર્યું. ઘીનો ભાવ બજારમાં ૨૦૦ રૂપિયા કિલો, તે ૧૫૦ રૂપિયે કિલો વેચતો હતો. બજારમાં લોકો જાણે છે કે ભેળસેળવાળું ઘી હોય છે, પણ તેણે તો ભેંસ પણ રાખી છે અને ૫૦ રૂપિયા કિલો ઓછું વેચે છે, તો તેનું ઘી રોજ સવારે જ વેચાઈ જાય છે અને તે જલ્દી જ માલદાર બની જાય છે. એક દિવસ તેના ખાસ સંબંધી આવ્યા - અરે ભાઈ! તું તો એક કિલો ઘી, ૫૦ રૂપિયા ઓછામાં વેચે છે, તો તું આટલો જલ્દી માલદાર કેમ થઈ ગયો? તેણે કહ્યું - જુઓ, મને બધા લોકો ઈમાનદાર સમજે છે. હું રોજ એક ડબ્બો ચોખ્ખા ઘીમાં પાંચ ડબ્બા નકલી ઘી ભેળવીને રાતે રાખી દઉં છું, તે સવારે જ વેચાઈ જાય છે, એ વાતને કોઈ નથી જાણતું; તે રીતે હું જલ્દી માલદાર થઈ ગયો છું. તેણે કહ્યું, ભાઈ! તું તો જૈન છો, અરિહંત ભગવાન તો આ વાતને જાણે છે અને અવધિજ્ઞાની, મનઃપર્યયજ્ઞાની પણ બતાવે છે, ત્યારે તું એમ કેમ કહે છે કે આ વાત કોઈ નથી જાણતું? તે દિવસથી તેણે તે બેઈમાનીનું

કાર્ય છોડી દીધું, કેમકે તેણે પ્રમેયત્વગુણના રહસ્યને જાણ્યું.

**પ્રશ્ન-૧૪ :- (૧) હું જુગાર રમું છું, કોઈ જાણતું નથી; (૨) હું ટેક્સની ચોરી કરું છું, કોઈ નથી જાણતું; (૩) હું સીગરેટ પીવ છું, કોઈને શું ખબર; (૪) હું દારૂ પીઉ છું, પણ કોઈને ખબર નથી; (૫) હું હિંસા, ચોરી કરું છું પણ કોઈને ખબર નથી પડતી; (૬) હું નકલ કરું છું, કોઈને ખબર નથી; (૭) હું વેપારમાં બધાને મૂર્ખ બનાવું છું, કોઈ જાણતું નથી; (૮) હું એવો ઠગું છું કે બધા દંગ રહી જાય છે; (૯) મેં ચુંટણીમાં બધા વોટ મારી પેટીમાં નાખ્યો, કોઈએ જોયું જ નહિ; આ વાક્યોમાં (અ) પ્રમેયત્વગુણને ક્યારે માન્યું અને પ્રમેયત્વગુણને માનનારાએ કોનો-કોનો આદર કર્યો, ત્યારે માન્યું. (આ) અને પ્રમેયત્વગુણને ક્યારે ન માન્યું તથા પ્રમેયત્વગુણને માનનારાએ કોનો-કોનો નિરાદર કર્યો, ત્યારે ન માન્યો, સમજાવો?**

ઉત્તર :- (અ) હું જુગાર રમું છું, કોઈ નથી જાણતું - આ વાક્યમાં જે જીવ એવું જાણે-માને કે જુગાર રમવાનું કાર્ય આહારવર્ગણાનું છે, મારા જીવનું નથી. હું તો જ્ઞાયક ભગવાન છું અને જ્ઞાનપર્યાય, વ્યવહારથી જ્ઞાનનું જ્ઞેય છે; તેણે પ્રમેયત્વગુણને માન્યું અને પ્રમેયત્વગુણને માનનારાએ પંચપરમેષ્ઠીનો આદર કર્યો - ત્યારે માન્યું. (આ) હું જુગાર રમું છું, કોઈ નથી જાણતું - આ વાક્યમાં ભગવાનને ભૂલીને, જુગાર રમવાના કાર્યને આત્માનું કાર્ય માને, તેણે પ્રમેયત્વગુણને નથી માન્યું અને પ્રમેયત્વગુણને ન માનનારે પંચ પરમેષ્ઠીનો અનાદર કર્યો, ત્યારે નથી માન્યું. એ પ્રમાણે આઠેય પ્રશ્નો સમજી લેવા.

**પ્રશ્ન-૧૫ :- હું રોટલી ખાવ છું - આ વાક્યમાં (૧) પ્રમેયત્વગુણને ક્યારે માન્યો, (૨) અને ક્યારે ન માન્યું?**



ઉત્તર :- (૧) હું રોટલી ખાવ છું - આ વાક્યમાં રોટલી ખાવાનું કાર્ય આહારવર્ગણાનું છે; મારા જ્ઞાયક ભગવાનનું નથી. હું જ્ઞાયક છું અને રોટલી વ્યવહારથી મારા જ્ઞાનનું જ્ઞેય છે - એમ માનનારાએ પ્રમેયત્વગુણને માન્યું. અને (૨) પોતાના જ્ઞાયક ભગવાનને ભૂલીને, રોટલી ખાવાનું કાર્ય આત્માનું માને તેણે પ્રમેયત્વગુણને નથી માન્યો.

**પ્રશ્ન-૧૬ :- હું મનુષ્ય છું - આ વાક્યમાં (૧) પ્રમેયત્વગુણને ક્યારે માન્યો અને (૨) ક્યારે નથી માન્યો?**

ઉત્તર :- (૧) સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનમાં અનંત પુદ્‌ગલ પરમાણુ કાયમ રહેતા થકા, પોતપોતાની પ્રયોજનભૂત ક્રિયા કરતા નિરંતર બદલતા રહે છે. એ બધું વ્યવહારનયથી જ્ઞાનના જ્ઞેય છે અને હું આત્મા જ્ઞાયક છું - એવો અનુભવ-જ્ઞાન થાય, તો પ્રમેયત્વગુણને માન્યો. (૨) હું આત્મા જ્ઞાયક છું. સંયોગરૂપ-ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનમાં અનંત પુદ્‌ગલ, પરમાણુ વ્યવહારનયથી જ્ઞાનનું જ્ઞેય છે; એ વાતને ભૂલીને ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનના અનંત પુદ્‌ગલોનો કર્તા-ભોક્તા આત્માને માને તેણે પ્રમેયત્વગુણને નથી માન્યો.

**પ્રશ્ન-૧૭ :- સંયોગરૂપ શરીરમાં વ્યવહારથી જ્ઞેયબુદ્ધિને છોડીને, હું મનુષ્ય છું - એવી માન્યતાનું શું ફળ છે?**

ઉત્તર :- ચારેય ગતિમાં ફરીને નિગોદમાં જવું એવી માન્યતાનું ફળ છે.

**પ્રશ્ન-૧૮ :- સંયોગરૂપ ઔદારિક વગેરે શરીરમાં - હું મનુષ્ય છું - એવી નિગોદબુદ્ધિનો અભાવ કેવી રીતે થાય, ત્યારે પ્રમેયત્વગુણને માન્યો એમ કહેવાય?**

ઉત્તર :- સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનમાં જેટલા પરમાણુ છે, તે બધા વ્યવહારનયથી જ્ઞાનનું જ્ઞેય છે; હું તો માત્ર જ્ઞાયક છું - એમ માને-જાણે તો નિગોદબુદ્ધિનો અભાવ થઈને, ધર્મની પ્રાપ્તિ થાય છે, ત્યારે પ્રમેયત્વગુણને માન્યો; ત્યારબાદ અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી હું મનુષ્ય છું - એમ કહી શકાય, પરંતુ એમ નથી.

**પ્રશ્ન-૧૯ :- હું દેવ છું; હું નારકી છું; હું તિર્યંચ છું; હું યુવાન છું; હું સ્ત્રી છું; હું રથ બનાવું છું; હું શરીરની સેવા કરું છું; અરિહંત ભગવાને ચાર ઘાતિકર્મનો અભાવ કર્યો; આ વાક્યમાં પ્રમેયત્વગુણને સ્પષ્ટ કરો?**

ઉત્તર :- આ દરેક વાક્યોનું પૂર્વ ૧૪ થી ૧૮ પ્રશ્નોત્તર અનુસાર જાતે અભ્યાસ કરો.

**પ્રશ્ન-૨૦ :- દિગંબરધર્મી કોણ છે અને તેનું કાર્ય શું છે?**

ઉત્તર :- જ્ઞાની, દિગંબરધર્મી છે અને તેનું કાર્ય જ્ઞાતા-દૃષ્ટા રહેવું તે છે.

**પ્રશ્ન-૨૧ :- જે સાત વ્યસનોનું સેવન કરે છે, હિંસા આદિ પાપ કરે છે, તે પોતાને દિગંબરધર્મી કહે છે, તો શું એ ઠીક છે?**

ઉત્તર :- તે બધા દિગંબરધર્મી નથી અને ચાર ગતિમાં ભટકતા એવા નિગોદગામી છે. ચારેય ગતિના ભક્ત છે; પંચમગતિના ભક્ત નથી.

**પ્રશ્ન-૨૨ :- વિશ્વના સંપૂર્ણ પદાર્થોની સાથે આત્માને કેવો સંબંધ છે?**

ઉત્તર :- એકમાત્ર જ્ઞેય-જ્ઞાયકસંબંધ છે; બીજો કોઈપણ પ્રકારનો સંબંધ નથી.



**પ્રશ્ન-૨૩ :- કોઈ સંસારના પદાર્થોની સાથે કર્તા-ભોક્તાનો સંબંધ માને તો શેનો પાત્ર થાય છે?**

ઉત્તર :- જેમ, માતાનો પુત્રની સાથે જેવો સંબંધ છે, તેવો જ માને તો ઠીક છે, જો તેનાથી ઊંધો માને તો નિંદાને પાત્ર થાય છે; તેમ જ સંસારના પદાર્થો સાથે જ્ઞેય-જ્ઞાયકસંબંધ છે. તેના બદલે કર્તા-ભોક્તાનો સંબંધ માને તો જિનવાણીમાતાની સાથે અનર્થ કરે છે અને તે નિગોદરૂપ સંસારને લાયક બને છે.

**પ્રશ્ન-૨૪ :- જ્ઞેય-જ્ઞાયકસંબંધ કોણે માન્યો, કોણે નથી માન્યો?**

ઉત્તર :- જ્ઞાનીએ માન્યો; અજ્ઞાનીએ નથી માન્યો.

**પ્રશ્ન-૨૫ :- પ્રમેયત્વગુણ, રૂપી છે કે અરૂપી?**

ઉત્તર :- બંને છે; પુદ્‌ગલનો પ્રમેયત્વગુણ રૂપી છે, બાકીના દ્રવ્યોના અરૂપી છે, કેમકે પ્રમેયત્વગુણ દરેક દ્રવ્યનો સામાન્યગુણ છે.

**પ્રશ્ન-૨૬ :- પ્રમેયત્વગુણ, જડ છે કે ચેતન?**

ઉત્તર :- બંને છે; જીવનો પ્રમેયત્વગુણ ચેતન છે, બાકીના જડ છે, કેમકે પ્રમેયત્વગુણ દરેક દ્રવ્યનો સામાન્યગુણ છે.

**પ્રશ્ન-૨૭ :- પ્રમેયત્વગુણનું ક્ષેત્ર કેટલું મોટું છે અને કેમ?**

ઉત્તર :- જેટલું દ્રવ્યનું ક્ષેત્ર છે, તેટલું મોટું ક્ષેત્ર પ્રમેયત્વગુણનું છે. કારણ કે પ્રમેયત્વગુણ, દ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં જોવા મળે છે.

**પ્રશ્ન-૨૮ :- પ્રમેયત્વગુણનો કાળ કેટલો છે?**

ઉત્તર :- જેટલો દ્રવ્યનો કાળ છે, તેટલો જ પ્રમેયત્વગુણનો કાળ છે, કેમકે પ્રમેયત્વગુણ, દ્રવ્યની સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાળ રહે છે.

**પ્રશ્ન-૨૯ :- શું પુદ્‌ગલપરમાણુ પણ જ્ઞાનનું જ્ઞેય થઈ શકે છે?**

ઉત્તર :- હા; તે પણ જ્ઞાનનું જ્ઞેય છે કેમકે તેમાં પણ પ્રમેયત્વગુણ છે, પરમાણુ, અવધિજ્ઞાની, મનઃપર્યયજ્ઞાની તથા કેવળજ્ઞાનીના જ્ઞાનનું જ્ઞેય છે.

**પ્રશ્ન-૩૦ :- શું બધા દ્રવ્યોના ગુણોની ભૂત-ભવિષ્ય-વર્તમાનની બધી પર્યાયો જ્ઞાનનું જ્ઞેય થઈ શકે છે?**

ઉત્તર :- હા, તે બધી કેવળજ્ઞાનીના કેવળજ્ઞાનની પર્યાયમાં એક સમયમાં એક સાથે જ્ઞેય (જણાય) થાય છે.

**પ્રશ્ન-૩૧ :- બધા દ્રવ્યોની ભૂત-ભવિષ્ય-વર્તમાન પર્યાયો કેવળજ્ઞાની એક સાથે એક સમયમાં જાણે છે, તે ક્યાં આવ્યું?**

ઉત્તર :- સંપૂર્ણ જિનાગમોમાં આવ્યું છે. જેમકે (૧) શ્રી પ્રવચનસાર ગાથા-૩૭, ૩૮, ૨૧, ૪૭ તથા ૨૦૦માં; (૨) શ્રી તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય પહેલો, સૂત્ર ૨૯મું; (૩) શ્રી રત્નકરંડશ્રાવકાચાર, પહેલો શ્લોક; (૪) શ્રી છ ઢાળાની ચોથી ઢાળમાં આવ્યું છે કે 'સકલ દ્રવ્ય કે ગુણ અનંત પર્યાય અનંતા. જાનૈ એકૈ કાલ પ્રગટ કેવલિ ભગવંતા' (૫) શ્રી ધવલા પુસ્તક ૧૩ પૃ. ૩૪૬ થી ૩૫૩માં આવ્યું છે.

**પ્રશ્ન-૩૨ :- કેટલાય વિદ્વાનો દિગંબરધર્મી કહેવાતા હોવા છતાં પણ એમ કેમ કહે છે કે - (૧) કેવળીભગવાન ભૂત અને વર્તમાન પર્યાયને જ જાણે છે અને ભવિષ્યની પર્યાયને તે થાય ત્યારે જાણે છે; (૨) સર્વજ્ઞભગવાન અપેક્ષિત ધર્મોને નથી જાણતા; (૩) કેવળી ભગવાન, ભૂત-ભવિષ્ય પર્યાયોને સામાન્યરૂપે જાણે છે; પણ વિશેષરૂપથી નથી જાણતા; (૪) કેવળી ભગવાન, ભવિષ્યની પર્યાયને સમગ્રપણે જાણે છે; ભિન્ન-ભિન્નરૂપથી નથી**



**જાણતા; (૫) જ્ઞાન, માત્ર જ્ઞાનને જ જાણે છે; (૬) સર્વજ્ઞના જ્ઞાનમાં પદાર્થ ઝળકે છે, પરંતુ ભૂત-ભવિષ્યની પર્યાયમાં સ્પષ્ટરૂપથી ઝળકતી નથી વગેરે..**

ઉત્તર :- તેમનું એવ કહેવું બિલકુલ જૂઠું છે; (૧) શાસ્ત્ર, ભાવલિંગી મુનિઓએ બનાવ્યા છે, તેમાં ભૂત અને ભવિષ્યની પર્યાયોનો સ્પષ્ટ ઉલ્લેખ છે. જ્યારે અવધિજ્ઞાની, મનઃપર્યયજ્ઞાની તો ભૂત-ભવિષ્યની પર્યાયોને જાણે, કેવળી ન જાણે- જુઓ! કેટલો અનર્થ છે. (૨) ભરતજીએ ભૂત-ભવિષ્ય-વર્તમાન ચોવીસીની સ્થાપના કરી, તે ક્યાંથી આવી? (૩) મારીચ ચોવીસમાં તીર્થંકર થશે; દ્વારકામાં બાર વર્ષ પછી આગ લાગશે - આ વાત ક્યાંથી આવી; (૪) કરણાનુયોગમાં, જીવ એવા ભાવ કરે છે, ત્યારે આવા-આવા કર્મનું નિમિત્ત-નૈમિત્તિકસંબંધ થશે, એ ક્યાંથી આવ્યું; (૫) ચરણાનુયોગમાં જીવે આવા વ્રતનો ભાવ કર્યો છે, તેના ફળમાં દેવ થયો, એ ક્યાંથી આવ્યું; (૬) પ્રથમાનુયોગ તો ભૂત-ભવિષ્ય-વર્તમાન બધાને દેખાડે છે - તે તેનું જીવતું-જાગતું પ્રમાણ છે; (૭) શ્રી સમયસાર, ગાથા ૩૦૮ થી ૩૧૧ સુધી સ્પષ્ટ આવ્યું છે; ખરેખર આજકાલ ભગવાનની આજ્ઞા ન માનનારા વિદ્વાનોમાં સર્વજ્ઞના વિષયમાં ઊંધી ધારણા છે; માટે તેને વર્તમાનમાં સાચા જ્ઞાનીઓનો સમાગમ કરીને પોતાની ભૂલ ટાળવી જોઈએ. આ પ્રશ્નમાં છ વાતો આવી યાદ રાખે છે તેમાં તેમણે સર્વજ્ઞને અલ્પજ્ઞ માન્યા અને તે તેની ચારેય ગતિમાં ભટકવાની વાત છે.

**પ્રશ્ન-૩૩ :- જ્યારે જ્ઞાનમાં અનાદિ અને અનંત પર્યાય એક સાથે આવી જાય છે, ત્યારે તો તેનો આદિ અને અંત પણ આવી ગયો?**

ઉત્તર :- નથી આવ્યો. અનાદિ કહેવાથી આદિ નથી અને અનંત

કહેવાથી અંત નથી.

**પ્રશ્ન-૩૪ :- અનાદિ કહેવાથી આદિ કેમ નથી અને અનંત કહેવાથી અંત કેમ નથી?**

ઉત્તર :- કેવળજ્ઞાની, અનાદિને અનાદિરૂપથી અને અનંતને અનંતરૂપથી જાણે છે.

**પ્રશ્ન-૩૫ :- જેમાં જ્ઞાનગુણ હોય, તેમાં પ્રમેયત્વગુણ હોય કે નહિ અને કેમ?**

ઉત્તર :- ચોક્કસ હોય, કેમકે પ્રમેયત્વગુણ સામાન્યગુણ છે.

**પ્રશ્ન-૩૬ :- જ્ઞાની, સુખી કેમ છે; અજ્ઞાની, દુઃખી કેમ છે?**

ઉત્તર :- જ્ઞાની સંસારના પદાર્થોની સાથે જ્ઞેય-જ્ઞાયકસંબંધ માને છે; માટે સુખી છે અને અજ્ઞાની, પરપદાર્થોમાં કર્તા-કર્મ, ભોક્તા-ભોગ્યસંબંધ માને છે; માટે દુઃખી છે.

**પ્રશ્ન-૩૭ :- સાતમી નરકમાં સમ્યગ્દૃષ્ટિ જીવ, સુખી છે, શું તેમણે જ્ઞેય-જ્ઞાયક સંબંધ માન્યો?**

ઉત્તર :- હા, તેમણે જ્ઞેય-જ્ઞાયકસંબંધ માન્યો છે, ત્યારે તો સુખી છે.

**પ્રશ્ન-૩૮ :- અમને તો પદાર્થોની સાથે કર્તા-કર્મ, ભોક્તા-ભોગ્ય સંબંધ જ જણાય છે; જ્ઞેય-જ્ઞાયકસંબંધ નહિ, તેનું શું કારણ છે?**

ઉત્તર :- (૧) અજ્ઞાનીને કમળો થઈ ગયો છે; માટે તેને ઊંધું જણાય છે. (૨) જેમ રેલમાં વૃક્ષો ચાલતા દેખાય છે; તેમ અજ્ઞાનીને પરદ્રવ્યોની સાથે કર્તા-કર્મ-ભોક્તા-ભોગ્ય સંબંધ દેખાય છે. ખરેખર તો રેલ ચાલે છે; વૃક્ષો ચાલતા નથી; તે પ્રમાણે ખરેખર તો વ્યવહારનયથી જ્ઞેય-જ્ઞાયકસંબંધ છે; કર્તા-કર્મસંબંધ નથી. (૩)



'બચ્ચાના ઈંડા' પ્રમાણે આત્માએ કર્યું, એમ માને છે. બચ્ચાના ઈંડાનું દૃષ્ટાંત નીચે પ્રમાણે છે :-

એકવાર એક દરબારી સુંદર બકરીના બચ્ચાને ખરીદવા બહાર ગયો. દરબારી એ પહેલા કોઈ દિવસ મહેલની બહાર નહોતો નીકળ્યો; માટે તેને દુનિયાનો કોઈ અનુભવ નહોતો. તે બકરીના બચ્ચા ખરીદવા એક ગામથી બીજે ગામ જતો હતો, રસ્તામાં તેને કેટલાક ઠગ મળ્યા. વાતચીતમાં તે ઠગે જાણી લીધું કે દરબારી બિલકુલ અનુભવહિન છે અને બચ્ચા ખરીદવા બહાર આવ્યો છે. તે ઠગોએ દરબારને ઠગવાનો નિશ્ચય કર્યો અને કાશીફળ લઈને એક ઝાડ ઉપર ટીંગાડી દીધું. તે ઝાડની બાજુની જાડીમાં બે સસલાના બચ્ચા છુપાઈને બેઠા હતા. તે ઠગોએ દરબારીને કહ્યું - અમારી પાસે બકરીના ઈંડા છે, તેમાંથી બે સુંદર બચ્ચા નીકળશે. દરબારી સાથે સોદો કરીને બે હજાર રૂપિયા લઈ લીધા. પછી તે ઝાડમાં છુપાવેલા બન્ને કાશીફળોને નીચે પાડી દીધા. નીચે પડતાં જ તે ફુટી ગયા અને જોરથી ધડાકો થયો. એ ધડાકાનો અવાજ સાંભળીને સસલાના બચ્ચા જાડીમાંથી નીકળીને ભાગ્યા. ત્યારે તે ઠગોએ તાળી પાડીને હસ્યા અનો બોલ્યા મહારાજ! મહારાજ! ઈંડા તો ફૂટી ગયા. એ તમારા બંને બચ્ચાઓ ભાગ્યા જાય છે, પકડો, પકડો. દરબારી તેને ખરેખર બકરીના બચ્ચા સમજીને તેને પકડવા દોડે છે, પણ તે સસલા કોઈ જાડીમાં છુપાઈ જાય; માટે હાથ ન આવ્યા. દરબાર મન મારીને ઘરે આવતો રહ્યો. ઘરે આવીને અંતઃપુરના લોકોએ પૂછયું કે મહારાજ! બચ્ચાનું શું થયું? ત્યારે દરબારીએ ઈંડા ખરીદવાની બધી વાર્તા કહી સંભળાવી અને કહેવા લાગ્યો કે કેટલા સુંદર બકરીના બચ્ચા, ઈંડામાંથી નીકળીને દોડવા લાગ્યા. અંતઃપુરના લોકોએ કહ્યું મહારાજ! આપ મૂર્ખ બન્યા છો - કોઈ દિવસ બકરીના ઈંડા હોય છે, દરબારીએ

કહ્યું - અરે ભાઈ! મેં પોતાની આંખે જોયું. અરે! જ્યારે બચ્ચાના ઇંડા હોય જ નહિ તો તમે ક્યાંથી જોયું હોય? તે જ પ્રમાણે અજ્ઞાની જીવ કહે છે કે 'આત્મા પરદ્રવ્યના કાર્યને કરતો દેખાય છે.' અરે ભાઈ! જ્યારે આત્મા પરદ્રવ્યનું કાંઈ કરી જ શકતો નથી તો તે જોયું ક્યાંથી? જૂઠી દષ્ટિથી અજ્ઞાનીને જડની ક્રિયા, ચેતન કરતો જણાય છે. આત્માએ આ ક્રિયા કરી એ તો જોવામાં જ નથી આવતું.

આ જુઓ, હાથમાં લાકડી છે. એ આમ ઊંચી થઈ, તેમાં આત્માએ શું કર્યું? આત્માએ એમ જાણ્યું તો ખરું કે લાકડીપ હેલા નીચે હતી તે હવે ઊંચી થઈ, પણ આત્મા લાકડીને ઊંચી કરવામાં સમર્થ નથી. અજ્ઞાની માને છે - મેં લાકડીને ઊંચી કરી છે તે વિપરીત માન્યતા છે. માટે યાદ રાખો - (૧) એક આત્મા, બીજા આત્માનું કાંઈ કરી શકતો નથી; (૨) એક આત્મા, જડનું કાંઈ કરી શકતો નથી; (૩) એક પુદ્‌ગલ, બીજા પુદ્‌ગલનું કાંઈ કરી શકતો નથી; (૪) એક પુદ્‌ગલ, આત્માનું કાંઈ કરી શકતો નથી - એમ માનવું સમ્યગ્જ્ઞાન છે; તેનાથી ઊલટું માને તે મહાન પાપ મિથ્યાત્વનું છે. કેમકે આત્માની સાથે પરપદાર્થોને જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે પણ કર્તા-કર્મપણું માની લીધું છે.

**પ્રશ્ન-૩૭ :- જ્ઞેય-જ્ઞાયકસંબંધ કોણે માન્યો?**

ઉત્તર :- જેણે પોતાના આશ્રયે સમ્યગ્દર્શન આદિ પ્રગટ કર્યું, તેણે જાણ્યું અને માન્યું.

**પ્રશ્ન-૩૮ :- સંસારમાં મોટા ભાગે માણસો, પરમાં કર્તા-કર્મ, ભોક્તા-ભોગ્યની જ વાતો કરે છે - શું એ બધા ગાંડા છે?**

ઉત્તર :- ખરેખર તો નિગોદથી લઈને ચારેય ગતિના બધા મિથ્યાદષ્ટિ જીવ, પરમાં કર્તા-કર્મની વાતો કરવાના કારણે, ગાંડા જ છે.



**પ્રશ્ન-૩૯ :- હું બધું કેવી રીતે જાણી શકું છું - એવી માન્યતાવાળા શું ભૂલે છે?**

ઉત્તર :- પ્રમેયત્વગુણને ભૂલે છે.

**પ્રશ્ન-૪૦ :- હું શરીરનું, બાળ-બચ્ચાનું કાંઈ કરી શકું છું - એમ માનનારા શું ભૂલે છે?**

ઉત્તર :- પ્રમેયત્વગુણને ભૂલે છે, કેમકે શરીર અને બાળકોની સાથે જ્ઞેય-જ્ઞાયકપણાનો સંબંધ છે; માને છે કે કર્તા-કર્મપણાનો.

**પ્રશ્ન-૪૧ :- હું પરનો કર્તા-ભોક્તા છું - એવી માન્યતાવાળો કોણ અને તેણે ક્યા ગુણને નથી માન્યા?**

ઉત્તર :- (૧) જિનમતની બહાર દ્વિક્રિયાવાદી છે. (૨) પરની સાથે જ્ઞેય-જ્ઞાયકસંબંધ છે; માન્યો છે કર્તા-ભોક્તાનો સંબંધ, તો તેણે પ્રમેયત્વગુણને નથી માન્યો.

**પ્રશ્ન-૪૨ :- શું આત્માનો અને દ્રવ્યકર્મનો કર્તા-કર્મ સંબંધ છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, માત્ર જ્ઞેય-જ્ઞાયકસંબંધ છે; અથવા નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે, જે બંનેની સ્વતંત્રતાનું જ્ઞાન કરાવે છે.

**પ્રશ્ન-૪૩ :- શાસ્ત્રોમાં કથન આવે છે કે (૧) કર્મ, જીવને રખડાવે છે; (૨) જ્ઞાનાવરણીયના અભાવથી કેવળજ્ઞાન થાય છે; (૩) દર્શનમોહનીયના સદ્‌ભાવથી મિથ્યાત્વ રહે છે અને અભાવથી ક્ષાયિકસમ્યક્ત્વ થાય છે - શું એ વાક્ય ખોટું છે?**

ઉત્તર :- આ વ્યવહારકથન છે; તેનો અર્થ 'એમ છે નહિ, નિમિત્તાદિની અપેક્ષાએ કથન કર્યું છે.' - એમ જાણવું જોઈએ. કેમકે વ્યવહારનય કોઈને કોઈમાં મેળવીને નિરૂપણ કરે, તેના શ્રદ્ધાનથી

મિથ્યાત્વ થાય છે; માટે વ્યવહારના કથનને સાચું કથન માનવાનો ત્યાગ કરવો જોઈએ.

**પ્રશ્ન-૪૪ :- દીકરો કહેવું ન માને, સ્ત્રી પોતાના મુજબ ન ચાલે - એ સ્થિતિમાં શું માને તો ક્રોધ ન આવે અને ક્યારે ક્યા ગુણને માન્યો ક્યારે ન માન્યો?**

**ઉત્તર :-** દીકરો કહેવું ન માને, સ્ત્રી પોતાના મુજબ ન ચાલે, તે આપણા જ્ઞાનનું જ્ઞેય છે - એમ માને તો ગુસ્સો નહિ આવે, ત્યારે પ્રમેયત્વગુણને માન્યો અને તેને કારણે ગુસ્સો આવ્યો (એવું માને) તો તેણે પ્રમેયત્વગુણને નથી માન્યો.

**પ્રશ્ન-૪૫ :- પ્રમેયત્વગુણનો મર્મ સમજવા માટે કોના આદર્શોને સામે રાખવા?**

**ઉત્તર :-** (૧) સિદ્ધભગવાનને અને મંદિરમાં અરિહંતભગવાનને પોતાના આદર્શ માને તો પ્રમેયત્વગુણનો મર્મ સમજાય છે. જેમ મંદિરમાં કોઈ ચોરી કરે, કોઈનું બુરું વિચારે તો ભગવાન અરિહંત કહે છે - જાણો અને દેખો, કારણ કે તે તમારા જ્ઞાનનું જ્ઞેય છે. સાક્ષાત્ સમવસરણમાં અનેક જીવ હોય છે, પર્યાયમાં અપ્રગટ વિરોધ પણ હોય છે, તો શું ભગવાન નથી જાણતા? જાણે તો છે. તેને ક્રોધ કેમ નથી આવતો? તેને તે જ્ઞેય જાણે છે. આપણે પણ બધાને જ્ઞેય માનીએ તો ભગવાનની આજ્ઞા માની અને પ્રમેયત્વગુણને માન્યો (કહેવાય).

**પ્રશ્ન-૪૬ :- દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે?**

**ઉત્તર :-** તારો સંસારના પદાર્થોની સાથે માત્ર જ્ઞેય-જ્ઞાયકસંબંધ છે; કર્તા-કર્મ, ભોક્તા-ભોગ્યસંબંધ નથી. કહ્યું પણ છે કે :- સકલ જ્ઞેય-જ્ઞાયક તદપિ, નિજાનંદ રસલીન; સો જીનેન્દ્ર જયવંત નિત, અરિ રસ રહસ વિહીન.



**પ્રશ્ન-૪૭ :- સંસારમાં જીવ દુઃખી કેમ છે?**

**ઉત્તર :-** ભગવાનની આજ્ઞા નહિ માનવાથી દુઃખી છે, કેમકે ખરેખર તો અનાદિકાળથી આ જીવ આજ સુધી ભગવાનની આજ્ઞા અનુસાર ચાલ્યો જ નથી. આ જીવે પોતાની પ્રવૃત્તિ અનુસાર ભગવાનની આજ્ઞાનું પાલન અનંતવાર કર્યું, પણ ભગવાનની આજ્ઞા અનુસાર આજ્ઞાનું પાલન એક સમય પણ નથી કર્યું; માટે જીવ સંસારમાં દુઃખી છે.

**પ્રશ્ન-૪૮ :- પ્રમેયત્વપણું શેમાં-શેમાં છે?**

**ઉત્તર :-** દરેક દ્રવ્ય-ગુણ અને પર્યાયમાં પ્રમેયત્વપણું છે.

**પ્રશ્ન-૪૯ :- પ્રમેય (જ્ઞેય) શું-શું છે?**

**ઉત્તર :-** (૧) છ દ્રવ્ય, તેના ગુણ અને પર્યાય, જ્ઞેય છે. (૨) વિકારીભાવ અને અપૂર્ણ-પૂર્ણ શુદ્ધપર્યાયો બધા જ્ઞેય છે. શ્રી સમયસાર કળશ ૫૦માં કહ્યું છે કે જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિને જાણતા થકા પ્રવર્તે છે.

**પ્રશ્ન-૫૦ :- અમને ભગવાનથી અને શુભભાવોથી લાભ છે એવી માન્યતાવાળા ક્યા ગુણને નથી માનતા?**

**ઉત્તર :-** તે પ્રમેયત્વગુણને નથી માનતા, કેમકે ભગવાન અને શુભભાવ, જ્ઞાનનું જ્ઞેય છે; અને માને લાભ તો પ્રમેયત્વગુણને નથી માનતો.

**પ્રશ્ન-૫૧ :- જ્ઞાની શું જાણે છે?**

**ઉત્તર :-** હું આત્મા જ્ઞાયક અને લોકાલોક વ્યવહારથી જ્ઞેય છે. હું જ્ઞાયક-જ્ઞાયક છું - એમ જ્ઞાની જાણે-માને છે.

**પ્રશ્ન-૫૨ :- વિશ્વમાં જાતિ અપેક્ષાએ પ્રમેયત્વગુણ કેટલા છે?**

**ઉત્તર :-** વિશ્વમાં જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય છે; માટે વિશ્વમાં જાતિ અપેક્ષાએ છ પ્રમેયત્વગુણ છે.

**પ્રશ્ન-૫૩ :- વિશ્વમાં સંખ્યા અપેક્ષાએ પ્રમેયત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- વિશ્વમાં સંખ્યા અપેક્ષાએ જીવોના અનંત; પુદ્‌ગલોના અનંતા અનંત, ધર્મ-અધર્મ-આકાશના એક-એક અને કાળદ્રવ્યના લોકપ્રમાણ અસંખ્યાત પ્રમેયત્વગુણ છે.

**પ્રશ્ન-૫૪ :- સંખ્યા અપેક્ષાએ અસંખ્યાત પ્રદેશી પ્રમેયત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- જીવોના અનંત અસંખ્યાત પ્રદેશી પ્રમેયત્વગુણ છે અને ધર્મ-અધર્મદ્રવ્યના એક-એક અસંખ્યાત પ્રદેશી પ્રમેયત્વગુણ છે.

**પ્રશ્ન-૫૫ :- જાતિ અપેક્ષાએ ક્યા દ્રવ્યોના પ્રમેયત્વગુણ અસંખ્યાત પ્રદેશી છે?**

ઉત્તર :- જીવ-ધર્મ-અધર્મ, આ ત્રણ દ્રવ્યોના પ્રમેયત્વગુણ અસંખ્યાત પ્રદેશી છે.

**પ્રશ્ન-૫૬ :- અનંત પ્રદેશી પ્રમેયત્વગુણ કેટલા અને ક્યા દ્રવ્યના છે?**

ઉત્તર :- અનંત પ્રદેશી પ્રમેયત્વગુણ એક જ છે અને તે આકાશદ્રવ્યના છે.

**પ્રશ્ન-૫૭ :- સંખ્યા અપેક્ષાએ એક પ્રદેશી પ્રમેયત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્યના એક પ્રદેશી પ્રમેયત્વગુણ અનંતાઅનંત છે અને કાળદ્રવ્યના એક પ્રદેશી પ્રમેયત્વગુણ લોકપ્રમાણ અસંખ્યાત છે.

**પ્રશ્ન-૫૮ :- જાતિ અપેક્ષાએ કેટલા દ્રવ્યોના પ્રમેયત્વગુણ એક પ્રદેશી છે?**

ઉત્તર :- જાતિ અપેક્ષાએ પુદ્‌ગલ અને કાળદ્રવ્યના પ્રમેયત્વગુણ એક પ્રદેશી છે.



**પ્રશ્ન-૫૯ :- ક્યા દ્રવ્યોના પ્રમેયત્વગુણ, ગતિ કરે છે?**

ઉત્તર :- જીવ-પુદ્‌ગલના પ્રમેયત્વગુણ ગતિ કરે છે.

**પ્રશ્ન-૬૦ :- ક્યા દ્રવ્યોના પ્રમેયત્વગુણ, ગતિ નથી કરતા?**

ઉત્તર :- ધર્મ-અધર્મ-આકાશ અને કાળ - આ ચાર દ્રવ્યોના પ્રમેયત્વગુણ ગતિ નથી કરતા.

**પ્રશ્ન-૬૧ :- એક જીવમાં પ્રમેયત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- એક જીવમાં એક જ પ્રમેયત્વગુણ છે.

**પ્રશ્ન-૬૨ :- સંયોગરૂપ ઔદારિક, તૈજસ, કાર્મણશરીરમાં પ્રમેયત્વ-ગુણ કેટલા છે?**

ઉત્તર :- સંયોગરૂપ ઔદારિક તૈજસ, કાર્મણશરીરમાં જેટલા પરમાણુ છે, તેટલા જ પ્રમેયત્વગુણ છે.

**પ્રશ્ન-૬૩ :- શબ્દમાં પ્રમેયત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- શબ્દમાં જેટલા પરમાણુ છે, તેટલા જ પ્રમેયત્વગુણ છે.

**પ્રશ્ન-૬૪ :- દ્રવ્યમનમાં પ્રમેયત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- દ્રવ્યમનમાં જેટલા પરમાણુ છે, તેટલા જ પ્રમેયત્વગુણ છે.

**પ્રશ્ન-૬૫ :- વિશ્વમાં જેટલા દ્રવ્ય છે, તેટલા જ પ્રમેયત્વગુણ છે - એમ કોણે કહ્યું છે?**

ઉત્તર :- જિન-જિનવર-જિનવરવૃષભોએ કહ્યું છે.

**પ્રશ્ન-૬૬ :- જિન-જિનવર-જિનવરવૃષભોના આ કથનથી શું સિદ્ધ થાય છે?**

ઉત્તર :- અનંત જ્ઞાનીઓનો એક જ મત છે.

**પ્રશ્ન-૬૭ :- જેટલા દ્રવ્ય છે, તેટલા જ પ્રમેયત્વગુણ છે - એમ સાંભળી જ્ઞાની શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- જેટલા પ્રમેયત્વગુણ છે, તેમનું કેવળી સમાન સાચું

જ્ઞાન થઈ જાય છે. પોતાના પ્રમેયત્વગુણરૂપ અભેદ જ્ઞાયકનો પૂર્ણ આશ્રય લઈને, શ્રેણી માંડીને, નિર્વાણને પ્રાપ્ત કરી લે છે.

**પ્રશ્ન-૬૮ :- જેટલા દ્રવ્ય છે, તેટલા જ પ્રમેયત્વગુણ છે - એમ સાંભળીને સમ્યક્ત્વની સન્મુખ મિથ્યાદષ્ટિ શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- અહો! જિનવચન મહાન ઉપકારી છે - એમ જાણીને જ્ઞાની બનીને, જ્ઞાનીની જેમ ક્રમથી નિર્વાણને પામે છે.

**પ્રશ્ન-૬૯ :- જેટલા દ્રવ્ય છે, તેટલા જ પ્રમેયત્વગુણ છે - આ સાંભળી અપાત્ર મિથ્યાદષ્ટિ શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- જિનવાણીનો નિષેધ કરીને, ચારેય ગતિમાં રખડીને નિગોદમાં ચાલ્યો જાય છે.

**પ્રશ્ન-૭૦ :- પ્રમેયત્વગુણ કેવા સંબંધનું જ્ઞાન કરાવે છે?**

ઉત્તર :- હે આત્મા! તારે વિશ્વના પદાર્થોની સાથે માત્ર વ્યવહારથી જ્ઞેય-જ્ઞાયકસંબંધ છે - એવું જ્ઞાન કરાવે છે.

**પ્રશ્ન-૭૧ :- ટૂંકામાં પ્રમેયત્વગુણ શું જણાવે છે?**

ઉત્તર :- વિશ્વમાં જીવ અનંત; પુદ્ગલ અનંતા અનંત; ધર્મ-અધર્મ-આકાશ એક-એક; કાળદ્રવ્ય લોકપ્રમાણ અસંખ્યાત છે. બધા દ્રવ્યો અનાદિકાળથી કાયમ રહેતા થકા પોતપોતાની પ્રયોજનભૂત ક્રિયાને કરતા નિરંતર બદલતા રહે છે. તે બધા વ્યવહારથી જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે; ખરેખર આત્મા, જ્ઞાયક અને જ્ઞાનપર્યાય જ્ઞેય છે; ખરેખરમાં તો તું જ્ઞાયક.... તું જ્ઞાયક - બસ! થોડામાં પ્રમેયત્વગુણ આ કહે છે.

**પ્રશ્ન-૭૨ :- પ્રમેયત્વગુણને જાણવાથી ક્યા-ક્યા લાભ આ પ્રકરણમાં કહ્યા છે?**



ઉત્તર :- (૧) અનાદિથી પરપદાર્થોમાં, શુભાશુભભાવોમાં કર્તા-કર્મ, ભોક્તા-ભોગ્યની મિથ્યાદષ્ટિનો અભાવ થઈ જાય છે; (૨) પરપદાર્થોમાં, શુભાશુભભાવોમાં જ્ઞેય-જ્ઞાયકસંબંધ સ્થપાય છે; (૩) સંસારમાં જેટલા પદાર્થ છે, તે માત્ર જ્ઞેય છે અને મારો આત્મા જ્ઞાયક છું - એ જણાય જાય છે; (૪) પરપદાર્થ અને શુભાશુભભાવ જે જ્ઞેય છે, તે વ્યવહારથી છે; ખરેખર તો મારો આત્મા, જ્ઞાયક અને જ્ઞાનપર્યાય જ્ઞેય છે; (૫) વાસ્તવમાં મારો આત્મા, જ્ઞાયક અને જ્ઞાનપર્યાય, જ્ઞેય એવા ભેદથી પણ કોઈ સિદ્ધિ નથી - બસ હું જ્ઞાયક, હું જ્ઞાયક... હું જ્ઞાયક છું - એ જણાય જાય છે; (૬) પ્રમેયત્વગુણને માનવાથી લૌકિકમાં પણ બધા પાપો અને સાત વ્યસનો છૂટી જાય છે; (૭) પ્રમેયત્વગુણનું રહસ્ય જાણતા જ ચોથા ગુણસ્તાનથી લઈને સિદ્ધદશા સુધી શું કરે છે તે ખબર પડે છે; (૮) નિગોદથી લઈને ચારેય ગતિના મિથ્યાદષ્ટિ જીવ, સંસારમાં કેમ ગાંડા છે - તે પણ પ્રમેયત્વગુણના રહસ્યને જાણવાથી જણાય છે; (૯) પરપદાર્થોમાં તથા શુભાશુભભાવોમાં સ્વ-સ્વામીસંબંધનો અભાવ થઈ જાય છે; (૧૦) શરીરમાં રોગ થાય; આંધળો થઈ જાય; હાથ કપાઈ જાય; બ્લડ પ્રેશર થઈ જાય; ટી.બી. થઈ જાય; તોપણ પ્રમેયત્વગુણનું રહસ્ય જાણવાથી શાંતિ મળે છે; (૧૧) ધન ચોરાઈ જાય; કારખાનું ફેલ થઈ જાય; દેશ ઉપર બોમ્બ પડવા લાગે; કોઈ ગાળ દે કે વખાણ કરે; દીકરો ભાગી જાય; સ્ત્રી કહ્યું ન કરે; સ્ત્રી મરી જાય; નોટ સળગી જાય; લગ્ન થઈ જાય; બાળક ન હોય; તોપણ પ્રમેયત્વગુણનું રહસ્ય જાણવાથી આકુળતાનો અભાવ થઈ જાય છે; (૧૨) પ્રમેયત્વગુણનું રહસ્ય જાણવાથી ચોથા ગુણસ્થાનવાળાનો સિદ્ધની સાથે સંબંધ થઈ જાય છે; (૧૩) જેટલા દ્રવ્ય છે, તેટલા જ પ્રમેયત્વગુણ છે - એમ જણાય જાય છે.

●●

(૧૫)

## અગુરુલઘુત્વગુણ

યહ ગુણ અગુરુલઘુ ભી સદા, રખતા મહત્તા હૈ મહા,
ગુણ-દ્રવ્ય કો પરરૂપ યહ, હોને ન દેતા હૈ અહા;
નિજ ગુણ-પર્યય સર્વ હી, રહતે સતત્ નિજ ભાવ મેં,
કર્તા ન હર્તા અન્ય કોઈ, યોં લખો સ્વ-સ્વભાવ મેં.

**પ્રશ્ન-૧ :- અગુરુલઘુત્વગુણ કોને કહે છે?**

ઉત્તર :- જે શક્તિને કારણે, દ્રવ્યનું દ્રવ્યત્વપણું રહે એટલે કે

(૧) એક દ્રવ્ય, બીજા દ્રવ્યરૂપ ન થાય;

(૨) એક ગુણ બીજા ગુણરૂપ ન થાય;

(૩) દ્રવ્યમાં વિદ્યમાન અનંતગુણ વિખેરાઈને અલગ-અલગ ન થઈ જાય, તે શક્તિને અગુરુલઘુત્વગુણ કહે છે.

**પ્રશ્ન-૨ :- પોતાના જીવદ્રવ્યમાં અગુરુલઘુત્વગુણને કારણે તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદા શું છે?**

ઉત્તર :- (૧) અનંતગુણોનો પિંડ મારા જીવદ્રવ્યનું સ્વદ્રવ્યપણું સ્થાયી રહે છે. તે ક્યારેય બીજા અનંત જીવરૂપ; અનંતા અનંત પુદ્‌ગલરૂપ; ધર્મ, અધર્મ, અકાશ અને કાળરૂપ; દ્રવ્યકર્મરૂપ; આંખ-નાક-શરીરરૂપ; મન વાણીરૂપ નથી થતું.

(૨) મારા જીવદ્રવ્યના અસંખ્યાત પ્રદેશી સ્વક્ષેત્ર, દ્રવ્યકર્મના



ક્ષેત્રરૂપ, પુદ્‌ગલ આદિ બીજા દ્રવ્યોના ક્ષેત્રરૂપ; આંખ-નાક-શરીરના ક્ષેત્રરૂપ; સમ્મેદશિખર, ગિરનાર વગેરે ક્ષેત્રરૂપ કદી પણ થતું નથી.

(૩) મારા જીવના ગુણોની પર્યાયો પોતપોતારૂપે થાય છે; પરદ્રવ્યના ગુણની પર્યાયરૂપ નથી થતી. મારા એક ગુણની પર્યાય બીજા ગુણોની પર્યાયોરૂપ નથી થતી. જે ગુણની પર્યાય છે, તે પર્યાય આગળ-પાછળ નથી થતી. (૪) મારા જીવદ્રવ્યમાં અનંતગુણ છે, તે જેરૂપે છે, સદાકાળ તે રૂપે જ રહે છે; ક્યારે છૂટા પડીને જુદા-જુદાં નથી થતા.

**પ્રશ્ન-૩ :- આ તો તમે તમારા જીવદ્રવ્યમાં અગરુલઘુત્વગુણના કારણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની વાત કરી, હવે દરેક દ્રવ્યના વિષયમાં શું મર્યાદા છે, જરા સ્પષ્ટરૂપે સમજાવો?**

ઉત્તર :- વિશ્વમાં જીવ અનંત, જીવથી અનંતગુણા અધિક પુદ્‌ગલદ્રવ્ય છે, ધર્મ-અધર્મ-આકાશ એક-એક અને લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય છે. તેમાં એક દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી. એક દ્રવ્ય, બીજા દ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય, અક્ષેત્ર, અકાળ અને અભાવરૂપ છે. જેમ એક પુદ્‌ગલપરમાણુ છે, તેનો બીજા પુદ્‌ગલોથી, જીવોથી, અન્ય દ્રવ્યોની સાથે કોઈ સંબંધ નથી, કેમકે 'અનાદિનિધન વસ્તુઓ ભિન્ન-ભિન્ન પોતપોતાની મર્યાદામાં પરિણમે છે, કોઈ કોઈની પરિણમાવી પરિણમતી નથી.'

**પ્રશ્ન-૪ :- છ દ્રવ્યોના ગુણ-પર્યાયોની મર્યાદાની સ્વતંત્રતા જાણવાથી શું-શું લાભ છે?**

ઉત્તર :- (૧) દરેક દ્રવ્ય પોતાના સ્વચતુષ્ટયથી છે, પરચતુષ્ટયથી નથી. તેથી પોતાનું હિત અને અહિત પોતાથી થાય છે - તેમ યથાર્થ જ્ઞાન થઈ જાય છે. (૨) મને સંસારમાં કોઈપણ દ્રવ્યકર્મ,

નોકર્મ, લાભ-નુકસાન નથી કરી શકતા. (૩) હું અનાદિ-અનંત ભગવાન છું; મારો કોઈની સાથે કાંઈ સંબંધ નથી - એમ જાણી પોતાના સ્વભાવનો આશ્રય લે તો ધર્મની પ્રાપ્તિ થાય.

**પ્રશ્ન-૫ :- શું દ્રવ્યકર્મને અનુસારે જીવોનું કાર્ય થાય છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે આવી ઊલટી માન્યતાવાળા બે દ્રવ્યોની સ્વતંત્રતાને નથી જાણતા અને દ્રવ્યમાં અગુરુલઘુત્વગુણને નથી માનતા.

**પ્રશ્ન-૬ :- છ દ્રવ્યોના ગુણ-પર્યાયોની મર્યાદાની સ્વતંત્રતા ક્યા ગુણથી છે?**

ઉત્તર :- અગુરુલઘુત્વગુણથી છે.

**પ્રશ્ન-૭ :- અગુરુલઘુત્વગુણથી શું-શું જણાય છે?**

ઉત્તર :- (૧) એક દ્રવ્યનો બીજા દ્રવ્યની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી કેમકે દરેક દ્રવ્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદાં-જુદાં છે. (૨) એક દ્રવ્યમાં અનંત-અનંત ગુણ છે; તે અનંતગુણોને એકબીજા સાથે પણ સંબંધ નથી કેમકે દરેક ગુણના ભાવ જુદાં-જુદાં છે. (૩) એક દ્રવ્યમાં અનંત-અનંત ગુણ છે, તે વીખેરાઈને જુદાં-જુદાં નથી થતા કેમકે તે ગુણોના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ એક જ છે; (૪) એક ગુણની પર્યાયનો, તે ગુણની ભૂત-ભવિષ્યની પર્યાયો સાથે પણ સંબંધ નથી; આ પ્રમાણે અગુરુલઘુત્વગુણથી સ્વતંત્રતા જણાય છે.

**પ્રશ્ન-૮ :- શું એક દ્રવ્યમાં રહેનારા અનંતગુણ પરસ્પર એકબીજાનું કાર્ય કરે છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે અગુરુલઘુત્વગુણને કારણે એક ગુણ, બીજા ગુણરૂપ નથી થતાં; માટે એક ગુણનું કાર્યક્ષેત્ર બીજા ગુણમાં નથી આવતું.

**પ્રશ્ન-૯ :- એક દ્રવ્યના આશ્રયે એક ગુણ, બીજા ગુણમાં કાર્ય કેમ નથી કરતું?**



ઉત્તર :- દરેક ગુણ નિત્ય પરિણમનસ્વભાવી હોવાથી દરેક સમયે પોતાની નવી-નવી પર્યાય ઉત્પન્ન કરે છે. તેથી એક દ્રવ્યના આશ્રિત ગુણોમાં પણ સ્વતંત્રતા હોવાથી એક ગુણનું, બીજા ગુણની સાથે કર્તા-કર્મસંબંધ નથી.

**પ્રશ્ન-૧૦ :- એક દ્રવ્યનો બીજા દ્રવ્યની સાથે સંબંધ નથી પણ અંદર અનંતગુણોથી પણ સંબંધ નથી, એ વાતને સ્પષ્ટ કરો.**

ઉત્તર :- (૧) જેમ, કોઈ જીવને સમ્યગ્દર્શન થઈ ગયું તો ત્યાં અત્યારે ચારિત્ર, જ્ઞાન, દર્શન, વીર્યગુણની પર્યાયોમાં ખામી છે; (૨) ચારિત્રગુણ, પર્યાયમાં પૂર્ણ થયું તો જ્ઞાન, દર્શન, વીર્યગુણની પર્યાય અપૂર્ણ છે; (૩) જ્ઞાન, દર્શન, વીર્યગુણની પર્યાયો પૂર્ણ થઈ ગઈ, તો યોગગુણની પર્યાય વિકારી છે; (૪) યોગગુણ, પર્યાયમાં શુદ્ધ થઈ ગયો તો ક્રિયાવતી શક્તિ વગેરે ગુણોની પર્યાયોમાં અશુદ્ધિ છે. તે પ્રકારે પુદ્‌ગલમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ છે; કેરી ખાટી હોય, ઉપરથી પીળી હોય, અને મીઠી હોય, ઉપરથી લીલી હોય; માટે એક ગુણનો બીજા ગુણની સાથે સંબંધ નથી. જ્યારે એક જ દ્રવ્યમાં જણાતા ગુણોમાં એકબીજાને કર્તા-કર્મસંબંધ નથી, તો હું પરનું કરું, એમ કેમ હોઈ શકે? એમ જાણીને, પોતાના સ્વભાવનો આશ્રય લેવો તે પાત્ર જીવનું કર્તવ્ય છે.

**પ્રશ્ન-૧૧ :- (૧) ગુરુથી જ્ઞાન પ્રાપ્ત થયું; (૨) હું ચશ્માથી પુસ્તક વાંચીને જ્ઞાન કરું છું; (૩) બ્રાહ્મી તેલના પ્રયોગથી જ્ઞાન વધે છે; (૪) દૂધમાં દહીં મેળવવાથી દહીં જામે છે; (૫) શાસ્ત્રથી જ્ઞાન થાય છે -વગેરે વાક્યમાં ક્યા ગુણને નથી માન્યા અને ક્યારે માન્યા, સ્પષ્ટ કરો?**

ઉત્તર :- (૧) 'ગુરુથી જ્ઞાનની પ્રાપ્તિ થઈ' - આ વાક્યમાં ગુરુ અને શિષ્યની આત્માનો એક દ્રવ્યથી, બીજા દ્રવ્યનો સંબંધ નથી. જો ગુરુથી જ્ઞાન માને તો અગુરુલઘુત્વગુણને નથી માન્યું અને જ્ઞાનની પ્રાપ્તિ, પોતાના જ્ઞાનગુણમાંથી થઈ છે; ગુરુથી નહિ, ત્યારે અગુરુલઘુત્વગુણને માન્યું. (૨) હું ચશ્માથી પુસ્તક વાંચીને જ્ઞાન કરું છું - તો અગુરુલઘુત્વગુણને નથી માન્યું અને જ્ઞાન, જ્ઞાનગુણથી થાય છે; ચશ્માથી કે પુસ્તકથી નહિ, ત્યારે અગુરુલઘુત્વગુણને માન્યું. (૩) બ્રાહ્મી તેલથી જ્ઞાન વધે છે - અગુરુલઘુત્વગુણને નથી માન્યું અને જ્ઞાન, જ્ઞાનગુણથી વધે છે, તેલથી નહિ, ત્યારે અગુરુલઘુત્વગુણને માન્યું. (૪) દૂધમાં દહીં મેળવવાથી દહીં જામે છે - અગુરુલઘુત્વગુણને નથી માન્યું અને દૂધ પોતાની યોગ્યતાથી જામ્યું છે; દહીંથી નહિ, ત્યારે અગુરુલઘુત્વગુણને માન્યું. (૫) શાસ્ત્રથી જ્ઞાન થાય છે - અગુરુલઘુત્વગુણને નથી માન્યું અને જ્ઞાન, જ્ઞાનથી થાય છે; શાસ્ત્રથી નહિ, ત્યારે અગુરુલઘુત્વગુણને માન્યું.

**પ્રશ્ન-૧૨ :- જીવ, પુદ્‌ગલમાં કરે છે - એમ માને તો કોને-કોને નથી માનતા?**

ઉત્તર :- (૧) જીવ અને પુદ્‌ગલના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પૃથક્-પૃથક્ છે. જ્યારે દ્રવ્યમાં રહેનારા અનંતગુણ એકબીજામાં કાંઈ નથી કરતા, ત્યારે જુદાં-જુદાં દ્રવ્ય એક-બીજા ગુણનું કાર્ય કરે, એ વાત જ મિથ્યા છે. (૨) જીવ, પુદ્‌ગલમાં કાંઈ કરે છે - એવી માન્યતાવાળાને અગુરુલઘુત્વગુણને નથી માન્યું. (૩) જીવ અને પુદ્‌ગલ પોતપોતાના અસ્તિત્વમાં રહેતા, પોતાના પ્રયોજનભૂત કાર્ય કરતા થકા નિરંતર બદલતા રહે છે, જીવ પુદ્‌ગલમાં કરે છે - એવી માન્યતાવાળા બંને (જીવ-પુદ્‌ગલના) અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વગુણને નથી માનતા.



**પ્રશ્ન-૧૩ :- એક દ્રવ્યમાં અનંત-અનંતગુણ છે; તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ એક જ છે, ત્યારે એક ગુણ, બીજા ગુણનું કાર્ય કેમ નથી કરી શકતું?**

ઉત્તર :- દરેક ગુણના ભાવમાં અંતર હોવાથી એક ગુણ, બીજા ગુણનું કાંઈ પણ કાર્ય કરી શકતું નથી.

**પ્રશ્ન-૧૪ :- દ્રવ્યમાં વિદ્યમાન અનંતગુણ છૂટા પડીને અલગ-અલગ કેમ નથી થતાં?**

ઉત્તર :- દરેક દ્રવ્યના ગુણોના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ એક જ હોવાથી તે દ્રવ્યથી છૂટા પડીને અલગ-અલગ નથી થતાં.

**પ્રશ્ન-૧૫ :- હું મનુષ્ય છું - એ વાક્યમાં (૧) અગુરુલઘુત્વગુણને ક્યારે માન્યું, અને (૨) ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- (૧) સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનમાં જેટલા પુદ્‌ગલ પરમાણુ છે, તે બધા મારા આત્માથી જુદાં છે, કેમકે એ બધાના મનેમારા નિજ આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા-જુદાં છે - એવો અનુભવ- જ્ઞાન વર્તે તો અગુરુલઘુત્વગુણને માન્યું. (૨) સંયોગરૂપ પુદ્‌ગલ પરમાણુઓમાં જ આત્મપણાની બુદ્ધિ થવી, એટલે કે હું મનુષ્ય છું, તો અગુરુલઘુત્વગુણને નથી માન્યું.

**પ્રશ્ન-૧૬ :- સંયોગરૂપ પુદ્‌ગલોમાં જ પોતાપણાની, એટલે કે હું મનુષ્ય છું - એવી બુદ્ધિનું શું ફળ છે?**

ઉત્તર :- ચારેય ગતિમાં ભટકીને નિગોદ આ ખોટી બુદ્ધિનું ફળ છે.

**પ્રશ્ન-૧૭ :- સંયોગરૂપ પુદ્‌ગલોમાં - હું મનુષ્ય છું - એવી નિગોદબુદ્ધિનો અભાવ કેમ થાય, ત્યારે અગુરુલઘુત્વગુણને માન્યું કહેવાય?**

ઉત્તર :- સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનમાં અનંત

પુદ્ગલ પરમાણુ છે; આ પરમાણુઓમાં એકબીજામાં એક જાતિ હોવા છતાં પણ કોઈ પ્રકારનો કર્તા-ભોક્તાનો સંબંધ નથી, ત્યારે પછી જ્ઞાન-દર્શન ઉપયોગમયી મારા નિજ આત્માની સાથે તેનો સંબંધ કેવી રીતે હોઈ શકે? ક્યારેય નથી હોઈ શકતો. દરેક દ્રવ્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા-જુદાં છે - એમ જાણીને, જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજ જીવતત્ત્વનો આશ્રય લે તો નિગોદબુદ્ધિનો અભાવ થઈને ધર્મની પ્રાપ્તિ થાય, ત્યારે અગુરુલઘુત્વગુણને માન્યો. ત્યાર બાદ અનુપચરિતઅસદ્ભૂતવ્યવહારનયથી હું મનુષ્ય છું - એમ કહી શકાય, પણ એમ છે નહિ.

**પ્રશ્ન-૧૮ :- આદિનાથ ભગવાને બીજા જીવોનું કલ્યાણ કર્યું; હું બીજાનું ભલું કરી શકું છું; દિવ્યધ્વનિથી જ્ઞાન પ્રાપ્ત થાય છે; નેમિનાથ ભગવાને રાજુલનું ભલું કર્યું; ધર્મદ્રવ્યે જીવને ચલાવ્યો; દર્શનમોહનીયના ઉપશમથી ઔપશમિકસમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ; અંતરાયકર્મના ક્ષયથી ક્ષાયિકવીર્ય પ્રગટ્યું; આંખથી જ્ઞાન થાય છે; નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય છે; એક પરમાણુ બીજા પરમાણુનું કાંઈ કરે છે. આ વાક્યો ઉપર અગુરુલઘુત્વગુણને સ્પષ્ટ કરો.**

ઉત્તર :- આ બધા વાક્યોમાં પહેલા ૧૪ થી ૧૮ પ્રશ્નોત્તર અનુસાર જાતે અભ્યાસ કરો.

**પ્રશ્ન-૧૯ :- ભગવાન મહાવીર સ્વામીએ બીજા જીવોનું કલ્યાણ કર્યું - એમ માનવાથી (૧) ક્યા-ક્યા દોષ આવે છે; અને (૨) ક્યા-ક્યા સામાન્યગુણોને નથી માન્યા? (૩) શું માનવાથી કોઈ દોષ નથી આવતા; અને (૪) શું માનવાથી ક્યા-ક્યા સામાન્યગુણોને માન્યા?**

ઉત્તર :- (૧) ભગવાન મહાવીરસ્વામી તથા બીજા જીવોના



દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પૃથક્-પૃથક્ છે, ત્યારે ભગવાન બીજા જીવોનું કલ્યાણ કરે તો ભગવાનના સ્વચતુષ્ટયના અભાવનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. (૨) ભગવાન મહાવીરસ્વામીએ બીજા જીવોનું કલ્યાણ કર્યું - એવી માન્યતાવાળાએ અગુરુલઘુત્વગુણ, તે નથી માન્યો. (૩) ભગવાન મહાવીસ્વામી કાયમ રહેતા એવા, પોતાની જાણવારૂપ પ્રયોજનભૂતક્રિયા કરતા; નિરંતર જાણવારૂપ કાર્ય કરે છે અને બીજા જીવ પણ કાયમ રહેતા થકા; પોતપોતાની જાણવારૂપ ક્રિયા કરતા એવા; નિરંતર જાણવારૂપ કાર્ય કરે છે. ભગવાન મહાવીરસ્વામી તથા બીજા જીવોના કાર્ય પોતપોતાના અસ્તિત્વ-વસ્તુત્વ-દ્રવ્યત્વગુણથી થાય છે. પણ મહાવીરસ્વામીએ બીજા જીવોનું ભલું કર્યું - એવી મિથ્યા માન્યતાવાળાએ ભગવાન મહાવીરસ્વામીની સાથે, બીજા જીવોના અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વગુણને નથી માન્યા.

(૧) ભગવાન મહાવીરસ્વામીના તથા બીજા જીવોના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદાં-જુદાં છે, ત્યારે બંનેની સત્તા ભિન્ન-ભિન્ન માની. (૨) ભગવાન મહાવીરસ્વામીએ બીજા જીવોનું કલ્યાણ કર્યું જ નથી - એવી માન્યતાવાળાને અગુરુલઘુત્વગુણને માન્યા. (૩) ભગવાન મહાવીરસ્વામી તથા બીજા જીવો પોતપોતાનામાં કાયમ રહેતા એવા, પોતપોતાની પ્રયોજનભૂતક્રિયા કરતા થકા પોતપોતાથી નિરંતર બદલતા રહે છે - એવી માન્યતાવાળાએ ભગવાન મહાવીરસ્વામી તથા બીજા જીવોના અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વગુણને માન્યા.

**પ્રશ્ન-૨૦ :- (૧) શાંતિનાથ ભગવાન બીજા જીવોને શાંતિ આપે છે; (૨) પાર્શ્વનાથ ભગવાન બીજા જીવોના સંકટ દૂર કરે છે; (૩) મહાવીર ભગવાન જીવોને ધન આપે છે; (૪) એક પરમાણુ, બીજા પરમાણુમાં કંઈક કરે છે; (૫) નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય છે; (૬) દિવ્યધ્વનિ**

સાંભળવાથી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય છે.

એવી માન્યતામાં ક્યા-ક્યા દોષ આવે છે અને ક્યા-ક્યા સામાન્યગુણોને નથી માન્યા?

કેવી માન્યતામાં કોઈ દોષ નથી આવતો અને શું માનવાથી સામાન્યગુણોને માન્યા?

ઉત્તર :- - આ દરેક પ્રશ્નનો પૂર્વ પ્રશ્નોત્તર અનુસાર જાતે અભ્યાસ કરો.

**પ્રશ્ન-૨૧ :- શ્રદ્ધાન પૂર્ણ થવાથી ચારિત્ર પૂર્ણ થઈ જવું જોઈએ - એવી માન્યતાવાળા શું ભૂલે છે?**

ઉત્તર :- અગુરુલઘુત્વગુણના બીજા નંબરને ભૂલે છે અને શ્રદ્ધાન પૂર્ણ થતાં જ ચારિત્ર પૂર્ણ થઈ જવું જોઈએ તેણે શ્રાવકદશા અને મુનિદશા, શ્રેણીને પણ ઉડાવી દીધી.

**પ્રશ્ન-૨૨ :- જ્યારે જિનેન્દ્ર ભગવાને દ્રવ્ય-ગુણ-પર્યાયની આટલી સ્વતંત્રતા બતાવી છે, ત્યારે આ અજ્ઞાની જીવ કેમ વિશ્વાસ નથી કરતા?**

ઉત્તર :- ચારેય ગતિમાં ફરીને નિગોદમાં જાવું ઠીક લાગે છે, માટે વિશ્વાસ નથી કરતો.

**પ્રશ્ન-૨૩ :- એક ગુણ, બીજા ગુણનું કાંઈ નથી કરતો તો અસ્તિત્વગુણ કાયમ રાખે છે; વસ્તુત્વગુણ બધાનું પ્રયોજનભૂત કાર્ય કરે છે અને દ્રવ્યત્વગુણ નિરંતર બદલતું રહે છે - એમ કેમ કહેવામાં આવે છે?**

ઉત્તર :- આ વ્યવહારકથન છે. એક ગુણની વર્તમાન પર્યાય થવામાં, બીજા ગુણની વર્તમાન પર્યાય નિમિત્ત કહેવાય છે.

**પ્રશ્ન-૨૪ :- એક ગુણની પર્યાયનો બીજા ગુણની પર્યાય સાથે કેવો સંબંધ છે?**



ઉત્તર :- નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે; કર્તા-કર્મસંબંધ નથી.

**પ્રશ્ન-૨૫ :- નિમિત્ત-નૈમિત્તિકસંબંધ તો બે દ્રવ્યોની સ્વતંત્ર પર્યાયની વચ્ચે તમે કહ્યો, હવે એકબીજામાં એક ગુણની પર્યાયને બીજા ગુણની પર્યાય સાથે પણ નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે - એમ આપ કહો છો? બંનેમાં સત્ય શું છે?**

ઉત્તર :- બંને સત્ય જ છે.

**પ્રશ્ન-૨૬ :- શું જ્ઞાનગુણન અસ્તિત્વગુણથી કાયમ છે?**

ઉત્તર :- જ્ઞાનગુણ પોતાથી કાયમ છે; અસ્તિત્વગુણ તેમાં નિમિત્ત છે.

**પ્રશ્ન-૨૭ :- શું જ્ઞાનગુણ, વસ્તુત્વગુણથી પોતાનું પ્રયોજનભૂત કાર્ય કરે છે?**

ઉત્તર :- જ્ઞાનગુણ પોતાનું પ્રયોજનભૂત કાર્ય પોતાથી કરે છે; વસ્તુત્વગુણ તેમાં નિમિત્ત છે.

**પ્રશ્ન-૨૮ :- શું જ્ઞાનગુણ, દ્રવ્યત્વગુણને કારણે નિરંતર બદલતો રહે છે?**

ઉત્તર :- જ્ઞાનગુણ સ્વયં પોતાથી બદલાય છે; તેમાં દ્રવ્યત્વગુણ નિમિત્ત છે.

**પ્રશ્ન-૨૯ :- (૧) શું શ્રદ્ધાગુણ, અસ્તિત્વગુણથી કાયમ છે? (૨) શું શ્રદ્ધાગુણનું પ્રયોજનભૂત કાર્ય વસ્તુત્વગુણથી છે? (૩) શું શ્રદ્ધાગુણ, નિરંતર દ્રવ્યત્વગુણથી બદલાય છે? (૪) શું શુભભાવથી ચારિત્રની શુદ્ધિ થાય છે? (૫) શું બધા ગુણો, પ્રમેયત્વગુણને કારણે જ્ઞેય છે?**

ઉત્તર :- (૧) શ્રદ્ધાગુણ પોતાથી કાયમ છે, અસ્તિત્વગુણ નિમિત્ત છે; તે પ્રકારે બીજા ચાર પ્રશ્નોના ઉત્તર સમજવા.

**પ્રશ્ન-૩૦ :- અગુરુલઘુત્વગુણનું ક્ષેત્ર કેટલું મોટું છે અને શા માટે?**

ઉત્તર :- જેટલું મોટું દ્રવ્યનું ક્ષેત્ર છે તેટલું મોટું ક્ષેત્ર અગુરુલઘુત્વગુણનું છે. કેમકે અગુરુલઘુત્વગુણ દ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં હોય છે.

**પ્રશ્ન-૩૧ :- અગુરુલઘુત્વગુણનો કાળ કેટલો છે અને કેમ છે?**

ઉત્તર :- જેટલો કાળ દ્રવ્યનો છે, તેટલો જ કાળ અગુરુલઘુત્વગુણનો છે, કારણ કે અગુરુલઘુત્વગુણ દ્રવ્યની સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાળ જોવા મળે છે.

**પ્રશ્ન-૩૨ :- એક પરમાણુના અગુરુલઘુત્વગુણનું ક્ષેત્ર કેટલું છે?**

ઉત્તર :- એક પ્રદેશી છે.

**પ્રશ્ન-૩૩ :- આકાશના અગુરુલઘુત્વગુણનું ક્ષેત્ર કેટલું મોટું છે?**

ઉત્તર :- અનંત પ્રદેશી છે.

**પ્રશ્ન-૩૪ :- શું ધર્માદિ દ્રવ્યોમાં પણ અઘુરુલઘુત્વગુણ છે?**

ઉત્તર :- હા છે, કેમકે ધર્માદિ પણ દ્રવ્ય છે. અગુરુલઘુત્વગુણ, દરેક દ્રવ્યનો સામાન્યગુણ છે; માટે ધર્માદિ દ્રવ્યોમાં પણ અગુરુલઘુત્વગુણ છે.

**પ્રશ્ન-૩૫ :- સંસારદશામાં ગુણ ઓછા હોય અને સિદ્ધદશા થવાથી વધારે થઈ જાય, શું એવું હોય છે?**

ઉત્તર :- ક્યારેય નહિ, કારણ કે દ્રવ્યમાં અગુરુલઘુત્વગુણ હોવાથી ગુણોની સંખ્યા અને શક્તિ ઓછી-વધારે નથી થતી અને ગુણ, સર્વ અવસ્થાઓમાં જેટલા છે, તેટલા જ રહે છે.



**પ્રશ્ન-૩૬ :- અગુરુલઘુત્વગુણ શું બતાવે છે?**

ઉત્તર :- દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતા બતાવે છે.

**પ્રશ્ન-૩૭ :- વિશ્વમાં જાતિ અપેક્ષાએ અગુરુલઘુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- વિશ્વમાં જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય છે; માટે જાતિ અપેક્ષાએ છ અગુરુલઘુત્વગુણ છે.

**પ્રશ્ન-૩૮ :- વિશ્વમાં સંખ્યા અપેક્ષાએ અગુરુલઘુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- જીવોના અગુરુલઘુત્વગુણ અનંત, પુદ્ગલોના અનંતા અનંત; ધર્મ-અધર્મ-આકાશના એક-એક અને કાળદ્રવ્યના લોકપ્રમાણ અસંખ્યાત છે.

**પ્રશ્ન-૩૯ :- અગુરુલઘુત્વગુણ, જડ છે કે ચેતન છે?**

ઉત્તર :- જીવનો અગુરુલઘુત્વગુણ ચેતન છે, બાકી દ્રવ્યોનો જડ છે.

**પ્રશ્ન-૪૦ :- સંખ્યા અપેક્ષાએ અસંખ્યાતપ્રદેશી અગુરુલઘુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- જીવોના અસંખ્યાતપ્રદેશી અગુરુલઘુત્વગુણ અનંત છે અને ધર્મ-અધર્મદ્રવ્યના અસંખ્યાત પ્રદેશી અગુરુલઘુત્વગુણ, એક-એક છે.

**પ્રશ્ન-૪૧ :- જાતિ અપેક્ષાએ કેટલા દ્રવ્યોના અગુરુલઘુત્વગુણ અસંખ્યાતપ્રદેશી છે?**

ઉત્તર :- જીવ-ધર્મ-અધર્મ, આ ત્રણે દ્રવ્યોના અગુરુલઘુત્વગુણ અસંખ્યાત પ્રદેશી છે.

**પ્રશ્ન-૪૨ :- અનંત પ્રદેશી અગુરુલઘુત્વગુણ કેટલા છે અને ક્યા દ્રવ્યનો છે?**

ઉત્તર :- અનંત પ્રદેશી અગુરુલઘુત્વગુણ એક જ છે અને આકાશ દ્રવ્યનો છે.

**પ્રશ્ન-૪૩ :- સંખ્યા અપેક્ષાએ એક પ્રદેશી અગુરુલઘુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્યના એક પ્રદેશી અગુરુલઘુત્વગુણ, અનંતાઅનંત છે અને કાળદ્રવ્યના એક પ્રદેશી અગુરુલઘુત્વગુણ, લોકપ્રમાણ અસંખ્યાત છે.

**પ્રશ્ન-૪૪ :- જાતિ અપેક્ષાએ કેટલા દ્રવ્યોના અગુરુલઘુત્વગુણ એક પ્રદેશી છે?**

ઉત્તર :- પુદ્‌ગલ અને કાળદ્રવ્યના અગુરુલઘુત્વગુણ એક પ્રદેશી છે.

**પ્રશ્ન-૪૫ :- ક્યા દ્રવ્યોના અગુરુલઘુત્વગુણ ગતિ કરે છે?**

ઉત્તર :- જીવ અને પુદ્‌ગલદ્રવ્યના અગુરુલઘુત્વગુણ ગતિ કરે છે.

**પ્રશ્ન-૪૬ :- ક્યા દ્રવ્યોના અગુરુલઘુત્વગુણ ગતિ નથી કરતા?**

ઉત્તર :- ધર્મ-અધર્મ-આકાશ અને કાળ, આ ચાર દ્રવ્યોના અગુરુલઘુત્વગુણ ગતિ કરતા નથી.

**પ્રશ્ન-૪૭ :- એક આત્મામાં અગુરુલઘુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- એક આત્મામાં એક જ અગુરુલઘુત્વગુણ છે.

**પ્રશ્ન-૪૮ :- સંયોગરૂપ ઔદારિક, તૈજસ, કાર્મણશરીરમાં અગુરુલઘુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- સંયોગરૂપ ઔદારિક, તૈજસ, કાર્મણશરીરમાં જેટલા પરમાણુ છે તેટલા જ અગુરુલઘુત્વગુણ છે.

**પ્રશ્ન-૪૯ :- શબ્દમાં અગુરુલઘુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- શબ્દમાં જેટલા પરમાણુ છે, તેટલા જ અગુરુલઘુત્વગુણ છે.



**પ્રશ્ન-૫૦ :- દ્રવ્યમનમાં અગુરુલઘુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- દ્રવ્યમનમાં જેટલા પરમાણુ છે, તેટલા જ અગુરુલઘુત્વગુણ છે.

**પ્રશ્ન-૫૧ :- વિશ્વમાં અગુરુલઘુત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- જેટલા વિશ્વમાં દ્રવ્ય છે, તેટલા જ સામાન્ય અગુરુલઘુત્વગુણ છે.

**પ્રશ્ન-૫૨ :- વિશ્વમાં જેટલા દ્રવ્ય, તેટલા જ સામાન્ય અગુરુલઘુત્વગુણ છે. - આ કોણે કહ્યું?**

ઉત્તર :- જિન-જિનવર-જિનવરવૃષભોએ કહ્યું.

**પ્રશ્ન-૫૩ :- જિન-જિનવર-જિનવરવૃષભોના આ કથનથી શું સિદ્ધ થાય છે?**

ઉત્તર :- અનંત જ્ઞાનીઓનો એક મત છે.

**પ્રશ્ન-૫૪ :- આ વાતને સાંભળીને જ્ઞાની શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- કેવળીની સમાન વિશ્વના અગુરુલઘુત્વગુણોને જાણે છે અને અગુરુલઘુત્વગુણરૂપ અભેદ આત્મામાં વિશેષ એકાગ્રતા કરીને શ્રેણી માંડી નિર્વાણને પામે છે.

**પ્રશ્ન-૫૫ :- અનંત જ્ઞાનીઓની આવી વાત સાંભળીને, સમ્યક્‌ત્વની સન્મુખ મિથ્યાદષ્ટિ શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- અહો! જિનવચન મહાન ઉપકારી છે! - એમ જાણીને અગુરુલઘુત્વગુણરૂપ નિજ આત્માનો આશ્રય કરીને, જ્ઞાની થઈને, જ્ઞાનીની જેમ નિર્વાણને પામે છે.

**પ્રશ્ન-૫૬ :- અનંતજ્ઞાનીઓની આ વાત સાંભળીને, અપાત્ર મિથ્યાદષ્ટિ શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- જિનેન્દ્રની વાણીનો નિષેધ કરી નિગોદમાં ચાલ્યો જશે.

**પ્રશ્ન-૫૭ :- ટૂંકમાં, સામાન્ય અગુરુલઘુત્વગુણ શું બતાવે છે?**

ઉત્તર :- (૧) વિશ્વમાં જીવ અનંત, પુદ્‌ગલ અનંતા અનંત, ધર્મ-અધર્મ-આકાશ એક-એક, કાળદ્રવ્ય લોકપ્રમાણ અસંખ્યાત છે. તેમની વચ્ચે કોઈ પ્રકારનો કર્તા-ભોક્તા સંબંધ નથી, કેમકે દરેક દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જુદાં-જુદાં છે. (૨) દરેક દ્રવ્યમાં અનંત-અનંતગુણ છે; દરેક ગુણના ભાવ જુદાં-જુદાં છે. (૩) દરેક દ્રવ્યમાં જેટલા ગુણ છે, તે બધા સદાય એમ ને એમ રહે છે; કોઈપણ અવસ્થામાં જુદાપણું નથી હોતું કારણ કે દ્રવ્યના ગુણોના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ એક જ છે - એમ અગુરુલઘુત્વગુણ બતાવે છે.

**પ્રશ્ન-૫૮ :- અગુરુલઘુત્વને જાણવાથી ક્યા-ક્યા લાભ આ પાઠમાં બતાવ્યા છે?**

ઉત્તર :- (૧) એક દ્રવ્યનો, બીજા દ્રવ્યો સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ નથી, કેમકે દરેક દ્રવ્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદાં-જુદાં છે. (૨) એક દ્રવ્યમાં અનંતગુણ છે; એક ગુણનો, બીજા ગુણોની સાથે સંબંધ નથી, કેમકે દરેક ગુણના ભાવ જુદા-જુદાં છે. (૩) દ્રવ્યના અનંતગુણો વીખેરાઈને અલગ-અલગ નથી થતાં, કેમકે દ્રવ્ય અને ગુણના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ એક જ છે. (૪) દરેક દ્રવ્યમાં ગુણ સંખ્યા અપેક્ષાએ સમાન છે, એ જણાય છે. (૫) એક ગુણની પર્યાયનું, બીજા ગુણોની પર્યાય સાથે સંબંધ નથી, કેમકે દરેક ગુણની પર્યાયનું કાર્ય જુદું-જુદું છે. (૬) એક ગુણની વર્તમાન પર્યાયનું, ભૂતની પર્યાય સાથે સંબંધ નથી, કેમકે દરેક પર્યાયના ભાવ પૃથક્-પૃથક્ છે તથા વર્તમાન પર્યાયનું ભૂતની પર્યાયમાં પ્રાગભાવ છે. (૭) એક ગુણની વર્તમાન પર્યાયનો, ભવિષ્યની પર્યાય સાથે સંબંધ



નથી, કેમકે દરેક પર્યાયના ભાવ જુદાં-જુદાં છે તથા વર્તમાન પર્યાયનો ભવિષ્યની પર્યાયમાં પ્રધ્વંસાભાવ છે. (૮) જેટલા દ્રવ્ય છે, તેટલી જ સામાન્ય અગુરુલઘુત્વગુણ છે.

**પ્રશ્ન-૫૯ :- અગુરુલઘુત્વગુણનું રહસ્ય જાણવા માટે પાંચ બોલ ક્યા-ક્યા છે?**

ઉત્તર :- (૧) અનાદિકાળથી આજ સુધી કોઈ પણ દ્રવ્યે મારું ભલું-બૂરું કર્યું જ નથી. (૨) અનાદિકાળથી આજ સુધી મેં પણ કોઈ પરદ્રવ્યનું ભલુ-બુરું કર્યું જ નથી. (૩) અનાદિ કાળથી આજ સુધી નુકસાનીનો જ ધંધો કર્યો છે; જો નુકસાન ન કર્યું હોત તો સંસાર પરિભ્રમણ મટી ગયું હોત, જે થયું નહિ. (૪) તે નુકસાની, માત્ર એક સમયની પર્યાયમાં જ છે; દ્રવ્ય-ગુણમાં નથી. (૫) પર્યાયની નુકસાની કાઢવી હોય અને પર્યાયમાં શાંતિ લાવવી હોય તો એકમાત્ર પોતાના અનંતગુણોના અભેદ પિંડ જ્ઞાયકસ્વભાવનો આશ્રય કર.

●●

૧૬

## પ્રદેશત્વગુણ

પ્રદેશત્વગુણ કી શક્તિ સે, આકાર દ્રવ્ય ધરા કરે,
નિજ ક્ષેત્ર મેં વ્યાપક રહેં, આકાર ભી પલટા કરે;
આકાર હૈં સબ કે અલગ, હો લીન અપને જ્ઞાન મેં,
જાનોં ઈન્હેં સામાન્યગુણ, રક્ખો સદા શ્રદ્ધાન મેં.

**પ્રશ્ન-૧ :- પ્રદેશત્વગુણ કોને કહે છે?**

ઉત્તર :- જે શક્તિને કારણે, દ્રવ્યનો કોઈને કોઈ આકાર ચોક્કસ રહે છે, તે શક્તિને પ્રદેશત્વગુણ કહે છે.

**પ્રશ્ન-૨ :- પ્રદેશત્વગુણ શું છે?**

ઉત્તર :- દરેક દ્રવ્યનો સામાન્યગુણ છે.

**પ્રશ્ન-૩ :- સિદ્ધ ભગવાન નિરાકાર છે કે સાકાર?**

ઉત્તર :- સિદ્ધ ભગવાન બંને છે કેમકે પુદ્‌ગલ જેવા આકારે નથી, એ અપેક્ષાએ સિદ્ધ ભગવાન નિરાકાર છે અને પ્રદેશત્વગુણને કારણે તેનો આકાર છે; માટે સાકાર છે.

**પ્રશ્ન-૪ :- દરેક આત્મા સાકાર-નિરાકાર ક્યા પ્રકારથી છે?**

ઉત્તર :- પ્રદેશત્વગુણને કારણે દરેક આત્માનો અરૂપી આકાર છે; માટે સાકાર છે અને આત્મા પુદ્‌ગલ જેવો રૂપી આકાર નથી; માટે નિરાકાર છે.

**પ્રશ્ન-૫ :- શું દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેનો આકાર ભિન્ન-ભિન્ન અથવા નાનો-મોટો છે?**



ઉત્તર :- ના; દ્રવ્યનો આકાર જ ગુણ-પર્યાયનો આકાર છે; ત્રણેનું ક્ષેત્ર એક છે; માટે દ્રવ્ય-ગુણ અને પર્યાયનો આકાર એક સમાન છે; નાનો-મોટો નથી.

**પ્રશ્ન-૬ :- દ્રવ્ય-ગુણ અનાદિ-અનંત છે; પર્યાય એક સમયની છે તો તેમાં કોનો આકાર મોટો છે?**

ઉત્તર :- બંનેનો, એટલે કે દ્રવ્ય-ગુણનો અને પર્યાયનો આકાર એક જેવો છે.

**પ્રશ્ન-૭ :- અમુક વસ્તુઓનો આકાર લાંબા કાળ સુધી એક સમાન જ જોવા મળે છે, તો તેને પરિવર્તિત થતાં કેટલો સમય લાગે છે?**

ઉત્તર :- પ્રતિ સમય આકાર નિરંતર બદલતા રહે છે, પણ સ્થૂળદૃષ્ટિએ તેનો આકાર લાંબાકાળ સુધી એક જેવો દેખાય છે.

**પ્રશ્ન-૮ :- સોનામાંથી મુગટ બન્યો, તો તેમાં ક્યો ગુણ કારણ છે?**

ઉત્તર :- આકાર બદલ્યો, તેમાં પ્રદેશત્વગુણ કારણ છે અને જૂની અવસ્થા બદલાણી તેમાં દ્રવ્યત્વગુણ કારણ છે.

**પ્રશ્ન-૯ :- પ્રદેશત્વગુણનું શુદ્ધ પરિણમન અનાદિ-અનંત ક્યા દ્રવ્યમાં હોય છે?**

ઉત્તર :- ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્યમાં પ્રદેશત્વગુણનું અનાદિ-અનંત શુદ્ધ પરિણમન થાય છે.

**પ્રશ્ન-૧૦ :- પ્રદેશત્વગુણના પરિણમનને શું કહે છે?**

ઉત્તર :- વ્યંજનપર્યાય કહે છે.

**પ્રશ્ન-૧૧ :- પ્રદેશત્વગુણનું સાદિ-અનંત શુદ્ધ પરિણમન ક્યા દ્રવ્યમાં, ક્યા સમયે થાય છે?**

ઉત્તર :- જીવદ્રવ્યમાં, ચૌદમાં ગુણસ્થાન પછી સિદ્ધદશામાં પ્રદેશત્વગુણનું સાદિ-અનંત શુદ્ધ પરિણમન થાય છે.

**પ્રશ્ન-૧૨ :- પ્રદેશત્વગુણનું સાદિ-સાંત શુદ્ધ પરિણમન ક્યા દ્રવ્યમાં, ક્યારે અને ક્યા સમયે થાય છે?**

ઉત્તર :- પરમાણુમાં થાય છે. પરમાણુ ફરીને સ્કંધ અને સ્કંધથી છૂટીને પરમાણુ થવાથી તેના પ્રદેશત્વગુણનું શુદ્ધ પરિણમન સાદિ-સાંત છે.

**પ્રશ્ન-૧૩ :- અર્હંતદશામાં પ્રદેશત્વગુણનું પરિણમન કેવું છે?**

ઉત્તર :- વિભાવરૂપ પરિણમન છે.

**પ્રશ્ન-૧૪ :- જીવદ્રવ્યમાં પ્રદેશત્વગુણનું વિભાવરૂપ પરિણમન ક્યારથી અને ક્યાં સુધી છે?**

ઉત્તર :- જીવદ્રવ્યમાં નિગોદથી લઈને ચૌદમા ગુણસ્થાન સુધી પ્રદેશત્વગુણનું પરિણમન, વિભાવરૂપ જ રહે છે.

**પ્રશ્ન-૧૫ :- દરેક દ્રવ્યમાં વ્યંજનપર્યાય કેટલી હોય છે?**

ઉત્તર :- એક જ હોય છે.

**પ્રશ્ન-૧૬ :- શું સિદ્ધદશામાં પ્રદેશત્વગુણને કારણે બધાનો આકાર એક જેવો હોય છે?**

ઉત્તર :- નહિ, કેમકે સિદ્ધદશામાં બધાનો આકાર નાનો-મોટો, અલગ-અલગ હોય છે.

**પ્રશ્ન-૧૭ :- શું પરમાણુના પ્રદેશત્વગુણનો આકાર એક જેવો છે?**

ઉત્તર :- બધા પરમાણુનો આકાર એક જેવો છે.

**પ્રશ્ન-૧૮ :- પ્રદેશત્વગુણનું ક્ષેત્ર કેટલું મોટું છે? એને શા માટે?**

ઉત્તર :- જેટલું દ્રવ્યનું ક્ષેત્ર છે, તેટલું જ ક્ષેત્ર પ્રદેશત્વગુણનું



છે, કેમકે પ્રદેશત્વગુણ, દ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં રહે છે.

**પ્રશ્ન-૧૯ :- પ્રદેશત્વગુણનો કાળ કેટલો છે અને શા માટે?**

ઉત્તર :- જેટલો દ્રવ્યનો કાળ છે તેટલો જ કાળ પ્રદેશત્વગુણનો છે, કેમકે પ્રદેશત્વગુણ, દ્રવ્યની સંપૂર્ણ અવસ્થાઓમાં ત્રિકાલ રહે છે.

**પ્રશ્ન-૨૦ :- હું મનુષ્ય છું - આ વાક્યમાં (૧) પ્રદેશત્વગુણને ક્યારે માન્યો, અને (૨) ક્યારે નથી માન્યો?**

ઉત્તર :- (૧) સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનમાં પુદ્ગલોના એક-એક પ્રદેશી અનંત આકારોથી મારા ચૈતન્ય અરૂપી અસંખ્યાત પ્રદેશી એક આકારનો, કોઈ પણ અપેક્ષાએ, કોઈ પણ પ્રકારનો સંબંધ નથી - એવો અનુભવ-જ્ઞાન વર્તે તો પ્રદેશત્વગુણને માન્યો. (૨) ચૈતન્ય અરૂપી અસંખ્યાત પ્રદેશી એક નિજ આકારને ભૂલીને, સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનના પુદ્ગલોના અનંત એક પ્રદેશી આકારોમાં હું મનુષ્ય છું - એવી માન્યતાવાળાએ પ્રદેશત્વગુણને નથી માન્યો.

**પ્રશ્ન-૨૧ :- પુદ્ગલોના એક પ્રદેશી અનંત આકારોમાં, ચૈતન્ય અરૂપી અસંખ્યાત પ્રદેશી નિજ આત્માની કલ્પનાનું શું ફળ છે?**

ઉત્તર :- ચારેય ગતિમાં ફરીને નિગોદ આ ખોટી માન્યતાનું ફળ છે.

**પ્રશ્ન-૨૨ :- પુદ્ગલોના આકારોમાં આત્મપણાની નિગોદબુદ્ધિનો અભાવ કેમ થાય, ત્યારે પ્રદેશત્વગુણને માન્યો કહેવાય?**

ઉત્તર :- સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનના એક પ્રદેશી અનંત આકારોના, મારા ચૈતન્ય અરૂપી અસંખ્યાત પ્રદેશી એક આકારથી કોઈ પણ પ્રકારે સંબંધ નથી, કેમકે દરેક આકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદાં-જુદાં છે. એમ જાણીને નિજ ચૈતન્ય

અરૂપી અસંખ્યાત પ્રદેશી એક આકારરૂપ સ્વભાવનો આશ્રય લે તો નિગોદબુદ્ધિનો અભાવ થઈને ધર્મની પ્રાપ્તિ થાય, ત્યારે પ્રદેશત્વગુણને માન્યો કહેવાય; ત્યાર પછી અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી હું મનુષ્ય છું એમ કહી શકાયે, પણ તેમ છે નહિ.

**પ્રશ્ન-૨૩ :- કુંભારે ઘડો બનાવ્યો; હું ટેબલ બનાવું છું; હું મકાન બનાવું છું; મેં પુસ્તક બનાવ્યું; મહાવીર સ્વામીએ કર્મોનો નાશ કર્યો; સિદ્ધ ભગવાને આઠ કર્મોનો નાશ કર્યો; મેં રોટલી બનાવી; સમ્યગ્દ્રષ્ટિ જીવે દર્શનમોહનીય કર્મને લક્ષે કર્યું; હું જોરશોરથી બોલું છું; હું કાળો છું - આ વાક્યોમાં પ્રદેશત્વગુણને સ્પષ્ટ સમજાવો?**

ઉત્તર :- આ વાક્યોમાં પૂર્વે પ્રશ્નોત્તર અનુસાર જાતે અભ્યાસ કરો.

**પ્રશ્ન-૨૪ :- પ્રદેશત્વગુણને છોડીને, બાકી ગુણોના પરિણમનને શું કહે છે?**

ઉત્તર :- અર્થપર્યાય કહે છે.

**પ્રશ્ન-૨૫ :- પ્રદેશત્વગુણ શું સૂચવે છે?**

ઉત્તર :- પ્રત્યેક દ્રવ્યના આકારને સૂચવે છે.

**પ્રશ્ન-૨૬ :- આ ટેબલ છે - શું તેનો એક જ આકાર છે?**

ઉત્તર :- ના; ટેબલમાં જેટલા પરમાણુ છે, તેટલા આકાર છે.

**પ્રશ્ન-૨૭ :- પ્રદેશત્વગુણ, રૂપી છે કે અરૂપી?**

ઉત્તર :- પુદ્‌ગલનો પ્રદેશત્વગુણ રૂપી છે; બાકી દ્રવ્યોનો અરૂપી છે.

**પ્રશ્ન-૨૮ :- પ્રદેશત્વગુણ જડ છે કે ચેતન?**



ઉત્તર :- બંને છે; આત્માનો પ્રદેશત્વગુણ ચેતન છે; બાકી દ્રવ્યોનો જડ છે.

**પ્રશ્ન-૨૯ :- પ્રદેશત્વગુણના પર્યાયવાચી શબ્દો ક્યા-ક્યા છે?**

ઉત્તર :- આકાર, ક્ષેત્ર, કિલ્લાબંદી - બધા પ્રદેશત્વગુણના પર્યાયવાચી શબ્દ છે.

**પ્રશ્ન-૩૦ :- લાકડીના ટૂકડામાં કેટલાય પરમાણુઓ છે - શું તે એકબીજામાં ઘુસી ગયા છે?**

ઉત્તર :- બિલકુલ નહિ; પંચાસ્તિકાય ગાથા-૮૧માં કહ્યું છે કે લાકડીના ટૂકડામાં એક-એક પરમાણુ જુદાં-જુદાં પોતપોતાના ગુણ-પર્યાયમાં વર્તી રહ્યા છે - એમ જ્ઞાની જાણે છે.

**પ્રશ્ન-૩૧ :- નિમિત્ત, ઉપાદાનમાં ઘુસીને કામ કરે છે - એવી માન્યતાવાળાએ ક્યા ગુણને નથી માન્યો?**

ઉત્તર :- પ્રદેશત્વગુણને નથી માન્યો.

**પ્રશ્ન-૩૨ :- શાસ્ત્રોમાં આવે છે કે જ્યાં એક સિદ્ધ બિરાજમાન છે, ત્યાં અનંત સિદ્ધ બિરાજમાન છે, શું સિદ્ધજીવ એકબીજામાં ભળી ગયા છે?**

ઉત્તર :- બિલકુલ નહિ; દરેક સિદ્ધજીવ પોતપોતાના અસંખ્યા-પ્રદેશી આકારમાં રહે છે; એક-બીજામાં ભળતા નથી. કોઈ કહે, ભળી જાય છે તો તેણે પ્રદેશત્વગુણને નથી માન્યો.

**પ્રશ્ન-૩૩ :- મહાવીર ભગવાનનો આકાર સાત હાથનો, આદિનાથ ભગવાનનો પાંચસૌ ધનુષનો - એમ કેમ?**

ઉત્તર :- પ્રદેશત્વગુણને કારણે છે.

**પ્રશ્ન-૩૪ :- જે સ્થાનમાં ધર્મદ્રવ્ય છે, તે સ્થાનમાં અધર્મદ્રવ્ય છે - શું બંને એકબીજામાં ભળી ગયા છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે બંને પોતપોતાના અસંખ્યાત

પ્રદેશી આકારમાં, પોતપોતાના દ્રવ્ય-ક્ષેત્ર, કાળ, ભાવમાં રહે છે. કોઈ કહે- ભળી ગયા છે તો પ્રદેશત્વગુણને માનતા નથી.

**પ્રશ્ન-૩૫ :- ક્યા ક્યા દ્રવ્યનો આકાર હોતો નથી?**

**ઉત્તર** :- એવું કોઈ પણ દ્રવ્ય નથી કે જેનો આકાર ન હોય, કેમકે પ્રદેશત્વગુણ દરેક દ્રવ્યનો સામાન્યગુણ છે.

**પ્રશ્ન-૩૬ :- પરમાણુ અને કાળદ્રવ્યના પ્રદેશત્વગુણનો આકાર કેટલો મોટો છે?**

**ઉત્તર** :- દરેક પરમાણુ અને કાળદ્રવ્યનો આકાર એક-એક પ્રદેશી છે.

**પ્રશ્ન-૩૭ :- દ્રવ્યોનો આકાર, રૂપી છે કે અરૂપી છે?**

**ઉત્તર** :- પુદ્‌ગલનો આકાર રૂપી છે; બાકી દ્રવ્યોનો આકાર અરૂપી છે.

**પ્રશ્ન-૩૮ :- આકારની અપેક્ષાએ સૌથી મોટું દ્રવ્ય ક્યું છે?**

**ઉત્તર** :- આકાશદ્રવ્ય છે.

**પ્રશ્ન-૩૯ :- આકારની અપેક્ષાએ સમાન દ્રવ્યો ક્યા-ક્યા છે?**

**ઉત્તર** :- ધર્મ-અધર્મ, જીવદ્રવ્ય તે બધાના અસંખ્યાત પ્રદેશી આકાર છે.

**પ્રશ્ન-૪૦ :- જીવનો આકાર તો નાનો-મોટો થાય છે, તે ધર્મ-અધર્મદ્રવ્યના આકાર સમાન કેવી રીતે છે?**

**ઉત્તર** :- આકાર તો એક જેવો જ છે, પરંતુ જીવદ્રવ્યમાં સંકોચ-વિસ્તારની શક્તિ છે; તેથી સંકોચ-વિસ્તાર હોવા છતાં પણ જીવ સદાય અસંખ્યાત પ્રદેશી આકારવાળો જ હોય છે.

**પ્રશ્ન-૪૧ :- પ્રદેશત્વગુણ અને દ્રવ્યત્વગુણમાં શું અંતર છે?**

**ઉત્તર** :- પ્રદેશત્વગુણ આકારને બતાવે છે અને દ્રવ્યત્વગુણ નિરંતર પરિણમનને બતાવે છે.



**પ્રશ્ન-૪૨ :- વિશ્વામાં આકાર કેટલા છે?**

**ઉત્તર** :- જેટલા દ્રવ્યો છે તેટલા આકાર છે.

**પ્રશ્ન-૪૩ :- જીવનો આકાર મોટો હોય તો લાભ અને નાનો હોય તો નુકસાન શું એમ હોય છે?**

**ઉત્તર** :- બિલકુલ નહિ; આકાર, સુખ-દુઃખનું કારણ નથી.

**પ્રશ્ન-૪૪ :- જીવનો પ્રદેશત્વગુણ શુદ્ધ થઈ જાય અને ગુણમાં અશુદ્ધતા રહે શું એવું બની શકે છે?**

**ઉત્તર** :- બિલકુલ નથી બનતું, કેમકે સિદ્ધદશામાં પ્રદેશત્વગુણ શુદ્ધ હોય છે અને તેની સાથે જ બધા ગુણોના પરિણમન શુદ્ધ થઈ જાય છે.

**પ્રશ્ન-૪૫ :- પ્રદેશત્વગુણને જાણવાથી શો લાભ છે?**

**ઉત્તર** :- નિજ, ચૈતન્ય અરૂપી પોતાના અસંખ્યાત પ્રદેશોમાં એકત્વબુદ્ધિ કરીને લીન થવું, તે પ્રદેશત્વગુણને જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૪૬ :- પ્રદેશત્વગુણ શું જણાવે છે?**

**ઉત્તર** :- કોઈપણ વસ્તુ પોતાના સ્વક્ષેત્ર/આકાર વિના નથી હોતી અને આકાર નાનો હોય કે મોટો હોય તે હાનિ-લાભનું કારણ નથી, તેમજ દરેક દ્રવ્યનો સ્વ-અવગાહનરૂપ પોતાનો સ્વતંત્ર આકાર ચોક્કસ હોય છે. એકના આકાર સાથે બીજાના આકારને સંબંધ નથી - એમ જાણી પોતાના અસંખ્યાત પ્રદેશી એક નિજ આકાર તરફ દૃષ્ટિ કરીને ભગવાન બને - તે પ્રદેશત્વગુણ કહે છે.

**પ્રશ્ન-૪૭ :- વિશ્વમાં જાતિ અપેક્ષાએ પ્રદેશત્વગુણ કેટલા છે?**

**ઉત્તર** :- વિશ્વમાં જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય છે; માટે વિશ્વમાં જાતિ અપેક્ષાએ છ પ્રદેશત્વગુણ છે.

**પ્રશ્ન-૪૮ :- વિશ્વમાં સંખ્યા અપેક્ષાએ પ્રદેશત્વગુણ કેટલા**

છે?

ઉત્તર :- જીવોના અનંત; પુદ્‌ગલોના અનંતાઅનંત; ધર્મ-અધર્મ દ્રવ્યના એક-એક; આકાશ દ્રવ્યના એક અને કાળદ્રવ્યના પ્રદેશત્વગુણ લોકપ્રમાણ અસંખ્યાત છે.

**પ્રશ્ન-૪૯ :- સંખ્યા અપેક્ષાએ અસંખ્યાત પ્રદેશી પ્રદેશત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- જીવોના અનંત છે અને ધર્મ-અધર્મદ્રવ્યના અસંખ્યાત પ્રદેશી પ્રદેશત્વગુણ એક-એક છે.

**પ્રશ્ન-૫૦ :- જાતિ અપેક્ષાએ કેટલા દ્રવ્યોના પ્રદેશત્વગુણ અસંખ્યાત પ્રદેશી છે?**

ઉત્તર :- જીવ-ધર્મ-અધર્મ આ ત્રણ દ્રવ્યોના પ્રદેશત્વગુણ અસંખ્યાત પ્રદેશી છે.

**પ્રશ્ન-૫૧ :- અનંત પ્રદેશી પ્રદેશત્વગુણ કેટલા અને કોના છે?**

ઉત્તર :- અનંત પ્રદેશી પ્રદેશત્વગુણ એક જ છે અને તે આકાશદ્રવ્યના છે.

**પ્રશ્ન-૫૨ :- સંખ્યા અપેક્ષાએ એક પ્રદેશી પ્રદેશત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- પુદ્‌ગલના એક પ્રદેશી પ્રદેશત્વગુણ અનંતાઅનંત છે અને કાળદ્રવ્યના એક પ્રદેશી પ્રદેશત્વગુણ લોકપ્રમાણ અસંખ્યાત છે.

**પ્રશ્ન-૫૩ :- જાતિ અપેક્ષાએ ક્યા દ્રવ્યોના પ્રદેશત્વગુણ એક પ્રદેશી છે?**

ઉત્તર :- પુદ્‌ગલ અને કાળદ્રવ્ય, આ બે દ્રવ્યોના પ્રદેશત્વગુણ એક પ્રદેશી છે.

**પ્રશ્ન-૫૪ :- ક્યા દ્રવ્યોના પ્રદેશત્વગુણષ ગતિ કરે છે?**



ઉત્તર :- જીવ-પુદ્‌ગલના પ્રદેશત્વગુણ ગતિ કરે છે.

**પ્રશ્ન-૫૫ :- ક્યા દ્રવ્યોના પ્રદેશત્વગુણ, ગતિ કરતા નથી?**

ઉત્તર :- ધર્મ-અધર્મ-આકાશ અને કાળ, આ ચાર દ્રવ્યોના પ્રદેશત્વગુણ ગતિ કરતા નથી.

**પ્રશ્ન-૫૬ :- એક જીવમાં પ્રદેશત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- એક જીવમાં એક જ પ્રદેશત્વગુણ છે.

**પ્રશ્ન-૫૭ :- સંયોગરૂપ ઔદારિક, તૈજસ, કાર્મણશરીરમાં પ્રદેશત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- સંયોગરૂપ ઔદારિક, તૈજસ, કાર્મણશરીરમાં જેટલા પરમાણુ છે, તેટલા જ પ્રદેશત્વગુણ છે.

**પ્રશ્ન-૫૮ :- શબ્દમાં પ્રદેશત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- શબ્દમાં જેટલા પરમાણુ છે, તેટલા જ પ્રદેશત્વગુણ છે.

**પ્રશ્ન-૫૯ :- દ્રવ્યમનમાં પ્રદેશત્વગુણ કેટલા છે?**

ઉત્તર :- દ્રવ્યમનમાં જેટલા પરમાણુ છે, તેટલા જ પ્રદેશત્વગુણ છે.

**પ્રશ્ન-૬૦ :- જેટલા દ્રવ્ય છે, તેટલા જ પ્રદેશત્વગુણ કેમ છે?**

ઉત્તર :- દરેક દ્રવ્યમાં એક-એક જ પ્રદેશત્વગુણ હોય છે; માટે જેટલા દ્રવ્ય છે, તેટલા જ પ્રદેશત્વગુણ હોય છે.

**પ્રશ્ન-૬૧ :- જેટલા દ્રવ્ય છે, તેટલા જ પ્રદેશત્વગુણ છે, એ કોણે કહ્યું?**

ઉત્તર :- જિન-જિનવર-જિનવરવૃષભોએ કહ્યું.

**પ્રશ્ન-૬૨ :- તેનાથી શું સિદ્ધ થાય છે?**

ઉત્તર :- અનંત જ્ઞાનીઓનો એક જ મત હોય છે તે સિદ્ધ

થાય છે.

**પ્રશ્ન-૬૩ :- અનંત જ્ઞાનીઓએ આ કથન સાંભળીને, જ્ઞાની શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- કેવળીની સમાન વિશ્વના પ્રદેશત્વગુણોને જાણી લે છે તથા ચૈતન્ય અરૂપી અસંખ્યાત પ્રદેશી એક આકારરૂપ સ્વભાવમાં વિશેષ લીનતા કરીને, શ્રેણી માંડીને, નિર્વાણની પ્રાપ્તિ કરે છે.

**પ્રશ્ન-૬૪ :- આ કથન સાંભળીને સમ્યક્ત્વની સન્મુખ મિથ્યાદષ્ટિ જીવ શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- અહો! જિનવચન મહાન ઉપકારી છે! અને પોતાના ચૈતન્ય અરૂપી અસંખ્યાત પ્રદેશી એક આકાર તરફ દષ્ટિ કરીને જ્ઞાની બની જ્ઞાનીની જેમ નિર્વાણને પામે છે.

**પ્રશ્ન-૬૫ :- આ કથન સાંભળીને અપાત્ર મિથ્યાદષ્ટિ શું જાણે છે અને શું કરે છે?**

ઉત્તર :- જિનેન્દ્ર વાણીનો નિષેધ કરીને, ચારેય ગતિઓમાં રખડતો નિગોદમાં ચાલ્યો જાય છે.

**પ્રશ્ન-૬૬ :- જેટલા દ્રવ્ય છે, તેટલા જ પ્રદેશત્વગુણ છે - આ વાક્યમાંથી ચાર વાતો કઈ-કઈ કાઢવી જોઈએ?**

ઉત્તર :- (૧) જીન-જિનવર-જિનવરવૃષભ શું કહે છે? (૨) જિન-જિનવર-જિનવરવૃષભોના કથનને સાંભળીને જ્ઞાની શું જાણે છે અને શું કરે છે? (૩) સમ્યક્ત્વની સન્મુખ મિથ્યાદષ્ટિ ભવ્યજીવ શું જાણે છે અને શું કરે છે? (૪) મિથ્યાદષ્ટિ અપાત્ર જીવ, શું જાણે છે અને શું કરે છે?

**પ્રશ્ન-૧ :- ટૂંકામાં પ્રદેશત્વગુણ શું જણાવે છે?**

ઉત્તર :- વિશ્વમાં જીવોના અસંખ્યાત પ્રદેશી અનંત આકાર છે. પુદ્‌ગલોમાં એક-એક પ્રદેશી અનંતાઅનંત આકાર છે. ધર્મ-



અધર્મદ્રવ્યના અસંખ્યાત પ્રદેશી એક-એક આકાર છે. આકાશદ્રવ્યના અનંત પ્રદેશી એક પ્રકાર છે અને કાળદ્રવ્યના એક પ્રદેશી લોકપ્રમાણ અસંખ્યાત આકાર છે. દરેક દ્રવ્યના આકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદાં-જુદાં છે - એમ જાણીને પોતાના ચૈતન્ય અરૂપી અસંખ્યાત પ્રદેશી એક નિજ આકારમાં લીન થવું તે પ્રદેશત્વગુણ જણાવે છે.

**પ્રશ્ન-૬૮ :- આ પાઠમાં પ્રદેશત્વગુણને જાણવાથી ક્યા ક્યા લાભ કહ્યા છે?**

ઉત્તર :- (૧) કોઈપણ વસ્તુ આકાર વિનાની નથી હોતી; (૨) નાના-મોટા આકાર, સુખ-દુઃખનું કારણ નથી; (૩) નિમિત્ત, ઉપાદાનમાં નથી ઘૂસી શકતું, કેમકે બંનેના આકાર જુદાં-જુદાં છે; (૪) સમાનજાતીય દ્રવ્યપર્યાયમાં એક વસ્તુનો આકાર, બીજી વસ્તુઓમાં ઘૂસી શકતું નથી, કેમકે બંનેના સ્વચતુષ્ટયો ભિન્ન-ભિન્ન છે; (૫) સિદ્ધ ભગવાન સાકાર-નિરાકાર બંને છે; તેવી રીતે દરેક આત્મા, સાકાર-નિરાકાર બંને છે - એ જણાય છે; (૬) નિજ ચૈતન્ય અરૂપી અસંખ્યાત પ્રદેશી એક આકારનો આશ્રય લે તો ધર્મની શરૂઆત થઈને ક્રમથી નિર્વાણને પામે છે; (૭) પરદ્રવ્યોના આકારનો આશ્રય માને તો ચારેય ગતિમાં ફરીને નિગોદને પામે છે; (૮) જેટલા દ્રવ્યો છે; તેટલા જ પ્રદેશત્વગુણ છે. ●●

૧૭

# પર્યાય : સ્વરૂપ, ભેદ તથા લાભ

**પ્રશ્ન-૧ :- પર્યાય કોને કહે છે?**

ઉત્તર :- ગુણોના વિશેષ કાર્યને પર્યાય કહે છે.

**પ્રશ્ન-૨ :- (૧) પર્યાયનું સાચું જ્ઞાન થાય તો શું થાય? (૨) પર્યાયનું જ્ઞાન કોને કહે છે અને કોને નથી?**

ઉત્તર :- (૧) પરથી મારી પર્યાય આવે છે - એવી મિથ્યાબુદ્ધિનો અભાવ થઈને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. (૨) પર્યાયનું સાચું જ્ઞાન સમ્યગ્દષ્ટિઓને જ હોય છે; મિથ્યાદષ્ટિને નથી હોતું.

**પ્રશ્ન-૩ :- પર્યાયના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે ભેદ છે - વ્યંજનપર્યાય અને અર્થપર્યાય.

**પ્રશ્ન-૪ :- વ્યંજનપર્યાય કોને કહે છે?**

ઉત્તર :- દ્રવ્યના પ્રદેશત્વગુણના કાર્યને વ્યંજનપર્યાય કહે છે.

**પ્રશ્ન-૫ :- અર્થપર્યાય કોને કહે છે?**

ઉત્તર :- પ્રદેશત્વગુણ સિવાય શેષ ગુણોના કાર્યોને અર્થપર્યાય કહે છે.

**પ્રશ્ન-૬ :- વ્યંજનપર્યાયના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે ભેદ છે - સ્વભાવવ્યંજનપર્યાય અને વિભાવ વ્યંજનપર્યાય.



**પ્રશ્ન-૭ :- સ્વભાવવ્યંજનપર્યાય કોને કહે છે?**

ઉત્તર :- પરદ્રવ્યના સંબંધરહિત દ્રવ્યનો જે આકાર હોય, તેને સ્વભાવવ્યંજનપર્યાય કહે છે; જેમ કે સિદ્ધ ભગવાનનો આકાર અને પરમાણુનો આકાર.

**પ્રશ્ન-૮ :- વિભાવવ્યંજનપર્યાય કોને કહે છે?**

ઉત્તર :- પરનિમિત્તના સંબંધસહિત દ્રવ્યનો જે આકાર હોય તેને વિભાવવ્યંજનપર્યાય કહે છે; જેમ કે જીવના નર-નારકાદિ પર્યાય.

**પ્રશ્ન-૯ :- અર્થપર્યાયના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે ભેદ છે - સ્વભાવઅર્થપર્યાય અને વિભાવઅર્થપર્યાય.

**પ્રશ્ન-૧૦ :- સ્વભાવઅર્થપર્યાય કોને કહે છે?**

ઉત્તર :- પરનિમિત્તના સંબંધરહિત જે અર્થપર્યાય હોય છે, તેને સ્વભાવઅર્થપર્યાય કહે છે; જેમ કે-જીવનું કેવળજ્ઞાન, ક્ષાયિક સમ્યગ્દર્શન વગેરે.

**પ્રશ્ન-૧૧ :- વિભાવઅર્થપર્યાય કોને કહે છે?**

ઉત્તર :- પરનિમિત્તના સંબંધસહિત જે અર્થપર્યાય હોય છે, તેને વિભાવઅર્થપર્યાય કહે છે - જેમ કે જીવમાં રાગ-દ્વેષાદિક.

**પ્રશ્ન-૧૨ :- જીવ અને પુદ્ગલમાં કઈ પર્યાયો હોઈ શકે?**

ઉત્તર :- ચારેય પ્રકારની પર્યાયો, જીવ અને પુદ્ગલમાં હોઈ શકે છે. (૧) સ્વભાવઅર્થપર્યાયો, (૨) વિભાવઅર્થપર્યાયો, (૩) સ્વભાવવ્યંજનપર્યાય (૪) વિભાવવ્યંજનપર્યાયો.

**પ્રશ્ન-૧૩ :- ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્યોમાં કઈ પર્યાયો હોય છે?**

ઉત્તર :- આ ચાર દ્રવ્યોમાં માત્ર સ્વભાવઅર્થપર્યાય અને સ્વભાવવ્યંજનપર્યાયો જ હોય છે; વિભાવપર્યાયો કદી નથી હોતી.

**પ્રશ્ન-૧૪ :- નિગોદથી લઈને ચારેય ગતિઓના મિથ્યાદષ્ટિ**

**જીવોમાં કઈ પર્યાયો હોય છે?**

ઉત્તર :- વિભાવઅર્થપર્યાયો અને વિભાવવ્યંજનપર્યાયો જ હોય છે; સ્વભાવપર્યાયો નથી હોતી.

**પ્રશ્ન-૧૫ :- સિદ્ધ ભગવાનમાં કઈ-કઈ પર્યાયો હોય છે?**

ઉત્તર :- સ્વભાવવ્યંજનપર્યાય અને વિભાવવ્યંજનપર્યાયો જ હોય છે.

**પ્રશ્ન-૧૬ :- ચોથા ગુણસ્થથી ચૌદમા ગુણસ્થાન સુધી કઈ-કઈ પર્યાયો હોય છે?**

ઉત્તર :- વિભાવવ્યંજપર્યાય, સ્વભાવઅર્થપર્યાય અને વિભાવઅર્થયપર્યાય; આ ત્રણ પ્રકારની પર્યાયો હોય છે.

**પ્રશ્ન-૧૭ :- ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધી ત્રણેય પર્યાયો એક જેવી હોય છે કે કાંઈ અંતર છે?**

ઉત્તર :- ચોથા ગુણસ્થાનથી ચૌદમાં ગુણસ્થાન સુધી જેટલી શુદ્ધિ છે, તે સ્વભાવઅર્થપર્યાય છે અને જે અશુદ્ધિ છે, તે વિભાવઅર્થપર્યાય છે. પ્રદેશત્વગુણની વિભાવવ્યંજનપર્યાય જ છે.

**પ્રશ્ન-૧૮ :- સંસારદશામાં ચોથાથી ચૌદમાં ગુણસ્થાન સુધી અર્થપર્યાયની શુદ્ધિ અને અશુદ્ધિને સ્પષ્ટ સમજાવો.**

ઉત્તર :- (૧) ચોથા ગુણસ્થાનમાં શ્રદ્ધાગુણની સ્વભાવઅર્થપર્યાય પૂર્ણ પ્રગટે છે; ચારિત્રમાં એક દેશ સ્વભાવઅર્થપર્યાય પ્રગટે છે પણ પૂર્ણ સ્વભાવઅર્થપર્યાય પ્રગટતી નથી. (૨) બારમા ગુણસ્થાનમાં ચારિત્રગુણની પૂર્ણ સ્વભાવઅર્થપર્યાય પ્રગટે છે, પણ જ્ઞાન-દર્શન, વીર્ય વગેરે ગુણોમાં ક્ષયોપશમરૂપ એકદેશ સ્વભાવઅર્થપર્યાયો પ્રગટે છે, પૂર્ણ સ્વભાવઅર્થપર્યાયો પ્રગટ નથી. (૩) તેરમા ગુણસ્થાને જ્ઞાન-દર્શન, વીર્યની પૂર્ણ સ્વભાવઅર્થપર્યાયો પ્રગટે છે; યોગગુણ વગેરેમાં સ્વભાવઅર્થપર્યાયો પ્રગટ નથી (૪) ચૌદમાં ગુણસ્થાનમાં યોગગુણની પૂર્ણ સ્વભાવઅર્થપર્યાય પ્રગટી જાય છે, પણ અત્યારે વૈભાવિકગુણ, ક્રિયાવતીશક્તિ, અવ્યાબાધ, અવગાહનત્વ, અગુરુલઘુત્વ, સૂક્ષ્મત્વ વગેરે ગુણોની સ્વભાવઅર્થપર્યાયો પ્રગટ નથી. (૫) ચૌદમાં ગુણસ્થાનના અનંતમાં વૈભાવિકગુણ, ક્રિયાવતીશક્તિ, અવ્યાબાધ, અવગાહનત્વ, અગુરુલઘુત્વ, સૂક્ષ્મત્વ વગેરે ગુણોની પરિપૂર્ણ સ્વભાવઅર્થપર્યાયો પ્રગટ થઈ જાય છે.



**પ્રશ્ન-૧૯ :- શાસ્ત્રોમાં આવે છે કે મિથ્યાદૃષ્ટિને પણ અસ્તિત્વાદિ ગુણોની શુદ્ધ પર્યાયો હોય છે, ત્યારે આપે મિથ્યાદૃષ્ટિને સ્વભાવપર્યાયો કેમ ન બતાવી?**

ઉત્તર :- જેમ કે કોઈના ઘરમાં ખજાનો દાટેલો પડ્યો હોય, પણ તેને ખબર ન હોય તો એમ કહેવાય કે તેની પાસે ખજાનો નથી; તે પ્રમાણે મિથ્યાદૃષ્ટિને અસ્તિત્વ આદિ ગુણોની શુદ્ધપર્યાયો હોવા છતાં પણ તેને પોતાને પોતાની ખબર ન હોવાથી સ્વભાવઅર્થપર્યાય કહેવામાં નથી આવતી.

**પ્રશ્ન-૨૦ :- પરમાણુમાં કઈ-કઈ પર્યાયો હોય છે?**

ઉત્તર :- સ્વભાવવ્યંજનપર્યાય અને સ્વભાવઅર્થપર્યાયો જ હોય છે.

**પ્રશ્ન-૨૧ :- સ્કંધમાં કઈ-કઈ પર્યાયો હોય છે?**

ઉત્તર :- વિભાવ્યંજનપર્યાયો અને વિભાવઅર્થપર્યાયો હોય છે.

**પ્રશ્ન-૨૨ :- જેમ કે આત્મામાં ચોથા ગુણસ્થાનથી ચૌદમાં ગુણસ્થાન સુધી સ્વભાવઅર્થપર્યાયો અને વિભાવઅર્થપર્યાયો હોય છે; તે પ્રકારે સ્કંધમાં પણ આ પ્રકારે હોય છે કે નહિ?**

ઉત્તર :- નથી હોતી. સ્કંધોમાં ચાહે બન્ને પરમાણુનો સ્કંધ

હોય કે કરોડો પરમાણુઓનો સ્કંધ હોય, તેમાં બે વિભાવપર્યાયો જ હોય છે; સ્વભાવપર્યાયો નથી હોતી.

**પ્રશ્ન-૨૩ :- દ્રવ્યલિંગી મુનિને કઈ પર્યાયો હોય છે?**

ઉત્તર :- વિભાવવ્યંજનપર્યાય અને વિભાવઅર્થપર્યાયો જ હોય છે.

**પ્રશ્ન-૨૪ :- એક દ્રવ્યમાં વ્યંજનપર્યાય કેટલી હોય છે?**

ઉત્તર :- એક દ્રવ્યમાં એક જ વ્યંજનપર્યાય હોય છે, કેમકે દરેક દ્રવ્યમાં એક-એક જ પ્રદેશત્વગુણ હોય છે અને પ્રેદશત્વગુણના પરિણમનને વ્યંજનપર્યાય કહે છે.

**પ્રશ્ન-૨૫ :- એક દ્રવ્યમાં અર્થપર્યાયો કેટલી હોય છે?**

ઉત્તર :- એક દ્રવ્યમાં અર્થપર્યાયો અનંત હોય છે, કેમકે પ્રદેશત્વગુણને છોડીને બાકી ગુણોના પરિણમનની અર્થપર્યાય કહે છે.

**પ્રશ્ન-૨૬ :- એક આત્મામાં વ્યંજનપર્યાય કેટલી છે?**

ઉત્તર :- એક જ છે કેમકે એક આત્મામાં એક પ્રદેશત્વગુણ છે અને પ્રદેશત્વગુણના પરિણમનને વ્યંજનપર્યાય કહે છે.

**પ્રશ્ન-૨૭ :- એક આત્મામાં અર્થપર્યાયો કેટલી છે?**

ઉત્તર :- એક આત્મામાં અનંત ગુણ છે. તેમાં એક પ્રદેશત્વગુણને છોડીને બાકી જેટલા ગુણ છે, તેટલી અર્થપર્યાયો એક આત્મામાં હોય છે કેમકે પ્રદેશત્વગુણને છોડીને બાકી ગુણોના પરિણમનને અર્થપર્યાય કહે છે.

**પ્રશ્ન-૨૮ :- એકક્ષેત્રાવગાહી ઔદારિકશરીરમાં વ્યંજનપર્યાયો કેટલી છે?**

ઉત્તર :- જેટલા પરમાણુ છે, તેટલી જ વ્યંજનપર્યાયો છે કેમકે એક પરમાણુમાં એક વ્યંજનપર્યાય હોય છે.



**પ્રશ્ન-૨૯ :- જીવદ્રવ્યમાં વિભાવવ્યંજનપર્યાય ક્યાં સુધી હોય છે?**

ઉત્તર :- પહેલાથી લઈને ચૌદમાં ગુણસ્થાન સુધી વિભાવવ્યંજનપર્યાય હોય છે, એટલે કે માત્ર સિદ્ધભગવાનને છોડીને અન્ય બધા જીવોમાં વિભાવવ્યંજનપર્યાય હોય છે; સ્વભાવવ્યંજનપર્યાય નથી હોતી.

**પ્રશ્ન-૩૦ :- ચારેય પ્રકારની પર્યાયો ક્યા દ્રવ્યમાં સંભવ છે?**

ઉત્તર :- જીવ અને પુદ્‌ગલમાં જ સંભવ છે; અન્ય ચાર દ્રવ્યોમાં નથી.

**પ્રશ્ન-૩૧ :- ધર્મ, અધર્મ, અકાશ અને કાળમાં કઈ-કઈ પર્યાયો હોય છે?**

ઉત્તર :- સ્વભાવવ્યંજનપર્યાય અને સ્વભાવઅર્થપર્યાયો જ અનાદિ-અનંત થતી રહે છે; તેમાં કદી વિભાવદશા થતી જ નથી.

**પ્રશ્ન-૩૨ :- તારા આત્મામાં વ્યંજનપર્યાય કેટલી અને અર્થપર્યાય કેટલી છે?**

ઉત્તર :- મારા આત્મામાં વ્યંજનપર્યાય એક અને અર્થપર્યાયો અનેક છે.

**પ્રશ્ન-૩૩ :- પુસ્તકમાં અર્થપર્યાય કેટલી અને વ્યંજનપર્યાય કેટલી છે?**

ઉત્તર :- પુસ્તકમાં જેટલા પરમાણુ છે, તેટલી વ્યંજનપર્યાયો છે અને એક-એક પરમણુમાં અનેક-અનેક અર્થપર્યાયો છે.

**પ્રશ્ન-૩૪ :- સાદિ-અનંત સ્વભાવવ્યંજનપર્યાય ક્યા દ્રવ્યમાં હોય છે?**

ઉત્તર :- જીવમાં સિદ્ધદશામાં સાદિ-અનંત સ્વભાવવ્યંજનપર્યાય હોય છે.

**પ્રશ્ન-૩૫ :- સ્વભાવવ્યંજનપર્યાયમાં અંતર અને સ્વભાવઅર્થપર્યાયમાં સમાનતા - શું એવું કદી હોય છે?**

ઉત્તર :- સિદ્ધદશામાં કોઈનો આકાર સાત હાથનો, કોઈનો પાંચસો ધનુષનો હોવાથી સ્વભાવવ્યંજનપર્યાયમાં અંતર હોય છે અને સ્વભાવઅર્થપર્યાયમાં સમાનતા હોય છે.

**પ્રશ્ન-૩૬ :- સ્વભાવવ્યંજનપર્યાયમાં સમાનતા અને સ્વભાવઅર્થપર્યાયમાં અંતર હોય - શું એવું ક્યારે કોઈ દ્રવ્યમાં હોય છે?**

ઉત્તર :- પરમાણુમાં બધા આકાર એક પ્રદેશી હોવાથી સ્વભાવવ્યંજનપર્યાયમાં સમાનતા છે અને સ્વભાવઅર્થપર્યાયોમાં અંતર છે.

**પ્રશ્ન-૩૭ :- પહેલા અર્થપર્યાય શુદ્ધ થાય, પછી વ્યંજનપર્યાય શુદ્ધ થાય - એવું ક્યા દ્રવ્યોમાં થાય છે?**

ઉત્તર :- કોઈ-કોઈ ગુણની અર્થપર્યાય પહેલા શુદ્ધ થાય છે, પણ જ્યારે જીવદ્રવ્યના બધા ગુણોની અર્થપર્યાયો પરિપૂર્ણ શુદ્ધ થઈ જાય તે સમયે વ્યંજનપર્યાય પણ શુદ્ધ થઈ જાય છે.

**પ્રશ્ન-૩૮ :- સ્વભાવવ્યંજનપર્યાય અને સ્વભાવઅર્થપર્યાયો ક્યા દ્રવ્યમાં એક સાથે હોય છે?**

ઉત્તર :- પુદ્‌ગલ પરમાણુમાં એક સાથે હોય છે.

**પ્રશ્ન-૩૯ :- સાદિ-સાંત સ્વભાવવ્યંજનપર્યાય શેમાં હોઈ શકે છે?**

ઉત્તર :- પુદ્‌ગલ પરમાણુમાં હોઈ શકે છે.

**પ્રશ્ન-૪૦ :- અનાદિ-અનંત સ્વભાવવ્યંજનપર્યાય શેમાં હોય છે?**

ઉત્તર :- ધર્મ, અધર્મ, આકાશ અને કાળમાં અનાદિઅનંત બંને



સ્વભાવપર્યાયો હોય છે.

**પ્રશ્ન-૪૧ :- કેવળજ્ઞાન શું છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના જ્ઞાનગુણની સ્વભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૪૨ :- મિથ્યાત્વ શું છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના શ્રદ્ધાગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૪૩ :- યથાખ્યાતચારિત્ર શું છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના ચારિત્રગુણની સ્વભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૪૪ :- કંપન શું છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના યોગગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૪૫ :- મનઃપર્યયજ્ઞાન શું છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના જ્ઞાનગુણની એકદેશ સ્વભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૪૬ :- ખાંડમાં મીઠાપણું શું છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્યના રસગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૪૭ :- ભગવાનની પ્રતિમા શું છે?**

ઉત્તર :- આહારવર્ગણાના પ્રદેશત્વગુણની વિભાવવ્યંજનપર્યાય છે.

**પ્રશ્ન-૪૮ :- ગોળ લીંબુ શું છે?**

ઉત્તર :- આહારવર્ગણાની પ્રદેશત્વગુણની વિભાવવ્યંજનપર્યાય છે.

**પ્રશ્ન-૪૯ :- ખાટું લીંબુ શું છે?**

ઉત્તર :- આહારવર્ગણાના રસગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૫૦ :- અંધારું શું છે?**

ઉત્તર :- આહારવર્ગણાના વર્ણગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૫૧ :- પ્રકાશ શું છે?**

ઉત્તર :- આહારવર્ગણાના વર્ણગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૫૨ :- બરફ શું છે?**

ઉત્તર :- આહારવર્ગણાની સ્પર્શગુણની વિભાવઅર્થ પર્યાય છે.

**પ્રશ્ન-૫૩ :- વાદળોનો રંગ બદલાવો તે શું છે?**

ઉત્તર :- આહારવર્ગણાની વર્ણગુણની જુદી-જુદી રંગરૂપ વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૫૪ :- સમ્યગ્જ્ઞાન શું છે?**

ઉત્તર :- આત્માના જ્ઞાનગુણની સ્વભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૫૫ :- ઔપશમિકસમ્યક્ત્વ શું છે?**

ઉત્તર :- આત્માના શ્રદ્ધાગુણની સ્વભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૫૬ :- સિદ્ધદશા શું છે?**

ઉત્તર :- આત્માના સંપૂર્ણ ગુણોની સ્વભાવઅર્થપર્યાય અને સ્વભાવવ્યંજનપર્યાય છે.

**પ્રશ્ન-૫૭ :- પૂજાનો ભાવ શું છે?**

ઉત્તર :- આત્માના ચારિત્રગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૫૮ :- પૂજામાં સામગ્રી ચઢાવવાની ક્રિયા શું છે?**

ઉત્તર :- આહારવર્ગણાની ક્રિયાવતીશક્તિની વિભાવઅર્થપર્યાયો છે.

**પ્રશ્ન-૫૯ :- કેવળદર્શન શું છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના દર્શનગુણની સ્વભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૬૦ :- દુર્ગંધ શું છે?**

ઉત્તર :- પુદ્ગલદ્રવ્યના ગંધગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૬૧ :- સુગંધ શું છે?**

ઉત્તર :- પુદ્ગલદ્રદવ્યના ગંધગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૬૨ :- ગોળ રસગુલ્લા શું છે?**

ઉત્તર :- આહારવર્ગણાની પ્રદેશત્વગુણની વિભાવવ્યંજનપર્યાય છે.



**પ્રશ્ન-૬૩ :- મીઠા રસગુલ્લા શું છે?**

ઉત્તર :- આહારવર્ગણાના રસગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૬૪ :- ભાવશ્રુતજ્ઞાન શું છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના જ્ઞાનગુણની એકદેશ સ્વભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૬૫ :- તાવ શું છે?**

ઉત્તર :- આહારવર્ગણાની સ્પર્શગુણની ઉષ્ણરૂપ વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૬૬ :- વજન શું છે?**

ઉત્તર :- આહાવર્ગણાની સ્પર્શગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૬૭ :- શુભાશુભભાવ શું છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના ચારિત્રગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૬૮ :- દેશચારિત્ર શું છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના ચારિત્રગુણની એકદેશ સ્વભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૬૯ :- અનંતાનુબંધીકષાયના અબાવરૂપ સ્વરૂપાચરણચારિત્ર શું છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના ચારિત્રગુણની એકદેશ સ્વભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૭૦ :- રોટલી શું છે?**

ઉત્તર :- આહારવર્ગણાના પ્રદેશત્વગુણની વિભાવવ્યંજનપર્યાય છે.

**પ્રશ્ન-૭૧ :- વેલણ શું છે?**

ઉત્તર :- આહારવર્ગણાના પ્રદેશત્વગુણની વિભાવવ્યંજનપર્યાય છે.

**પ્રશ્ન-૭૨ :- કડવું શું છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્યના રસગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૭૩ :- ઘડો શું છે?**

ઉત્તર :- આહારવર્ગણાના પ્રદેશત્વગુણની વિભાવવ્યંજનપર્યાય છે.

**પ્રશ્ન-૭૪ :- ચશ્મા શું છે?**

ઉત્તર :- આહાવર્ગણાના પ્રદેશત્વગુણની વિભાવવ્યંજનપર્યાય છે.

**પ્રશ્ન-૭૫ :- હું સવારે ઉઠ્યો - આ વાક્યમાં પર્યાયને ક્યારે માની અને ક્યારે ન માની?**

ઉત્તર :- શરીર, આહારવર્ગણાની ક્રિયાવતીશક્તિથી ઉઠ્યો; મારા (આત્માથી) નથી ઉઠ્યો, ત્યારે પર્યાયને માની અને શરીરને ઉઠવારૂપ ક્રિયાવતીશક્તિના કાર્યને આત્માનું કાર્ય માને તો પર્યાયને નથી માની.

**પ્રશ્ન-૭૬ :- શરીરના ઉઠવારૂપ પુદ્‌ગલના કાર્યોને આત્માનું કાર્યને માને તો તેનું ફળ શું છે?**

ઉત્તર :- ચારેય ગતિમાં ફરીને નિગોદ એ ખોટી માન્યતાનું ફળ છે.

**પ્રશ્ન-૭૭ :- શરીરને ઉઠવારૂપ આત્માનું કાર્ય માનવારૂપ નિગોદબુદ્ધિનો અભાવ કેવી રીતે થાય?**

ઉત્તર :- શરીરને ઉઠવારૂપ કાર્યમાં પ્રત્યેક પરમાણુ પોતપોતાની ક્રિયાવતીશક્તિની તે સમયની પર્યાયની યોગ્યતાથી જ ઉઠ્યો છે મારાથી (આત્માથી) નહિ - એમ જાણીને જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજ આત્માનો આશ્રય લે, તો નિગોદબુદ્ધિનો અભાવ થઈને ધર્મની પ્રાપ્તિ થાય છે. ત્યારે અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી 'હું સવારે ઉઠ્યો' એમ કહી શકાય છે પણ એમ છે નહિ.

**પ્રશ્ન-૭૮ :- સવારે ઉઠવું - તે સમયની પર્યાયની**



**યોગ્યતાથી થઈ, તેને જાણવા-માનવાથી ધર્મની પ્રાપ્તિ કેવી રીતે થઈ?**

ઉત્તર :- જેમ સવારે ઉઠવું - તે સમયની પર્યાયની યોગ્યતાથી થયું છે, તેવી રીતે વિશ્વમાં જેટલા પણ કાર્ય છે, તે બધી તે સમયની પર્યાયની યોગ્યતાથી થયા છે, થાય છે અને થતા રહેશે - તેમ માનતા જ ધર્મની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૭૯ :- દર્શનમોહનીયકર્મના ક્ષયથી ક્ષાયિકસમ્યક્‌ત્વ થયું - તેમાં ગુણોના કાર્યને પર્યાય કહે છે, તે ક્યારે માન્યું અને ક્યારે નહિ માન્યું?**

ઉત્તર :- (૧) શ્રદ્ધાગુણમાંથી ક્ષાયિકસમ્યક્‌ત્વ થયું, તો ગુણોના કાર્યને પર્યાય કહે છે, માન્યું. (૨) દર્શનમોહનીયના ક્ષયથી ક્ષાયિકસમ્યક્‌ત્વ થયું, તો 'ગુણોના કાર્યને પર્યાય કહે છે' નથી માન્યું.

**પ્રશ્ન-૮૦ :- ક્ષાયિકસમ્યક્ત્વ થવાથી દર્શનમોહનીયનો ક્ષય થયો - તેમાં ગુણોના કાર્યને પર્યાય કહે છે, તેને ક્યારે માન્યું અને ક્યારે ન માન્યું કહેવાય?**

ઉત્તર :- કાર્મણવર્ગણામાંથી દર્શનમોહનીયનો ક્ષય થયો તો 'ગુણોના કાર્યને પર્યાય કહે છે' માન્યું. (૨) ક્ષાયિકસમ્યક્‌ત્વ થવાથી દર્શનમોહનીયનો ક્ષય થયો તો 'ગુણોના કાર્યને પર્યાય કહે છે' નથી માન્યું.

**પ્રશ્ન-૮૧ :- કેવળજ્ઞાનાવરણીયકર્મના અભાવે કેવળજ્ઞાની પ્રાપ્તિ થઈ - તેમાં ગુણોના કાર્યને પર્યાય કહે છે, ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- (૧) આત્માના જ્ઞાનગુણમાંથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ તો 'ગુણોના કાર્યને પર્યાય કહે છે' માન્યું. (૨) કેવળજ્ઞાનાવરણીયકર્મના અભાવથી કેવળજ્ઞાન થયું તો 'ગુણોના કાર્યને

પર્યાય કહે છે' એમ ન માન્યું.

**પ્રશ્ન-૮૨ :- કેવળજ્ઞાન પ્રાપ્ત થવાથી કેવળજ્ઞાનાવરણીયકર્મનો અભાવ થયો તેમાં 'ગુણોના કાર્યને પર્યાય કહે છે' ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- (૧) કાર્મણવર્ગણામાંથી કેવળજ્ઞાનાવરણીયકર્મનો અભાવ થયો, તો 'ગુણોના કાર્યને પર્યાય કહે છે.' માન્યું. (૨) કેવળજ્ઞાન પ્રાપ્ત થવાથી કેવળજ્ઞાનાવરણીયકર્મનો અભાવ થયો, તો 'ગુણોના કાર્યને પર્યાય કહે છે' - નથી માન્યું.

**પ્રશ્ન-૮૩ :- આંખથી જ્ઞાન થાય છે - પર્યાયને ક્યારે માની અને ક્યારે નથી માની?**

ઉત્તર :- આત્માના જ્ઞાનગુણમાંથી જ્ઞાન આવ્યું - તો પર્યાયને માની અને આંખથી જ્ઞાન થયું - તો પર્યાયને નથી માની.

**પ્રશ્ન-૮૪ :- ગુરુથી જ્ઞાન થાય છે - તેમાં ગુણોના કાર્યને પર્યાય કહે છે, ક્યારે માની અને ક્યારે નથી માની?**

ઉત્તર :- જ્ઞાન, આત્માના ગુણમાંથી આવ્યું, તો પર્યાયને માની અને ગુરુથી જ્ઞાન થયું તો પર્યાયને નથી માની.

**પ્રશ્ન-૮૫ :- કેવળજ્ઞાનને કારણે દિવ્યધ્વનિ થાય છે, તેમાં પર્યાયને ક્યારે માની અને ક્યારે નથી માની?**

ઉત્તર :- ભાષાવર્ગણાથી દિવ્યધ્વનિ થાય છે - તો પર્યાયને માની અને કેવળજ્ઞાનને કારણે દિવ્યધ્વનિ થાય છે - તો પર્યાયને નથી માની.

**પ્રશ્ન-૮૬ :- દિવ્યધ્વનિ થવાથી કેવળજ્ઞાન થાય છે - તેમાં પર્યાયને ક્યારે માની અને ક્યારે નથી માની?**

ઉત્તર :- કેવળજ્ઞાન, આત્માના જ્ઞાનગુણમાંથી થાય છે - તો પર્યાયને માની અને દિવ્યધ્વનિ થવાથી કેવળજ્ઞાન થાય છે - તો



પર્યાયને નથી માની.

**પ્રશ્ન-૮૭ :- ચારિત્રમોહનીય દ્રવ્યકર્મના ક્ષયથી યથાખ્યાતચારિત્ર થાય છે - તેમાં પર્યાયને ક્યારે માની અને ક્યારે નથી માની?**

ઉત્તર :- યથાખ્યાતચારિત્ર, આત્માના ચારિત્રગુણમાંથી આવે છે - તો પર્યાયને માની અને ચારિત્રમોહનીય દ્રવ્યકર્મના ક્ષયથી યથાખ્યાતચારિત્ર થાય છે - તો પર્યાયને નથી માની.

**પ્રશ્ન-૮૮ :- યથાખ્યાતચારિત્ર થવાથી ચારિત્રમોહનીય દ્રવ્યકર્મનો ક્ષય થયો - તેમાં પર્યાયને ક્યારે માની અને ક્યારે નથી માની?**

ઉત્તર :- કાર્મણવર્ગણામાંથી ચારિત્રમોહનીય દ્રવ્યકર્મનો ક્ષય થયો - તો પર્યાયને માની અને યથાખ્યાતચારિત્ર થવાને કારણે ચારિત્રમોહનીય દ્રવ્યકર્મનો ક્ષય થયો - તો પર્યાયને નથી માની.

**પ્રશ્ન-૮૯ :- બાળકોથી સુખ મળે છે - તેમાં પર્યાયને ક્યારે માની અને ક્યારે નથી માની?**

ઉત્તર :- સુખ, આત્માના સુખગુણમાંથી આવે છે, તો પર્યાયને માની અને બાળકોથી સુખ મળે છે - તો પર્યાયને નથી માની.

**પ્રશ્ન-૯૦ :- કેવળી, શ્રુતકેવળીની નજીક હોવાથી ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે - તેમાં પર્યાયને ક્યારે માની અને ક્યારે નથી માની?**

ઉત્તર :- ક્ષાયિકસમ્યક્ત્વ, આત્માના શ્રદ્ધાગુણમાંથી આવે છે - તો પર્યાયને માની અને કેવળી-શ્રુતકેવળીની નજીક હોવાથી ક્ષાયિકસમ્યકત્વ પ્રાપ્ત થાય છે તો પર્યાયને નથી માની.

**પ્રશ્ન-૯૧ :- કુંભારે ઘડો બનાવ્યો - તેમાં પર્યાયને ક્યારે માની અને ક્યારે નથી માની?**

ઉત્તર :- ઘડો માટીથી બન્યો તો પર્યાયને માની; અને કુંભારે

ઘડો બનાવ્યો તો પર્યાયને નથી માની.

**પ્રશ્ન-૯૨ :- ઘડો બનવાથી કુંભારને રાગ થયો - તેમાં પર્યાયને ક્યારે માની અને ક્યારે નથી માની?**

ઉત્તર :- રાગ, ચારિત્રગુણમાંથી આવ્યો - તો પર્યાયને માની અને ઘડો બનવાથી રાગ થયો - તો પર્યાયને નથી માની.

**પ્રશ્ન-૯૩ :- શ્રી કુંદકુંદ ભગવાને સમયસાર બનાવ્યું, તેમાં 'ગુણોના કાર્યને પર્યાય કહે છે' ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- (૧) સમયસારશાસ્ત્ર, આહારવર્ગણાથી બન્યું તો પર્યાયને માની; (૨) શ્રી કુંદકુંદભગવાને સમયસારશાસ્ત્ર બનાવ્યું તો પર્યાયને નથી માની.

**પ્રશ્ન-૯૪ :- સીમંધર ભગવાનથી કુંદકુંદ ભગવાનને વિશેષ જ્ઞાન પ્રાપ્ત થયું, તેમાં પર્યાયને ક્યારે માની અને ક્યારે નથી માની?**

ઉત્તર :- (૧) કુંદકુંદભગવાનને પોતાના જ્ઞાનગુણમાંથી વિશેષ જ્ઞાન પ્રાપ્ત થયું - તો પર્યાયને માની; (૨) સીમંધરભગવાનથી કુંદકુંદ ભગવાનને વિશેષ જ્ઞાન પ્રાપ્ત થયું - તો પર્યાયને નથી માની.

**પ્રશ્ન-૯૫ :- હું રૂપિયા કમાણો, તેમાં 'ગુણના કાર્યને પર્યાય કહે છે' ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- (૧) કબાટમાં રૂપિયા આહારવર્ગણાની ક્રિયાવતીશક્તિથી આવ્યા - તો પર્યાયને માની; (૨) મારા કમાવાથી આવ્યા - તો પર્યાયને નથી માની.

**પ્રશ્ન-૯૬ :- મેં મકાન બનાવ્યું, તેમાં ગુણના કાર્યને પર્યાય કહે છે, ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- (૧) આહારવર્ગણાથી મકાન બન્યું - તો પર્યાયને માની. (૨) મેં મકાન બનાવ્યું - તો પર્યાયને નથી માની.



**પ્રશ્ન-૯૭ :- હું જોર-શોરથી બોલું છું, તેમાં 'ગુણોના કાર્યને પર્યાય કહે છે' ક્યારે માન્યું અને ક્યારે નથી માન્યું?**

ઉત્તર :- ભાષાવર્ગણાથી શબ્દ આવ્યા - તો પર્યાયને માની અને મારાથી શબ્દો આવ્યા - તો પર્યાયને નથી માની.

**પ્રશ્ન-૯૮ :- ઉપરના વાક્યોમાં ત્રિકાળી ઉપાદાનથી કાર્ય થયું; પરથી નહિ - એમ જાણવાથી શો લાભ થયો?**

ઉત્તર :- અજ્ઞાની જીવ અનાદિથી એક-એક સમય કરીને પરથી તથા નિમિત્તથી કાર્ય થયું - એવી માન્યતાથી નિમિત્ત મેળવવામાં પાગલ બને છે. જ્યારે તેને ખબર પડી કે ત્રિકાળીમાંથી કાર્ય થાય છે; પરથી નથી થતું તો પરમાંથી કર્તા-ભોક્તાબુદ્ધિનો અભાવ થઈને ધર્મની પ્રાપ્તિ થઈ જાય છે.

**પ્રશ્ન-૯૯ :- ઉપર મુજબનું પર્યાયનું સાચું જ્ઞાન કોને થાય છે અને કોને નથી થતું?**

ઉત્તર :- પર્યાયનું સાચું જ્ઞાન, ચોથા ગુણસ્થાનથી લઈને સિદ્ધદશા સુધીના જીવોને થાય છે; મિથ્યાદૃષ્ટિઓને પર્યાયનું સાચું જ્ઞાન નથી થતું.

**પ્રશ્ન-૧૦૦ :- દ્રવ્યલિંગી મુનિએ અગ્યાર અંગ અને નવપૂર્વનું જ્ઞાન કર્યું - તો શું તેને પર્યાયનું સાચું જ્ઞાન નથી થયું?**

ઉત્તર :- દ્રવ્યલિંગીનું અગ્યાર અંગ નવપૂર્વનું જે જ્ઞાન છે, તે મિથ્યજ્ઞાન છે, તે જ્ઞાન નથી; માટે દ્રવ્યલિંગી મુનિને પર્યાયનું સાચું જ્ઞાન નથી, કેમકે સમ્યગ્દર્શન થયા વિના પર્યાયનું સાચું જ્ઞાન ન હોઈ શકે.

**પ્રશ્ન-૧૦૧ :- પોતાનું જ્ઞાન થયા વિના શાસ્ત્રનું જ્ઞાન, મિથ્યાજ્ઞાન છે, કાર્યકારી નથી - એવું ક્યાંય યોગસારમાં આવ્યું છે?**

ઉત્તર :- શ્રી યોગસાર, ગાથા-૫૩માં આવ્યું છે કે 'શાસ્ત્ર પાઠી ભી મૂર્ખ હે જો નિજતત્તવ અજાન. યહી કારણ જગ જીવ યે, પાવે નહિ નિર્વાણ.' એ જ વાત સમયસાર, ગાથા-૨૭૪ તથા ૩૧૭માં કહી છે.

**પ્રશ્ન-૧૦૨ :- પર્યાયની બીજી વ્યાખ્યા શું છે?**

ઉત્તર :- પરિ = બધા પ્રકારથી. આય = લાભ, એટલે કે પોતામાં જ દરેક પ્રકારનો લાભ માનવો તેને પર્યાય કહે છે.

**પ્રશ્ન-૧૦૩ :- પરિણમન કોને કહે છે?**

ઉત્તર :- પરિ = સર્વ પ્રકારથી. ણમન = જુકી જવું એટલે કે સમસ્ત પ્રકારે પોતામાં જુકવું તેને પરિણમન કહે છે.

**પ્રશ્ન-૧૦૪ :- અવસ્થા કોને કહે છે?**

ઉત્તર :- અવ = નિશ્ચય. સ્થા = સ્થિતિ કરવી, એટલે કે પોતામાં જ નિશ્ચયથી સ્થિતિ કરવી, રોકાવું તેને અવસ્થા કહે છે.

**પ્રશ્ન-૧૦૫ :- અખંડ દ્રવ્યમાં અંશ કલ્પના કરે તેને શું કહે છે?**

ઉત્તર :- પર્યાય કહે છે.

**પ્રશ્ન-૧૦૬ :- પર્યાયના પર્યાયવાચી શબ્દો ક્યા-ક્યા છે?**

ઉત્તર :- અંશ, ભાગ, પ્રકાર, ભેદ, છેદ, ઉત્પાદ-વ્યય, ક્રમવર્તી; વ્યતિરેકી, અનિત્ય, વિશેષ, અનવસ્થિત વગેરે પર્યાયના નામાંતર છે.

**પ્રશ્ન-૧૦૭ :- 'વ્યતિરેકી' કોને કહે છે?**

ઉત્તર :- ભિન્ન-ભિન્નને વ્યતિરેકી કહે છે.

**પ્રશ્ન-૧૦૮ :- વ્યતિરેક કેટલા પ્રકારના છે?**

ઉત્તર :- ચાર પ્રકારના છે. (૧) દેશ વ્યતિરેક, (૨) ક્ષેત્ર વ્યતિરેક, (૩) કાળ વ્યતિરેક, (૪) ભાવ વ્યતિરેક.



**પ્રશ્ન-૧૦૯ :- દેશ વ્યતિરેક કોને કહે છે?**

ઉત્તર :- ગુણ-પર્યાયના પિંડના ભેદને 'દેશ વ્યતિરેક' કહે છે.

**પ્રશ્ન-૧૧૦ :- ક્ષેત્ર વ્યતિરેક કોને કહે છે?**

ઉત્તર :- એક-એક પ્રદેશ/ ક્ષેત્રના ભિન્નપણાના ભેદને 'ક્ષેત્ર વ્યતિરેક' કહે છે.

**પ્રશ્ન-૧૧૧ :- કાળ વ્યતિરેક કોને કહે છે?**

ઉત્તર :- પર્યાયના ભિન્નત્વના ભેદને 'કાળ વ્યતિરેક' કહે છે.

**પ્રશ્ન-૧૧૨ :- ભાવ વ્યતિરેક કોને કહે છે?**

ઉત્તર :- ગુણના ભિન્નત્વના ભેદને 'ભાવ વ્યતિરેક' કહે છે.

**પ્રશ્ન-૧૧૩ :- ક્રમવર્તી કોને કહે છે?**

ઉત્તર :- એક, પછી બીજી, પછી ત્રીજી, પછી ચોથી, પછી પાંચમી આ પ્રકારે પ્રવાહક્રમથી જે વર્તન કરે, તેને ક્રમવર્તી કહે છે.

**પ્રશ્ન-૧૧૪ :- પર્યાયને ઉત્પાદ-વ્યય કેમ કહે છે?**

ઉત્તર :- પર્યાય સદા ઉત્પન્ન થાય છે અને વિનષ્ટ થાય છે; માટે પર્યાયને ઉત્પાદ-વ્યય કહે છે. કોઈપણ પર્યાય, ગુણની જેમ સદાય નથી રહેતી.

**પ્રશ્ન-૧૧૫ :- ઉત્પાદ કોને કહે છે?**

ઉત્તર :- દ્રવ્યમાં નવી પર્યાયની ઉત્પત્તિને ઉત્પાદ કહે છે.

**પ્રશ્ન-૧૧૬ :- વ્યય કોને કહે છે?**

ઉત્તર :- પૂર્વ પર્યાયના નાશને વ્યય કહે છે.

**પ્રશ્ન-૧૧૭ :- ધ્રૌવ્ય કોન કહે છે?**

ઉત્તર :- ઉત્પાદ અને વ્યયમાં દ્રવ્યની સદૃશ્યતારૂપ સ્થાયી રહેવાને ધ્રૌવ્ય કહે છે.

**પ્રશ્ન-૧૧૮ :- નિયમસારમાં પર્યાય કોને કહી છે?**

ઉત્તર :- પરિ સમતાન્ત ભેદમેતિ ગચ્છતીતિ પર્યાય, એટલે કે જે સર્વ પ્રકારે ભેદને પામે તે પર્યાય છે. (ગાથા-૧૪)

**પ્રશ્ન-૧૧૯ :- પર્યાય તો અનિત્ય છે, ત્યારે પર્યાય સત્ છે કે અસત્?**

ઉત્તર :- પર્યાય, એક સમય પર્યંત સત્ છે અને દ્રવ્ય-ગુણ, ત્રિકાળ સત્ છે; માટે દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણે સત્ છે.

**પ્રશ્ન-૧૨૦ :- ગુણ, અંશ છે કે અંશી?**

ઉત્તર :- (૧) દ્રવ્યની અપેક્ષાએ ગુણ, તે દ્રવ્યનો અંશ છે; (૨) પર્યાયની અપેક્ષાએ ગુણ, અંશી છે.

**પ્રશ્ન-૧૨૧ :- પર્યાય કોનો અંશ છે?**

ઉત્તર :- (૧) પર્યાય, ગુણનો એક સમય પર્યંતનો અંશ છે. (૨) પર્યાય, દ્રવ્યનો પણ એક સમય પર્યંતનો અંશ છે.

**પ્રશ્ન-૧૨૨ :- અંશ-અંશીને સંક્ષેપમાં સમજાવો?**

ઉત્તર :- (૧) જ્યારે દ્રવ્યને અંશી કહ્યો તો ગુણને અંશ કહ્યો; (૨) જ્યારે ગુણને અંશી કહ્યો તો પર્યાયને અંશ કહ્યો.

**પ્રશ્ન-૧૨૩ :- પાંચ અજીવદ્રવ્ય છે, તે જાણતા નથી તો તે (અજીવ) કોઈના આધાર વિના કેવી રીતે વ્યવસ્થિત રહી શકે છે?**

ઉત્તર :- (૧) પાંચ અજીવદ્રવ્ય, અસ્તિત્વ આદિ સામાન્યગુણ અને પોતપોતાના વિશેષગુણસહિત છે. (૨) પાંચેય અજીવદ્રવ્યોમાં સત્પણાનું લક્ષણ હોવાથી ઉત્પાદવ્યયધ્રુવયુક્ત છે. તેને કોઈ પ્રકારે પરની આવશ્યકતા નથી, કેમકે અનાદિ-નિધન વસ્તુઓ ભિન્ન-ભિન્ન પોતાની મર્યાદામાં સ્વયં પરિણમે છે, કોઈની પરિણમાવી પરિણમતી નથી, કેમકે પોતે કાયમ રહીને બદલવું એ દરેક વસ્તુનો સ્વભાવ છે.



**પ્રશ્ન-૧૨૪ :- પર્યાય કોનાથી થાય છે?**

ઉત્તર :- દ્રવ્ય અને ગુણોથી પર્યાય થાય છે.

**પ્રશ્ન-૧૨૫ :- દ્રવ્ય અને ગુણોથી પર્યાય થાય છે, એ અપેક્ષાએ પર્યાયના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે ભેદ છે, દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય.

**પ્રશ્ન-૧૨૬ :- દ્રવ્યપર્યાય કોને કહે છે?**

ઉત્તર :- અનેક દ્રવ્યોમાં એકપણાનું જ્ઞાન થવું, દ્રવ્યપર્યાય છે.

**પ્રશ્ન-૧૨૭ :- દ્રવ્યપર્યાયના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે ભેદ છે. સમાનજાતીયદ્રવ્યપર્યાય, અસમાનજાતીય દ્રવ્યપર્યાય.

**પ્રશ્ન-૧૨૮ :- સમાનજાતીયદ્રવ્યપર્યાય કોને કહે છે?**

ઉત્તર :- એક જાતિના અનેક દ્રવ્યોમાં એકપણાનું જ્ઞાન સમાનજાતીયદ્રવ્યપર્યાય છે.

**પ્રશ્ન-૧૨૯ :- સમાનજાતીયદ્રવ્યપર્યાયના કેટલાક નામ બતાવો?**

ઉત્તર :- પથારી, ચાદર, રોટલી, હલવો, મેજ, પુસ્તક વગેરે તેમાં અનેક પુદ્ગલોમાં એકપણાનું જ્ઞાન થાય છે, તે સમાનજાતીય દ્રવ્યપર્યાયના ઉદાહરણ છે.

**પ્રશ્ન-૧૩૦ :- સમાનજાતીયદ્રવ્યપર્યાયમાં ચાર વાતો કઈ કઈ આવી?**

ઉત્તર :- (૧) એક જાતિ હોવી જોઈએ. (૨) અનેક દ્રવ્ય હોવા જોઈએ. (૩) અનેક દ્રવ્યોમાં એકપણાનું કથન હોવું જોઈએ. (૪) જેવું-જેવું વસ્તુસ્વરૂપ છે, તેવું-તેવું જ જ્ઞાનમાં આવવું જોઈએ.

**પ્રશ્ન-૧૩૧ :- મારી પથારી બંધ છે - આ વાક્યમાં સમાનજાતીય દ્રવ્યપર્યાયની ચાર વાતો લગાવીને સમજાવો?**

ઉત્તર :- પથારીબંધ - સમાનજાતીયદ્રવ્યપર્યાય છે - પથારી

બંધમાં (૧) પુદ્‌ગલ એક જાતિના દ્રવ્ય છે. (૨) અનેક પરમાણુ છે. (૩) મારી પથારી બંધ છે - એવું કથન કરવામાં આવે છે. (૪) (અ) પથારીબંધમાં આહારવર્ગણાના અનેક પરમાણુ છે. એક -એક પરમાણુમાં બીજા પરમાણુઓનો અત્યંત અભાવ છે. (આ) પથારી બંધ-સ્કંધપર્યાયરૂપમાં દરેક પરમાણુની વર્તમાન પર્યાયનો, બીજા પરમાણુઓની વર્તમાન પર્યાયમાં અન્યાન્યોભાવ છે. (ઇ) બિસ્તરબંધના પ્રત્યેક પરમાણુમાં અનંત-અનંતગુણ છે. દરેક પરમાણુ પોતપોતાની એક-એક વ્યંજનપર્યાય અને અનંત-અનંત અર્થપર્યાયોસહિત બિરાજે છે. (ઈ) જ્યારે પથારીબંધમાં પરમાણુઓની એક પદ્‌ગલ જાતિ હોવા છતાં પણ એકબીજામાં કોઈ કર્તા-ભોક્તા સંબંધ નથી, ત્યારે મારા ચેતન જીવત્વની સાથે તેનો સંબંધ કેવી રીતે હોઈ શકે? કયારે ન હોઈ શકે. એવું શ્રદ્ધાન-જ્ઞાન વર્તે તો ઉપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી મારું પથારી બંધ છે - એવા કથનને સમાનજાતીયદ્રવ્યપર્યાય કહી શકાય છે, પણ તેમ છે નહિ.

**પ્રશ્ન-૧૩૨ :- અસમાનજાતીયદ્રવ્યપર્યાય કોને કહે છે?**

**ઉત્તર :-** અનેક જાતિના અનેક દ્રવ્યોમાં જેનાથી એકપણાનું જ્ઞાન હોય, તે અસમાનજાતીયદ્રવ્યપર્યાય છે; જેમ કે મનુષ્ય, દેવ વગેરે.

**પ્રશ્ન-૧૩૩ :- અસમાનજાતીયદ્રવ્યપર્યાયોના કેટલાક નામ જણાવો?**

**ઉત્તર :-** (૧) અરિહંત ભગવાન (૨) દેવ (૩) મનુષ્ય (૪) તિર્યંચ (૫) નારકી, (૬) કૂતરો (૭) ઉંદર (૮)કીડી (૯) પૃથ્વીકાય (૧૦) જળકાય (૧૧) સ્ત્રી, (૧૨) દીકરો; તેને અસમાનજાતીયદ્રવ્યપર્યાયો કહે છે, કેમકે તેમાં અનેક જાતિના અનેક દ્રવ્યોમાં એકપણાનું જ્ઞાન થાય છે.



આત્મા, દ્રવ્યકર્મ અને શરીરના સંબંધને અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહે છે. ચારેય ગતિના જીવ, અસમાનજાતીયદ્રવ્યપર્યાયમાં આવે છે.

**પ્રશ્ન-૧૩૪ :- અસમાનજાતીયદ્રવ્યપર્યાયમાં ચાર વાતો કઈ-કઈ હોય છે?**

**ઉત્તર :-** (૧) અનેક જાતિ હોવી જોઈએ. (૨) અનેક દ્રવ્યો હોવા જોઈએ (૩) અનેક દ્રવ્યોમાં એકપણાનું કથન હોવું જોઈએ. (૪) જેવું-જેવું વસ્તુસ્વરૂપ છે, તેવું-તેવું જ જ્ઞાનમાં આવવું જોઈએ.

**પ્રશ્ન-૧૩૫ :- હું કૈલાશચંદ્ર છું - આ વાક્યમાં અસમાનજાતીયદ્રવ્યપર્યાયની ચાર વાતો લગાવીને સમજાવો?**

**ઉત્તર :-** કૈલાશચંદ્ર, અસમાનજાતીયદ્રવ્યપર્યાય છે. કૈલાશચંદ્રમાં (૧) જીવ-પુદ્‌ગલ એ અનેક જાતિ થઈ. (૨) જીવ-પુદ્‌ગલ તે અનેક દ્રવ્ય થયા. (૩) જીવ-પુદ્‌ગલ અનેક દ્રવ્યોમાં 'હું કૈલાશચંદ્ર છું' એમ કથન કરવામાં આવે છે. (૪) (અ) હું એક જ્ઞાન-દર્શન ઉપયોગમયી જ્ઞાયક જીવતત્ત્વ છું; સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણશરીર, ભાષા, મનરૂપ અનેક પરમાણું એ અજીવતત્ત્વ છે. (આ) કૈલાશચંદ્ર અજીવતત્ત્વમાં ઔદારિક, તૈજસ, કાર્મણશરીર, ભાષા, મનના દરેક પરમાણુઓ વચ્ચે અત્યંત અભાવ છે અને દરેક પરમાણુની વર્તમાન પર્યાયમાં અન્યોન્યાભાવછે. (ઇ) ઔદારિક વગેરે શરીરોના દરેક પરમાણુમાં અનંત-અનંત ગુણ છે. દરેક પરમાણુ પોતપોતાની એક-એક વ્યંજનપર્યાય અને અનંત-અનંત અર્થપર્યાયો સહિત સંયોગરૂપ રહે છે. (ઈ) જ્યારે ઔદારિક વગેરે શરીરોના પરમાણુઓમાં એક પુદ્‌ગલ જાતિ હોવા છતાં પણ એકબીજામાં કર્તા-ભોક્તા વગેરેનો કોઈ સંબંધ નથી, ત્યારે મારા ચેતન જ્ઞાન-દર્શન ઉપયોગમયી જીવતત્ત્વની સાથે, કૈલાશચંદ્ર અજીવતત્ત્વનો સંબંધ કેમ

કેવી રીતે હોઈ શકે? ક્યારેય ન હોઈ શકે. એમ જાણવા-માનવાથી આસ્રવ-બંધતત્ત્વના અભાવની શરૂઆત થઈ જાય છે અને તરત સંવર-નિર્જરાને પ્રાપ્ત કરે છે; ત્યારે અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી 'હું કૈલાશચંદ્ર છું' - એવા કથનને અસમાનજાતીયદ્રવ્યપર્યાય કહી શકાય છે પણ એમ છે નહિ.

**પ્રશ્ન-૧૩૬ :- સમાનજાતીય-અસમાનજાતીયદ્રવ્યપર્યાયનું સાચું જ્ઞાન કોને હોય છે અને કોને નહિ?**

ઉત્તર :- જ્ઞાનીઓને જ હોય છે; અજ્ઞાનીઓને હોતું નથી.

**પ્રશ્ન-૧૩૭ :- સમાનજાતીયદ્રવ્યપર્યાય અને અસમાનજાતીયદ્રવ્યપર્યાયનું સાચું જ્ઞાન, જ્ઞાનીઓને જ કેમ હોય છે?**

ઉત્તર :- (૧) **સમાનજાતીયદ્રવ્યપર્યાયમાં** જ્ઞાની જાણે છે કે એક-એક પરમાણુ, પોતપોતાની એક વ્યંજનપર્યાય અને અન્ય ગુણોની અર્થપર્યાયોસહિત બિરાજે છે. એક પરમાણુનો બીજા પરમાણુ સાથે સંબંધ નથી પણ લોકવ્યવહારમાં 'બિસ્તરબંધ આદિ' બોલવામાં આવે છે.

(૨) **અસમાનજાતીયદ્રવ્યપર્યાયમાં** જ્ઞાની જાણે છે કે આત્મા એક છે અને ઔદારિક, તૈજસ તથા કાર્મણશરીર વગેરેમાં જેટલા પરમાણુ છે, તે બધા દરેક અલગ-અલગ એક વ્યંજનપર્યાય અને અનંત અર્થપર્યાયોસહિત બિરાજે છે. તે દરેક દ્રવ્યને જુદું-જુદું જાણે છે, તેમજ લોકવ્યવહારમાં 'મનુષ્ય-દેવ' વગેરે બોલવામાં આવે છે; માટે જ્ઞાનીઓને સમાનજાતીય, અસમાનજાતીય દ્રવ્ય-પર્યાયનું જ્ઞાન સાચું હોય છે.

**પ્રશ્ન-૧૩૮ :- અજ્ઞાનીને સમાનજાતીયદ્રવ્યપર્યાય અને અસમાનજાતીયદ્રવ્યપર્યાયનું સાચું જ્ઞાન કેમ નથી હોતું?**



ઉત્તર :- અજ્ઞાની (૧) ભિન્ન-ભિન્ન દ્રવ્યોને એક માને છે. (૨) બંનેના મળવાથી પર્યાય થઈ છે - એમ માને છે. (૩) એક-એક દ્રવ્યનું સાચું જ્ઞાન ન હોવાથી; એટલે કે પોતાનું જ્ઞાન ન હોવાથી દ્રવ્યલિંગી વગેરે બધા મિથ્યાદષ્ટિઓને સમાનજાતીય અને અસમાનજાતીયદ્રવ્યપર્યાયનું સાચું જ્ઞાન નથી હોતું.

**પ્રશ્ન-૧૩૯ :- શાસ્ત્ર અનુસાર દ્રવ્યલિંગી કહે કે એક-એક દ્રવ્ય અલગ-અલગ છે અને દરેક દ્રવ્ય, એક વ્યંજનપર્યાય અને અનંત અર્થપર્યાયોસહિત બિરાજે છે તો તેનું જ્ઞાન સાચું હશે કે નહિ?**

ઉત્તર :- પોતાના આત્માનું જ્ઞાન ન હોવાથી, શાસ્ત્ર અનુસારે કહેવા છતાં પણ મિથ્યાદષ્ટિઓનું બધું જ્ઞાન મિથ્યાજ્ઞાન અને બધા ચારિત્ર મિથ્યાચારિત્ર છે.

**પ્રશ્ન-૧૪૦ :- પોતાનું જ્ઞાન થયા વિના, મિથ્યાદષ્ટિનું બધું જ્ઞાન મિથ્યા છે - એમ ક્યાં આવ્યું છે?**

ઉત્તર :- ભગવાન ઉમાસ્વામીએ તત્ત્વાર્થસૂત્રના પહેલા અધ્યાયના ૩૨માં સૂત્રમાં કહ્યું છે કે 'સદ્ સતોર વિશેષાદ્યદચ્છોપલબ્ધેરુન્મત્તવત્' એટલે કે (૧) સત્ = વિદ્યમાન વસ્તુ. (૨) અસત્ = અવિદ્યમાન વસ્તુ (૩) અવિશેષાત્ = તે બંનેનો સાચો વિવેક ન હોવાથી (યદચ્છ) વિપર્યાય, ઉપલબ્ધે = પોતાની મનમાની ઈચ્છા અનુસાર કલ્પનાઓ કરવાથી તે જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. (૪) 'ઉન્મત્ત્વત્' દારૂ પીધેલાની જેમ મિથ્યાદષ્ટિને કારણવિપરીતતા, સ્વરૂપવિપરીતતા અને ભેદાભેદ વિપરીતતા ત્રણે વર્તે છે; માટે મિથ્યાદષ્ટિનું બધું જ્ઞાન જૂઠું છે.

**પ્રશ્ન-૧૪૧ :- મિથ્યાદષ્ટિનું બધું જ્ઞાન જૂઠું છે, તો તેણે સાચા જ્ઞાન માટે શું કરવું જોઈએ?**

**ઉત્તર** :- સાચા ધર્મની એ પરિપાટી છે કે પહેલા જીવ સમ્યક્ત્વ પ્રગટ કરે છે, પછી વ્રતરૂપ શુભભાવ હોય છે અને સમ્યક્ત્વ સ્વ-પરનું શ્રદ્ધાન હોવાથી થાય છે; સ્વ-પરનું શ્રદ્ધાન, દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાથી થાય છે; માટે પહેલા જીવે દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધા કરીને સમ્યગ્દૃષ્ટિ થવું જોઈએ, ત્યારે મિથ્યાદષ્ટિનું બધું જ્ઞાન જે મિથ્યાત્વ અવસ્થામાં જૂઠું હતું; તે સમ્યક્ત્વ થવાથી બધું જ્ઞાન સાચું થઈ જાય છે.

**પ્રશ્ન-૧૪૨ :- પથારી કઈ કઈ અપેક્ષાએ શું-શું છે?**

**ઉત્તર** :- (૧) સમાનજાતીયદ્રવ્યપર્યાય છે. (૨) પહેલા જીવ સાથે સંબંધ હોવાથી અસમાનજાતીયદ્રવ્યપર્યાય છે. (૩) આકારની અપેક્ષાએ વિચારવામાં આવે તો વિભાવવ્યંજનપર્યાય છે. (૪) રંગની અપેક્ષાએ વિચાર કરીએ તો વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૧૪૩ :- પથારી, સમાનજાતીયદ્રવ્યપર્યાય ક્યારે કહેવામાં આવે છે?**

**ઉત્તર** :- 'પથારી'માં આહારવર્ગણાના જેટલા પરમાણુ છે, તે બધા પરમાણુ, એક-એક વ્યંજનપર્યાય અને અનંત અર્થપર્યાયોસહિત બિરાજે છે; તેની સાથે મારો કોઈ પ્રકારનો સંબંધ નથી; હું તો જ્ઞાયક ભગવાન છું - એવું જેને પોતાનું જ્ઞાન છે, તે જીવ 'બિસ્તરા'ને સમાનજાતીયદ્રવ્યપર્યાય કહી શકે છે, કેમકે તેને ભેદવિજ્ઞાન છે.

**પ્રશ્ન-૧૪૪ :- મનુષ્ય શું છે?**

**ઉત્તર** :- અસમાનજાતીયદ્રવ્યપર્યાય છે.

**પ્રશ્ન-૧૪૫ :- મનુષ્ય અસમાનજાતીયદ્રવ્યપર્યાય ક્યારે કહી શકાય છે કોણ કહી શકે છે?**

**ઉત્તર** :- (૧) 'મનુષ્ય' - આત્મા, જ્ઞાયકસ્વભાવી છે. પર્યાયમાં મૂર્ખતા છે અને મૂર્ખતા એક સમયની છે. તે પોતાના જ્ઞાયકસ્વભાવી



આત્માનો આશ્રય લે તો મૂર્ખતા તે જ સમયે દૂર થઈ જાય છે. (૨) ઔદારિકશરીર, તૈજસશરીર, કાર્મણશરીર, ભાષા અને મનમાં એક-એક પરમાણુ, પોતાની એક-એક વ્યંજનપર્યાય અને અનંત અર્થપર્યાયોસહિત બિરાજે છે. આત્માને આ બધાથી નિશ્ચય-વ્યવહારથી કોઈ સંબંધ નથી. (૩) જે એમ જાણે છે અને પોતાના આત્માનો અનુભવ હોય તો તેનું કથન 'મનુષ્ય' અસમાનજાતીયદ્રવ્યપર્યાય છે - કહેવાશે.

**પ્રશ્ન-૧૪૬ :- શ્રી ભાવપાહુડ, ગાથા-૧૧૪ના ભાવાર્થમાં અસમાનજાતીયદ્રવ્યપર્યાયના વિષયમાં શું કહ્યું છે?**

**ઉત્તર** :- સ્ત્રી આદિ પદાર્થ ઉપરથી ભેદજ્ઞાનીનો વિચાર-તેનું ઉદાહરણ આ પ્રકારે છે કે જ્યારે સ્ત્રી આદિ ઇન્દ્રિયગોચર હોય (દેખાતી હોય), ત્યારે તેના વિષયમાં તત્ત્વ વિચાર કરવો કે આ સ્ત્રી છે, તે શું છે? જીવ નામના તત્ત્વની (અસમાનજાતીય) એક પર્યાય છે. તેનું શરીર છે તે તો પુદ્ગલતત્ત્વની પર્યાય છે. તે હાવભાવ ચેષ્ટા કરે છે તે એ જીવનો વિકાર થયો, તે આસ્રવતત્ત્વ છે અને બાહ્ય ચેષ્ટા પુદ્ગલની છે. એ વિકારથી તે સ્ત્રીના આત્માને કર્મનું બંધ થાય છે. તે વિકાર તેને ન હોય તો 'આસ્રવબંધ' તેને નથી થતો. કદાચિત્ હું પણ તેને જોઈને વિકારરૂપ પરિણમન કરું તો મને પણ 'આસ્રવબંધ' થાય; માટે મારે વિકારરૂપ ન થવું તે 'સંવરતત્ત્વ' છે. થઈ શકે તો કોઈ ઉપદેશ દઈને તેનો વિકાર દૂર કરું (એવો વિકલ્પ રાગ છે) તે રાગ પણ કરવા યોગ્ય નથી - સ્વસન્મુખ જ્ઞાતાપણામાં ધૈર્ય રાખવું યોગ્ય છે. આ પ્રકારે તત્ત્વની ભાવનાથી પોતાના ભાવ અશુદ્ધ નથી થતા. માટે જે દૃષ્ટિગોચર પદાર્થ (સમાનજાતીય-અસમાનજાતીય) છે, તેમાં આ પ્રકારની ભાવના કરવી, તે તત્ત્વની ભાવનાનો ઉપદેશ છે.

**પ્રશ્ન-૧૪૭ :- શ્રી પ્રવચનસાર, ગાથા-૯૪માં અસમાનજાતીય દ્રવ્યપર્યાયના વિષયમાં ભગવાન કુંદકુંદસ્વામીએ શું કહ્યું છે?**

ઉત્તર :- જે અજ્ઞાની સંસારી જીવ, મનુષ્ય આદિ અસમાનજાતીયપર્યાયોમાં લવલીન છે, તે પરસમયમાં રાગયુક્ત છે - એમ ભગવાન જિનેન્દ્રદેવે કહ્યું છે.

આ ગાથાની ટીકામાં કહ્યું છે કે — 'હું મનુષ્ય છું; શરીરાદિની બધી ક્રિયાઓ હું કરું છું; સ્ત્રી-પુત્ર ધન આદિ ગ્રહણ-ત્યાગનો હું સ્વામું છું' વગેરે માનવું તે મનુષ્યવ્યવહાર (મનુષ્યરૂપ પ્રવૃત્તિ) છે. જે મનુષ્ય આદિ અસમાનજાતીયદ્રવ્યપર્યાયો-સમાનજાતીયદ્રવ્યપર્યાયોમાં લીન છે; તે એકાંતમિથ્યાદષ્ટિવાળા લોકો, મનુષ્યવ્યવહારનો આશ્રય કરે છે. માટે રાગી-દ્વેષી થાય છે. તેને નપુંસક કહ્યા છે.

**પ્રશ્ન-૧૪૮ :- શ્રી પ્રવચનસાર, ગાથા-૧૫૪માં ભગવાન કુંદકુંદસ્વામીએ અસમાનજાતીય અને સમાનજાતીયદ્રવ્યપર્યાયના વિષયમાં શું કહ્યું છે?**

ઉત્તર :- જે પુરુષ, પહેલા કહેલાં દ્રવ્યના સ્વરૂપઅસ્તિત્વથી સંયુક્ત અને દ્રવ્ય-ગુણ-પર્યાય અથવા ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા ત્રણ પ્રકારે કહેલા દ્રવ્યના નિજ લક્ષણના ભેદસહિત જાણે છે, તે ભેદજ્ઞાની, પોતાથી ભિન્ન અચેતનદ્રવ્યોમાં મોહને પામતો નથી. આ જ ગાથાની ટીકામાં કહ્યું છે કે -

મનુષ્ય-દેવ વગેરે અનેક દ્રવ્યાત્મક અસમાનજાતીયદ્રવ્યપર્યાયોમાં પણ જીવનું સ્વરૂપ-અસ્તિત્વ અને દરેક પરમાણુના સ્વરૂપ-અસ્તિત્વ સર્વથા ભિન્ન-ભિન્ન છે. સૂક્ષ્મ રીતે જોવામાં આવે તો ત્યાં જીવ અને પુદ્ગલનું સ્વરૂપઅસ્તિત્વ એટલે કે પોતપોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય અને ધ્રુવ-ઉત્પાદ-વ્યય સ્પષ્ટરીતે ભિન્ન-ભિન્ન જાણવામાં આવે



છે. સ્વ-પરનું ભેદવિજ્ઞાન કરવા માટે જીવના આ સ્વરૂપ અસ્તિત્વને પદ-પદ ઉપર લક્ષમાં લેવા યોગ્ય છે. તથા તે જણાતા ચેતન દ્રવ્ય-ગુણ પર્યાય અને ચેતન ધ્રુવ-ઉત્પાદ-વ્યય જેનો સ્વભાવ છે - એવો હું - (ભગવાન આત્મા) આ પુદ્ગલથી ભિન્ન રહ્યો અને આ અચેતન દ્રવ્ય-ગુણ-પર્યાય અને અચેતન ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય જેનો સ્વભાવ છે - એવા પુદ્ગલ, મારા ભગવાન આત્માથી ભિન્ન રહ્યા; માટે મને પર પ્રત્યે મોહ નથી. તે સ્વ-પરનો ભેદ છે.

**પ્રશ્ન-૧૪૯ :- આ લીંબુનું ઝાડ છે - આ વાક્યમાં કઈ-કઈ અપેક્ષાએ કઈ-કઈ પર્યાય ઘટિત થઈ શકે છે અને ક્યારે?**

ઉત્તર :- (૧) લીંબુનું ઝાડ - અસમાનજાતીયદ્રવ્યપર્યાય છે, ક્યારે? જ્યારે એમ જાણે કે લીંબુના ઝાડમાં એક જ્ઞાન-દર્શન ઉપયોગમયી જીવતત્ત્વ છે; જીવના સંયોગરૂપ ઔધારિક-તૈજસ-કાર્મણશરીરરૂપ અનંત પુદ્ગલ પરમાણુઓ તે અજીવતત્ત્વ છે. તે પોતાને ભૂલીને આ અનંત પુદ્ગલ પરમાણુઓમાં એકત્વબુદ્ધિથી પાગલ છે - તે આસ્રવ બંધતત્ત્વ છે - એમ જાણનાર જ્ઞાની લીંબીના ઝાડને અસમાનજાતીયદ્રવ્યપર્યાય કહી શકે છે.

(૨) ઝાડથી તૂટેલા લીંબુ - સમાનજાતીયદ્રવ્યપર્યાય છે. ક્યારે? જ્યારે એમ જાણે (અ) લીંબુમાં આહારવર્ગણાના અનેક પરમાણુ છે. એક-એક પરમાણુનો બીજા પરમાણુઓમાં અત્યંતાભાવ છે અને લીંબુના સ્કંધરૂપ પર્યાયમાં દરેક પરમાણુની વર્તમાન પર્યાયનો બીજા પરમાણુઓની વર્તમાન પર્યાયમાં અન્યોન્યભાવ છે. (આ) દરેક પરમાણુમાં અનંત-અનંતગુણ છે. દરેક પરમાણું પોતપોતાની એક-એક વિભાવવ્યંજનપર્યાય અને અનંત વિભાવઅર્થપર્યાયોસહિત બિરાજે છે. (ઇ) જ્યારે પરમાણુઓની એક પુદ્ગલ જાતિ હોવા છતાં પણ, એકબીજામાં કોઈપણ પ્રકારનો કર્તા-ભોક્તા સંબંધ નથી,

ત્યારે મારા ચેતન જીવતત્ત્વની સાથે લીંબુનો સંબંધ કઈ રીતે હોઈ શકે? ક્યારેય ન હોઈ શકે. એવું જ્ઞાન વર્તે તો જ્ઞાનીના કથને લીંબુ ઝાડથી તૂટતા સમાનજાતીયદ્રવ્યપર્યાય છે - એમ કહેવામાં આવે છે.

(૩) ગોળ લીંબુ, આકારની અપેક્ષાએ વિભાવવ્યંજનપર્યાય કહેવાય છે. ક્યારે? જ્યારે એમ જાણે - ગોળ લીંબુમાં જેટલા પરમાણુ છે, તેટલા એક-એક પ્રદેશી વિભાવવ્યંજનરૂપ અનંત રૂપી આકાર છે. અનંત રૂપી આકારોથી મારે કોઈપણ અપેક્ષાએ, કોઈપણ પ્રકારે કર્તા-ભોક્તાનો સંબંધ નથી - એમ જાણી નિજ ચૈતન્ય અરૂપી અસંખ્યાતપ્રદેશી, એક આકારરૂપ સ્વભાવનો આશ્રય લઈને ધર્મ પ્રાપ્ત કરે, ત્યારે ગોળ લીંબુને વિભાવવ્યંજનપર્યાય કહી શકાય છે.

(૪) ખાટા લીંબુ - રસની અપેક્ષાએ વિભાવઅર્થપર્યાય છે. ક્યારે? જ્યારે એમ જાણે કે લીંબુમાં જેટલા પરમાણુ છે. તેટલા જ ખાટારૂપ રસ વિભાવઅર્થપર્યાયો છે. લીંબુના ખાટારસની પર્યાયોથી મારે કોઈ સંબંધ નથી - એમ જાણતા નિજ અરસસ્વભાવી જ્ઞાયક જીવતત્ત્વનો આશ્રય લઈને ધર્મને પ્રાપ્ત કરે ત્યારે ખાટા લીંબુને તે વિભાવઅર્થપર્યાય છે એમ કહેવામાં આવે છે.

**પ્રશ્ન-૧૫૦ :- 'ઔપશામિકસમ્યક્ત્વ' શું છે? તેનો કર્તા કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- (૧) ઔપશમિકસમ્યક્ત્વ, જીવદ્રવ્યના શ્રદ્ધાગુણની સ્વભાવઅર્થપર્યાય છે. (૨) તેનો કર્તા, જીવનો શ્રદ્ધાગુણ છે. (૩) દર્શનમોહનીયનો ઉપશમ, તેનો કર્તા નથી.

**પ્રશ્ન-૧૫૧ :- 'સમ્યગ્જ્ઞાન' શું છે? તેનો કર્તા કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- (૧) સમ્યગ્જ્ઞાન, જીવદ્રવ્યના જ્ઞાનગુણની



સ્વભાવઅર્થપર્યાય છે. (૨) તેનો કર્તા, આત્માનો જ્ઞાનગુણ છે. (૩) જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ તથા દેવ-શાસ્ત્ર-ગુરુ, તેના કર્તા નથી.

**પ્રશ્ન-૧૫૨ :- (૧) સમ્યક્ચારિત્ર, (૨) તૈજસશરીર, (૩) સિદ્ધદશા, (૪) કંપન શું છે? (૫) વીર્યની પૂર્ણતા, (૬) યથાખ્યાતચારિત્ર, (૭) પાંચ ઈન્દ્રિયના ભોગનો ભાવ, (૮) ફુલમાં સુગંધ, (૯) તાવ, (૧૦) ઉધરસનો અવાજ, (૧૧) આઠેય કર્મનો ઉદય શું છે? તેના કર્તા કોણ છે અને કોણ નથી? (૧૨) મોહનીયકર્મનો ઉપશમ શું છે? (૧૩) મતિજ્ઞાન શું છે?**

ઉત્તર :- ઉપરના બધા પ્રશ્નનો ઉત્તર પૂર્વ પ્રશ્ન અનુસાર સમજવો.

**પ્રશ્ન-૧૫૩ :- દ્રવ્યસંગ્રમાં પુદ્ગલની પર્યાય કોને કહી છે?**

ઉત્તર :- શ્રી દ્રવ્યસંગ્રહ, ગાથા ૧૬માં (૧) શબ્દ, (૨) બંધ, (૩) સૂક્ષ્મ, (૪) સ્થૂળ, (૫) સંસ્થાન (આકાર), (૬) ભેદ (ખંડ), (૭) તમ (અંધકાર), (૮) છાયા, (૯) ઉદ્યોત, (૧૦) આતાપ વગેરેને પુદ્ગલની પર્યાયો કહી છે અને તે બધી સમાનજાતીયદ્રવ્યપર્યાયો છે અને જેમાં જીવનો એકક્ષેત્રાવગાહીસંબંધ છે, તે અસમાનજાતીયદ્રવ્યપર્યાયો છે.

**પ્રશ્ન-૧૫૪ :- જ્ઞાનગુણની પર્યાયો કેટલી અને કઈ-કઈ છે?**

ઉત્તર :- જ્ઞાનગુણની આઠ પર્યાયો છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન-આ પાંચ સમ્યક્પર્યાયો છે. કુમતિ, કુશ્રુત, કુઅવધિ એ ત્રણ મિથ્યાપર્યાય છે.

**પ્રશ્ન-૧૫૫ :- આ જ્ઞાનગુણની આઠ પર્યાયોને જાણવાથી જ્ઞાની-અજ્ઞાનીને શું-શું લાભ કે નુકસાન છે?**

ઉત્તર :- (૧) જેમાં ત્રિકાળ જ્ઞાનગુણ છે, એવા અભેદ આત્માનો

આશ્રય લઈને મિથ્યાપર્યાયોનો અભાવ કરીને, સમ્યક્પર્યાયોને ઉત્પન્ન કરવી, તે પહેલો તેને જાણવાનો લાભ પાત્ર જીવોને થાય છે. (૨) જ્ઞાની પોતાના અભેદ જ્ઞાનસ્વરૂનો આશ્રય વધારીને, કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. (૩) મિથ્યાદષ્ટિ, જ્ઞાનની આઠ પર્યાયોને જાણીને, શાસ્ત્રાભિનિવેશ કરે છે, જે અનંત સંસારનું કારણ છે.

**પ્રશ્ન-૧૫૬ :- દર્શનગુણની પર્યાયો કેટલી છે અને કઈ-કઈ છે?**

ઉત્તર :- ચાર છે - ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન.

**પ્રશ્ન-૧૫૭ :- દર્શનગુણની આ પર્યાયોને જાણીને પાત્ર જીવ શું કરે છે; જ્ઞાની શું કરે છે અને અજ્ઞાની શું કરે છે?**

ઉત્તર :- પાત્ર જીવ આ ચાર પર્યાયોથી લક્ષ હટાવીને પોતાના દર્શનરૂપ અભેદસ્વભાવની દૃષ્ટિ કરીને સાચું ક્ષયોપશમ પ્રાપ્ત કરે છે. (૧) જ્ઞાની, નિજ અભેદ દર્શનસ્વભાવનો પૂર્ણ આશ્રય લઈને, પર્યાયમાં કેવળદર્શન પ્રાપ્ત કરે છે. (૨) અજ્ઞાની આ ચાર પર્યાયોને જાણીને શાસ્ત્રાભિનિવેશમાં પાગલ બન્યો રહે છે.

**પ્રશ્ન-૧૫૮ :- ચારિત્રગુણનું પરિણમન કેટલા પ્રકારે છે?**

ઉત્તર :- શુદ્ધ અને અશુદ્ધ બે પ્રકારે છે; તથા અશુદ્ધના શુભ અન અશુભ બે પ્રકાર છે.

**પ્રશ્ન-૧૫૯ :- ચારિત્રગુણના પરિણમનને જાણવાથી શું લાભ છે?**

ઉત્તર :- પર્યાયમાં અશુદ્ધપરિણમન છે; સ્વભાવમાં શુદ્ધ અને અશુદ્ધનો ભેદ નથી - એમ જાણીને, અભેદસ્વભાવનો આશ્રય લઈને અશુદ્ધપરિણમનનો અભાવ અને શુદ્ધપરિણમનની પ્રાપ્તિ તેને



જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૧૬૦ :- સ્પર્શ શું છે?**

ઉત્તર :- પુદ્ગલદ્રવ્યનો વિશેષગુણ છે.

**પ્રશ્ન-૧૬૧ :- સ્પર્શગુણની કેટલી પર્યાયો છે?**

ઉત્તર :- હલકી-ભારે, ઠંડી-ગરમ, સુકી-ચીકણી, કઠણ-નરમ - એ આઠ પર્યાયો છે.

**પ્રશ્ન-૧૬૨ :- સ્પર્શગુણની આઠ પર્યાયોને જાણવાથી શો લાભ થાય છે?**

ઉત્તર :- આ આઠેય પર્યાયો પુદ્ગલના સ્પર્શગુણની છે. અનાદિથી અજ્ઞાની પોતાને હલકો-ભારે; મને ગર્મી-સર્દીનો તાવ વગેરે મિથ્યામાન્યતાથી પાગલ થઈ રહ્યો હતો. ત્યારે સદ્ગુરુએ કહ્યું તું તો અસ્પર્શસ્વભાવી ભગવાન આત્મા છો; હલકો-ભારે વગેરે પુદ્ગલના સ્પર્શગુણની પર્યાય છે - એમ જાણીને, અસ્પર્શસ્વભાવી ભગવાન આત્માનો આશ્રય લે, તો સ્પર્શની આઠ પર્યાયો સાથે સંબંધ નથી, તે અનુભવ થવો તે આઠ પર્યાયોને જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૧૬૩ :- રસ શું છે?**

ઉત્તર :- પુદ્ગલદ્રવ્યનો વિશેષગુણ છે.

**પ્રશ્ન-૧૬૪ :- રસગુણની કેટલી પર્યાય છે?**

ઉત્તર :- પાંચ છે - ખાટી, મીઠી, કડવી, તુરી અને તીખી

**પ્રશ્ન-૧૬૫ :- રસગુણની પાંચ પર્યાયને જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- અજ્ઞાની જીવ અનાદિથી ખાટા-મીઠાને પોતાનો સ્વાદ માની રહ્યો હતો. સદ્ગુરુએ કહ્યું - તું તો અરસસ્વભાવી ભગવાન આત્મા છો અને ખાટો-મીઠો વગેરે પુદ્ગલના રસગુણની પર્યાયો

છે, તારે તેનાથી સર્વથા સંબંધ નથી. એમ જાણીને અરસસ્વભાવી ભગવાન આત્મા તરફ દૃષ્ટિ કરે તો રસની પાંચ પર્યાયોને જાણી કહેવાશે.

**પ્રશ્ન-૧૬૬ :- ગંધ શું છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્યનો વિશેષગુણ છે.

**પ્રશ્ન-૧૬૭ :- ગંધગુણની કેટલી પર્યાયો છે?**

ઉત્તર :- બે છે - સુગંધ અને દુર્ગંધ.

**પ્રશ્ન-૧૬૮ :- ગંધગુણની બે પર્યાયોને જાણવાથી શું લાભ છે?**

ઉત્તર :- હું અગંધસ્વભાવી ભગવાન આત્મા છું, સુગંધ-દુર્ગંધ, પુદ્‌ગલના ગંધગુણની પર્યાય છે. એમ જાણીને અગંધસ્વભાવી ભગવાન આત્માનો આશ્રય લે તો ધર્મની શરૂઆત થઈને પછી ક્રમથી વૃદ્ધિ થઈને નિર્વાણનો પાત્ર બને છે.

**પ્રશ્ન-૧૬૯ :- વર્ણ શું છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્યનો વિશેષગુણ છે.

**પ્રશ્ન-૧૭૦ :- વર્ણગુણની કેટલી પર્યાય છે?**

ઉત્તર :- પાંચ છે - કાળી, પીળી, લીલી, લાલ, સફેદ.

**પ્રશ્ન-૧૭૧ :- વર્ણગુણની પાંચ પર્યાયોને જાણવાથી શા લાભ છે?**

ઉત્તર :- હું અવર્ણસ્વભાવી ભગવાન આત્મા છું. કાળો-પીળો વગેરે પુદ્‌ગલના વર્ણગુણની પર્યાયો છે; તેની સાથે મારે કાંઈ સંબંધ નથી. એમ જાણીને પોતાના અવર્ણસ્વભાવનો આશ્રય લે તો વર્ણગુણની પર્યાયોથી ભેદજ્ઞાન થયું એમ કહેવામાં આવશે, ત્યારે જ મુક્તિનો માર્ગ શરૂ થાશે.

**પ્રશ્ન-૧૭૨ :- શબ્દ શું છે?**



ઉત્તર :- ભાષાવર્ગણાનું કાર્ય છે અને સમાનજાતીયદ્રવ્યપર્યાય છે; જીવના સંયોગની અપેક્ષાએ વિચારવામાં આવે તો અસમાનજાતીયદ્રવ્યપર્યાય છે.

**પ્રશ્ન-૧૭૩ :- શબ્દ કેટલા પ્રકારના છે?**

ઉત્તર :- સાત પ્રકારના છે. ષડજ, ઋષભ, ગંધાર, મધ્યમ, પંચમ, થૈવત અને નિષાદ.

**પ્રશ્ન-૧૭૪ :- સાત પ્રકારના શબ્દને જાણવાનો શો લાભ છે?**

ઉત્તર :- સાત પ્રકારના શબ્દોથી મારે કોઈ સંબંધ નથી. હું અશબ્દસ્વભાવી ભગવાન આત્મા છું. એમ જાણીને, પોતાનો આશ્રય લે તો શાંતિ પ્રાપ્ત થાય અને કર્ણ ઇન્દ્રિયના વિષયોની એકત્વબુદ્ધિનો અભાવ થાય.

**પ્રશ્ન-૧૭૫ :- સમયસારની ૪૯મી ગાથામાં જીવનું સ્વરૂપ કેવું બતાવ્યું છે?**

ઉત્તર :-

**'જીવ ચેતના ગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ-વ્યક્તિ વિહીન હૈ,**
**નિર્દિષ્ટ નહીં સંસ્થાન ઉસકા, ગ્રહણ હૈ નહિ લિંગ સે.'**

એટલે કે હે ભવ્ય! તુ જીવને રસરહિત, રૂપરહિત, ગંધરહિત, ઇન્દ્રિયગોચર નથી, શબ્દરહિત છે - એમ જાણ. તે ચેતનાગુણ દ્વારા દૃષ્ટિમાં આવે છે, કોઈ પર ચિહ્નોથી, કોઈ આકારથી દૃષ્ટિમાં નથી આવી શકતું.

**પ્રશ્ન-૧૭૬ :- ગાથા-૪૯માં જીવને સ્પર્શાદિથી રહિત કેમ કહ્યો છે?**

ઉત્તર :- સ્પર્શ-રસાદિની ૨૭ પર્યાયોમાં જીવ ગાંડો છે, તેનાથી દૃષ્ટિ હટાવીને પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ આપે; માટે કહ્યું છે.

**પ્રશ્ન-૧૭૭ :- ગાથા-૪૯ની ટીકામાં સ્પર્શ-રસ વગેરેના કેટલા-કેટલા બોલ આપ્યા છે અને તેમાં શું-શું સમજાવ્યું છે?**

**ઉત્તર :-** રસ, રૂપ, ગંધ, સ્પર્શ અને શબ્દ - દરેકના છ-છ બોલથી તેનો નિષેધ કરીને, આત્માને અરસ, અરૂપ, અગંધ, અસ્પર્શ, અશબ્દ બતાવ્યો છે, કેમકે અજ્ઞાની, પુદ્‌ગલની આ ૨૭ પર્યાયોમાં ગાંડો છે. તેનું ગાંડપણું મટે અને શાંતિ પ્રાપ્ત કરે તે સમજાવ્યું છે.

**પ્રશ્ન-૧૭૮ :- ગાથા-૪૯ની ટીકામાં છ-છ બોલોથી અલગ કર્યા છે, તેનું એક ઉદાહરણ બતાવો જેથી બધું સમજાય જાય**

**ઉત્તર :-** (૧) પુદ્‌ગલદ્રવ્યથી અલગ કર્યા છે. (૨) પુદ્‌ગલદ્રવ્યના ગુણથી અલગ કર્યા છે. (૩) પુદ્‌ગલદ્રવ્યની પર્યાય, દ્રવ્યેન્દ્રિયના આલંબનથી અલગ કર્યા છે. (૪) ક્ષયોપશમરૂપ જ્ઞાનથી અલગ કરી છે. (૫) અખંડપણે બધાને સર્વથા જાણવાનો સ્વભાવ હોવાથી માત્ર રસને જાણે, તેનાથી અલગ કર્યા છે. (૬) રસસંબંધી જ્ઞાન થવા છતાં પણ, રસરૂપ નથી થતો. તે પ્રકારે આત્માને તે બધાથી જુદો બતાવી ચેતનાગુણ દ્વારા જ અનુભવમાં આવે છે - એમ બતાવ્યું છે. માટે હે આત્મા! તું 'એક ટંકોત્કીર્ણ પરમાર્થસ્વસ્વરૂપનો આશ્રય લે તો શાંતિ પ્રગટે.'

**પ્રશ્ન-૧૭૯ :- ક્રિયાવતીશક્તિ શું છે?**

**ઉત્તર :-** જીવ અને પુદ્‌ગલદ્દ્રવ્યનો વિશેષગુણ છે.

**પ્રશ્ન-૧૮૦ :- ક્રિયાવતીશક્તિનું પરિણન કેટલા પ્રકારનું છે?**

**ઉત્તર :-** બે પ્રકારનું છે - ગમનરૂપ અને સ્થિરરૂપ.

**પ્રશ્ન-૧૮૧ :- ક્રિયાવતીશક્તિને જાણવાથી શો લાભ છે?**

**ઉત્તર :-** (૧) અજ્ઞાની અનાદિથી એમ માને છે કે હું શરીરને ચલાવું છું અને શરીર મને ચલાવે છે. (૨) ગુરુગમ વિના, શાસ્ત્ર વાંચે તો કહે કે ધર્મદ્રવ્ય, જીવ-પુદ્‌ગલને ચલાવે છે અને અધર્મદ્રવ્ય રોકે છે. (૩) સાચા સદ્‌ગુરુનો સમાગમ થયો તો જાણ્યું કે આત્મામાં અને દરેક પરમાણુમાં ક્રિયાવતીશક્તિગુણ છે. તે બંને પોતપોતાની યોગ્યતાથી ચાલે છે અને રોકાય છે; ધર્મ-અધર્મ તો નિમિત્તમાત્ર છે - એમ જાણીને, પોતાના તરફ દૃષ્ટિ કરે તો ક્રિયાવતીશક્તિને જાણી.



**પ્રશ્ન-૧૮૨ :- વૈભાવિકશક્તિ કોને કહે છે?**

**ઉત્તર :-** આ એક વિશેષ ભાવવાળો ગુણ છે. જે ગુણને કારણે પરદ્રવ્યના સંબંધપૂર્વક પોતે પોતાની યોગ્યતાથી અશુદ્ધપર્યાય થાય છે.

**પ્રશ્ન-૧૮૩ :- વૈભાવિકશક્તિ કેટલા દ્રવ્યોમાં છે?**

**ઉત્તર :-** જીવ અને પુદ્‌ગલ બે દ્રવ્યોમાં જ છે.

**પ્રશ્ન-૧૮૪ :- વૈભાવિકશક્તિની શુદ્ધપર્યાય ક્યારે પ્રગટે છે?**

**ઉત્તર :-** સિદ્ધદશામાં આ ગુણની શુદ્ધ-સ્વાભાવિકદશા પ્રગટે છે.

**પ્રશ્ન-૧૮૫ :- દરેક ગુણમાં કેટલી પર્યાયો હોય છે?**

**ઉત્તર :-** ત્રણ કાળના જેટલા સમય છે, તેટલી-તેટલી જ પર્યાય દરેક ગુણમાં હોય છે.

**પ્રશ્ન-૧૮૬ :- એક ગુણમાં એક પર્યાયનો વ્યય, એક પર્યાયનો ઉત્પાદ અને પોતે ધ્રુવ, આ ત્રણેમાં કેટલો સમય લાગે છે?**

**ઉત્તર :-** મિથ્યાત્વનો અભાવ, સમ્યક્ત્વની ઉત્પત્તિ અને શ્રદ્ધાગુણ ધ્રુવ, આ એક સમયમાં જ થાય છે. એવું જ દરેક ગુણમાં અનાદિ-અનંત થાય છે. આ વસ્તુનો સ્વભાવ છે.

**પ્રશ્ન-૧૮૭ :- ઉત્પાદ-વ્યય-ધ્રુવનો એક જ સમય છે**

**કે અલગ-અલગ સમય છે?**

ઉત્તર :- ત્રણે એક જ સમયમાં એક સાથે વર્તે છે.

**પ્રશ્ન-૧૮૮ :- અજ્ઞાન દૂર થઈને, સાચું જ્ઞાન થવામાં કેટલો કાળ લાગે છે?**

ઉત્તર :- એક જ સમય લાગે છે. મિથ્યાજ્ઞાનનો વ્યય, સમ્યગ્જ્ઞાનનો ઉત્પાદ અને જ્ઞાનગુણ, ધ્રુવ છે.

**પ્રશ્ન-૧૮૯ :- અનાદિ-અનંત કોણ છે?**

ઉત્તર :- દરેક દ્રવ્ય અને તેમના ગુણ અનાદિ-અનંત હોય છે.

**પ્રશ્ન-૧૯૦ :- દરેક દ્રવ્ય અને ગુણ અનાદિ-અનંત છે, તેને જાણવાથી શું નુકસાન અને શો લાભ થાય છે?**

ઉત્તર :- (૧) પરદ્રવ્ય અને તેના ગુણ અનાદિ-અનંત છે, તેનો આશ્રય માને તો ચારેય ગતિમાં ફરીને નિગોદને પામે છે. (૨) પોતાનું દ્રવ્ય અને ગુણ અનાદિ-અનંત છે, તેનો આશ્રય લે તો મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન-૧૯૧ :- સાદિ-અનંત કોણ છે?**

ઉત્તર :- ક્ષાયિકપર્યાય સાદિ-અનંત છે.

**પ્રશ્ન-૧૯૨ :- પર્યાય તો કોઈપણ હોય, એક સમયમાત્રની હોય છે, તો પછી તમે ક્ષાયિકપર્યાયને 'સાદિ-અનંત' કેમ કહી?**

ઉત્તર :- તે બદલવા છતાં જેવી છે તેવી જ રહે છે; તેને તે નહિ. 'જેવી છે તેવી' એટલે કે શુદ્ધ-શુદ્ધ રહેવાથી સાદિ-અનંત કહી છે.

**પ્રશ્ન-૧૯૩ :- ક્ષાયિકપર્યાય, સાદિ-અનંત છે, તેને જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- પોતાના દ્રવ્ય-ગુણ અભેદ અનાદિ-અનંત સ્વભાવનો



આશ્રય લઈને ક્ષાયિકપર્યાય પ્રગટ કરવાયોગ્ય છે - એમ જાણીને, ક્ષાયિકપર્યાય પ્રગટ કરે, તે લાભ છે.

**પ્રશ્ન-૧૯૪ :- અનાદિ-સાંત શું છે?**

ઉત્તર :- જે જીવ, અનાદિ-અનંત પોતાના સ્વભાવનો આશ્રય લે છે, તે જીવનો સંસાર જે અનાદિથી છે, તેને સાંત કરી દે છે; માટે સંસારપર્યાયને અનાદિ-સાંત કહે છે.

**પ્રશ્ન-૧૯૫ :- સાદિ-સાંત શું છે?**

ઉત્તર :- મોક્ષમાર્ગ, એટલે કે સાધકદશા છે.

**પ્રશ્ન-૧૯૬ :- મોક્ષમાર્ગ, સાદિ-સાંત છે - તેને જાણવાથી શો લાભ થાય છે?**

ઉત્તર :- (૧) જ્ઞાની જીવ, સાધકદશાનો અભાવ કરીને સાધ્યદશા, જે સાદિ-અનંત છે, તેને પ્રગટ કરે છે. (૨) અજ્ઞાની પાત્ર જીવ, પોતાના સ્વભાવનો આશ્રય લઈને સાદિ-સાંત મોક્ષમાર્ગ પ્રગટ કરે, તે જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૧૯૭ :- સમયસારના કર્તા કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- સમયસારના કર્તા શબ્દોની અપેક્ષાએ ભાષાવર્ગણા અને પુસ્તકની અપેક્ષાએ આહારવર્ગણા છે. શ્રી કુંદકુંદભગવાન, અમૃતચંદ્રાચાર્ય ભગવાન અને બીજી વર્ગણાઓ નથી.

**પ્રશ્ન-૧૯૮ :- રોટલીનો કર્તા કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- રોટલીનો કર્તા આહારવર્ગણા છે. બાઈ, પાટલી, વેલણ કે બીજી કોઈ વર્ગણાઓ નથી.

**પ્રશ્ન-૧૯૯ :- શબ્દનો કર્તા કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- શબ્દનો કર્તા ભાષાવર્ગણા છે; જીવ અને બીજી વર્ગણાઓ નથી.

**પ્રશ્ન-૨૦૦ :- મનના કર્તા કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- મનના કર્તા મનોવર્ગણા છે; જીવ અને બીજી વર્ગણાઓ નથી.

**પ્રશ્ન-૨૦૧ :- કબાટનો કર્તા કોણ છે અને કોણ નથી.**

ઉત્તર :- કબાટનો કર્તા, આહારવર્ગણા છે. સુથાર, સાધનો કે બીજી વર્ગણાઓ નથી.

**પ્રશ્ન-૨૦૨ :- (૧) સમ્યગ્દર્શન, (૨) સમ્યગ્જ્ઞાન, (૩) સમ્યક્ચારિત્ર, (૪) કેવલજ્ઞાન, (૫) કેવળદર્શન, (૬) પલંગ, (૭) મીઠી કેરી (૮) તૈજસશરીર, (૯) કાર્મણશરીર, (૧૦) જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ, (૧૧) દિવ્યધ્વનિ, (૧૨) રસગુલ્લા, (૧૩) દાનનો ભાવ વગેરેના (અ) કર્તા કોણ છે? (આ) કર્તા કોણ નથી? (ઇ) તે શું છે? (ઈ) પર્યાયને ક્યારે માની? (ઉ) અને પર્યાયને ક્યારે નથી માની?**

ઉત્તર :- (અ) સમ્યગ્દર્શનનો કર્તા, આત્માનો શ્રદ્ધાગુણ છે, (આ) અને કોઈ બીજો ગુણ, કર્મ કે વિકાર નથી, (ઇ) તે પર્યાય છે, (ઈ) શ્રદ્ધાગુણમાંથી આવી ત્યારે પર્યાયને માની (ઉ) ક્યાંક બીજેથી આવી - એમ માને તો પર્યાયને નથી માની. તે પ્રમાણે બીજા પ્રશ્નો ઉપર જાતે લગાવો.

**પ્રશ્ન-૨૦૩ :- સમાનજાતીદ્રવ્યપર્યાયોના નામ શાસ્ત્રોમાં ક્યાં આવ્યા અને તેના અમુક નામો જણાવો?**

ઉત્તર :- દ્રવ્યસંગ્રહના અજીવ અધિકારમાં તથા તત્ત્વાર્થસૂત્રમાં આવ્યા છે. શબ્દ, બંધ, સ્થૂળ, સંસ્થાન, તમ, છાયા આતાપ, ઉદ્યોત વગેરે છે.

**પ્રશ્ન-૨૦૪ :- આહારકશરીર; તૈજસશરીર; કાર્મણશરીર; વૈક્રિયકશરીર; ઔદારિકશરીર, (૧) તે શું છે, (૨) તેના કર્તા કોણ છે? (૩) તેના કર્તા કોણ નથી, (૪) પર્યાયને ક્યારે માની, (૫) પર્યાયને ક્યારે નથી માની, વગેરે પ્રશ્નોના ઉત્તર આપો?**



ઉત્તર :- (૧) આહારકશરીર, મુનિની અપેક્ષાએ વિચારીએ તો અસમાનજાતીયદ્રવ્યપર્યાય છે અને શરીરની અપેક્ષાએ વિચારીએ તો સમાનજાતીયદ્રવ્યપર્યાય છે. (૨) તેના કર્તા આહારવર્ગણા છે. (૩) ૠદ્ધિધારી મુનિ અને બીજી વર્ગણાઓ તેના કર્તા નથી. (૪) આહારકશરીરનો કર્તા, આહારવર્ગણા છે, ત્યારે પર્યાયને માની અને (૫) આહારકશરીરના કર્તા મુનિને માને કે બીજી વર્ગણાઓને માને તો પર્યાયને નથી માની. તે પ્રમાણે બાકીના પ્રશ્નોમાં જાતે સમજવું.

**પ્રશ્ન-૨૦૫ :- (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) ચક્ષુદર્શન, (૪) અવગ્રહ, (૫) ધ્વનિ, (૬) છાયા, (૭) મિથ્યાદર્શન, (૮) મિથ્યાજ્ઞાન, (૯) મિથ્યાચારિત્ર, (૧૦) ક્રોધ, (૧૧) લોભ, (૧૨) દયા, (૧૩) દાનનો ભાવ વગેરેના (અ) કર્તા કોણ છે? (આ) કર્તા કોણ નથી? (ઇ) તે શું છે? (ઈ) પર્યાયને ક્યારે માની? (ઉ) અને પર્યાયને ક્યારે નથી માની?**

ઉત્તર :- (અ) મતિજ્ઞાનનો કર્તા આત્માનો જ્ઞાનગુણ છે, (આ) અને બીજો કોઈ ગુણ, કર્મ કે વિકાર નથી, (ઇ) તે પર્યાય છે, (ઈ) જ્ઞાનગુણમાંથી આવી ત્યારે તે પર્યાયને માની, (ઉ) ક્યાંક બીજેથી આવી - એમ માને તો પર્યાયને નથી માની. એ પ્રમાણે બધા પ્રશ્નોના ઉત્તર જાતે આપો.

**પ્રશ્ન-૨૦૬ :- દ્રવ્યની પર્યાય કેટલી મોટી છે?**

ઉત્તર :- જેટલું મોટું દ્રવ્ય તેટલી જ મોટી તેની પર્યાય છે. જેમ કે આત્મા અસંખ્યાત પ્રદેશી છે, તેવી રીતે અસંખ્યાતપ્રદેશી તેના ગુણ અને પર્યાયો છે.

**પ્રશ્ન-૨૦૭ :- દરેક પર્યાયની સ્થિતિ કેટલી છે?**

ઉત્તર :- કોઈપણ પર્યાય હોય, તેની સ્થિતિ એક સમયમાત્ર

જ હોય છે.

**પ્રશ્ન-૨૦૮ :- (૧) સાકરમાં મીઠાપણું, (૨) બરફ, (૩) અંધારું, (૪) અજવાળું, (૫) સમવસરણ, (૬) વાદળોમાં રંગ બદલવા, (૭) મેઘગર્જના, (૮) શાહી, (૯) અરીસાનું પ્રતિબિંબ; તે શું-શું છે?**

ઉત્તર :- (૧) સાકર = પુદ્‌ગલદ્રવ્યના રસગુણની વિભાવઅર્થપર્યાયો છે. (૨) બરફ = પુદ્‌ગલદ્રવ્યના સ્પર્શગુણની શીતળ વિભાવઅર્થપર્યાય છે. (૩) અંધારું = પુદ્‌ગલના વર્ણગુણની વિભાવઅર્થપર્યાય છે. (૪) અજવાળું = પુદ્‌ગલના વર્ણગુણની વિભાવઅર્થપર્યાય છે. (૫) સમવસરણ = પુદ્‌ગલના પ્રદેશ ગુણની વિભાવવ્યંજનપર્યાય છે. (૬) વાદળોના રંગ = પુદ્‌ગલના વર્ણગુણની વિભાવ-અર્થપર્યાય છે. (૭) મેઘગર્જના = ભાષાવર્ગણાની શબ્દરૂપ સમાનજાતીયદ્રવ્યપર્યાય છે.

**પ્રશ્ન-૨૦૯ :- શું દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સત્ છે?**

ઉત્તર :- હાં, ત્રણે સત્ છે; દ્રવ્ય-ગુણ ત્રિકાળ સત્ છે અને પર્યાય એક સમયનું સત્ છે.

**પ્રશ્ન-૨૧૦ :- વર્તમાનમાં અજ્ઞાન દૂર થઈને સાચું જ્ઞાન થવામાં કેટલો સમય લાગે છે?**

ઉત્તર :- એક સમય લાગે છે.

**પ્રશ્ન-૨૧૧ :- દ્રવ્યના ભૂતકાળની પર્યાયોની સંખ્યા વધારે છે કે ભવિષ્યકાળની પર્યાયોની સંખ્યા વધારે છે?**

ઉત્તર :- દ્રવ્યની ભૂતકાળની પર્યાયો અનંત છે અને ભવિષ્યની પર્યાયો તેનાથી પણ અનંતગુણી વધારે છે.

**પ્રશ્ન-૨૧૨ :- જ્ઞાનગુણ અને દર્શનગુણની પર્યાયોના નામ જણાવો?**



ઉત્તર :- (૧) મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળજ્ઞાન, કુમતિ, કુશ્રુત, કુઅવધિ, એ જ્ઞાનગુણની આઠ પર્યાયો છે. (૨) ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવળદર્શન - તે દર્શનગુણની ચાર પર્યાયો છે.

**પ્રશ્ન-૨૧૩ :- ગુણપર્યાય કોને કહે છે?**

ઉત્તર :- ગુણ દ્વારા પર્યાયમાં અનેકપણાની પ્રતિપત્તિ તે ગુણપર્યાય છે.

**પ્રશ્ન-૨૧૪ :- ગુણપર્યાયના કેટલા ભેદ છે?**

ઉત્તર :- બે ભેદ છે - (૧) સ્વભાવપર્યાય અને (૨) વિભાવપર્યાય.

**પ્રશ્ન-૨૧૫ :- સ્વભાવપર્યાય કોને કહે છે?**

ઉત્તર :- ગુણની જે શુદ્ધપર્યાય હોય છે, તેને સ્વભાવપર્યાય કહે છે - જેમ કે કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિકસમ્યક્ત્વ વગેરે.

**પ્રશ્ન-૨૧૬ :- દ્રવ્યપર્યાય કોને કહે છે?**

ઉત્તર :- અનેક દ્રવ્યાત્મક એકતાની પ્રતિપત્તિને કારણભૂત દ્રવ્યપર્યાય છે, એટલે કે અનેક દ્રવ્યમાં જેનાથી એકપણાનું જ્ઞાન થાય તે દ્રવ્યપર્યાય છે.

**પ્રશ્ન-૨૧૭ :- ઉત્પાદ-વ્યય-ધ્રુવ જાણવા માટે, શ્રી પ્રવચનસારની કઈ-કઈ ગાથાનું વિશેષરૂપથી રહસ્ય જાણવું જોઈએ?**

ઉત્તર :- શ્રી પ્રવચનસાર, ગાથા ૯૯, ૧૦૦ તથા ૧૦૧નું રહસ્ય જાણવું જોઈએ.

**પ્રશ્ન-૨૧૮ :- શ્રી પ્રવચનસારની ૯૯મી ગાથાનું શું રહસ્ય છે - ટૂંકમાં જણાવો?**

ઉત્તર :- બધા દ્રવ્યો સત્ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવસહિત પરિણામ દરેક દ્રવ્યનો સ્વભાવ છે. એવા સ્વભાવમાં નિરંતર વર્તતો હોવાથી

દ્રવ્ય પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો છે. એવું ગાથામાં સિદ્ધ કર્યું છે. ટીકામાં પાંચ વાત કરી છે. (૧) દ્રવ્યમાં અભેદરૂપથી અનાદિ-અનંત પ્રવાહની એકતા કહી અને પ્રવાહક્રમના સૂક્ષ્મ અંશ, તે પરિણામ છે, તે કહ્યું છે. (૨) પ્રવાહક્રમમાં પ્રવર્તતા પરિણામના પરસ્પર વ્યતિરેક કહ્યા છે. (૩) સંપૂર્ણરૂપથી દ્રવ્યના ત્રિકાળી પરિણામોને ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સિદ્ધ કર્યા. દૃષ્ટાંતમાં દ્રવ્યના બધા પ્રદેશોને ક્ષેત્ર અપેક્ષાએ, ઉત્પાદ-વ્યય-ધ્રુવ બતાવ્યા. (૪) એક જ પરિણામમાં ઉથ્પાદ-વ્યય-ધ્રુવપણું કહ્યું. દૃષ્ટાંતમાં એક-એક પ્રદેશમાં ક્ષેત્ર અપેક્ષાએ પ્રવાહમાં દ્રવ્ય સદા વર્તે છે, તે વસ્તુનો સ્વભાવ છે - તે સિદ્ધ કર્યું છે.

**પ્રશ્ન-૨૧૯ :- શ્રી પ્રવચનસારની ૧૦૦મી ગાથામાં શું જણાવ્યું છે?**

ઉત્તર :- ઉત્પાદ-વ્યય-ધ્રુવ એકબીજા વિના હોતા નથી, પણ એક જ સાથે ત્રણે હોય છે; જેમ કે આત્મામાં સમ્યક્ત્વનો ઉત્પાદ; મિથ્યાત્વના વ્યય વિના નથી થતો; મિથ્યાત્વનો નાશ, સમ્યક્ત્વના ઉત્પાદ વિના નથી થતો; અને સમ્યક્ત્વનો ઉત્પાદ તથા મિથ્યાત્વનો વ્યય તે બંને આત્માની ધ્રુવતા વિના નથી થતા. એ પ્રમાણે દરેક વસ્તુમાં અને તેના ગુણમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે એક સાથે જ હોય છે, તેમ જણાવ્યું છે.

**પ્રશ્ન-૨૨૦ :- શ્રી પ્રવચનસાર, ગાથા ૧૦૧માં શું જણાવ્યું?**

ઉત્તર :- (૧) ઉત્પાદ-વ્યય-ધ્રુવ કોના છે? પર્યાયના છે. (૨) પર્યાય શેમાં હોય છે? દ્રવ્યમાં હોય છે; એ પ્રમાણે બધાને એક દ્રવ્યમાં જ બતાવ્યા છે, બહાર નહિ.

**પ્રશ્ન-૨૨૧ :- બાઈએ રોટલી બનાવી - તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવીને તેમાં થતાં લાભ જણાવો?**



ઉત્તર :- રોટલીનો ઉત્પાદ, ગોરણાનો વ્યય, આહાવર્ગણા ધ્રુવ છે - તો બાઈએ રોટલી બનાવી, તે બુદ્ધિ ઊડી ગઈ છે. તે પ્રમાણે વિશ્વમાં દરેક કાર્ય એમ જ થયા છે, થઈ રહ્યા છે અને થતા રહેશે - એવું માનતા જ દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય તો ધર્મની પ્રાપ્તિ થવી, તેને જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૨૨૨ :- કુંભારે ઘડો બનાવ્યો - તેમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ લગાવીને તેનાથી થતા લાભ જણાવો?**

ઉત્તર :- ઘડાનો ઉત્પાદ, પિંડનો વ્યય, આહારવર્ગણાનો સ્કંધ માટી ધ્રુવ છે; કુંભાર, ચાકડો, ખીલ્લી, ડંડાથી દૃષ્ટિ હટી ગઈ છે.

**પ્રશ્ન-૨૨૩ :- કેવળજ્ઞાનાવરણીયના અભાવથી કેવળજ્ઞાન થયું, તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવીને થતાં લાભો જણાવો?**

ઉત્તર :- કેવળજ્ઞાનનો ઉત્પાદ, ભાવશ્રુતજ્ઞાનનો વ્યય, આત્માનો જ્ઞાનગુણ ધ્રુવ છે; કેવળજ્ઞાનાવરણીયના અભાવથી કેવળજ્ઞાન થયું, તે દૃષ્ટિ છૂટી ગઈ.

**પ્રશ્ન-૨૨૪ :- મને આંખથી જ્ઞાન થયું, તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવી અને તેનાથી શા લાભ છે?**

ઉત્તર :- મિથ્યાત્વનો ઉત્પાદ, મિથ્યાત્વરૂપ પહેલી પર્યાયનો વ્યય, આત્માનો શ્રદ્ધાગુણ ધ્રુવ છે. દર્શનમોહનીયના ઉદયથી થયું, તે બુદ્ધિ ઊડી ઘઈ.

**પ્રશ્ન-૨૨૫ :- મને આંખથી જ્ઞાન થયું, તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો અને તેના શા લાભ છે?**

ઉત્તર :- જ્ઞાનપર્યાયનો ઉત્પાદ, પૂર્વની જ્ઞાનપર્યાયનો વ્યય; આત્માનો જ્ઞાનગુણ ધ્રુવ છે; આંખથી જ્ઞાન થયું - તે બુદ્ધિ ઊડી ગઈ.

**પ્રશ્ન-૨૨૬ :- દર્શનમોહનીયના ઉદયથી મિથ્યાત્વ થાય છે, તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો અને શું લાભ થયો?**

ઉત્તર :- મિથ્યાત્વનો ઉત્પાદ; મિથ્યાત્વરૂપ પૂર્વ પર્યાયનો વ્યય; આત્માનો શ્રદ્ધાગુણ ધ્રુવ છે; દર્શનમોહનીયના ઉદયથી મિથ્યાત્વ થયું, તે બુદ્ધિ ઊડી ગઈ.

**પ્રશ્ન-૨૨૭ :- કર્મ, સંસાર-પરિભ્રમણ કરાવે છે, તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો અને શું લાભ થયો?**

ઉત્તર :- સંસાર-પરિભ્રમણનો ઉત્પાદ, પૂર્વની પર્યાયનો વ્યય; આત્મા ધ્રુવ છે; કર્મ સંસાર-પરિભ્રમણ કરાવે છે, તેવી બુદ્ધિ ઊડી ગઈ.

**પ્રશ્ન-૨૨૮ :- ભગવાનની વાણી સાંભળીને સમ્યક્ત્વ થયું, તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો અને શું લાભ થયો?**

ઉત્તર :- સમ્યક્ત્વનો ઉત્પાદ; મિથ્યાત્વનો વ્યય; આત્માનો શ્રદ્ધાગુણ ધ્રુવ છે; ભગવાનની વાણી સાંભળીને સમ્યક્ત્વ થયું, તે બુદ્ધિ ઊડી ગઈ.

**પ્રશ્ન-૨૨૯ :- મેં રોટલી ખાધી, તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો અને શું લાભ થયો?**

ઉત્તર :- રોટલી ખાધી એ ઉત્પાદ; પહેલી પર્યાયનો વ્યય; આહારવર્ગણાના સ્કંધ ધ્રુવ છે; જીવે રોટલી ખાધી - એવી બુદ્ધિ ઊડી ગઈ.

**પ્રશ્ન-૨૩૦ :- ધર્મદ્રવ્યે મને ચલાવ્યો, તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો અને શું લાભ થયો?**

ઉત્તર :- મારા ચાલવાનો ઉત્પાદ; સ્થિરરૂપ પર્યાયનો વ્યય; આત્માની ક્રિયાવતીશક્તિગુણ ધ્રુવ છે; ધર્મદ્રવ્ય તથા શરીરે મને ચલાવ્યું તે બુદ્ધિ ઊડી ગઈ.



**પ્રશ્ન-૨૩૧ :- નિમિત્ત-નૈમિત્તિકની ચર્ચા સાંભળીને સમ્યગ્જ્ઞાન થયું, તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો અને શું લાભ થયો?**

ઉત્તર :- સમ્યગ્જ્ઞાનનો ઉત્પાદ; મિથ્યાજ્ઞાનનો વ્યય; આત્માનો જ્ઞાનગુણ ધ્રુવ છે; સાંભળતા જ્ઞાન થયું, તે બુદ્ધિ ઊડી ગઈ.

**પ્રશ્ન-૨૩૨ :- મેં પાણી ગરમ કર્યું, તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો અને શું લાભ થયો?**

ઉત્તર :- ગરમનો ઉત્પાદ; ઠંડાનો વ્યય; આહારવર્ગણારૂપ પાણી ધ્રુવ છે; જીવ અને આગે પાણી ગરમ કર્યું - એવી બુદ્ધિ ઊડી ગઈ.

**પ્રશ્ન-૨૩૩ :- શ્રી કુંદકુંદભગવાને સમયસારશાસ્ત્ર બનાવ્યું, તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો અને શું લાભ થયો?**

ઉત્તર :- સમયસારશાસ્ત્રનો ઉત્પાદ; પૂર્વ પર્યાયનો વ્યય; આહારવર્ગણારૂપ પત્ર ધ્રુવ છે; શ્રી કુંદકુંદભગવાને બનાવ્યું - તેવી બુદ્ધિ ઊડી ગઈ.

**પ્રશ્ન-૨૩૪ :- મેં પુસ્તક ઉઠાવ્યું, તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો અને શું લાભ થયો?**

ઉત્તર :- પુસ્તક ઉઠાવવાનો ઉત્પાદ; સ્થિરરૂપ પર્યાયનો વ્યય; આહારવર્ગણારૂપ કાગળની ક્રિયાશક્તિગુણ ધ્રુવ છે; જીવે પુસ્તક ઉઠાવ્યું - તેવી બુદ્ધિ ઊડી ગઈ.

**પ્રશ્ન-૨૩૫ :- અધર્મદ્રવ્યે મને રોક્યો, તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો અને શું લાભ થયો?**

ઉત્તર :- મારું રોકાવું તે ઉત્પાદ; ચાલવાની પર્યાયનો વ્યય; જીવની ક્રિયાવતીશક્તિ ધ્રુવ છે; અધર્મદ્રવ્ય અને શરીરે મને રોક્યો - એવી બુદ્ધિ ઊડી ગઈ.

**પ્રશ્ન-૨૩૬ :- સુથારે રથ બનાવ્યો, તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો અને લાભ જણાવો?**

ઉત્તર :- રથ બનવાનો ઉત્પાદ; પૂર્વ પર્યાયનો વ્યય; આહારવર્ગણારૂપ લાકડી ધ્રુવ છે; સુથારે રથ બનાવ્યો, તે બુદ્ધિ ઊડી ગઈ.

**પ્રશ્ન-૨૩૭ :- અંતરાયકર્મના ક્ષયોપશમથી વીર્યમાં ક્ષયોપશમ ઉત્પન્ન થયું, તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો અને લાભ જણાવો?**

ઉત્તર :- ક્ષયોપશમનો ઉત્પાદ; પહેલી પર્યાયનો વ્યય; આત્માનો વીર્યગુણ ધ્રુવ છે; અંતરાયકર્મના ક્ષયોપશમથી દૃષ્ટિ હટી ગઈ.

**પ્રશ્ન-૨૩૮ :- પર્યાયને ક્યારે જાણી?**

ઉત્તર :- પોતાના સ્વભાવનો આશ્રય લીધો, તો પર્યાયને જાણી.

●●



(૧૮)

# ચાર અભાવ : સ્વરૂપ તથા પરિજ્ઞાનથી લાભ

**પ્રશ્ન-૧ :- અભાવ કોને કહે છે?**

ઉત્તર :- એક પદાર્થનું બીજા પદાર્થમાં અસ્તિત્વ ન હોવાને અભાવ કહે છે.

**પ્રશ્ન-૨ :- અભાવ, અભાવરૂપ છે કે સદ્‌ભાવરૂપ છે?**

ઉત્તર :- અભાવ, સદ્‌ભાવરૂપ છે કેમકે તેની સત્તા છે.

**પ્રશ્ન-૩ :- અભાવના કેટલા ભેદ છે?**

ઉત્તર :- ચાર ભેદ છે. (૧) પ્રાગભાવ, (૨) પ્રધ્વંસાભાવ, (૩) અન્યોન્યાભાવ, અને (૪) અત્યંતાભાવ.

**પ્રશ્ન-૪ :- પ્રાગભાવ કોને કહે છે?**

ઉત્તર :- એક દ્રવ્યની વર્તમાન પર્યાયનો, તે જ દ્રવ્યની પૂર્વ પર્યાયમાં અભાવ, તે પ્રાગભાવ છે. (વર્તમાન, ભૂતકાળમાં નહોતું)

**પ્રશ્ન-૫ :- પ્રધ્વંસાભાવ કોને કહે છે?**

ઉત્તર :- એક દ્રવ્યની વર્તમાન પર્યાયનો, તે જ દ્રવ્યની ભવિષ્યની પર્યાયમાં અભાવ તે પ્રધ્વંસભાવ છે. (વર્તમાન, ભવિષ્યકાળમાં નહિ હોય.)

**પ્રાગભાવ-પ્રધ્વંસાભાવનું સ્પષ્ટિકરણ :-**

**પ્રશ્ન-૬ :- અવાયમાં પ્રાગભાવ-પ્રધ્વંસાભાવ ક્યા પ્રકારે**

છે?

ઉત્તર :- અવાયનો અહામાં અભાવ, પ્રાગભાવ છે અને અવાયનો ધારણામાં અભાવ, પ્રધ્વંસાભાવ છે.

**પ્રશ્ન-૭ :- ક્ષાયોપશમિકસમ્યક્ત્વમાં પ્રાગભાવ-પ્રધ્વંસાભાવ ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- ક્ષાયોપશમિકસમ્યક્ત્વનો, ઔપશમિકસમ્યક્ત્વમાં અભાવ પ્રાગભાવ છે અને ક્ષાયોપશમિકસમ્યક્ત્વનો, ક્ષાયિકસમ્યક્ત્વમાં અભાવ, પ્રધ્વંસાભાવ છે.

**પ્રશ્ન-૮ :- લાડુમાં પ્રાગભાવ-પ્રધ્વંસાભાવ ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- લાડુમાં, પૂર્વની પર્યાયનો અભાવ, પ્રાગભાવ છે અને લાડુનો ભવિષ્યની પર્યાયમાં અભાવ તે પ્રધ્વંસાભાવ છે.

**પ્રશ્ન-૯ :- ભાવશ્રુતજ્ઞાનમાં પ્રાગભાવ-પ્રધ્વંસાભાવનો અભાવ ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- ભાવશ્રુતજ્ઞાનનો મતિજ્ઞાનમાં અભાવ પ્રાગભાવ છે અને ભાવશ્રુતજ્ઞાનનો કેવળજ્ઞાનમાં અભાવ, પ્રધ્વંસાભાવ છે.

**પ્રશ્ન-૧૦ :- કેવળજ્ઞાનમાં પ્રાગભાવ-પ્રધ્વંસાભાવ ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- કેવળજ્ઞાનનો ભાવશ્રુતજ્ઞાનમાં અભાવ, પ્રાગભાવ છે અને કેવળજ્ઞાનનો ભવિષ્યના કેવળજ્ઞાનમાં અભાવ, પ્રધ્વંસાભાવ છે.

**પ્રશ્ન-૧૧ :- દહીમાં પ્રાગભાવ-પ્રધ્વંસભાવ ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- દહીંનો દૂધમાં અભાવ, પ્રાગભાવ છે અને દહીનો છાશમાં અભાવ, પ્રધ્વંસાભાવ છે.

**પ્રશ્ન-૧૨ :- રોટલીમાં પ્રાગભાવ-પ્રધ્વંસાભાવ ક્યા પ્રકારે છે?**



ઉત્તર :- રોટલીનો ગોરણામાં અભાવ પ્રાગભાવ છે અને રોટલીનો વમનમાં અભાવ, પ્રધ્વંસાભાવ છે.

**પ્રશ્ન-૧૩ :- સિદ્ધદશામાં પ્રાગભાવ-પ્રધ્વંસાભાવ ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- સિદ્ધદશાનો સંસારદશામાં અભાવ, પ્રાગભાવ છે અને સિદ્ધદશાનો ભવિષ્યની સિદ્ધદશામાં અભાવ, પ્રધ્વંસાભાવ છે.

**પ્રશ્ન-૧૪ :- શબ્દમાં પ્રાગભાવ-પ્રધ્વંસાભાવ ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- શબ્દનો પૂર્વની પર્યાયમાં અભાવ, પ્રાગભાવ છે અને શબ્દનો ભવિષ્યની પર્યાયમાં અભાવ, પ્રધ્વંસાભાવ છે.

**પ્રશ્ન-૧૫ :- ઔપશમિકસમ્યક્ત્વમાં પ્રાગભાવ-પ્રધ્વંસાભાવ ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- ઔપશમિકસમ્યક્ત્વનો, મિથ્યાત્વમાં અભાવ, પ્રાગભાવ છે અને ઔપશમિકસમ્યક્ત્વનો, ક્ષાયોપશમિકસમ્યક્ત્વમાં અભાવ, પ્રધ્વંસાભાવ છે.

**પ્રશ્ન-૧૬ :- જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમમાં પ્રાગભાવ-પ્રધ્વંસભાવ ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમનો જ્ઞાનાવરણીયકર્મના ઉદયમાં અભાવ, પ્રાગભાવ છે અને જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમનો કેવળજ્ઞાનાવરણીયકર્મના ક્ષયમાં અભાવ, પ્રધ્વંસાભાવ છે.

**પ્રશ્ન-૧૭ :- દર્શનમોહનીયના ઉપશમમાં પ્રાગભાવ-પ્રધ્વંસભાવ ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- દર્શનમોહનીયના ઉપશમનો દર્શનમોહનીયના ઉદયમાં અભાવ, પ્રાગભાવ છે અને દર્શનમોહનીયના ઉપશના દર્શનમોહનીયના ક્ષોયપશમમાં અભાવ, પ્રધ્વંસાભાવ છે.

**પ્રશ્ન-૧૮ :- રસગુલ્લામાં પ્રાગભાવ-પ્રધ્વંસાભાવ ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- રસગુલ્લાનો, રસગુલ્લાની પૂર્વ પર્યાયમાં અભાવ, પ્રાગભાવ છે અને રસગુલ્લાનો ભવિષ્યની પર્યાયમાં અભાવ, પ્રધ્વંસાભાવ છે.

**પ્રશ્ન-૧૯ :- અપૂર્વકરણમાં પ્રાગભાવ-પ્રધ્વંસાભાવ ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- અપૂર્વકરણનો, અધઃકરણમાં અભાવ, પ્રાગભાવ છે અને અપૂર્વકરણનો અનિવૃત્તિકરણમાં અભાવ, પ્રધ્વંસભાવ છે.

**પ્રશ્ન-૨૦ :- અંતરાત્મામાં પ્રાગભાવ-પ્રધ્વંસભાવ ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- અંતરાત્માનો, બહિરાત્મામાં અભાવ, પ્રાગભાવ છે અને અંતરાત્માનો પરમાત્માપણામાં અભાવ, પ્રધ્વંસાભાવ છે.

**અન્યોન્યાભાવનું સ્પષ્ટીકરણ :—**

**પ્રશ્ન-૨૧ :- અન્યોન્યાભાવ કોને કહે છે?**

ઉત્તર :- એક પુદ્‌ગલદ્રવ્યની વર્તમાન પર્યાયનો, બીજા પુદ્‌ગલના દ્રવ્યની વર્તમાન પર્યાયમાં અભાવ, તે અન્યોન્યાભાવ છે.

**પ્રશ્ન-૨૨ :- એક પુદ્‌ગલની વર્તમાન પર્યાયનો, બીજા પુદ્‌ગલની વર્તમાન પર્યાયમાં અભાવ, તે અન્યોન્યાભાવ છે, તેને સ્પષ્ટ સમજાવો?**

ઉત્તર :- જેમ કે દૂધ, દહી અને મઠ્ઠો એ ત્રણે વર્તમાન વસ્તુઓ કહેવાય છે; તે ત્રણે પુદ્‌ગલ દ્રવ્યની અલગ-અલગ વર્તમાન પર્યાયો છે; તેમાં અભાવ, અન્યોન્યાભાવ છે.

**પ્રશ્ન-૨૩ :- અન્યોન્યાભાવને દષ્ટાંત આપીને સમજાવો?**

ઉત્તર :- જેમ કે બાઈએ રોટલી બનાવી, તો રોટલીનો તો



બાઈ સાથે અત્યંત અભાવ છે, પણ શું હાથ, પાટલી, વેલણ, લોઢીએ રોટલી બનાવી? ના! કેમકે હાથ, પાટલી, વેલણ, રોટલી - એ બધી પુદ્‌ગલદ્રવ્યની વર્તમાન અવસ્થાઓ છે; તેમાં અન્યોન્યાભાવ છે.

**પ્રશ્ન-૨૪ :- છાપરાને દિવાલનો આધાર છે - તેમાં અન્યોન્યાભાવને ક્યારે નથી માન્યો અને ક્યારે માન્યો?**

ઉત્તર :- છાપરું અને દિવાલ બંને જુદી-જુદી પુદ્‌ગલની વર્તમાન અવસ્તાઓ છે; તેમાં અભાવ, તે અન્યોન્યાભાવ છે. છાપરાને દિવાલનો આધાર છે - એમ માને તો અન્યોન્યાભાવને નથી માન્યો અને બંને જુદી-જુદી વર્તમાન પર્યાયો છે, બંને વચ્ચે સંબંધ નથી - તો અન્યોન્યાભાવને માન્યો છે.

**પ્રશ્ન-૨૫ :- તૈજસશરીર અને કાર્મણશરીરમાં ક્યો અભાવ છે?**

ઉત્તર :- તે બંને પુદ્‌ગલોની વર્તમાન પર્યાયોમાં અન્યોન્યાભાવ છે.

**પ્રશ્ન-૨૬ :- ઘડો, ચાકડો, ડંડોમાં ક્યો અભાવ છે?**

ઉત્તર :- આ ત્રણે પુદ્‌ગલની વર્તમાન પર્યાયોમાં અન્યોન્યાભાવ છે.

**પ્રશ્ન-૨૭ :- પુસ્તક-હાથ-પેનમાં ક્યો અભાવ છે?**

ઉત્તર :- આ ત્રણે પુદ્‌ગલની વર્તમાન પર્યાયોમાં અન્યોન્યાભાવ છે.

**પ્રશ્ન-૨૮ :- હાથ-સ્ટુલ-ઓજારમાં ક્યો અભાવ છે?**

ઉત્તર :- આ ત્રણે પુદ્‌ગલની વર્તમાન પર્યાયોમાં અન્યોન્યાભાવ છે.

**અત્યન્તાભાવનું સ્પષ્ટીકરણ :—**

**પ્રશ્ન-૨૯ :- અત્યંતાભાવ કોને કહે છે?**

ઉત્તર :- એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં (ત્રિકાળ) અભાવ, તે અત્યંતાભાવ છે.

**પ્રશ્ન-૩૦ :- કુંભાર અને ઘડામાં ક્યો અભાવ છે?**

ઉત્તર :- કુંભાર અને ઘડામાં અત્યંતાભાવ છે.

**પ્રશ્ન-૩૧ :- બાઈ અને રોટલીમાં ક્યો અભાવ છે?**

ઉત્તર :- અત્યંતાભાવ છે.

**પ્રશ્ન-૩૨ :- બે પરમાણુઓમાં ક્યો અભાવ છે**

ઉત્તર :- અત્યંતાભાવ છે.

**પ્રશ્ન-૩૩ :- અધ્યાપક અને પુસ્તકમાં ક્યો અભાવ છે?**

ઉત્તર :- અત્યંતાભાવ છે.

**પ્રશ્ન-૩૪ :- ભગવાન અને દિવ્યધ્વનિમાં ક્યો અભાવ છે?**

ઉત્તર :- અત્યંતાભાવ છે.

**પ્રશ્ન-૩૫ :- ગુરુ અને ગુરુના શબ્દમાં ક્યો અભાવ છે?**

ઉત્તર :- અત્યંતાભાવ છે.

**કોનો અભાવ કોનામાં....**

**પ્રશ્ન-૩૬ :- અન્યોન્યાભાવ કેટલા દ્રવ્યોમાં લાગુ પડે છે?**

ઉત્તર :- પરસ્પર પુદ્‌ગલદ્રવ્યોની વર્તમાન પર્યાયમાં જ લાગુ પડે છે, જુદા દ્રવ્યોમાં નહિ.

**પ્રશ્ન-૩૭ :- અત્યંતાભાવ કેટલા દ્રવ્યોમાં લાગે છે?**

ઉત્તર :- છએ દ્રવ્યોમાં લાગે છે.

**પ્રશ્ન-૩૮ :- ચારેય અભાવ ક્યા-ક્યા દ્રવ્યમાં લાગી શકે છે?**

ઉત્તર :- પુદ્‌ગલમાં ચારેયનો અભાવ લાગી શકે છે; બાકી દ્રવ્યોમાં ત્રણનો અભાવ લાગે છે.



**પ્રશ્ન-૩૯ :- જીવ-ધર્મ-અધર્મ-આકાશ અને કાળમાં ક્યો અભાવ નથી લાગતો?**

ઉત્તર :- અન્યોન્યાભાવ નથી લાગતો, કેમકે અન્યોન્યાભાવ, માત્ર પુદ્‌ગલની વર્તમાન પર્યાયોમાં જ પરસ્પર લાગે છે.

**પ્રશ્ન-૪૦ :- આ ચાર અભાવોમાંથી પર્યાયસૂચક ક્યા-ક્યા અભાવ છે?**

ઉત્તર :- પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ પર્યાયસૂચક છે.

**પ્રશ્ન-૪૧ :- આ ચાર અભાવોમાંથી દ્રવ્યસૂચક ક્યા-ક્યા અભાવ છે?**

ઉત્તર :- માત્ર અત્યંતાભાવ જ દ્રવ્યસૂચક છે.

**પ્રશ્ન-૪૨ :- પ્રાગભાવ કેટલા દ્રવ્યોમાં લાગુ પડે છે?**

ઉત્તર :- છએ દ્રવ્યો-ગુણોની વર્તમાન પર્યાયના ભૂતની પર્યાયોમાં લાગુ પડે છે.

**પ્રશ્ન-૪૩ :- પ્રધ્વંસભાવ કેટલા દ્રવ્યોમાં લાગુ પડે છે?**

ઉત્તર :- છએ દ્રવ્યો-ગુણોની વર્તમાન પર્યાયના, ભવિષ્યની પર્યાયમાં લાગુ પડે છે.

**પ્રશ્ન-૪૪ :- જો પ્રાગભાવ ન માને તો શું થાય?**

ઉત્તર :- કાર્ય, અનાદિનું સિદ્ધ થશે.

**પ્રશ્ન-૪૫ :- જો પ્રધ્વંસાભાવ ન માને તો શું થાય?**

ઉત્તર :- કાર્ય, અનંતકાળ સુધી રહેશે.

**પ્રશ્ન-૪૬ :- જો અન્યોન્યાભાવ ન માને તો શું થાય?**

ઉત્તર :- એક પુદ્‌ગલદ્રવ્યની વર્તમાન પર્યાયનો બીજા પુદ્‌ગલની વર્તમાન પર્યાયમાં અભાવ છે, તે નહિ રહે, એટલે કે બધા પુદ્‌ગલોની પર્યાયો મળીને એક થઈ જવાનો પ્રસંગ ઉપસ્થિત થશે.

**પ્રશ્ન-૪૭ :- અત્યંતાભાવ ન માને તો શું થાય?**

ઉત્તર :- દરેક પદાર્થની ભિન્નતા નહિ રહે. જગતના બધા દ્રવ્ય પદાર્થ એકરૂપ થવાનો પ્રસંગ ઉપસ્થિત થશે.

**ચાર અભાવ : પરિજ્ઞાનનો લાભ**

**પ્રશ્ન-૪૮ :- પ્રાગભાવથી ધર્મસંબંધી શું લાભ છે?**

ઉત્તર :- અનાદિકાળથી જીવ અજ્ઞાન, મિથ્યાત્વ અને રાગાદિ નવા-નવા દોષ કરતો આવ્યો છે; તેણે ધર્મ કદી નથી કર્યો, તોપણ વર્તમાનમાં નવા પુરુષાર્થથી ધર્મ કરી શકે છે. કેમકે વર્તમાન પર્યાયનો પૂર્વ પર્યાયમાં અભાવ વર્તે છે. પ્રાગભાવ સમજવાથી 'હું પાપી છું, મેં ઘણા પાપ કર્યા છે, હું કઈ રીતે તરી શકીશ' વગેરે હીનભાવના નીકળી જાય છે.

**પ્રશ્ન-૪૯ :- આત્મા, અનાદિથી કેવળજ્ઞાનપર્યાયમય છે - તેમ માનનારા ક્યા અભાવને નથી માનતા?**

ઉત્તર :- પ્રાગભાવને નથી માનતા, કેમકે કેવળજ્ઞાનમાં જ્ઞાનગુણની પર્યાય છે; તેથી કેવળજ્ઞાન થયા પહેલાની મતિજ્ઞાનાદિ પર્યાયોમાં કેવળજ્ઞાનનો અભાવ છે.

**પ્રશ્ન-૫૦ :- 'આત્મા, અનાદિથી સમ્યગ્દર્શનપર્યાયમય છે' તેમ માનનારા ક્યા અભાવને નથી માનતા?**

ઉત્તર :- પ્રાગભાવને નથી માનતા, કેમકે સમ્યગ્દર્શન, શ્રદ્ધાગુણની પર્યાય છે; તેથી સમ્યગ્દર્શન થયા પહેલાની મિથ્યાત્વાદિ પર્યાયોમાં સમ્યગ્દર્શનનો અભાવ છે.

**પ્રશ્ન-૫૧ :- આત્મા, અનાદિથી યથાખ્યાતચારિત્રમય છે - તેમ માનનારા ક્યા અભાવને નથી માનતા?**

ઉત્તર :- પ્રાગભાવને નથી માનતા, કેમકે યથાખ્યાતચારિત્ર, ચારિત્રગુણની પર્યાય છે; તેથી યથાખ્યાતચારિત્ર થયા પહેલાંની



સકલચારિત્ર વગેરે પર્યાયોમાં યથાખ્યાતચારિત્રનો અભાવ છે.

**પ્રશ્ન-૫૨ :- 'આત્મા અનાદિથી કેવળદર્શનપર્યાયમય છે'-તેમ માનનારા ક્યા અભાવને નથી માનતા?**

ઉત્તર :- પ્રાગભાવને નથી માનતા કેમકે કેવળદર્શન, દર્શનગુણની પર્યાય છે; તેથી કેવળદર્શન થયા પહેલાની અચક્ષુદર્શનાદિ પર્યાયોમાં કેવળદર્શનનો અભાવ છે.

**પ્રશ્ન-૫૩ :- આત્મા, અનાદિથી સમ્યગ્જ્ઞાનપર્યાયમય છે - તેમ માનનારા ક્યા અભાવને નથી માનતા?**

ઉત્તર :- પ્રાગભાવને નથી માનતા કેમકે સમ્યગ્જ્ઞાન, જ્ઞાનગુણની પર્યાય છે; તેથી સમ્યગ્જ્ઞાન થયા પહેલાં મિથ્યાજ્ઞાનાદિ પર્યાયોમાં સમ્યગ્જ્ઞાનનો અભાવ છે.

**પ્રશ્ન-૫૪ :- પ્રધ્વંસાભાવથી ધર્મસંબંધી શું લાભ છે?**

ઉત્તર :- વર્તમાન અવસ્થામાં ધર્મ નથી કર્યો, તોપણ જીવ નવીન પુરુષાર્થથી અધર્મદશાનો તરત અભાવ કરીને, પોતામાં સત્ય ધર્મ પ્રગટ કરી શકે છે. વર્તમાનમાં કેટલી પણ હીનદશા હોય, ભવિષ્યમાં ઉત્તમથી ઉત્તમદશા પ્રગટ થઈ શકે છે કેમકે વર્તમાન પર્યાયનો ભવિષ્યની પર્યાયમાં અભાવ છે. પ્રધ્વંસભાવના પરિજ્ઞાનથી વર્તમાન પામરતા જોઈને, ભવિષ્ય પ્રતિ નિરાશ ન થઈને સ્વસન્મુખ થવાનો પુરુષાર્થ પ્રગટ કરવાનો ઉત્સાહ જાગૃત થાય છે. કોઈ કહે મેં તો બહુ પાપ કર્યા છે, આગળ પાપનો ઉદય આવ્યો તો શું થશે? ભગવાન કહે છે કે ભાઈ! વર્તમાન પર્યાયનો ભવિષ્યની પર્યાયમાં અભાવ છે; તુ સ્વભાવનો આશ્રય લઈને તરત ધર્મ કર! મોડું નહિ કર.

**પ્રશ્ન-૫૫ :- 'આ વર્તમાન રાગ, મને આ જીવન હેરાનન કરશે' - તેમ માનનારાએ ક્યા અભાવને નથી માન્યો?**

ઉત્તર :- પ્રધ્વંસાભાવને નથી માન્યો કેમકે વર્તમાન રાગનો ભવિષ્યની ચારિત્રગુણની પર્યાયમાં અભાવ છે; તેથી વર્તમાન રાગ, ભવિષ્યના સુખ-દુઃખનું કારણ ન હોઈ શકે.

**પ્રશ્ન-૫૬ :- 'આ વર્તમાન પાપ, મને આ જીવન હેરાન કરશે' - તેમ માનનારાએ ક્યા અભાવને નથી માન્યો?**

ઉત્તર :- પ્રધ્વંસાભાવને નથી માન્યો કેમકે વર્તમાન પાપનો ભવિષ્યની પર્યાયમાં અભાવ છે; તેથી વર્તમાન પાપ, ભવિષ્યની હેરાનગતિનું કારણ ન હોઈ શકે.

**પ્રશ્ન-૫૭ :- 'આ વર્તમાન અજ્ઞાનદશાનો કદી અભાવ નહિ થાય' - તેમ માનનારાએ ક્યા અભાવને નથી માન્યો?**

ઉત્તર :- પ્રધ્વંસાભાવને નથી માન્યો કેમકે વર્તમાન અજ્ઞાનદશાનો ભવિષ્યની પર્યાયમાં અભાવ છે; તેથી વર્તમાન અજ્ઞાનદશા, ભવિષ્યની જ્ઞાન-અજ્ઞાનનું કારણ ન હોઈ શકે.

**પ્રશ્ન-૫૮ :- 'આ વર્તમાન મિથ્યાત્વભાવ, મને હંમેશા સંસાર પરિભ્રમણ કરાવશે' - તેમ માનનારાએ ક્યા અભાવને નથી માન્યો?**

ઉત્તર :- પ્રધ્વંસાભાવને નથી માન્યો કેમકે વર્તમાન મિથ્યાત્વભાવનો, ભવિષ્યની પર્યાયમાં અભાવ છે; તેથી વર્તમાન મિથ્યાત્વભાવ, ભવિષ્યના સમ્યક્ત્વ-મિથ્યાત્વનું કારણ ન હોઈ શકે.

**પ્રશ્ન-૫૯ :- અન્યોન્યાભાવ સમજવાથી ધર્મસંબંધી શો લાભ છે?**

ઉત્તર :- એક પુદ્ગલની વર્તમાન પર્યાય, બીજા પુદ્ગલદ્રવ્યની વર્તમાન પર્યાયમાં કાંઈ નથી કરી શકતી. જ્યારે પુદ્ગલની અવસ્થા, સજાતિમાં કાંઈ નથી કરી શકતી તો પુદ્ગલ જીવને કાંઈપણ લાભ-હાનિ કેમ કરી શકે? એટલે કે કાંઈ કરી શકતી નથી.



**પ્રશ્ન-૬૦ :- અત્યાંતાભાવ સમજવાથી ધર્મસંબંધી શું લાભ છે?**

ઉત્તર :- દરેક દ્રવ્યનો, બીજા દ્રવ્યમાં ત્રિકાળ અભાવ છે; માટે એક દ્રવ્ય, અન્ય દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી - એમ સમજવાથી 'બીજા મારું બુરુ-ભલું કરી દેશે'-તેવી પરમાં પોતાપણાની ભાવના સમાપ્ત થઈ જાય છે.

**પ્રશ્ન-૬૧ :- સૌથી પહેલા ક્યા અભાવને જાણવો જોઈએ?**

ઉત્તર :- જોકે ચારેય અભાવ જાણવા જોઈએ. મુખ્યપણે પહેલા અત્યંતાભાવને પછી અન્યોન્યાભાવને અને પછી બાકી બે અભાવોને સમજીને સ્વસન્મુખ થવું જોઈએ.

**પ્રશ્ન-૬૨ :- ચાર અભાવોને સમજવાથી અમારું કલ્યાણ કેવી રીતે થાય? સરળ શબ્દોમાં સમજાવો?**

ઉત્તર :- (૧) હું જ્ઞાયકસ્વભાવી આત્મા, અનંતગુણનો પિંડ છું. મારા નિજ જ્ઞાયકસ્વભાવી ભગવાનથી જુદો, બીજા અનંત જીવ, અનંતાઅનંત પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ એક-એક અને લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય છે, તેનાથી મારે કોઈપણ પ્રકારનો સંબંધ નથી; માટે દૃષ્ટિ હટાવો—અત્યંત ભિન્ન પરપદાર્થો—શરીર, મન, વાણીથી.

(૨) જ્યારે એક પુદ્ગલની વર્તમાન પર્યાય, બીજા પુદ્ગલની વર્તમાન પર્યાયોનું કાંઈ કરી શકતી નથી તો આઠ કર્મ, મને દુઃખ-સુખ દેશે - એવી બુદ્ધિનો અભાવ થઈ જવો જોઈએ, તો દૃષ્ટિ હટાવો દ્રવ્યકર્મોથી.

(૩) હવે વિચારો! પરથી અને દ્રવ્યકર્મથી તો સંબંધ જ નથી રહ્યો. હવે પોતાના આત્મા તરફ જુઓ - તારી જે વર્તમાન પર્યાય

છે, તેનો ભૂતકાળની પર્યાયથી કોઈ સંબંધ નથી કેમકે જો તે છે જ નહિ - તો દૃષ્ટિ ઉઠાવ પાછળની પર્યાયોથી.

(૪) ભવિષ્યની પર્યાય હજી આવી નથી. હવે તું તારી વર્તમાન જ્ઞાનની પર્યાયને ક્યાં લઈ જઈશ? પર, દ્રવ્યકર્મ, ભૂત અને ભવિષ્યની પર્યાયોથી તો સંબંધ રહ્યો નથી - તો એકમાત્ર જે પોતાનો જ્ઞાયક ભાવ છે, તેના પર દૃષ્ટિ દે તો સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થઈને ક્રમથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**ચાર અભાવ : પ્રયોગાત્મક પ્રશ્નોત્તર :-**

**પ્રશ્ન-૬૩ :- હું સવારે ઉઠ્યો, અત્યંતાભાવને ક્યારા માન્યો અને ક્યારે નથી માન્યો?**

ઉત્તર :- (૧) સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનમાં અનંત પુદ્‌ગલ પરમાણુ છે; તેની ક્રિયાવતીશક્તિની તે સમયની પર્યાયની યોગ્યતાથી શરીર ઉઠ્યું. ઔદારિક આદિ શરીરના ઉઠવાનો મારા જ્ઞાન-દર્શન-ઉપયોગમયી નિજ જીવતત્ત્વથી કોઈપણ પ્રકારનો સંબંધ નથી - તેવો અનુભવ-જ્ઞાન વર્તે તો અત્યાંતાભાવને માન્યો; અને (૨) સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનરૂપ અનંત પુદ્‌ગલોના ઉઠવાથી હું (આત્મા) ઉઠ્યો - એવી માન્યતાવાળાએ અત્યાંતાભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૬૪ :- સંયોગરૂપ અનંત પુદ્‌ગલોના ઉઠવાને 'હું (આત્મા) સવારે ઉઠ્યો' - તે માન્યતાનું શું ફળ છે?**

ઉત્તર :- ચારેય ગતિમાં ફરીને નિગોદ, આ માન્યતાનું ફળ છે.

**પ્રશ્ન-૬૫ :- સંયોગરૂપ શરીરના ઉઠવાને, હું (આત્મા) સવારે ઉઠ્યો - આ માન્યતારૂપ નિગોદબુદ્ધિનો અભાવ કેમ થાય, ત્યારે અત્યંતાભાવને માન્યો કહેવાય?**



ઉત્તર :- સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનમાં જેટલા પરમાણુ છે, તે બધા ક્રિયાવતીશક્તિની તે સમયની પર્યાયની યોગ્યતાથી ઉઠ્યા છે. મારા જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજ જીવતત્ત્વનો સંયોગરૂપ શરીરના ઉઠવાથી કોઈપણ પ્રકારે, કોઈપણ અપેક્ષાએ કર્તા-ભોક્તા સંબંધ નથી, કેમકે શરીરના ઉઠવાના અને મારા જ્ઞાન-દર્શન ઉપયોગમયી નિજ જીવતત્ત્વના, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદાં-જુદાં છે - એમ જાણીને નિજ જીવતત્ત્વ તરફ દૃષ્ટિ કરે તો નિગોદબુદ્ધિનો અભાવ થઈને ધર્મની પ્રાપ્ત થાય છે; ત્યારે અત્યંતાભાવને માન્યો. પછી અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી 'હું સવારે ઉઠ્યો' - એમ કહી શકાય.

**પ્રશ્ન-૬૬ :- કોઈ ચતુર કહે - સંયોગરૂપ શરીરના ઉઠવાને આત્માથી સંબંધ નથી, કેમકે આત્માનો સંયોગરૂપ શરીરોમાં અત્યાંતાભાવ છે, પણ દ્રવ્યકર્મને કારણે તો શરીર ઉઠ્યું ને?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનમાં જેટલા પરમાણુ છે, તે બધા પરમાણુઓની સ્કંધરૂપ અવસ્થામાં, એક પરમાણુની વર્તમાન પર્યાયનો, બીજા પરમાણુઓની વર્તમાન પર્યાયમાં અન્યોન્યાભાવ છે; માટે દ્રવ્યકર્મને કારણે શરીર ઉઠ્યું - એવી માન્યતાવાળાએ અન્યોન્યાભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૬૭ :- સંયોગરૂપ શરીરના ઉઠવાના કાર્યમાં અન્યોન્યાભાવને માન્યો ક્યારે કહેવાય?**

ઉત્તર :- જ્યારે સંયોગરૂપ ઔદારિક-તૈજસ-કાર્મણ-ભાષા-મનમાં અનંત પુદ્‌ગલોની સ્કંધ અવસ્થામાં, એક પરમાણુની વર્તમાન પર્યાયનો, બીજા પરમાણુઓની વર્તમાન પર્યાયોમાં કોઈપણ પ્રકારનો સંબંધ નથી. કેમકે પુદ્‌ગલોની વર્તમાન પરસ્પર અવસ્થાઓમાં અન્યોન્યાભાવ છે, ત્યારે જીવની સાથે સંયોગરૂપ શરીરને ઉઠવાનો

સંબંધ કેવી રીતે હોઈ શકે? ક્યારેય ન હોઈ શકે. એમ જાણે-માને તો અન્યોન્યાભાવને માન્યો.

**પ્રશ્ન-૬૮ :- શરીરના ઉઠવાને આત્માથી અન્યંતાભાવ છે અને સંયોગરૂપ સ્કંધોમાં એક પુદ્‌ગલની વર્તમાન પર્યાયનો બીજા પુદ્‌ગલોની વર્તમાન પર્યાયોમાં અન્યોન્યાભાવ છે - તો સંયોગરૂપ ઔદારિક શરીર કેમ ઉઠ્યું?**

ઉત્તર :- સંયોગરૂપ ઔદારિકશરીરમાં ઉઠવારૂપ અવસ્થાનું સાચું કારણ તે સમયે પર્યાયની યોગ્યતાથી છે કેમકે સંયોગરૂપ ઔદારિકશરીરની ઉઠવારૂપ વર્તમાન પર્યાયનું ભૂતની સૂવારૂપ પર્યાયોમાં પ્રાગભાવ છે અને સંયોગરૂપ ઔદારિકશરીરના ઉઠવારૂપ વર્તમાન પર્યાયનો ભવિષ્યની પર્યાયમાં પ્રધ્વંસાભાવ છે. માટે એમ સિદ્ધ થાય છે કે સંયોગરૂપ ઔદારિકશરીરના ઉઠવારૂપ પર્યાયનું સાચું કારણ તે સમય પર્યાયની યોગ્યતા જ છે.

**પ્રશ્ન-૬૯ :- સંયોગરૂપ ઔદારિકશરીરના ઉઠવારૂપ અવસ્થાનું સાચું કારણ તે સમય પર્યાયની યોગ્યતા જ કેમ છે; પરદ્રવ્ય, ભૂત-ભવિષ્યની પર્યાય કેમ નહિ?**

ઉત્તર :- એટલા માટે કે (૧) કાર્યનું સાચું કારણ પરદ્રવ્ય તો હોય જ ન શકે, કેમકે પ્રત્યેક દ્રવ્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા-જુદા છે અને એક દ્રવ્યનો બીજા દ્રવ્યોમાં અત્યંતાભાવ છે. (૨) શરીરના ઉઠવારૂપ તે સમય પર્યાયની યોગ્યતાનું પૂર્વ પર્યાય પણ કારણ ન હોઈ શકે કેમકે વર્તમાન પર્યાયનો ભૂતની પર્યાયોમાં પ્રાગભાવ છે. (૩) શરીરના ઉઠવારૂપ તે સમય પર્યાયની યોગ્યતાનું ભવિષ્યની પર્યાય પણ કારણ ન હોઈ શકે, કેમકે વર્તમાન પર્યાયનો ભવિષ્યની પર્યાયમાં પ્રધ્વંસાભાવ છે.

**પ્રશ્ન-૭૦ :- શરીરના ઉઠવારૂપ કાર્યનું સાચું કારણ તે સમયે પર્યાયની યોગ્યતા જ છે, તેને માનવા-જાણવાથી શું સિદ્ધ થયું?**



ઉત્તર :- જેમ સંયોગરૂપ ઔદારિકશરીરનું ઉઠવાનું કાર્ય, તે સમયની પર્યાયની યોગ્યતાથી જ થયું છે; તેવી જ રીતે વિશ્વમાં જેટલા પણ કાર્ય છે, તે બધા તે સમય પર્યાયની યોગ્યતાથી થતા રહ્યા છે, થઈ રહ્યા છે અને થતાં રહેશે - તે સિદ્ધ થયું.

**પ્રશ્ન-૭૧ :- વિશ્વના દરેક કાર્યો તે સમય પર્યાયની યોગ્યતાથી જ થતા રહ્યા છે, થઈ રહ્યા છે અને થતા રહેશે - તેને માનવા-જાણવાથી શો લાભ થયો, ત્યારે ચારેય અભાવને માન્યા કહેવાય?**

ઉત્તર :- એમ માનતા જ પરમાં કરું-કરુંની ખોટી બુદ્ધિનો અભાવ થઈ જાય છે; ધર્મની પ્રાપ્તિ કરીને, ક્રમથી નિર્વાણને પામે છે - આ ચારેય અભાવને જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૭૨ :- કુંભારે ઘડો બનાવ્યો - આ વાક્યમાં ચાર અભાવ ક્યા પ્રકારે છે?**

ઉત્તર :- (૧) ઘડાનો હાથ, ડંડો, ખીલી, ચાકડો, દોરીમાં અભાવ, અન્યોન્યાભાવ છે; (૨) ઘડાની ભૂતકાળની પિંડ પર્યાયમાં અભાવ પ્રાગભાવ છે; (૩) ઘડાનો ભવિષ્યની પર્યાયમાં અભાવ, પ્રધ્વંસભાવ છે અને કુંભાર તથા ઘડામાં અત્યંતાભાવ છે.

**પ્રશ્ન-૭૩ :- કુંભારે ઘડો બનાવ્યો - આ વાક્યમાં કઈ માન્યતાવાળાએ ચાર અભાવને નથી માન્યા?**

ઉત્તર :- (૧) કુંભારે ઘડો બનાવ્યો - એવી માન્યતાવાળાએ અત્યંતાભાવને નથી માન્યો. (૨) કુંભારની આત્માથી તો ઘડો નથી બન્યો, પણ હાથ, ચાકડો, દોરીએ તો ઘડો બનાવ્યો - એવી માન્યતાવાળાએ અન્યોન્યાભાવને નથી માન્યો. (૩) ઘડો બન્યો -

તેમાં ભૂતકાળની પિંડ પર્યાયે કાંઈક તો કર્યું – એવી માન્યતાવાળાએ પ્રાગભાવને નથી માન્યો. (૪) ઘડો બન્યો – તેમાં ભવિષ્યની પર્યાયનો પણ કંઈક સંબંધ છે – એવી માન્યતાવાળાએ પ્રધ્વંસાભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૭૪ :- કુંભારે ઘડો બનાવ્યો – આ વાક્યમાં ચાર અભાવને ક્યારે માન્યા?**

**ઉત્તર :-** ઘડો, તે સમયની પર્યાયની યોગ્યતાથી જ બન્યો છે; ઘડો બનવામાં કુંભાર, ચાક, દોરી વગેરે તથા ભૂતકાળની પર્યાય અને ભવિષ્યની પર્યાયોનો પણ સંબંધ નથી – એમ માનનારાએ ચાર અભાવને માન્યા.

**પ્રશ્ન-૭૫ :- કુંભારે ઘડો બનાવ્યો – આ વાક્યમાં ચાર અભાવને માનવાથી શું-શું લાભ થાય છે?**

**ઉત્તર :-** (૧) સંસારના પાંચ કારણોનો તથા પંચ પરાવર્તનનો અભાવ થઈ જાય છે; (૨) પંચ પરમેષ્ઠીઓ તેની ગણતરી થવા લાગે છે; (૩) પંચમ પારિણામિકભાવનું મહત્ત્વ આવી જાય છે; (૪) ચારેય ગતિના અભાવરૂપ મોક્ષની પ્રાપ્તિ થઈ જાય છે; અને (૫) આઠેય કર્મોનો અભાવ થઈ જાય છે.

**ચાર અભાવ : ભ્રાંતિઓનું નિરાકરણ :-**

**પ્રશ્ન-૭૬ :- કોઈ ચતુર કહે છે કે દ્રવ્યમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ વાત હોય છે; પર્યાયમાં પ્રાગભાવ-પ્રધ્વંસાભાવ આવી ગયો; દ્રવ્યમાં અત્યંતાભાવ આવી ગયો; એક દ્રવ્યના ગુણમાં એકબીજાનો અન્યોન્યાભાવ આવી ગયો; – શું તેમનું એમ કહેવું ઠીક છે?**

**ઉત્તર :-** બિલકુલ ઠીક નથી, કેમકે (૧) દરેક દ્રવ્યમાં દ્રવ્ય-ગુણ-પર્યાય હોય છે. એક દ્રવ્યના ગુણ અને તેની વર્તમાન પર્યાયોમાં



આ ચાર અભાવોનો કોઈ સંબંધ નથી. (૨) દ્રવ્યની વર્તમાન પર્યાયનો, ભૂતકાળની પર્યાયોમાં પ્રાગભાવ છે અને વર્તમાન પર્યાયનો ભવિષ્યકાળની પર્યાયોમાં પ્રધ્વંસાભાવ છે. (૩) દ્રવ્યનો ગુણની સાથે, નિત્યતાદાત્મ્યસંબંધ હોવાથી, એક દ્રવ્યના ગુણનો, બીજા દ્રવ્યના ગુણની સાથે અત્યંતાભાવ છે. (૪) હવે જે વર્તમાનમાં પુદ્‌ગલસ્કંધ છે; અજ્ઞાની તે સ્કંધને જ દ્રવ્ય માને છે. અજ્ઞાનીને મિથ્યાબુદ્ધિ હટાવવા માટે, દરેક સ્કંધમાં પણ દરેક પરમાણુની વર્તમાન પર્યાયનો, બીજા પરમાણુઓની વર્તમાન પર્યાયમાં અન્યોન્યાભાવ છે. – એમ કહેવું ચાર અભાવનું તાત્પર્ય છે. (૫) એક દ્રવ્યના ગુણોનો એકબીજામાં અન્યોન્યાભાવ માનવો તે જિનમતની બહાર છે.

**પ્રશ્ન-૭૭ :- અન્યોન્યાભાવની શું આવશ્યકતા છે?**

**ઉત્તર :-** જેમ, સોનીએ ઘરેણા બનાવ્યા તો સોનીનો ઘરેણામાં તો અત્યંતાભાવ થઈ ગયો. તેના બદલે કોઈ કહે કે સોનીએ તો નથી બનાવ્યા પણ હાથ-હથોડા વગેરેથી બન્યા તો તેને કહે છે કે ભાઈ! પુદ્‌ગલોની વર્તમાન પર્યાયોનો પરસ્પર અબાવ છે – એમ અન્યોન્યાભાવ જણાવે છે. જ્યારે એક પુદ્‌ગલની વર્તમાન પર્યાય, બીજા પુદ્‌ગલોની વર્તમાન પર્યાયમાં કાંઈ નથી કરી શકતી તો તું તો વિજાતીય છે, એ બતાવવા માટે અન્યોન્યાભાવને બતાવવાની આવશ્યકતા છે.

**પ્રશ્ન-૭૮ :- જીવ, બીજાનું તો ન કરે પણ પુદ્‌ગલ તો પુદ્‌ગલનું કરે છે?**

**ઉત્તર :-** બિલકુલ નહિ; એવી માન્યતાવાળાએ અન્યોન્યાભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૭૯ :- જીવથી તો ભાષા નથી નીકળી, પણ હોઠથી**

તો નીકળે છે ને?

ઉત્તર :- બિલકુલ નહિ; એવી માન્યતાવાળાએ અન્યોન્યાભાવને નથી માન્યો, કેમકે હોઠ, આહારવર્ગણાના અને ભાષા, ભાષા વર્ગણાના સ્કંધ છે.

**પ્રશ્ન-૮૦ :- ચાર અભાવોનું સ્વરૂપ ક્યા શાસ્ત્રમાં આવે છે?**

ઉત્તર :- બધા શાસ્ત્રોમાં છે પણ વિશેષરૂપથી 'આત્મમીંમાસા'માં આચાર્ય સમંતભદ્રસ્વામીએ શ્લોક-૯, ૧૦, ૧૧માં જણાવ્યું છે - જે આ પ્રકારે છે.

भावैकान्तै पदार्थानाम भावानाम पन्हवात।
सर्वात्मकमनाद्यन्तम स्वरूपमता वकम्।।९।।

**અર્થ** :- હે ભગવાન! પદાર્થોને સર્વથા સદ્ભાવ જ માનવાથી, અભાવોનો અભાવ (લોપ) માનવો પડશે. આ પ્રકારે અભાવોને નહિ માનવાથી, બધા પદાર્થો સર્વાત્મક થઈ જશે. બધા અનાદિ તેમ જ અનંત થઈ જશે; કોઈનું કોઈ પૃથક્ સ્વરૂપ જ નહિ રહે, જે તમને સ્વીકાર નથી.

कार्य द्रव्यमनादि स्यात् प्रागभावस्य निन्हवे।
प्रध्वंसस्य च धर्मस्य पच्च्यवेऽनन्तां व्रजेत्।।१०।।

**અર્થ** :- પ્રાગભાવનો અભાવ માનવાથી, સમસ્ત કાર્ય (પર્યાયો) અનાદિ થઈ જશે. તે પ્રકારે પ્રધ્વંસાભાવ નહિ માનવાથી બધા કાર્ય (પર્યાયો) અનંત થઈ જશે.

सर्वात्मकं तदेकं स्यादन्यायोह व्यतिक्रमे।
अन्यत्र समवाये न व्यपदिश्यते सर्वथा।।११।।

**અર્થ** :- જો અન્યોન્યાભાવને નહિ માને તો દશ્યમાન દરેક પદાર્થ (પુદ્ગલ) વર્તમાનમાં એકરૂપ થઈ જશે અને અત્યંતાભાવ ન માનવાથી બધા દ્રવ્ય ત્રિકાળ એકરૂપ થઈ જવાથી કોઈપણ દ્રવ્યનો વ્યપદેશ (કથન) પણ નહિ બની શકે.



**પ્રશ્ન-૮૨ :- સાતાવેદનીયકર્મથી પૈસા આવે છે - ક્યા અભાવને નથી માન્યો?**

ઉત્તર :- અન્યોન્યાભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૮૩ :- નામકર્મથી શરીરની રચના થાય છે - તેવી માન્યતાવાળાએ ક્યા અભાવને નથી માન્યો?**

ઉત્તર :- અન્યોન્યાભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૮૪ :- આત્માએ તો પેટી નથી ઉપાડી, પણ હાથે તો ઉપાડી છે તેવી માન્યતાવાળાએ ક્યા અભાવને નથી માન્યો?**

ઉત્તર :- અન્યોન્યાભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૮૫ :- હું રોટલી ખાવ છું - તેવી માન્યતાવાળાને ક્યો અભાવને નથી માન્યો?**

ઉત્તર :- અત્યંતાભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૮૬ :- શરીરથી રોટલી ખાવ છું - તેવી માન્યતાવાળાએ ક્યા અભાવને નથી માન્યો?**

ઉત્તર :- અત્યંતાભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૮૭ :- હું ઉઠ્યો - ક્યા અભાવને ભૂલ્યો છે?**

ઉત્તર :- અત્યંતાભાવને ભૂલ્યો છે.

**પ્રશ્ન-૮૮ :- શરીરે ઝભો પહેર્યો- ક્યા અભાવને ભૂલ્યો છે?**

ઉત્તર :- અન્યોન્યાભાવને ભૂલ્યો છે.

**પ્રશ્ન-૮૯ :- મારું મકાન છે - ક્યા અભાવને ભૂલ્યો છે?**

ઉત્તર :- અત્યંતાભાવને ભૂલ્યો છે. ●●

૧૯

# અભ્યાસ : છ સામાન્યગુણ, ચાર અભાવનું સંક્ષિપ્ત સ્પષ્ટીકરણ

**પ્રશ્ન-૧ :- મેં લાડવો ખાધો, આ વાક્યમાં અસ્તિત્વગુણને ક્યારે માન્યો અને ક્યારે નથી માન્યો?**

ઉત્તર :- (૧) ત્રાજવાના એક પલ્લામાં નિજ ચૈતન્ય અરૂપી આત્મા પોતાના અસ્તિત્વગુણથી અસ્તિત્વરૂપ છે. ત્રાજવાના બીજા પલ્લામાં ઔદારિક આદિ શરીર, મન, વાણી અને લાડવામાં જડ, રૂપી, એક પ્રદેશી અનંત પુદ્ગલદ્રવ્ય, પોતપોતાના અસ્તિત્વગુણથી અસ્તિત્વરૂપ છે. મારા ચૈતન્ય અરૂપી આત્માના એક અસ્તિત્વના, ઔદારિક આદિ જડ રૂપી પુદ્ગલોના અસ્તિત્વોથી સર્વથા સંબંધ નથી - એમ જાણે-માને તો અસ્તિત્વગુણને માન્યો અને (૨) નિજ ચૈનત્ય અરૂપી આત્માના એક અસ્તિત્વને ભૂલીને, લાડવા આદિ જડ રૂપી પુદ્ગલોના અનંત અસ્તિત્વોમાં - મેં લાડવો ખાધો, તો અસ્તિત્વગુણને નથી માન્યો.

**પ્રશ્ન-૨ :- વસ્તુત્વગુણને ક્યારે માન્યો અને ક્યારે નથી માન્યો?**

ઉત્તર :- (૧) એક બાજુ મારો ચૈતન્ય અરૂપી આત્મા વસ્તુત્વગુણને કારણે દેખવા-જાણવારૂપ પોતાની પ્રયોજનભૂત ક્રિયા કરી રહ્યો છે. બીજી તરફ ઔદારિક વગેરે શરીર, મન, વાણી અને



લાડવામાં જડ રૂપી એક પ્રદેશી અનંત પુદ્ગલદ્રવ્ય પોતપોતાના વસ્તુત્વગુણને કારણે પોતપોતાની પ્રયોજનભૂત ક્રિયા કરી રહ્યા છે. એકનો બીજાની પ્રયોજનભૂત ક્રિયા સાથે સર્વથા સંબંધ નથી - એમ જાને-માને તો વસ્તુત્વગુણને માન્યો, અને (૨) મારા નિજ આત્માની દેખવા-જાણવારૂપ પ્રયોજનભૂત ક્રિયાને ભૂલીને લાડુ આદિ પુદ્ગલોની પ્રયોજનભૂતક્રિયામાં - મેં લાડવો ખાધો, તો વસ્તુત્વગુણને નથી માન્યો.

**પ્રશ્ન-૩ :- દ્રવ્યત્વગુણને ક્યારે માન્યો અને ક્યારે નથી માન્યો?**

ઉત્તર :- (૧) એક બાજુ મારો ચૈતન્ય અરૂપી નિજ ભગવાન આત્મા, દ્રવ્યત્વગુણને કારણે, દેખવા-જાણવારૂપ નિરંતર નવા-નવા કાર્ય કરી રહ્યો છે. બીજી તરફ ઔદારિક આદિ શરીર, મન, વાણી અને લાડુમાં જડ રૂપી એક-એક પ્રદેશી અનંત પુદ્ગલદ્રવ્ય પોતપોતાના દ્રવ્યત્વગુણને કારણે, નિરંતર નવું-નવું પરિણમન કરી રહ્યા છે. એક બીજાના નિરંતર નવા-નવા પરિણમનથી એકબીજાનો સર્વથા સંબંધ નથી - એમ જાણે-માને તો દ્રવ્યત્વગુણને માન્યો, અને (૨) નિજ આત્માને દેખવા-જાણવારૂપ નિરંતર નવા-નવા પરિણમનને ભૂલીને, ઔદારિક આદિ શરીર, મન, વાણી અને લાડવાના નિરંતર નવા-નવા પરિણમનમાં-મેં લાડવો ખાધો, તો દ્રવ્યત્વગુણને નથી માન્યો.

**પ્રશ્ન-૪ :- પ્રમેયત્વગુણને ક્યારે માન્યો અને ક્યારે નથી માન્યો?**

ઉત્તર :- (૧) ઔદારિક આદિ શરીર, મન, વાણી અને લાડુમાં જડ રૂપી એક પ્રદેશી અનંત પુદ્ગલદ્રવ્ય, પ્રમેયત્વગુણને કારણે વ્યવહારથી જ્ઞેય અને મારો નિજ આત્મા જ્ઞાયક; જ્ઞાનપર્યાય જ્ઞેય અને મારો નિજ આત્મા જ્ઞાયક પણ એવા ભેદથી પણ કોઈ સિદ્ધિ નથી; પરમાર્થથી હું જ્ઞાયક, જ્ઞાયક - એમ જાણે-માને તો

પ્રમેયત્વગુણને માન્યો, અને (૨) નિજ આત્મા, જ્ઞાયક-જ્ઞેય સંબંધને ભૂલીને, મેં લાડવો ખાધો તો પ્રમેયત્વગુણને નથી માન્યો.

**પ્રશ્ન-૫ :- અગુરુલઘુત્વગુણને ક્યારે માન્યો અને ક્યારે નથી માન્યો?**

ઉત્તર :- (૧) મારા ચૈતન્ય અરૂપી નિજ ભગવાન આત્માનો તથા ઔદારિક આદિ શરીર, મન, વાણી અને લાડવાના જડરૂપી અનંત પુદ્‌ગલદ્રવ્યોથી અગુરુલઘુત્વગુણને કારણે સર્વથા સંબંધ નથી. કેમકે દરેક દ્રવ્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ સર્વથા ભિન્ન-ભિન્ન છે - એમ જાણે-માને તો અગુરુલઘુત્વગુણને માન્યો, અને (૨) નિજ જ્ઞાયક ભગવાન આત્માના સ્વચતુષ્ટયને ભૂલીને, ઔદારિક આદિ શરીર, મન, વાણી અને લાડુ આદિના અનંત પુદ્‌ગલદ્રવ્યોના અનંત ચતુષ્ટયોમાં - મેં લાડવો ખાધો, તો અગુરુલઘુત્વને નથી માન્યું.

**પ્રશ્ન-૬ :- પ્રદેશત્વગુણને ક્યારે માન્યો અને ક્યારે નથી માન્યો?**

ઉત્તર :- (૧) મારા ચૈતન્ય અરૂપી અસંખ્યાત પ્રદેશ એક આકારનો, ઔદારિક આદિ શરીર, મન, વાણી અને લાડવાના જડ રૂપી એક પ્રદેશી પુદ્‌ગલના અનંત આકારો સાથે સર્વથા સંબંધ નથી - એમ જાણે - માને તો પ્રદેશત્વગુણને માન્યો, અને (૨) નિજ ચૈતન્ય અરૂપી અસંખ્યાત પ્રદેશી એક આકારને ભૂલીને, ઔદારિક આદિ શરીર, મન, વાણી અને લાડવાના જડરૂપી એક પ્રદેશી પુદ્‌ગલના અનંત આકારોમાં - મેં લાડવો ખાધો, તો પ્રદેશત્વગુણને નથી માન્યો.

**પ્રશ્ન-૭ :- મેં લાડવો ખાધો - આ વાક્યમાં અત્યંતાભાવને ક્યારે માન્યો અને ક્યારે નથી માન્યો?**

ઉત્તર :- (૧) મારા ચૈતન્ય અરૂપી નિજ જ્ઞાયક ભગવાન



આત્માનો ઔદારિક આદિ શરીર, મન, વાણી અને લાડુ આદિના પરમાણુઓથી અત્યંતાભાવ છે - એમ જાણે-માને તો અત્યંતાભાવને માન્યો અને (૨) નિજ ચૈતન્ય અરૂપી આત્માને ભૂલીને ઔદારિક આદિ શરીર, મન, વાણી અને લાડુના અનંત પુદ્‌ગલદ્રવ્યોમાં, મેં લાડવો ખાધો - એમ જાણે-માને તો અત્યંતાભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૮ :- અન્યોન્યાભાવને ક્યારે માન્યો અને ક્યારે નથી માન્યો?**

ઉત્તર :- (૧) ઔદારિક આદિ શરીર, મન, વાણી અને લાડવાના સ્કંધોની વર્તમાન પર્યાયનો એકબીજાની પરસ્પર વર્તમાન પર્યાયોમાં એકબીજામાં જે અભાવ છે, તે અન્યોન્યાભાવ છે. જ્યારે એક જાતિ હોવા છતાં પુદ્‌ગલની વર્તમાન પર્યાયોમાં કોઈ સંબંધ નથી, ત્યારે મારા નિજ આત્માની સાથે સંબંધ કેવી રીતે હોઈ શકે? ક્યારેય ન હોઈ શકે - એમ જાને-માને તો અન્યોન્યાભાવને માન્યો અને (૨) ઔદારિક આદિ શરીર, મન, વાણી અને લાડવા આદિના પરસ્પર વર્તમાન પર્યાયોમાં જે અન્યોન્યાભાવ છે, તેને ન માનીને, મેં લાડવો ખાધો - એવી માન્યતાવાળાએ અન્યોન્યાભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૯ :- પ્રાગભાવને ક્યારે માન્યો અને ક્યારે નથી માન્યો?**

ઉત્તર :- (૧) લાડુની વર્તમાન પર્યાયનો, લાડુની ભૂતકાળની પર્યાયની સાથે પણ સંબંધ નથી તો મારા આત્માની સાથે સંબંધ કેવી રીતે હોઈ શકે? ક્યારેય ન હોઈ શકે - એમ જાણે-માને તો પ્રાગભાવને માન્યો, અને (૨) લાડુની વર્તમાન પર્યાય, ભૂતકાળની પર્યાય વિના કેમ હોઈ શકે?ક ક્યારેય ન હોઈ શકે, ત્યારે મેં લાડુ ખાધો - એવી માન્યતાવાળાએ પ્રાગભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૧૦ :- પ્રધ્વંસાભાવને ક્યારે માન્યો અને ક્યારે**

નથી માન્યો?

ઉત્તર :- (૧) લાડુની વર્તમાન પર્યાયનો, લાડુની ભવિષ્યની પર્યાય સાથે સંબંધ નથી તો મારા ચેતનની સાથે ક્યાંથી સંબંધ હોઈ શકે? ક્યારેય ન હોય - એવી માન્યતાવાળાએ પ્રધ્વંસાભાવને માન્યો, અને (૨) લાડુની વર્તમાન પર્યાયનો, લાડુની ભવિષ્યની પર્યાય સાથે પણ સંબંધ છે, ત્યારે તો મેં લાડુ ખાધો - આવી માન્યતાવાળાએ પ્રધ્વંસાભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૧૧ :- મેં લાડવો ખાધો - આ વાક્યમાં ચારેય અભાવોને સમજવાથી વીતરાગતા કઈ રીતે નીકળે છે? સ્પષ્ટ સમજાવો?**

ઉત્તર :- (૧) લાડુનો મારા ચૈતન્ય આત્માથી અત્યંતાભાવ છે. (૨) લાડુનો સ્કંધ અને ઔદારિક આદિ શરીર, મન, વાણીમાં અન્યોન્યાભાવ છે. (૩) લાડુની વર્તમાન પર્યાયનો, ભૂતની પર્યાયમાં પ્રાગભાવ છે. (૪) લાડુની વર્તમાન પર્યાયનો, ભવિષ્યની પર્યાયમાં પ્રધ્વંસાભાવ છે. જેમ લાડુને ખાવા તે સમય યોગ્યતાથી તે થયું છે; એ પ્રકારે વિશ્વમાં જેટલા પણ કાર્ય છે, તે બધા તે સમય પર્યાયની યોગ્યતાથી થઈ ચૂક્યા છે, થઈ રહ્યા છે અને ભવિષ્યમાં પણ થતા રહેશે - એમ જાણતા-માનતા જ પરમાં કર્તા-ભોક્તાની બુદ્ધિનો અભાવ થઈને, વીતરાગની પ્રાપ્તિ થઈ જાય છે, પછી ક્રમથી મોક્ષરૂપી લક્ષ્મીનો નાથ બની જાય છે.

**પ્રશ્ન-૧૨ :- મોક્ષરૂપી લક્ષ્મીનો નાથ કોના આશ્રયે બને છે?**

ઉત્તર :- એકમાત્ર નિજ ચેતન ભગવાનને આશ્રયથી જ મોક્ષરૂપી લક્ષ્મીનો નાથ બનાય છે. ●●

જય મહાવીર - જય મહાવીર



(૨૦)

# સંયુક્ત પ્રશ્નોત્તર : વિશ્વ; છ દ્રવ્ય; છ સામાન્યગુણ; ચાર અભાવ

**પ્રશ્ન-૧ :- દ્રવ્ય-ગુણ-પર્યાય, કઈ અપેક્ષાએ સમાન છે અને કઈ અપેક્ષાએ સમાન નથી?**

ઉત્તર :- ક્ષેત્રથી સમાન છે અને ભાવથી સમાન નથી.

**પ્રશ્ન-૨ :- દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કાળ અપેક્ષાએ સમાન કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- કાળ અપેક્ષાએ દ્રવ્ય-ગુણ-સમાન છે અને પર્યાય, એક સમયની હોવાથી સમાન નથી.

**પ્રશ્ન-૩ :- દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં સંખ્યા અપેક્ષાએ સમાન કોણ છે?**

ઉત્તર :- ગુણ અને પર્યાય, સંખ્યામાં સમાન છે.

**પ્રશ્ન-૪ :- ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે, તેમાં 'લક્ષણ' શું છે અને 'લક્ષ' શું છે?**

ઉત્તર :- 'ગુણોનો સમૂહ', લક્ષણ છે અને 'દ્રવ્ય' લક્ષ છે.

**પ્રશ્ન-૫ :- દ્રવ્યમાં નિરંતર પર્યાય હોવાનું શું કારણ છે?**

ઉત્તર :- 'દ્રવ્ય'માં પર્યાય હોવાનું કારણ દ્રવ્યત્વગુણ છે.

**પ્રશ્ન-૬ :- તું આત્માને કઈ રીતે જાણે છો?**

ઉત્તર :- પ્રમેયત્વગુણને કારણે જાણું છું.

**પ્રશ્ન-૭ :- જ્ઞાનનું લક્ષણ શું છે?**

ઉત્તર :- સ્વ-પરપ્રકાશક, જ્ઞાનનું લક્ષણ છે.

**પ્રશ્ન-૮ :- સંખ્યા અપેક્ષાએ ક્યા-ક્યા દ્રવ્ય સમાન છે?**

ઉત્તર :- ધર્મ, અધર્મ; આકાશ, ત્રણે એક-એક છે.

**પ્રશ્ન-૯ :- ક્ષેત્ર અપેક્ષાએ ક્યા-ક્યા દ્રવ્ય સમાન છે?**

ઉત્તર :- ધર્મ, અધર્મ અને જીવ ક્ષેત્ર અપેક્ષાએ અસંખ્યાત પ્રદેશી હોવાથી સમાન છે. (૨) કાળાણુ અને પરમાણુ, ક્ષેત્ર અપેક્ષાએ એક પ્રદેશી હોવાથી સમાન છે.

**પ્રશ્ન-૧૦ :- નિશ્ચયથી અસ્તિકાય કોણ-કોણ છે?**

ઉત્તર :- જીવ, ધર્મ, અધર્મ અને આકાશ નિશ્ચયથી અસ્તિકાય છે.

**પ્રશ્ન-૧૧ :- વ્યવહારથી અસ્તિકાય કોણ છે?**

ઉત્તર :- પુદ્‌ગલસ્કંધ વ્યવહારથી અસ્તિકાય છે.

**પ્રશ્ન-૧૨ :- લોકાકાશ, અલોકાકાશ, આ આકાશના ભેદ નિશ્ચયથી છે કે વ્યવહારથી છે?**

ઉત્તર :- વ્યવહારથી છે.

**પ્રશ્ન-૧૩ :- અત્યાર સુધી તમે જે પાઠ વાંચ્યા, તેમાં એવા ગુણોના નામ જણાવો જે જીવ-પુદ્‌ગલોમાં હોય, બાકી દ્રવ્યોમાં ન હોય?**

ઉત્તર :- ક્રિયાવતીશક્તિ અને વૈભાવિકશક્તિ.

**પ્રશ્ન-૧૪ :- જ્ઞાનીને રાગમાં કેવી બુદ્ધિ હોય છે?**

ઉત્તર :- હેયબુદ્ધિ હોય છે.

**પ્રશ્ન-૧૫ :- અજ્ઞાનીને શુભભાવોમાં કેવી બુદ્ધિ હોય છે?**



ઉત્તર :- ઉપાદેયબુદ્ધિ હોય છે.

**પ્રશ્ન-૧૬ :- જ્ઞાની, રાગને શું જાણે છે?**

ઉત્તર :- જ્ઞાની, રાગને તપેદિકની બિમારી જાણે છે.

**પ્રશ્ન-૧૭ :- ક્રિયાવતીશક્તિને જાણવાનો શો લાભ છે?**

ઉત્તર :- (૧) ઘરમાંથી રૂપિયા, સોના-ચાંદી ડાકુ લઈ ગયા, તો જ્ઞાની જાણે છે કે તે પોતાની ક્રિયાવતીશક્તિને કારણે ગયા; ડાકુઓને કારણે નહિ, (૨) મારા આત્મામાં રોકાવું અને ગમન કરવું એ શરીરને કારણે કે ધર્મ-અધર્મદ્રવ્યને કારણે નથી થતું; માત્ર ક્રિયાવતીશક્તિને કારણે થાય છે - એમ જાણવાથી આકુળતા મટે છે.

**પ્રશ્ન-૧૮ :- શું જીવ શરીરને આગળ-પાછળ કરે છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, ક્રિયાવતીશક્તિને કારણે થાય છે.

**પ્રશ્ન-૧૯ :- જીવ કેમ નથી બોલતો?**

ઉત્તર :- જીવ અને શબ્દમાં અત્યંતાભાવ છે.

**પ્રશ્ન-૨૦ :- મોઢાથી તો શબ્દો નીકળે છે ને?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે શબ્દો અને મોઢામાં અન્યોન્યાભાવ છે.

**પ્રશ્ન-૨૧ :- શું દેવ પોતાના શરીરને નાનું-મોટું કરી શકે છે?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે દેવનો આત્મા અને શરીરમાં અત્યંતાભાવ છે.

**પ્રશ્ન-૨૨ :- જીવના બે ભેદ ક્યા-ક્યા છે?**

ઉત્તર :- સંસારી અને સિદ્ધ.

**પ્રશ્ન-૨૩ :- સંસારીના બે ભેદ ક્યા-ક્યા છે?**

ઉત્તર :- છદ્મસ્થ અને સર્વજ્ઞ.

**પ્રશ્ન-૨૪ :- છદ્મસ્થના બે ભેદ ક્યા-ક્યા છે?**

ઉત્તર :- સાધક અને બાધક.

**પ્રશ્ન-૨૫ :- બાધકના બે ભેદ ક્યા-ક્યા છે?**

ઉત્તર :- ભવ્ય અને અભવ્ય.

**પ્રશ્ન-૨૬ :- ભવ્યના બે ભેદ ક્યા-ક્યા છે?**

ઉત્તર :- મોક્ષ પ્રાપ્ત કરનાર અને મોક્ષ પ્રાપ્ત ન કરનારો.

**પ્રશ્ન-૨૭ :- પરમાણુની બે જાતિઓના નામ શું છે?**

ઉત્તર :- (૧) કારણપરમાણુ, (૨) કાર્યપરમાણુ.

**પ્રશ્ન-૨૮ :- કારણપરમાણુ કોને કહે છે?**

ઉત્તર :- સ્કંધોથી જોડાવાની શક્તિવાળા પરમાણુને કારણપરમાણુ કહે છે.

**પ્રશ્ન-૨૯ :- કાર્યપરમાણુ કોને કહે છે?**

ઉત્તર :- સ્કંધોમાં અલગ થનારા પરમાણુને કાર્યપરમાણુ કહે છે.

**પ્રશ્ન-૩૦ :- શરીર અને જીવમાં તથા શરીર અને વસ્ત્રમાં ક્યો અભાવ છે?**

ઉત્તર :- શરીર અને જીવમાં અત્યંતાભાવ છે તથા શરીર અને વસ્ત્રમાં અન્યોન્યાભાવ છે.

**પ્રશ્ન-૩૧ :- જીવ અને ચૈતન્યમાં ક્યો અભાવ છે?**

ઉત્તર :- કોઈપણ અભાવ નથી.

**પ્રશ્ન-૩૨ :- શું પવન ધજાને હલાવે છે?**

ઉત્તર :- બિલકુલ નહિ. કેમકે પવન અને ધજામાં અન્યોન્યાભાવ છે.

**પ્રશ્ન-૩૩ :- ધજા કોનાથી હલે છે?**

ઉત્તર :- પોતાની ક્રિયાવતીશક્તિથી હલે છે, પવનથી નહિ.



**પ્રશ્ન-૩૪ :- સાદિ-અનંત એક ક્ષેત્રમાં રહેનારા કોણ છે?**

ઉત્તર :- સિદ્ધ ભગવાન છે.

**પ્રશ્ન-૩૫ :- પર્યાયની અપેક્ષાએ દ્રવ્યને શું કહે છે?**

ઉત્તર :- પર્યાયી અથવા પર્યાયવાન કહે છે.

**પ્રશ્ન-૩૬ :- ચૈતન્યગુણ, સામાન્ય છે કે વિશેષ?**

ઉત્તર :- છ દ્રવ્યોમાંથી માત્ર જીવદ્રવ્યમાં છે, બીજા કોઈ દ્રવ્યોમાં નથી, આ અપેક્ષાએ વિશેષ છે; અને બધા જીવદ્રવ્યોમાં છે, એ અપેક્ષાએ સામાન્ય છે.

**પ્રશ્ન-૩૭ :- જ્ઞાનગુણ અને સુખગુણની સંખ્યા જણાવો?**

ઉત્તર :- જેટલા જીવદ્રવ્ય છે, તેટલા જ જ્ઞાનગુણ અને સુખગુણ છે.

**પ્રશ્ન-૩૮ :- પોતાને કૂટસ્થ માનનારા ક્યા ગુણના મર્મને નથી જાણતા?**

ઉત્તર :- દ્રવ્યત્વગુણના મર્મને નથી જાણતા.

**પ્રશ્ન-૩૯ :- પોતાને પર અને શરીરાદિને કરનારો માને તો તે શું ભૂલ્યો છે?**

ઉત્તર :- અગુરુલઘુત્વગુણ અને અત્યંતાભાવને ભૂલ્યો છે.

**પ્રશ્ન-૪૦ :- જ્ઞાનાવરણીયકર્મે જ્ઞાનને દબાવ્યું - શું એ ઠીક છે?**

ઉત્તર :- ખોટું છે કેમકે બંનેમાં અત્યંતાભાવ છે.

**પ્રશ્ન-૪૧ :- ક્રિયાવતીશક્તિના ગમન અને સ્થિતિના નિમિત્તમાં શું અંતર છે?**

ઉત્તર :- ગતિમાં નિમિત્ત ધર્મદ્રવ્ય છે અને સ્થિતિમાં નિમિત્ત અધર્મદ્રવ્ય છે.

**પ્રશ્ન-૪૨ :- સિદ્ધભગવાનને કોનું નિમિત્ત છૂટી ગયું અને**

**કોનું સાદિ-અનંત નિમિત્ત થયું?**

ઉત્તર :- ધર્મદ્રવ્યનું નિમિત્ત છૂટી ગયું અને સાદિ-અનંત અધર્મ દ્રવ્યનું નિમિત્ત થયું.

**પ્રશ્ન-૪૩ :- આઠ ભેદવાળું ક્યું શરીર છે?**

ઉત્તર :- કાર્મણશરીર છે.

**પ્રશ્ન-૪૪ :- પાંચેય શરીરનો કર્તા કોણ છે અને કોણ નથી?**

ઉત્તર :- પાંચેય શરીરનો કર્તા પુદ્ગલદ્રવ્ય છે; જીવ નથી.

**પ્રશ્ન-૪૫ :- અવિનાભાવસંબંધ કોને કહે છે? તેના અમુક ઉદાહરણો આપો?**

ઉત્તર :- (૧) એક પદાર્થની સાથે બીજાનું હોવું, અવિનાભાવ સંબંધ છે. જેમ કે :- (૧) જ્યાં કાર્મણશરીર હોય છે, ત્યાં તૈજસ શરીર હોય જ છે. (૨) જ્યાં મતિજ્ઞાન હોય છે, ત્યાં શ્રુતજ્ઞાન હોય જ છે. (૩) જ્યાં રંગ હોય છે ત્યાં સ્પર્શ-રસ-ગંધ હોય જ છે. (૪) જ્યાં જ્યાં જ્ઞાન હોય છે, ત્યાં ત્યાં સુખ હોય જ છે.

**પ્રશ્ન-૪૬ :- તું કઈ અપેક્ષાએ એક છો?**

ઉત્તર :- હું મારા જીવદ્રવ્યની અપેક્ષાએ એક છું.

**પ્રશ્ન-૪૭ :- તું કઈ અપેક્ષાએ અસંખ્ય છો?**

ઉત્તર :- હું મારા પ્રદેશોની અપેક્ષાએ અસંખ્ય છું.

**પ્રશ્ન-૪૮ :- તું કઈ અપેક્ષાએ અનંત છો?**

ઉત્તર :- હું મારા ગુણોની અપેક્ષાએ અનંત છું.

**પ્રશ્ન-૪૯ :- સમ્યગ્દર્શન અને ચક્ષુદર્શનમાં શો ભેદ છે?**

ઉત્તર :- બંને જુદાં-જુદાં ગુણની પર્યાયો છે; માટે ગુણભેદ છે.

**પ્રશ્ન-૫૦ :- સમ્યગ્દર્શન અને ચક્ષુદર્શન બંને કોને હોય છે?**



ઉત્તર :- સાધકજીવને હોય છે.

**પ્રશ્ન-૫૧ :- ચક્ષુદર્શન હોય અને સમ્યગ્દર્શન ન હોય- શું એમ બને છે?**

ઉત્તર :- મિથ્યાદષ્ટિને ચક્ષુદર્શન હોય જ છે, સમ્યગ્દર્શન નથી હોતું. ચક્ષુદર્શન ત્રણ ઈન્દ્રિયવાળા જીવોને પણ નથી હોતું.

**પ્રશ્ન-૫૨ :- સમ્યગ્દર્શન હોય અને ચક્ષુદર્શન ન હોય - શું એવું બની શકે છે?**

ઉત્તર :- હાં, હોઈ શકે છે; દેવ (અરિહંત-સિદ્ધ)ને સમ્યગ્દર્શન હોય છે અને ચક્ષુદર્શન નથી હોતું, કેમકે તેમને કેવળદર્શન હોય છે.

**પ્રશ્ન-૫૩ :- જ્ઞાન અને મતિજ્ઞાનમાં શું અંતર છે?**

ઉત્તર :- જ્ઞાન, ગુણ છે અને મતિજ્ઞાન, જ્ઞાનગુણની પર્યાય છે.

**પ્રશ્ન-૫૪ :- શું તું અહીં રેલથી આવ્યો છો?**

ઉત્તર :- હું મારી ક્રિયાવતીશક્તિથી આવ્યો છું; રેલ, શરીર અને ધર્મદ્રવ્યને કારણે નથી આવ્યો.

**પ્રશ્ન-૫૫ :- સ્કંધ હોવાનું સાચું કારણ શું છે?**

ઉત્તર :- તે સમયની પર્યાયની યોગ્યતા. પરમાણુની ભીની-સુકી અવસ્થા, સ્કંધ બનવામાં કારણ (નિમિત્ત) છે.

**પ્રશ્ન-૫૬ :- મેં કૂવામાંથી પાણી ખેંચ્યું - શું તે સત્ય છે?**

ઉત્તર :- બિલકુલ ખોટું છે, પાણી પોતાની ક્રિયાવતીશક્તિથી ઉપર આવ્યું છે.

**પ્રશ્ન-૫૭ :- આહારવર્ગણા, તૈજસવર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા અને કાર્મણવર્ગણાના ક્રમનું શું કારણ છે?**

ઉત્તર :- (૧) જીવને પહેલાં તો પોતાના સંયોગરૂપ શરીરનું

જ્ઞાન થાય છે; તેથી પહેલા આહારવર્ગણા લીધી છે. (૨) તે પછી શરીરના તેજની ખબર પડે છે; તેથી બીજા નંબર ઉપર તૈજસવર્ગણા લીધી છે. (૩) પછી બે, ત્રણ ઈન્દ્રિયો અને ભાષા પ્રગટે છે; તેથી ત્રીજા નંબર ઉપર ભાષાવર્ગણા લીધી છે. (૪) મન માત્ર સંજ્ઞી જીવોને જ હોય છે; તેથી ચોથા નંબર ઉપર મનોવર્ગણા લીધી છે. (૫) કાર્મણશરીરના સૂક્ષ્મપણાના કારણે, પાંચમાં નંબર ઉપર કાર્મણવર્ગણાને લીધી છે.

**પ્રશ્ન-૫૮ :- ધારણાના પ્રધ્વંસાભાવમાં શું આવશે?**

ઉત્તર :- શ્રુતજ્ઞાન આવશે.

**પ્રશ્ન-૫૯ :- જીવ અને પુદ્‌ગલની એકબીજામાં મેળવણી કરો.**

ઉત્તર :- (૧) સંખ્યામાં જીવ, અનંત અને પુદ્‌ગલ, જીવથી અનંતગુણા અધિક છે. (૨) ક્ષેત્રમાં જીવ, અસંખ્યાતપ્રદેશી અને પુદ્‌ગલ, એકપ્રદેશી છે. (૩) જીવ, અમૂર્ત છે અને પુદ્‌ગલ મૂર્ત છે. (૪) જીવ, ચેતન છે અને પુદ્‌ગલ જડ છે. (૫) જીવની ક્રિયાવતી શક્તિ તથા વૈભાવિકશક્તિ ચેતન છે અને પુદ્‌ગલની ક્રિયાવતીશક્તિ તથા વૈભાવિકશક્તિ અચેતન છે.

**પ્રશ્ન-૬૦ :- ધ્રુવ રહેતું થકું નિરંતર બદલાય છે - ક્યો ગુણ જાણવામાં આવે છે?**

ઉત્તર :- અસ્તિત્વ, દ્રવ્યત્વગુણ જાણવામાં આવે છે.

**પ્રશ્ન-૬૧ :- સીમંધર ભગવાનની મુદ્રા અતિ ભવ્ય છે - ક્યા ગુણની ખબર પડે છે?**

ઉત્તર :- પ્રદેશત્વગુણની ખબર પડે છે.

**પ્રશ્ન-૬૨ :- સિદ્ધભગવાનને કેટલા અભાવ લાગે છે?**

ઉત્તર :- અન્યોન્યાભાવને છોડીને ત્રણે લાગે છે.

**પ્રશ્ન-૬૩ :- કર્મોદયને કારણે રાગ થયો, તો ક્યા અભાવને ભૂલ્યો છે?**

ઉત્તર :- અત્યંતાભાવને ભૂલ્યો છે.



**પ્રશ્ન-૬૪ :- દ્રવ્યલિંગમાં ભાવલિંગ પ્રગટે છે તો ક્યા અભાવને ભૂલ્યો?**

ઉત્તર :- અત્યંતાભાવને ભૂલે છે.

**પ્રશ્ન-૬૫ :- મુનિરાજ બહારમાં પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિને પાળે છે તો ક્યા અભાવને ભૂલે છે?**

ઉત્તર :- અત્યંતાભાવને ભૂલે છે.

**પ્રશ્ન-૬૬ :- બે દ્રવ્યોનો કર્તા એક છે તો ક્યા અભાવને ભૂલે છે?**

ઉત્તર :- અત્યંતાભાવને ભૂલે છે.

**પ્રશ્ન-૬૭ :- ક્રમબદ્ધપર્યાયને ન માનનારા ક્યા અભાવને ભૂલે છે?**

ઉત્તર :- પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવને ભૂલે છે.

**પ્રશ્ન-૬૮ :- પહેલા હતું, અત્યારે નથી, તેનાથી ક્યો અભાવ જ્ઞાનમાં આવે છે?**

ઉત્તર :- પ્રાગભાવ જ્ઞાનમાં આવે છે.

**પ્રશ્ન-૬૯ :- ઘાતિકર્મ અને અઘાતિકર્મમાં ક્યો અભાવ છે?**

ઉત્તર :- અન્યોન્યાભાવ છે.

**પ્રશ્ન-૭૦ :- દંડ, ચક્રથી ઘડો બન્યો - તો ક્યા અભાવને ભૂલ્યો?**

ઉત્તર :- અન્યોન્યાભાવને ભૂલે છે.

**પ્રશ્ન-૭૧ :- ભગવાનના જિનબિંબના દર્શન કરવાથી સમ્યગ્દર્શનાદિ પ્રગટે છે - શું એ વાત ઠીક છે?**

ઉત્તર :- તે વ્યવહારકથન છે; વ્યવહારકથનને સાચું માનનારાએ

અગુરુલઘુત્વગુણ અને અત્યંતાભાવને નથી માન્યા.

**પ્રશ્ન-૭૨ :- દ્રવ્યત્વગુણને કારણે જ્ઞાનમાં શું થાય છે?**

ઉત્તર :- જ્ઞાનગુણમાં નિરંતર સમયે-સમયે નવા-નવા પરિણમન થાય છે; તેમાં દ્રવ્યત્વગુણ નિમિત્ત છે.

**પ્રશ્ન-૭૩ :- અગુરુલઘુત્વગુણને કારણે, જ્ઞાનમાં શું થાય છે?**

ઉત્તર :- જ્ઞાનગુણ, વર્ણાદિ પુદ્ગલના ગુણોમાં નથી જાતો અને જ્ઞાન-ગુણ, શ્રદ્ધા, ચારિત્ર વગેરે બીજા ગુણોરૂપ નથી થતું.

**પ્રશ્ન-૭૪ :- અનંત ગુણોનો દ્રવ્યની સાથે કેવો સંબંધ છે?**

ઉત્તર :- નિત્યતાદાત્મ્ય સંબંધ છે.

**પ્રશ્ન-૭૫ :- શુભાશુભવિકારીભાવો અને ગુણભેદનો આત્માની સાથે કેવો સંબંધ છે?**

ઉત્તર :- અનિત્યતાદાત્મ્ય સંબંધ છે.

**પ્રશ્ન-૭૬ :- જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય કઈ-કઈ અપેક્ષાએ સમાન નથી?**

ઉત્તર :- (૧) વિશેષગુણોની અપેક્ષાએ; (૨) ક્ષેત્રની અપેક્ષાએ; (૩) સંખ્યા અપેક્ષાએ સમાન નથી.

**પ્રશ્ન-૭૭ :- વિશ્વના ક્યા દ્રવ્યોમાં સંકોચ-વિસ્તાર થાય છે?**

ઉત્તર :- માત્ર જીવદ્રવ્યમાં જ સંકોચ-વિસ્તાર થાય છે.

**પ્રશ્ન-૭૮ :- હું પલંગ ઉપર સૂઈ ગયો - મારામાં અને સૂવામાં ક્યો અભાવ છે તથા પલંગ અને સૂવામાં ક્યો અભાવ છે?**

ઉત્તર :- મારા સૂવામાં અત્યંતાભાવ છે અને પલંગ અને સૂવામાં અન્યોન્યાભાવ છે.

**પ્રશ્ન-૭૯ :- અનાદિ-અનંત સ્થિર એક ક્ષેત્રમાં રહેનારા ક્યા-ક્યા દ્રવ્ય છે?**



ઉત્તર :- ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્ય છે.

**પ્રશ્ન-૮૦ :- છ દ્રવ્યોના સમૂહને વિશ્વ કહે છે - તે બધાનો એક ક્ષેત્રમાં રહેતા ક્યો અભાવ છે?**

ઉત્તર :- અત્યંતાભાવ છે.

**પ્રશ્ન-૮૧ :- ચક્ષુદર્શનના દ્રવ્ય-ગુણ-પર્યાય ક્યા છે?**

ઉત્તર :- ચક્ષુદર્શન પોતે અર્થપર્યાય છે; આત્મા, દ્રવ્ય છે અને દર્શન, ગુણ છે.

**પ્રશ્ન-૮૨ :- શું એક દ્રવ્યના અસ્તિત્વગુણ અને વસ્તુત્વગુણના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એક જ છે?**

ઉત્તર :- દ્રવ્ય-ક્ષેત્ર-કાળ એક જ છે પણ બંનેના ભાવમાં અંતર છે.

**પ્રશ્ન-૮૩ :- કચરાને બહાર ફેંકી દીધો - તે નકામો છે, ક્યા ગુણને નથી માન્યો?**

ઉત્તર :- વસ્તુત્વગુણને કારણે કચરો પણ પોતાની પ્રયોજનભૂત ક્રિયા કરી જ રહ્યો છે; નકામો નથી.

**પ્રશ્ન-૮૪ :- હું ચુપચાપ આ કાર્ય કરું, કોઈને ખબર ન પડે - એવી માન્યતાવાળાએ ક્યા સામાન્યગુણને નથી માન્યો?**

ઉત્તર :- પ્રમેયત્વગુણને નથી માન્યો.

**પ્રશ્ન-૮૫ :- અગુરુલઘુત્વગુણને કારણે, એક ગુણ, બીજા ગુણરૂપ નથી થતાં - તે એક દ્રવ્યના ગુણની વાત છે કે જુદા-જુદા દ્રવ્યોના ગુણોની વાત છે?**

ઉત્તર :- એક જ દ્રવ્યના ગુણની વાત છે.

**પ્રશ્ન-૮૬ :- મોક્ષ થવાથી 'તેજમાં તેજ મળી જાય છે' તે પ્રમાણે બધા જીવ એક થઈ જાય છે - એવી માન્યતાવાળાએ ક્યા સામાન્યગુણ અને ક્યા અભાવને નથી માન્યો?**

ઉત્તર :- સામાન્યગુણોમાં અગુરુલઘુત્વગુણને અને અભાવોમાંથી અત્યંતાભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૮૭ :- જ્ઞેય-જ્ઞાયકસંબંધ ક્યા સામાન્યગુણને જણાવે છે?**

ઉત્તર :- પ્રમેયત્વગુણને જણાવે છે.

**પ્રશ્ન-૮૮ :- ક્યું દ્રવ્ય અક્રિય છે?**

ઉત્તર :- કોઈપણ દ્રવ્ય અક્રિય નથી, કેમકે દરેક દ્રવ્યમાં વસ્તુત્વગુણને કારણે અર્થક્રિયાકારિત્વ થતું જ રહે છે.

**પ્રશ્ન-૮૯ :- શું એક રૂપિયાનો એક જ આકાર હોય છે?**

ઉત્તર :- એક આકાર નથી; એક રૂપિયામાં જેટલા પરમાણુ છે, તેટલા જ આકાર એક રૂપિયામાં છે.

**પ્રશ્ન-૯૦ :- ઘઉંનો લોટ, ઘંટીમાં થયો કે બાઈથી થયો?**

ઉત્તર :- બંનેમાંથી કોઈપણથી નથી થયો, કેમકે બાઈ અને લોટનો અત્યંતાભાવ છે તથા ઘઉં અને ઘંટીમાં અન્યોન્યાભાવ છે. દ્રવ્યત્વગુણને કારણે, પર્યાય બદલાઈ ગઈ.

**પ્રશ્ન-૯૧ :- કાળદ્રવ્યની શું ઓળખાણ છે?**

ઉત્તર :- પરિણમનહેતુત્વ વગેરે.

**પ્રશ્ન-૯૨ :- કેરી લીલી હતી, પીળી થઈ, તો દ્રવ્ય-ગુણ-પર્યાયમાંથી શું બદલાયું?**

ઉત્તર :- માત્ર વર્ણગુણની પર્યાય બદલાણી.

**પ્રશ્ન-૯૩ :- વિશ્વમાં ક્યા-ક્યા દ્રવ્યના ટૂકડા થઈ શકે છે?**

ઉત્તર :- વિશ્વમાં કોઈપણ દ્રવ્યના ટૂકડા નથી થઈ શકતા.

**પ્રશ્ન-૯૪ :- એક ક્ષેત્રમાં એક જાતિના બે દ્રવ્ય ક્યારે ન આવે - એવા દ્રવ્યનું નામ શું છે?**

ઉત્તર :- કાળદ્રવ્ય છે.

**પ્રશ્ન-૯૫ :- પોતાનો જ વિશેષગુણ પોતાને નિમિત્ત ન બને, એવા દ્રવ્યો ક્યા-ક્યા છે?**



ઉત્તર :- ધર્મ અને અધર્મદ્રવ્ય છે.

**પ્રશ્ન-૯૬ :- ઘડીયાળનો કાંટો કોણ ફેરવે છે?**

ઉત્તર :- પોતાની ક્રિયાવતીશક્તિને કારણે ફરે છે.

**પ્રશ્ન-૯૭ :- ઘડીયાળનો કાંટો નિશ્ચયકાળ છે કે વ્યવહારકાળ છે?**

ઉત્તર :- બેય નથી. કેમકે ઘડિયાળનો કાંટો તો પુદ્ગલનો પિંડ છે.

**પ્રશ્ન-૯૮ :- દુઃખી કરવાનો ભાવ અને સુખી કરવાનો ભાવ શું છે અને શું નથી?**

ઉત્તર :- દુઃખી-સુખી કરવાનો ભાવ, ચારિત્રગુણની વિભાવઅર્થપર્યાય છે; સ્વભાવઅર્થપર્યાય નથી.

**પ્રશ્ન-૯૯ :- પ્રકાશ થયો - તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો?**

ઉત્તર :- અંધકારનો અભાવ, પ્રકાશનો ઉત્પાદ અને વર્ણગુણ કાયમ.

**પ્રશ્ન-૧૦૦ :- ભગવાને સિદ્ધપદ મેળવ્યું - તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો?**

ઉત્તર :- ચૌદમા ગુણસ્થાનનો વ્યય, સિદ્ધપદનો ઉત્પાદ અને આત્મા કાયમ.

**પ્રશ્ન-૧૦૧ :- ઘી ઓગળ્યું - તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો?**

ઉત્તર :- જામેલી અવસ્થાનો વ્યય, ઓગાળેલા ઘીનો ઉત્પાદ અને ઘી કાયમ.

**પ્રશ્ન-૧૦૨ :- ઠંડુ પાણી - તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો?**

ઉત્તર :- ઉષ્ણતાનો વ્યય, ઠંડાનો ઉત્પાદ અને સ્પર્શગુણ કાયમ.

**પ્રશ્ન-૧૦૩ :- ઠંડી પડી - તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો?**

ઉત્તર :- ગરમીનો વ્યય, ઠંડીનો ઉત્પાદ અને આહારવર્ગણારૂપ સ્પર્શગુણ કાયમ.

**પ્રશ્ન-૧૦૪ :- ઔપશમિકસમ્યક્ત્વ પ્રગટ્યું - તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લગાવો?**

ઉત્તર :- મિથ્યાત્વદશાનો વ્યય, ઔપશમિકસમ્યક્ત્વનો ઉત્પાદ અને આત્માનો શ્રદ્ધાગુણ ધ્રુવ.

**પ્રશ્ન-૧૦૫ :- મિથ્યાદર્શન શું છે?**

ઉત્તર :- મિથ્યાદર્શન, જીવદ્રવ્યના શ્રદ્ધાગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૧૦૬ :- પુરુષાકાર શું છે?**

ઉત્તર :- શરીરસહિત અવસ્થામાં જીવદ્રવ્યના પ્રદેશત્વગુણની વિભાવઅર્થપર્યાય છે તથા સિદ્ધદશામાં જીવદ્રવ્યના પ્રદેશત્વગુણની સ્વભાવઅર્થ પર્યાય છે.

**પ્રશ્ન-૧૦૭ :- મેઘગર્જના શું છે?**

ઉત્તર :- ભાષાવર્ગણાનું પરિણમન છે.

**પ્રશ્ન-૧૦૮ :- પરિણમનહેતુત્વ શું છે?**

ઉત્તર :- કાળદ્રવ્યનો વિશેષગુણ છે.

**પ્રશ્ન-૧૦૯ :- અવગાહનહેતુત્વ શું છે?**

ઉત્તર :- આકાશદ્રવ્યનો વિશેષગુણ છે.

**પ્રશ્ન-૧૧૦ :- કેવળજ્ઞાન શું છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના જ્ઞાનગુણની સ્વભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૧૧૧ :- રૂપિયા શું છે?**

ઉત્તર :- સ્કંધના પ્રદેશત્વગુણની વિભાવવ્યંજનપર્યાય છે.

**પ્રશ્ન-૧૧૨ :- શુભભાવ શું છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના ચારિત્રગુણની વિભાવઅર્થપર્યાય છે.



**પ્રશ્ન-૧૧૩ :- ગંધ શું છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્યનો વિશેષગુણ છે.

**પ્રશ્ન-૧૧૪ :- શ્રદ્ધા શું છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્યનો વિશેષગુણ છે.

**પ્રશ્ન-૧૧૫ :- સામાન્યગુણ પહેલા કે વિશેષગુણ પહેલા?**

ઉત્તર :- બંને સાથે-સાથે છે; આગળ-પાછળ નથી એટલે કે અનાદિ અનંત છે.

**પ્રશ્ન-૧૧૬ :- શું અસ્તિત્વગુણ જાણવાયોગ્ય છે?**

ઉત્તર :- હા, પ્રમેયત્વગુણને કારણે અસ્તિત્વગુણ જાણવાયોગ્ય છે.

**પ્રશ્ન-૧૧૭ :- પ્રયોજનભૂતકાર્ય કોનામાં થાય છે અને કોનામાં નથી થતું?**

ઉત્તર :- પ્રયોજનભૂતકાર્ય, પર્યાયમાં જ થાય છે અને દ્રવ્ય-ગુણમાં નથી થતું.

**પ્રશ્ન-૧૧૮ :- અગુરુલઘુત્વ શું બતાવે છે?**

ઉત્તર :- દરેક દ્રવ્ય, જેમનું તેમ રહે છે; નાનું-મોટું ન થાય તે અગુરુલઘુત્વગુણ બતાવે છે.

**પ્રશ્ન-૧૧૯ :- વિશ્વના ત્રણ ભેદ ક્યા-ક્યા હોઈ શકે છે?**

ઉત્તર :- (૧) દ્રવ્ય-ગુણ-પર્યાય; (૨) ઉત્પાદ-વ્યય-ધ્રુવ.

**પ્રશ્ન-૧૨૦ :- ગતિહેતુત્વ અને સ્થિતિહેતુત્વમાં ક્યો અભાવ છે?**

ઉત્તર :- અત્યંતાભાવ છે.

**પ્રશ્ન-૧૨૧ :- સુતરમાં પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ જણાવો?**

ઉત્તર :- સુતરનો પુણીમાં અભાવ તે પ્રાગભાવ છે અને સુતરનો

કપડામાં અભાવ તે પ્રધ્વંસાભાવ છે.

**પ્રશ્ન-૧૨૨ :- એક સિદ્ધને બીજા સિદ્ધની અપેક્ષા છે - એમ કોઈ માને તો તેણે ક્યા સામાન્યગુણને નથી માન્યો?**

ઉત્તર :- અગુરુલઘુત્વગુણને નથી માન્યો.

**પ્રશ્ન-૧૨૩ :- હું પોતામાં વસુ છું - ક્યા સામાન્યગુણને માન્યો?**

ઉત્તર :- વસ્તુત્વગુણને માન્યું.

**પ્રશ્ન-૧૨૪ :- સમ્યગ્દર્શન થતા તરત જ વીતરાગતા થવી જોઈએ - એવા માન્યતાવાળા ક્યા સામાન્યગુણના મર્મને નથી જાણતા?**

ઉત્તર :- અગુરુલઘુત્વગુણના મર્મને નથી જાણતા.

**પ્રશ્ન-૧૨૫ :- પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવને ન માને તો ક્યો સામાન્યગુણ ઊડી જાય છે?**

ઉત્તર :- દ્રવ્યત્વગુણ ઊડી જાય છે.

**પ્રશ્ન-૧૨૬ :- અત્યંતાભાવને ન માને તો ક્યો સામાન્યગુણ ઊડી જાય છે?**

ઉત્તર :- અગુરુલઘુત્વગુણ ઊડી જાય છે.

**પ્રશ્ન-૧૨૭ :- ચારેય અભાવો રૂપી છે કે અરૂપી છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્યના રૂપી છે અને બાકી પાંચ દ્રવ્યોના અરૂપી છે.

**પ્રશ્ન-૧૨૮ :- જીવ શું છે અને જીવના લક્ષણ શું છે?**

ઉત્તર :- જીવ દ્રવ્ય છે અને ચૈતન્ય, જીવનું લક્ષણ છે.

**પ્રશ્ન-૧૨૯ :- શરીર શું છે અને શરીર કોની પર્યાય છે?**

ઉત્તર :- શરીર, પર્યાય છે અને અનંત પુદ્‌ગલોની વિભાવવ્યંજનપર્યાય તથા વિભાવઅર્થપર્યાયોરૂપ સ્કંધ છે.



**પ્રશ્ન-૧૩૦ :- તાવ ક્યા દ્રવ્ય-ગુણની અવસ્થા છે?**

ઉત્તર :- તાવ પુદ્‌ગલદ્રવ્યના સ્પર્શગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૧૩૧ :- સિદ્ધદશા શું છે?**

ઉત્તર :- સિદ્ધદશા, આત્માના સંપૂર્ણ ગુણોની સ્વભાવઅર્થપર્યાય અને પ્રદેશત્વગુણની સ્વભાવવ્યંજનપર્યાય છે.

**પ્રશ્ન-૧૩૨ :- દયા શું છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના ચારિત્રગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૧૩૩ :- ધર્મ શું છે?**

ઉત્તર :- (૧) ધર્મ નામનું એક દ્રવ્ય છે. (૨) સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવોને ધર્મ કહે છે. (૩) વસ્તુના સ્વભાવને પણ ધર્મ કહે છે.

**પ્રશ્ન-૧૩૪ :- સ્પર્શ શું છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્યનો વિશેષગુણ છે.

**પ્રશ્ન-૧૩૫ :- સ્થિતિહેતુત્વ અને ગતિહેતુત્વ શું છે?**

ઉત્તર :- સ્થિતિહેતુત્વ, અધર્મદ્રવ્યનો અને ગતિહેતુત્વ, ધર્મદ્રવ્યનો વિશેષગુણ છે.

**પ્રશ્ન-૧૩૬ :- પુણ્ય-પાપભાવ શું છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના ચારિત્રગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૧૩૭ :- લૌકિક સુખ-દુઃખ શું છે?**

ઉત્તર :- લૌકિક સુખ-દુઃખ જીવદ્રવ્યના સુખગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૧૩૮ :- ક્રિયાવતીશક્તિ શું છે?**

ઉત્તર :- જીવ અને પુદ્‌ગલદ્રવ્યના વિશેષગુણ છે.

**પ્રશ્ન-૧૩૯ :- ઉપવાસ શું છે?**

ઉત્તર :- (૧) ઉપવાસનો ભાવ જીવદ્રવ્યના ચારિત્રગુણની

વિભાવઅર્થપર્યાય છે. (૨) ઉપ = સમીપ, વાસ = રહેવું, એટલે કે આત્માની સમીપમાં રહેવું, તે સાચો ઉપવાસ છે. તે જીવદ્રવ્યના ચારિત્રગુણની સ્વભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૧૪૦ :- ભક્તિ-પૂજાનો ભાવ શું છે?**

ઉત્તર :- જીવદ્રવ્યના ચારિત્રગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૧૪૧ :- નાચવું શું છે?**

ઉત્તર :- અસમાનજાતીયદ્રવ્યપર્યાય છે.

**પ્રશ્ન-૧૪૨ :- પૂજાની સામગ્રી શું છે?**

ઉત્તર :- આહારવર્ગણાની સ્કંધરૂપ પર્યાય છે.

**પ્રશ્ન-૧૪૩ :- દાન શું છે?**

ઉત્તર :- (૧) રૂપિયા-પૈસા વગેરે દેવું, પુદ્‌ગલદ્રવ્યની વિભાવઅર્થ પર્યાયો અને વિભાવવ્યંજનપર્યાયો છે અને પૈસાનું ક્ષેત્રથી ક્ષેત્રાંતર થવું, પુદ્‌ગલોની ક્રિયાવતીશક્તિની અર્થપર્યાય છે. (૨) દાનનો ભાવ, ચારિત્રગુણની વિભાવઅર્થપર્યાય છે. (૩) સાચું દાન, વીર્યગુણની સ્વભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૧૪૪ :- કર્મ શબ્દ ક્યા-ક્યા અર્થમાં પ્રયુક્ત થાય છે?**

ઉત્તર :- કર્મ શબ્દ પાંચ અર્થમાં પ્રયુક્ત થાય છે. (૧) દ્રવ્યકર્મ (૨) નો કર્મ (૩) ભાવકર્મ (૪) કર્મકારક (૫) કર્મ એટલે કે કાર્ય.

**પ્રશ્ન-૧૪૫ :- ભાવકર્મ શું છે?**

ઉત્તર :- જીવદ્રવ્યની ચારિત્રગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૧૪૬ :- જ્ઞાનનો અર્થ શું છે?**

ઉત્તર :- (૧) જ્ઞાન એટલે કે આત્મા (૨) જ્ઞાન એટલે કે આત્માનો જ્ઞાનગુણ (૩) જ્ઞાનીના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહે છે અને અજ્ઞાનીના જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહે છે.

**પ્રશ્ન-૧૪૭ :- કેવળદર્શન શું છે?**



ઉત્તર :- કેવળદર્શન, જીવદ્રવ્યના દર્શનગુણની સ્વભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૧૪૮ :- મોક્ષ કોને કહે છે?**

ઉત્તર :- આત્માની સંપૂર્ણ શુદ્ધિને મોક્ષ કહે છે.

**પ્રશ્ન-૧૪૯ :- સંસાર શું છે?**

ઉત્તર :- પરદ્રવ્યમાં પોતાપણાનો ભાવ, આ 'હું' તેનું નામ સંસાર છે.

**પ્રશ્ન-૧૫૦ :- ચારિત્ર શું છે?**

ઉત્તર :- (૧) જીવદ્રવ્યનો વિશેષગુણ છે, (૨) મોહ-ક્ષોભરહિત આત્મા પરિણામ ચારિત્ર છે.

**પ્રશ્ન-૧૫૧ :- શ્રાવકપણું શું છે?**

ઉત્તર :- શ્રાવકપણું જીવદ્રવ્યના ચારિત્રગુણની એકદેશ સ્વભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૧૫૨ :- મુનિપણું શું છે?**

ઉત્તર :- મુનિપણું, જીવદ્રવ્યના ચારિત્રગુણની સકલચારિત્ર સ્વભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૧૫૩ :- દોડવું-બેસવું શું છે?**

ઉત્તર :- દોડવું-બેસવું પુદ્‌ગલદ્રવ્યની ક્રિયાવતીશક્તિગુણની વિભાવઅર્થપર્યાયો છે.

**પ્રશ્ન-૧૫૪ :- સમ્યક્ત્વ-મિથ્યાત્વ શું છે?**

ઉત્તર :- (૧) સમ્યક્ત્વ, જીવદ્રવ્યના શ્રદ્ધાગુણની સ્વભાવઅર્થપર્યાય છે. (૨) મિથ્યાત્વ, જીવદ્રવ્યના શ્રદ્ધાગુણની વિભાવઅર્થપર્યાય છે.

**પ્રશ્ન-૧૫૫ :- રસ શું છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્યનો વિશેષગુણ છે.

**પ્રશ્ન-૧૫૬ :- ખાટું-મીઠું શું છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્યના રસગુણની વિભાવઅર્થપર્યાયો છે.

**પ્રશ્ન-૧૫૭ :- જૈન કોને કહે છે?**

ઉત્તર :- નિજ શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયે મોહ-રાગ-દ્વેષને જીતનારી નિર્મળ પરિણતિ જેણે પ્રગટ કરી તેને જૈન કહે છે.

**પ્રશ્ન-૧૫૮ :- સાચા જૈન કેટલા પ્રકારના છે?**

ઉત્તર :- ત્રણ પ્રકારના છે. (૧) ઉત્તમ જૈન - અરિહંત સિદ્ધ; (૨) મધ્મય જૈન - સાતમા ગુણસ્થાનથી લઈને બારમા ગુણસ્થાન સુધીના જીવ; (૩) જઘન્ય જૈન - ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનવાળા જીવ.

**પ્રશ્ન-૧૫૯ :- કષાય કોને કહે છે?**

ઉત્તર :- જે ભાવથી સંસારનો લાભ થાય તેને કષાય કહે છે.

**પ્રશ્ન-૧૬૦ :- આહારકશરીર કોનું કાર્ય છે?**

ઉત્તર :- આહારવર્ગણાનું કાર્ય છે.

**પ્રશ્ન-૧૬૧ :- મેજ-ખુરશી-ઘડિયાળ શું છે?**

ઉત્તર :- સમાનજાતીયદ્રવ્યપર્યાય છે.

**પ્રશ્ન-૧૬૨ :- સુગંધ-દુર્ગંધ શું છે?**

ઉત્તર :- પુદ્‌ગલદ્રવ્યના ગંધગુણની વિભાવઅર્થપર્યાયો છે.

**પ્રશ્ન-૧૬૩ :- ભગવાનની વાણી સાંભળીને સમ્યગ્જ્ઞાન થયું - એવી માન્યતાવાળા ક્યા અભાવને ભૂલે છે?**

ઉત્તર :- અત્યંતાભાવને ભૂલે છે.

**પ્રશ્ન-૧૬૪ :- સાતાવેદનીયના ઉદયથી પૈસા આવે છે - એવી માન્યતાવાળા ક્યા અભાવને ભૂલે છે?**

ઉત્તર :- અન્યોન્યાભાવને ભૂલે છે.



**પ્રશ્ન-૧૬૫ :- મિથ્યાત્વના સ્વભાવથી સમ્યક્ત્વ થવાની માન્યતાવાળાએ ક્યા અભાવને નથી માન્યો?**

ઉત્તર :- પ્રાગભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૧૬૬ :- પેટી, આત્માએ તો નથી ઉઠાવી, પણ હાથે તો ઉઠાવી છે - ક્યા અભાવને ભૂલ્યો છે?**

ઉત્તર :- અન્યોન્યભાવને ભૂલ્યો છે.

**પ્રશ્ન-૧૬૭ :- હું રોટલી ખાવ છું - ક્યા અભાવને નથી માન્યો?**

ઉત્તર :- અત્યંતાભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૧૬૮ :- શરીર તો રોટલી ખાય છે - ક્યા અભાવને નથી માન્યો?**

ઉત્તર :- અન્યોન્યાભાવને નથી માન્યો.

**પ્રશ્ન-૧૬૯ :- એક જીવની સત્તા કેટલી છે?**

ઉત્તર :- અસ્તિત્વાદિ અનંત સામાન્યગુણ; જ્ઞાન-દર્શનાદિ અનંત વિશેષગુણ; એક વ્યંજનપર્યાય અને અનંત અર્થપર્યાયો, તે એક જીવની સત્તા છે. એ પ્રકારે દરેક જીવની સત્તા છે - એમ જાણવું.

**પ્રશ્ન-૧૭૦ :- દરેક પુદ્‌ગલની સત્તા કેટલી છે?**

ઉત્તર :- અસ્તિત્વાદિ અનંત સામાન્યગુણ; સ્પર્શ-રસ-ગંધ-વર્ણાદિ અનંત વિશેષગુણ; એક વ્યંજનપર્યાય અને અનંત અર્થપર્યાયો એક પરમાણુની સત્તા છે; તે પ્રમાણે દરેક પરમાણુની સત્તા એટલી છે.

**પ્રશ્ન-૧૭૧ :- ધર્માસ્તિકાયની સત્તા કેટલી છે?**

ઉત્તર :- અસ્તિત્વાદિ અનંત સામાન્યગુણ; ગતિ હેતુત્વાદિ અનંત વિશેષગુણ, એક સ્વભાવવ્યંજનપર્યાય અને અનંત સ્વભાવઅર્થપર્યાયોં, તે ધર્માસ્તિકાયની સત્તા છે.

**પ્રશ્ન-૧૭૨ :- અધર્માસ્તિકાયની સત્તા કેટલી છે?**

ઉત્તર :- અસ્તિત્વાદિ અનંત સામાન્યગુણ, સ્થિતિહેતુત્વાદિ અનંત વિશેષગુણ; એક સ્વભાવવ્યંજનપર્યાય અને અનંત સ્વભાવઅર્થપર્યાયો, તે અધર્માસ્તિકાયની સત્તા છે.

**પ્રશ્ન-૧૭૩ :- આકાશદ્રવ્યની સત્તા કેટલી છે?**

ઉત્તર :- અસ્તિત્વાદિ અનંત સામાન્યગુણ; અવગાહનહેતુત્વાદિ અનંત વિશેષગુણ; એક સ્વભાવવ્યંજનપર્યાય અને અનંત સ્વભાવ અર્થપર્યાયો, તે આકાશદ્રવ્યની સત્તા છે.

**પ્રશ્ન-૧૭૪ :- કાળદ્રવ્યની સત્તા કેટલી છે?**

ઉત્તર :- અસ્તિત્વાદિ અનંત સામાન્યગુણ; પરિણમનહેતુત્વાદિ અનંત વિશેષગુણ; એક સ્વભાવવ્યંજનપર્યાય અને અનંત સ્વભાવઅર્થપર્યાયો, તે એક કાળદ્રવ્યની સત્તા છે.

**પ્રશ્ન-૧૭૫ :- (૧) દ્રવ્યનું નામ, (૨) દ્રવ્યનું લક્ષણ, (૩) દ્રવ્યની સંખ્યા (૪) દ્રવ્યના પ્રદેશ સંખ્યા (૫) દ્રવ્ય, કાય અપેક્ષા, (૬) દ્રવ્યમાં ભેદ, (૭) દ્રવ્યના સામાન્યગુણ (૮) દ્રવ્યના વિશેષગુણ (૯) દ્રવ્યની પર્યા. આ નવના આધારે જીવ-પુદ્ગલ, ધર્મ-અધર્મ-આકાશ અને કાળને સમજાવો?**

ઉત્તર :- **જીવદ્રવ્ય** — (૧) જીવ, (૨) જ્ઞાન-દર્શન ઉપયોગમયી, (૩) અનંત, (૪) અસંખ્યાત પ્રદેશી, (૫) અસ્તિકાય, (૬) સંસારીમુક્ત, (૭) અસ્તિત્વાદિ સામાન્યગુણ, (૮) જ્ઞાન-દર્શન-ચારિત્ર-ક્રિયાવતીશક્તિ-વૈભાવિકશક્તિ વગેરે વિશેષગુણ, (૯) એક વ્યંજનપર્યાય અને અનંત અર્થપર્યાયસહિત છે.

**પુદ્ગલદ્રવ્ય** — (૧) પુદ્ગલ, (૨) સ્પર્શ-રસ-ગંધ-વર્ણ, (૩) અનંતાઅનંત, (૪) એક પ્રદેશી, (૫) અસ્તિ છે; કાય નથી. વ્યવહારના સ્કંધની અપેક્ષાએ અસ્તિકાય, (૬) પરમાણુ-સ્કંધ, (૭)



અસ્તિત્વાદિ સામાન્યગુણ (૮) સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-ક્રિયાવતીશક્તિ, વૈભાવિકશક્તિ વગેરે વિશેષગુણ, (૯) એક વ્યંજનપર્યાય અને અનંત અર્થપર્યાયો છે.

**ધર્મદ્રવ્ય** — (૧) ધર્મ, (૨) ગતિહેત્વાદિ, (૩) એક, (૪) અસંખ્યાત પ્રદેશી, (૫) અસ્તિકાય, (૬) જીવ અને પુદ્ગલના ગમનમાં નિમિત્ત, (૭) અસ્તિત્વાદિ સામાન્યગુણ; (૮) ગતિહેતુત્વાદિ વિશેષગુણ, (૯) એક સ્વભાવવ્યંજનપર્યાય અને અનંત સ્વભાવઅર્થપર્યાયો છે.

**અધર્મદ્રવ્ય** — (૧) અધર્મ, (૨) સ્થિતિહેતુત્વાદિ, (૩) એક, (૪) અસંખ્યાત પ્રદેશી, (૫) અસ્તિકાય, (૬) જીવ અને પુદ્ગલના સ્થિર થવામાં નિમિત્ત (૭) અસ્તિત્વાદિ સામાન્યગુણ, (૮) સ્થિતિહેતુત્વાદિ વિશેષગુણ, (૯) એક સ્વભાવવ્યંજનપર્યાય અને અનંત સ્વભાવઅર્થપર્યાયો છે.

**કાળદ્રવ્ય** — (૧) કાળ, (૨) પરિણમનહેતુત્વાદિ, (૩) લોકપ્રમાણ અસંખ્યાત, (૪) એક પ્રદેશી, (૫) અસ્તિ છે; કાય નથી, (૬) લોકાકાશના એક-એક પ્રદેશ પર સ્થિત છે અને પ્રત્યેક દ્રવ્યના પરિણમનમાં નિમિત્ત, (૭) અસ્તિત્વાદિ સામાન્યગુણ, (૮) પરિણમનહેતુત્વાદિ વિશેષગુણ, (૯) એક સ્વભાવવ્યંજનપર્યાય અને અનંત સ્વભાવઅર્થપર્યાયો છે.

## સમ્યગ્દર્શનથી કર્મનો ક્ષય

**જે જીવ, મિથ્યાત્વને છોડીને સમ્યક્ત્વને ધ્યાવે છે, તે સમ્યગ્દષ્ટિ થાય છે, અને સમ્યક્ત્વરૂપ પરિણમનથી તે જીવ આ દુષ્ટ આઠકર્મોનો ક્ષય કરે છે. (શ્રી મોક્ષપાહુડ - ૮૭)**

●●

## ૨૧

# આત્મહિતના આઠ સૂત્ર

**પ્રશ્ન-૧ :- જે જીવને પોતાનું કલ્યાણ કરવું હોય તેણે શું-શું જાણવું જરૂરી છે?**

ઉત્તર :- જે જીવને મિથ્યાત્વનો અભાવ કરીને, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય અને મોક્ષ પ્રાપ્ત કરવો હોય તેણે સાચું કારણ-કાર્યનું જ્ઞાન કરવા માટે આઠ વાતોનો નિર્ણય કરવો જોઈએ.

**પ્રશ્ન-૨ :- જેનાથી સમ્યગ્દર્શન થઈને મોક્ષની પ્રાપ્તિ થાય એવા સાચા કારણ-કાર્યનું જ્ઞાન કરવા માટે આઠ વાતો કઈ-કઈ છે?**

ઉત્તર :- (૧) બંધ કોને કહે છે? (૨) જીવ અને પુદ્‌ગલના નિશ્ચય અને વ્યવહારના બંધનું જ્ઞાન; (૩) ઈન્દ્રિયજ્ઞાનની મર્યાદા શું છે? (૪) વિકારી અને અવિકારી પર્યાયોની સ્વતંત્રતાનું જ્ઞાન; (૫) વિકારીપર્યાયને પરાશ્રિત કેમ કહી? (૬) જ્યારે વિકારી પર્યાય સ્વતંત્ર છે, તો શાસ્ત્રોમાં સ્વ-પર પ્રત્યયોને કેમ કહેવામાં આવે છે? (૭) દરેક સ્કંધમાં દરેક પરમાણુ પોતપોતાનું સ્વતંત્ર કાર્ય કરે છે, તેની સ્વતંત્રતાનું જ્ઞાન; (૮) અર્થપર્યાય અને વ્યંજનપર્યાયના વિષયોમાં મિથ્યામાન્યતા શું-શું છે. તે પ્રમાણે સાચા કારણ-કાર્ય આદિનું જ્ઞાન થવાથી મિથ્યાત્વનો અભાવ અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ



થઈને, સાથે જ કેવળજ્ઞાનમાં જેવો વસ્તુનો સ્વભાવ છે, તેવું જ દૃષ્ટિમાં આવી જાય છે.

**પ્રશ્ન-૩ :- બંધ કોને કહે છે?**

**ઉત્તર :-** જે સંબંધવિશેષથી અનેક વસ્તુઓમાં એકપણાનું જ્ઞાન થાય છે તે સંબંધવિશેષને બંધ કહે છે.

**પ્રશ્ન-૪ :- બંધની વ્યાખ્યા સ્પષ્ટ સમજાવો?**

**ઉત્તર :-** (૧) સંબંધવિશેષ હોવો જોઈએ, (૨) અનેક વસ્તુઓ હોવી જોઈએ; (૩) અનેક વસ્તુઓમાં એકપણાનું કથન હોવું જોઈએ; (૪) જ્ઞાનમાં દરેક વસ્તુની સ્વતંત્રતા આવવી જોઈએ; જેમકે હલવો કહ્યું તો, (૧) હલવો, સંબંધવિશેષ છે. (૨) હલવામાં અનેક પરમાણુ છે, તે અનેક વસ્તુઓ થઈ. (૩) કથનમાં આવ્યું કે આ હલવો છે. (૪) હલવામાં જેટલા પરમાણુ છે, તે જુદાં-જુદાં છે; એકનો બીજા સાથે સંબંધ નથી. તેથી દરેક વસ્તુની સ્વતંત્રતા જ્ઞાનમાં આવવી જોઈએ, ત્યારે બંધનું સાચું જ્ઞાન કહી શકાય છે.

**પ્રશ્ન-૫ :- દૂધ અને કાંકરા, સંબંધવિશેષ છે કે નહિ?**

**ઉત્તર :-** (૧) દૂધ અને કાંકરાને સંબંધવિશેષ ન કહી શકીએ, કારણ કે બંને જુદાં-જુદાં જ્ઞાનમાં જણાય છે. (૨) દૂધ અને પાણીને સંબંધવિશેષ કહેવાશે, કેમકે દૂધ અને પાણી અનેક ચીજોમાં એકપણાનું જ્ઞાન કરાવે છે; માટે તેને સંબંધ વિશેષ કહે છે.

**પ્રશ્ન-૬ :- દૂધ અને પાણીના મેળને સંબંધવિશેષ ક્યારે કહેવાશે?**

**ઉત્તર :-** દૂધ અને પાણીમાં દરેક પરમાણુ પોતપોતાની ગુણ પર્યાયસહિત વર્તી રહ્યા છે; એકનો બીજામાં અભાવ છે તથા એક પરમાણુની વર્તમાન પર્યાયનો બીજા પરમાણુઓની વર્તમાન પર્યાયોમાં અન્યોન્યાભાવ છે - એવું જેને જ્ઞાન વર્તે છે, તે દૂધ અને પાણીના

મેળને સંબંધવિશેષ કહી શકાય; બીજાને નહિ.

**પ્રશ્ન-૭ :- છ દ્રવ્યોના સમૂહને વિશ્વ કહે છે - તે સંબંધવિશેષ છે કે નહિ?**

ઉત્તર :- બિલકુલ નહિ, કેમકે છ દ્રવ્યોના સમૂહમાં સંબંધવિશેષ નથી, કારણ કે અનેક ચીજો તો છે પણ એકપણાનું જ્ઞાન નથી થતું; માટે છ દ્રવ્યોના સમૂહરૂપ વિશ્વમાં સંબંધવિશેષ નથી.

**પ્રશ્ન-૮ :- સંબંધવિશેષ જેને કહી શકાય છે તેના અમુક નામ જણાવો?**

ઉત્તર :- રોટલી, મેજ, પાથરણું ફોટો, ડબ્બો, લાલટેન, પુસ્તક, ઘડિયાળ વગેરે અનેક ચીજો છે પરંતુ એક કહેવામાં આવે છે અને જ્ઞાની જાણે છે કે દરેક રોટલી આદિમાં પરમાણુઓનું સ્વરૂપ અલગ-અલગ છે; માટે તે સંબંધવિશેષના નામથી કહેવાય છે.

**પ્રશ્ન-૯ :- બંધનું સાચું જ્ઞાન કોને હોય છે અને કોને નથી હોતું?**

ઉત્તર :- એકમાત્ર જ્ઞાનીઓને જ હોય છે; દ્રવ્યલિંગિ મુનિ વગેરે અજ્ઞાનીઓને નથી હોતું.

**પ્રશ્ન-૧૦ :- જેનાથી સમ્યગ્દર્શન થાય પછી ક્રમથી મોક્ષ થાય, એવા આઠ બોલમાંથી બીજા બોલનું નામ શું છે?**

ઉત્તર :- 'જીવ અને પુદ્ગલના નિશ્ચય-વ્યવહારના બંધનું જ્ઞાન' એ બીજા બોલનું નામ છે.

**પ્રશ્ન-૧૧ :- જીવમાં નિશ્ચયબંધ શું છે?**

ઉત્તર :- આત્મામાં રાગ-દ્વેષાદિનો બંધ થવો તે જીવનો નિશ્ચયબંધ છે.

**પ્રશ્ન-૧૨ :- આત્મા અને રાગ-દ્વેષાદિમાં બંધની પરિભાષા શું ઘટે?**



ઉત્તર :- (૧) 'રાગી-જીવ' - તે સંબંધવિશેષ છે. (૨) એક આત્મા છે, બીજો રાગ-દ્વેષ છે, આ બે વસ્તુઓ થઈ. (૩) આત્મા અને રાગ-દ્વેષમાં એકપણાનું કથન હોય છે, તથા (૪) જ્ઞાની બંનેનું સ્વરૂપ અલગ-અલગ જાણે છે, કેમકે રાગ-દ્વેષાદિનું સ્વરૂપ, બંધસ્વરૂપ અને આત્માનું સ્વરૂપ અબંધસ્વરૂપ ચૈતન્યસ્વભાવી છે. માટે આત્મા અને રાગ-દ્વેષાદિ બંધની પરિભાષા ઘટે છે.

**પ્રશ્ન-૧૩ :- જીવના નિશ્ચયબંધને જાણવાથી જ્ઞાનીઓને શો લાભ છે?**

ઉત્તર :- જ્ઞાની તો ચોથે ગુણસ્થાનથી બંનેને અલગ-અલગ જાણે છે અને પોતાના ચૈતન્યસ્વભાવી આત્મામાં સ્થિરતા કરીને મોક્ષને પામે છે.

**પ્રશ્ન-૧૪ :- જીવના નિશ્ચયબંધને જાણવાથી અજ્ઞાની પાત્ર જીવોને શું લાભ છે?**

ઉત્તર :- અજ્ઞાની અનાદિથી એક-એક સમય કરીને રાગ-દ્વેષાદિરૂપ જ પોતાને જાણે હતો. જ્યારે તેણે ગુરુથી સાંભળ્યું કે રાગ-દ્વેષાદિક, બંધસ્વરૂપ જુદાં છે અને ભગવાન આત્મા અબંધસ્વભાવી જુદો છે તો પોતાની પ્રજ્ઞારૂપી છીણીને પોતાના આત્માની સન્મુખ કરીને ધર્મની પ્રાપ્તિ કરે છે અને પછી તે પણ જ્ઞાનીની જેમ મોક્ષને પામે છે, આ જીવને નિશ્ચયબંધને જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૧૫ :- જીવનો વ્યવહારબંધ શું છે?**

ઉત્તર :- જીવ અને દ્રવ્યકર્મ-નોકર્મના સંબંધને જીવનો વ્યવહારબંધ કહેવામાં આવે છે.

**પ્રશ્ન-૧૬ :- જીવ અને દ્રવ્યકર્મ-નોકર્મમાં બંધની પરિભાષા શું ઘટે છે?**

ઉત્તર :- જીવ એક પદાર્થ છે; દ્રવ્યકર્મ-નોકર્મ બીજા પદાર્થ

છે. સ્થૂળરૂપે એક કહેવામાં આવે છે પણ જ્ઞાની તેને જુદાં-જુદાં જાણે છે; માટે બંધની પરિભાષા ઘટે છે.

**પ્રશ્ન-૧૭ :- જીવથી દ્રવ્યકર્મ-નોકર્મ તો બિલકુલ જુદાં છે. આપે આ સંબંધવિશેષને બંધની પરિભાષામાં કેમ જોડી દીધું?**

ઉત્તર :- સ્થૂળરૂપે આત્મા અને દ્રવ્યકર્મ-નોકર્મરૂપ શરીર અલગ જોવામાં નથી આવતા. એક દેખાય છે; માટે બંધની પરિભાષા ઘટે છે.

**પ્રશ્ન-૧૮ :- જીવના વ્યવહારબંધને જાણવાથી શો લાભ છે?**

ઉત્તર :- જીવની પર્યાયમાં રાગ-દ્વેષાદિ થાય છે, તેમાં દ્રવ્યકર્મ-નોકર્મ નિમિત્ત હોય છે. ભગવાન અબંધસ્વભાવીમાં નિમિત્તપણું નથી. માટે પાત્ર જીવ અબંધસ્વભાવીની દૃષ્ટિ કરીને ક્રમથી લીનતા કરીને સિદ્ધદશાને પામે છે, જેનાથી દ્રવ્યકર્મ-નોકર્મનો સંબંધ ક્યારેય નથી હોતો; આ વ્યવહારબંધને જાણવાનો લાભ છે.

**પ્રશ્ન-૧૯ :- જીવ અને દ્રવ્યકર્મના વ્યવહારબંધને જરા સ્પષ્ટ કરો?**

ઉત્તર :- શાસ્ત્રોમાં યોગના કંપનથી પ્રકૃતિ અને પ્રદેશનો તથા કષાયથી સ્થિતિ અને અનુભાગનો બંધ કહેવામાં આવે છે.

**પ્રશ્ન-૨૦ :- યોગના કંપનથી પ્રકૃતિ અને પ્રદેશનો બંધ થાય છે - તેમાં શું જાણવું જોઈએ?**

ઉત્તર :- જીવમાં યોગરૂપ કંપન થયું, તે પોતાના ઉપાદાનથી થયું અને પ્રકૃતિ-પ્રદેશબંધ પોતાના ઉપાદાનથી આવ્યા. યોગગુણનું કંપન, નિમિત્ત છે તો પ્રકૃતિ-પ્રદેશ, નૈમિત્તિક છે અને યોગગુણનું કંપન, નૈમિત્તિક છે, તો પ્રદેશ-પ્રકૃતિ, નિમિત્ત છે - એવું સહજ



જ નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે; એકબીજાને કારણે કોઈ નથી.

**પ્રશ્ન-૨૧ :- પાત્રજીવ શું જાણે છે?**

ઉત્તર :- (અ) યોગગુણમાં કંપન થયું; માટે પ્રદેશ-પ્રકૃતિ બંધ થયો - એમ નથી. (આ) પ્રકૃતિ-પ્રદેશ થયો, તો જીવમાં કંપન થયું - એમ નથી, કેમકે બંને સ્વતંત્ર છે.

**પ્રશ્ન-૨૨ :- અજ્ઞાની શું માને છે?**

ઉત્તર :- યોગગુણમાં કંપન થવાથી પ્રકૃતિ-પ્રદેશબંધ થાય છે અને પ્રકૃતિ-પ્રદેશબંધ હોવાથી કંપન્ન થાય છે - અજ્ઞાની એમ માને છે. તે બુદ્ધિ, નિગોદનું કારણ છે.

**પ્રશ્ન-૨૩ :- મિથ્યાત્વ-રાગ-દ્વેષ આદિથી સ્થિતિ અને અનુભાગ થાય છે, તેમાં શું જાણવું જોઈએ?**

ઉત્તર :- (અ) જીવમાં મિથ્યાત્વ-રાગ-દ્વેષાદિ ભાવ જીવની વિભાવઅર્થપર્યાયો છે. તે જીવના અશુદ્ધ ઉપાદાનથી છે અને કર્મની સ્થિતિ અને અનુભાગબંધ પોતાના ઉપાદાનથી છે. (આ) જીવના શ્રદ્ધાગુણમાં વિભાવરૂપ પરિણમન પોતાના ઉપાદાનથી છે અને દર્શનમોહનીયનો ઉદય, પોતાના ઉપાદાનથી છે. (ઇ) જીવના ચારિત્રગુણમાં વિભાવરૂપ પરિણમન, જીવના અશુદ્ધઉપાદાનથી છે અને ચારિત્ર મોહનીયનો ઉદય, પોતાના ઉપાદાનથી છે. (ઈ) શ્રદ્ધાગુણના વિભાવ પરિણમનમાં અને દર્શનમોહનીયના ઉદયમાં નિમિત્ત નૈમિત્તિકસંબંધ છે; એકબીજાને કારણે નથી. (ઉ) ચારિત્રગુણના વિભાવરૂપ પરિણમનમાં અને ચારિત્રમોહનીયના ઉદયમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે; એકબીજાને કારણે નહિ.

**પ્રશ્ન-૨૪ :- કેવી બુદ્ધિ છોડવી જોઈએ?**

ઉત્તર :- જીવના કષાયભાવોથી અનુભાગ-સ્થિતિનો બંધ થયો અને જીવના યોગગુણના કંપનથી પ્રકૃતિ-પ્રદેશબંધ થયો - આ

અનાદિકાળની ખોટી માન્યતા છોડવી જોઈએ અને બંને સ્વતંત્ર પોતપોતાને કારણે છે, એમ જાણી, પોતાના અબંધસ્વભાવી ભગવાન આત્માનો આશ્રય લેવો, પાત્ર જીવનું કર્તવ્ય છે.

**પ્રશ્ન-૨૫ :- અનુભાગ અને સ્થિતિબંધ શું બતાવે છે?**

**ઉત્તર :-** જીવે કષાયભાવ કર્યો - તે બતાવે છે; કરાવતો નથી.

**પ્રશ્ન-૨૬ :- પ્રકૃતિ અને પ્રદેશબંધ શું બતાવે છે?**

**ઉત્તર :-** યોગગુણમાં કંપન છે તે બતાવે છે, કરાવતું નથી.

**પ્રશ્ન-૨૭ :- દ્રવ્યકર્મ અને નોકર્મ શું બતાવે છે?**

**ઉત્તર :-** જીવની મૂર્ખતા બતાવે છે, કરાવતું નથી. જેમ આપણી ડોક વાંકી હોય તો અરીસામાં એમ બતાવે છે કે ડોક વાંકી છે, પણ અરીસો ડોકને વાંકી કરાવતો નથી; તેમ દ્રવ્યકર્મ, નોકર્મ એમ બતાવે છે કે અત્યારે સિદ્ધદશા નથી, સંસારદશા છે પણ દ્રવ્યકર્મ-નોકર્મ, સંસારદશા કરાવતું નથી.

**પ્રશ્ન-૨૮ :- પુદ્‌ગલનો નિશ્ચયબંધ શું છે?**

**ઉત્તર :-** એક પરમાણુમાં વિશિષ્ટ પ્રકારની પર્યાય હોય છે, તે પુદ્‌ગલના નિશ્ચયબંધ છે.

**પ્રશ્ન-૨૯ :- પુદ્‌ગલ પરમાણુનો નિશ્ચયબંધ સ્પષ્ટ સમજાવો?**

**ઉત્તર :-** પુદ્‌ગલના સ્પર્શગુણની ભીની કે સુકી પર્યાયમાં બે અંશ છે; ચાર અંશ છે; છ અંક છે; તે સ્પર્શગુણની ભીની, સુકી પર્યાયમાં બે વધારે અંશનું હોવું તે પરમાણુનો નિશ્ચયબંધ છે.

**પ્રશ્ન-૩૦ :- પુદ્‌ગલનો વ્યવહારબંધ શું છે?**

**ઉત્તર :-** (૧) ઔદારિકશરીર, (૨) કાર્મણશરીર, (૩) તૈજસશરીર, તે બધા પુદ્‌ગલના વ્યવહારબંધ છે.



**પ્રશ્ન-૩૧ :- પરમાણુમાં નિશ્ચયબંધની પરિભાષા કઈ રીતે ઘટે છે?**

**ઉત્તર :-** પરમાણુમાં ભીના અને સુકામાં બે અંશ, ચાર અંશ એ જુદી વસ્તુ છે. કહેવામાં એક આવે છે. જ્ઞાની અલગ-અલગ જાણે છે; તે પ્રમાણે બંધની પરિભાષા ઘટે છે. ચાર અંશ વગેરેને પણ વસ્તુ કહેવામાં આવે છે.

**પ્રશ્ન-૩૨ :- ઔદારિક, કાર્મણ, તૈજસશરીરમાં બંધની પરિભાષા કેમ ઘટે?**

**ઉત્તર :-** ઔદારિક વગેરે શરીર, અનેક પુદ્‌ગલોના સ્કંધ છે, તે અનેક છે. કહેવામાં એક આવે છે. જ્ઞાની દરેક પરમાણુને અલગ-અલગ જાણે છે; માટે બંધની પરિભાષા ઘટે છે.

**પ્રશ્ન-૩૩ :- આત્મા, બંધ અને મોક્ષમાં એકલો છે - એવું કોઈ શાસ્ત્રનું કથન છે?**

**ઉત્તર :-** શ્રી પ્રવચનસારના પરિશિષ્ટમાં ૪૫માં નયમાં કહ્યું છે કે 'નિશ્ચયનયે આત્મા એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે.' જેમ બંધ અને મોક્ષને યોગ્ય ભીની કે સૂકારૂપે પરિણમતા એવા એકલા પરમાણુ જ બદ્ધ અને મુક્ત થાય છે, તે પ્રકારે' - વિચારો - તેમાં જણાવ્યું કે આત્મા પોતાની જાતે બંધાય છે અને પોતાની જાતે મુક્ત થાય છે. તે નિશ્ચયનયનું કથન છે. પરમાણુ પણ પોતાની સ્પર્શગુણની સ્નિગ્ધ અને રૂક્ષત્વને કારણે બેથી વધારે અંશ હોવાથી બંધાય છે અને બેથી ઓછા હોવાથી છૂટે છે.

**પ્રશ્ન-૩૪ :- જીવ અને પુદ્‌ગલના વ્યવહારનયના વિષયમાં કોઈ શાસ્ત્રનો આધાર જણાવો?**

**ઉત્તર :-** શ્રી પ્રવચનસારના પરિશિષ્ટમાં ૪૪માં નયમાં કહ્યું છે કે 'વ્યવહારનયથી આત્મા બંધ અને મોક્ષમાં પુદ્‌ગલની સાથે

દ્વૈતને પામે છે જેમ કે પરમાણુના બંધમાં, તે પરમાણુ અન્ય પરમાણુની સાથે સંયોગને પામવારૂપ દ્વૈતને પામે છે અને પરમાણુના મોક્ષમાં તે પરમાણુ અન્ય પરમાણુમાં અલગ હોવાથી દ્વૈતને પામે છે, તે પ્રકારે' – એમ વ્યવહારનયથી જીવ અને પુદ્ગલને માટે કથન કર્યું છે.

**પ્રશ્ન-૩૫ :- જીવબંધ, પુદ્ગલબંધ અને ઉભયબંધના વિષયમાં ક્યાંય બીજે સ્પષ્ટ કહ્યું છે તો જણાવો?**

ઉત્તર :- શ્રી પ્રવચનસાર, ગાથા-૧૭૭માં તથા ટીકામાં લખ્યું છે કે (૧) 'કર્મોનું જે ભીની-સુકારૂપ સ્પર્શ વિશેષો સાથે એકત્વપરિણામ છે, તે કેવળ પુદ્ગલબંધ છે. (૨) જીવના ઔપાધિક મોહ-રાગ-દ્વેષરૂપ પર્યાયોની સાથે જે એકત્વપરિણામ છે, તે કેવળ જીવબંધ છે. (૩) જીવ તથા કર્મ પુદ્ગલોની સાથે પરસ્પર પરિણામના નિમિત્તમાત્રથી જે વિશિષ્ટરૂપે પરસ્પર અવગાહ છે, તે ઉભયબંધ છે, એટલે કે જીવ અને કર્મ પુદ્ગલ એકબીજાના પરિણામમાં નિમિત્તમાત્ર હોય છે, એવો જે (વિશિષ્ટપ્રકારનો ખાસ પ્રકારનો) તેમનો એક ક્ષેત્રાવગાહસંબંધ છે, તો તે પુદ્ગલ-જીવાત્મકબંધ છે.'

**પ્રશ્ન-૩૬ :- જ્યારે એક પરમાણુનો, બીજા પરમાણુથી નિશ્ચય બંધ નથી, તો જીવની સાથે પુદ્ગલનો સંબંધ કેમ હોઈ શકે?**

ઉત્તર :- ક્યારે ન હોઈ શકે. કેમકે પુદ્ગલ એક જાતિના હોવા છતાં પણ તેમાં નિશ્ચયબંધ નથી તો પછી જીવનો પુદ્ગલોની સાથે બંધ કેમ હોય શકે? ક્યારેય ન હોઈ શકે.

**પ્રશ્ન-૩૭ :- જીવ અને પુદ્ગલના બંધના વિષયમાં કઈ વાત યાદ રાખવી જોઈએ?**

ઉત્તર :- (૧) જીવ અને પુદ્ગલના બંધને વ્યવહારબંધ કહ્યો



છે. તે બંને સ્વતંત્રરૂપે પોતપોતાના ઉપાદાનથી છે; એકબીજાને કારણે નથી. (૨) આત્મા અને કર્મની સાથે બંધ હોય છે, તે જ્ઞાન કરાવવા માટે સાચી વાત છે. (૩) આત્મા, કર્મથી બંધાય છે, તે શ્રદ્ધા છોડવાની છે. (૪) મારામાં જે રાગ-દ્વેષ થાય છે, તે નિશ્ચયબંધ છે. જ્યાં સુધી જીવ પોતાના અબંધસ્વભાવી ભગવાન આત્માનો અને રાગ-દ્વેષ મારા-તેમાં પૂરી મૂર્ખતા એક સમયની છે – એમ નહિ જાણે ત્યાં સુધી બીજાના દોષો કોઢતો રહેશે અને સંસાર પરિભ્રમણ મટશે નહિ.

**પ્રશ્ન-૩૮ :- સંસારના અભાવ માટે શું કરવું?**

ઉત્તર :- હું અનાદિ-અનંત ચૈતન્યસ્વભાવી ભગવાન છું; મારી એક સમયની પર્યાયમાં મૂર્ખતા મારા અપરાધથી છે – તેમ જાણીને પોતાની જ્ઞાનની પર્યાયને પોતાની સન્મુખ કરે, તો મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યક્ત્વાદિ પ્રાપ્ત થઈને ક્રમથી મોક્ષનો પથિક બને છે. તે બીજા બોલનો સાર છે.

**પ્રશ્ન-૩૯ :- આત્મહિતકારી ત્રીજો બોલ ક્યો છે?**

ઉત્તર :- 'ઈન્દ્રિયજ્ઞાનની મર્યાદા શું છે' તે ત્રીજો બોલ છે.

**પ્રશ્ન-૪૦ :- શું ઈન્દ્રિયોથી જ્ઞાન નથી થતું?**

ઉત્તર :- ક્યારેય નથી થતું કેમકે જ્ઞાન તો જ્ઞાનગુણમાંથી આવે છે; ઈન્દ્રિયોમાંથી નહિ.

**પ્રશ્ન-૪૧ :- શું ઈન્દ્રિયજ્ઞાનથી તાત્ત્વિક નિર્ણય નથી થતો?**

ઉત્તર :- ક્યારેય નથી થતો. માટે ઈન્દ્રિયસુખની જેમ ઈન્દ્રિયજ્ઞાન પણ તુચ્છ છે. અતીન્દ્રિયસુખ અને અતીન્દ્રિયજ્ઞાન જ ઉપાદેય છે; માટે અતીન્દ્રિયજ્ઞાનથી જ તાત્ત્વિક નિર્ણય થાય છે.

**પ્રશ્ન-૪૨ :- તાત્ત્વિક નિર્ણયમાં ઈન્દ્રિયો, નિમિત્ત નથી, તો કોણ નિમિત્ત છે?**

**ઉત્તર :-** આગમ નિમિત્ત છે. જો પોતાના આત્માનો આશ્રય લઈને પોતાનો નિર્ણય કરે તો ઉપચારથી આગમને નિમિત્ત કહેવામાં આવે છે; ઈન્દ્રિયોને નહિ.

**પ્રશ્ન-૪૩ :- ઈન્દ્રિયજ્ઞાન દુઃખરૂપ અને હેય છે, એવું ક્યાં લખ્યું છે?**

**ઉત્તર :-** શ્રી પ્રવચનસાર, ગાથા-૫૫ની ટીકામાં લખ્યું છે કે 'આત્મા, પદાર્થને સ્વયં જાણવા માટે અસમર્થ હોવાથી ઉપાત્ત (ઈન્દ્રિય, મન વગેરે ઉપાત્ત પદાર્થો છે) અને અનુપાત્ત (પ્રકાશ વગેરે અનુપાત્ત પરપદાર્થ છે.) પરપદાર્થરૂપ સામગ્રીને ખોજવાની વ્યગ્રતાથી અત્યંત ચંચળ-તરલ-અસ્થિર વર્તતો એવો, અનંત શક્તિથી ચ્યુત હોવાથી અત્યંત વિકલ્પ વર્તતો (ભયપામેલો) મહામોહ-મલ્લના જીવિત હોવાથી, પરપરિણતિને (પરને પરિણમિત કરવાના) અભિપ્રાય કરવાથી પર પણ ડગલે ને પગલે (પર્યાય, પર્યાયમાં) ઠગતી પરમાર્થરૂપ અજ્ઞાનમાં ગણાવા યોગ્ય છે; માટે તે હેય છે.'

**પ્રશ્ન-૪૪ :- આત્મહિત માટે ચોથો બોલ ક્યો છે?**

**ઉત્તર :-** વિકારી અને અવિકારી પર્યાયોની સ્વતંત્રતાનું જ્ઞાન.

**પ્રશ્ન-૪૫ :- વિકારી, અવિકારી પર્યાયોની સ્વતંત્રતાના જ્ઞાનથી શું તાત્પર્ય છે?**

**ઉત્તર :-** વિકારીપર્યાય અને અવિકારીપર્યાય, ચાહે તો જીવની હોય કે અજીવની હોય, તે પોતપોતાનામાં સ્વતંત્રરૂપથી હોય છે. તેનો કર્તા, દ્રવ્ય પોતે જ છે; બીજો અન્ય કોઈ કર્તા નથી.

**પ્રશ્ન-૪૬ :- શું જીવ-પુદ્‌ગલની વિકારીપર્યાયો સ્વતંત્ર છે?**

**ઉત્તર :-** હા, બંનેની સ્વતંત્ર છે. જો જીવ એમ જાણે કે વિકાર મારી ભૂલથી થયો છે તો તે ભૂલરહિત સ્વભાવનો આશ્રય લઈને, ભૂલનો અભાવ કરી શકે છે; અને એમ જાણે કે ભૂલ બીજાએ



કરાવી છે તો ક્યારે દૂર નથી કરી શકતો. માટે જીવ, વિકાર કરવામાં પણ સ્વતંત્ર છે અને અભાવ કરવામાં પણ સ્વતંત્ર છે.

**પ્રશ્ન-૪૭ :- વિકારી, અવિકારીપર્યાય સ્વતંત્ર છે -એવું શાસ્ત્રોમાં ક્યાં આવ્યું છે?**

**ઉત્તર :-** શ્રી સમયસાર, જયસેનાચાર્યકૃત, સૂરતથી પ્રકાશિત ગાથા-૧૦૨, પૃષ્ઠ ૯૮માં લખ્યું છે કે '... જે શુભ અને અશુભભાવ કરે છે, તે ભાવનો સ્વતંત્રરૂપથી સ્પષ્ટપણે કર્તા હોય છે અને તે આત્માનો તે શુભ-અશુભપરિણામ, ભાવકર્મ હોય છે, કેમકે તે ભાવ, આત્મા દ્વારા કરવામાં આવ્યો છે.'

શ્રી પ્રવચનસાર, જ્ઞેય અધિકાર શ્રી જયસેનાચાર્ય કૃત ટીકા, ગાથા-૧૨૨માં લખ્યું છે કે 'જે ક્રિયા, જીવે સ્વતંત્ર રીતે શુદ્ધ કે અશુદ્ધ ઉપાદાનકારણરૂપે પ્રાપ્ત કરી છે, તે ક્રિયા જીવનું કર્મ છે, તે સંમત છે. અહીં કર્મ શબ્દથી જીવથી અભિન્ન ચૈતન્યકર્મ લેવું જોઈએ. તેને જ ભાવકર્મ કે નિશ્ચયકર્મ પણ કહે છે...' એ પ્રમાણે પુદ્‌ગલ પણ જીવની સમાન નિશ્ચયથી પોતાના પરિણામોનો જ કર્તા છે.

**પ્રશ્ન-૪૮ :- કેવી શ્રદ્ધા કરવી જોઈએ?**

**ઉત્તર :-** દરેક જીવ અને પુદ્‌ગલની પર્યાય, વિકારી હોય કે અવિકારી હોય, તે સ્વતંત્રરૂપથી થાય છે - એવી શ્રદ્ધા કરવી જોઈએ.

**પ્રશ્ન-૪૯ :- કેવી શ્રદ્ધા છોડવી જોઈએ?**

**ઉત્તર :-** જીવ અને પુદ્‌ગલની પર્યાય, એકબીજાથી થાય છે - તેવી મિથ્યા શ્રદ્ધા છોડવી જોઈએ.

**પ્રશ્ન-૫૦ :- જીવમાં વિકારી પર્યાયો સ્વતંત્ર હોય છે, તેને જાણવાથી શા લાભ છે?**

**ઉત્તર :-** (૧) વિકારી પર્યાયો, અશુદ્ધ નિશ્ચયનયનો વિષય

છે, તો શુદ્ધનિશ્ચયનયનો (તેના વિષયભૂત ત્રિકાળી સ્વભાવનો) આશ્રય લઈને અભાવ કરી શકે છે. (૨) વિકારી પર્યાયો, પર્યાયાર્થિકનયનો વિષય છે, તો દ્રવ્યાર્થિકનય(ના વિષયભૂત ત્રિકાળી સ્વભાવ)નો આશ્રય લઈને, અભાવ કરી શકે છે. (૩) વિકારી પર્યાયો, પરાશ્રિત વ્યવહાર છે, તો સ્વ આશ્રિતો નિશ્ચયનો આશ્રય લઈને તેનો અભાવ કરી શકે છે. (૪) વિકારીપર્યાયો, ઔદયિકભાવ છે, તો પારિણામિકભાવનો આશ્રય લઈને, તેનો અભાવ કરી શકે છે. (૫) વિકારી પર્યાય, અશુદ્ધપારિણામિકભાવ છે તો પરમશુદ્ધપારિણામિકભાવનો આશ્રય લઈને તેનો અભાવ કરી શકે છે; માટે વિકારી પર્યાયો સ્વતંત્ર છે.

**પ્રશ્ન-૫૧ :- આત્મહિતકારી પાંચમો બોલ શું છે?**

ઉત્તર :- 'વિકારીપર્યાયને પરાશ્રિત કેમ કહી' તે પાંચમો બોલ છે.

**પ્રશ્ન-૫૨ :- જ્યારે વિકારી પર્યાયો સ્વતંત્ર છે તો શાસ્ત્રોમાં વિકારીપર્યાયોને પરાશ્રિત કેમ કહી છે?**

ઉત્તર :- વિકારીપર્યાય સ્વતંત્ર હોવા છતાં પણ વિકારમાં પરનું નિમિત્ત હોય છે; માટે વિકારીપર્યાયોને પરાશ્રિત કહી છે. પરાશ્રિત કહેતા 'પરથી થઈ છે' - તેવો અર્થ નથી.

**પ્રશ્ન-૫૩ :- વિકારીપર્યાયને પરાશ્રિત ક્યા શાસ્ત્રમાં કહી છે?**

ઉત્તર :- શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા-૧૭૪માં લખ્યું છે કે 'આ પ્રત્યક્ષભૂત સ્વસંવેદનજ્ઞાનકર પ્રત્યક્ષ જે આત્મા, તે જ શુદ્ધ નિશ્ચયકર અનંત ચતુષ્ટય રૂપ, ક્ષુધાદિ અઢાર દોષરહિત નિર્દોષ પરમાત્મા છે તથા તે વ્યવહારનયકર અનાદિ કર્મબંધના વિશેષથી પરાધીન થતો એવો બીજાને જાપ કરે છે.'

શ્રી સમયસારમાં કહ્યું છે કે :-



'ઈસસે કરો નહિ રાગ વા, સંસર્ગ, ઉભય કુશીલ કા,
ઈસ કુશીલ કે સંસર્ગ સે હૈ, નાશ તુજ સ્વાતંત્ર્યકા.'

માટે આ બંને કુશીલો સાથે રાગ ન કરો, અથવા સંસર્ગ પણ ન કરો, કેમકે કુશીલની સાથે સંસર્ગ અને રાગ કરવાથી સ્વાધીનતાનો નાશ થાય છે.

**પ્રશ્ન-૫૪ :- કઈ શ્રદ્ધા કરવી અને કઈ શ્રદ્ધા છોડવી જોઈએ?**

ઉત્તર :- (૧) પરના આશ્રયે સ્વાધીનતા નષ્ટ થાય છે. તેણે પોતાનો આશ્રય છોડ્યો છે, તો પરની સાથે સંબંધ જોડ્યો છે, તેમ કહેવામાં આવે છે. ખરેખર તેમ નથી, એવી શ્રદ્ધા કરવી જોઈએ. (૨) પરના આશ્રયે કાંઈ પણ થાય છે - તેવી ખોટી માન્યતા છોડવાની છે, કેમકે જિનેન્દ્રભગવાન તેનાથી સંમત નથી.

**પ્રશ્ન-૫૫ :- જિનેન્દ્ર ભગવાન કોનાથી સંમત છે?**

ઉત્તર :- બે દ્રવ્યની ક્રિયાઓને એક દ્રવ્ય કરે છે, તેનાથી સંમત નથી.

**પ્રશ્ન-૫૬ :- આત્મહિતકારી છઠ્ઠો બોલ ક્યો છે?**

ઉત્તર :- 'જ્યારે વિકારીપર્યાયો સ્વતંત્ર છે, તો શાસ્ત્રોમાં સ્વ-પર પ્રત્યયોને કેમ કહ્યા છે' તે છઠ્ઠો બોલ છે.

**પ્રશ્ન-૫૭ :- વિકારીપર્યાયો સ્વતંત્ર છે તો સ્વ-પર પ્રત્યય કેમ કહ્યા છે?**

ઉત્તર :- ઉપાદાન અને નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે સ્વ-પર પ્રત્યય કહ્યા છે કેમકે જ્યાં ઉપાદાન હોય છે, ત્યાં નિમિત્ત હોય છે - એવો વસ્તુનો સ્વભાવ છે.

**પ્રશ્ન-૫૮ :- સ્વ-પર પ્રત્યયથી શું તાત્પર્ય છે?**

ઉત્તર :- જ્યાં બે કારણ કહેવામાં આવે, ત્યાં સ્વ-પર પ્રત્યય કહેવામાં આવે છે. જેમ કે જીવ-પુદ્‌ગલ ચાલે તો ધર્મદ્રવ્યને નિમિત્ત

કહેવાય છે. જીવ-પુદ્‌ગલમાં ક્રિયાવતીશક્તિનું ગમનરૂપ પરિણમન સ્વ અને ધર્મદ્રવ્યના ગતિહેતુત્વનું પરિણમન, પર; એ પ્રમાણે સ્વ-પર પ્રત્યય કહેવામાં આવે છે.

**પ્રશ્ન-૫૯ :- સ્વ-પર પ્રત્યય માટે કોઈ શાસ્ત્ર આધાર આપો?**

ઉત્તર :- શ્રી પ્રવચનસાર, જયસેનાચાર્ય કૃત ટીકા ગાથા-૯માં લીધું છે કે 'જેમ સ્ફટિકમણિ વિશેષ નિર્મળ છે, પણ .. ફુલ આદિ લાલ, કાળા, સફેદ ઉપાધિવશથી લાલ-સફેદ વર્ણરૂપ હોય છે.' તેમાં કહ્યું છે સ્ફટિક નિર્મળ હોવા છતાં પણ, લાલ-કાળું સ્વતંત્ર પરિણમનથી થયું છે; પરથી નહિ પરંતુ નિમિત્ત પર હોય છે; તે પ્રમાણે આત્મા સ્વભાવથી શુદ્ધ હોવા છતાં તેની પર્યાયમાં વિકાર છે અને કર્મ નિમિત્ત છે પણ વિકાર, કર્મને કારણે નથી. (તેના માટે વિશેષરૂપથી શ્રી પ્રવચનસાર, ગાથા-૧૨૬ની ટીકા જુઓ.)

**પ્રશ્ન-૬૦ :- વ્યવહારમાં પરની વાત કેમ કહી છે?**

ઉત્તર :- પરનો આશ્રય કહેવામાં આવે છે, તે વ્યવહારકથન છે. પર કરાવે છે - એવી અનાદિની ખોટી માન્યતા છોડીને, પોતાનો આશ્રય લઈને, સમ્યગ્દર્શન આદિને પામીને, ક્રમથી નિર્વાણ થાય, તે તેને જાણવાથી લાભ થાય છે.

**પ્રશ્ન-૬૧ :- શ્રી પંચાસ્તિકાય, ગાથા-૬૨માં શું જણાવ્યું છે?**

ઉત્તર :- દરેક દ્રવ્યોની દરેક પર્યાયોમાં છ કારક એક સાથે વર્તે છે; માટે આત્મા અને પુદ્‌ગલ, શુદ્ધદશામાં કે અશુદ્ધદશામાં સ્વયં છએ કારકરૂપ પરિણમન કરે છે; બીજા નિમિત્ત કારકોની અપેક્ષા નથી રાખતા.

**પ્રશ્ન-૬૨ :- આ છઠ્ઠો વિભાગ કેમ કર્યો?**

ઉત્તર :- અજ્ઞાની, અનાદિથી એક-એક સમય કરીને પરની સાથે સાચો સંબંધ માને છે. તે જૂઠી માન્યતાને છોડાવા માટે અને



રાગનો પણ આશ્રય છોડાવીને પોતાના ત્રિકાળી આત્માનો આશ્રય લઈને ધર્મની પ્રાપ્તિ કરે, માટે છઠ્ઠો વિભાગ કર્યો છે.

**પ્રશ્ન-૬૩ :- આત્મહિતકારી સાતમો બોલ ક્યો છે?**

ઉત્તર :- 'પ્રત્યેક સ્કંધમાં પ્રત્યેક પરમાણુ પોતપોતાનું સ્વતંત્ર કાર્ય કરે છે.' તેનું જ્ઞાન કરાવવા માટે સાતમો બોલ છે.

**પ્રશ્ન-૬૪ :- પુદ્‌ગલના કેટલા ભેદ છે?**

ઉત્તર :- પરમાણુ અને સ્કંધ, આ બે ભેદ છે.

**પ્રશ્ન-૬૫ :- સ્કંધ કેટલા પરમાણુને કહે છે?**

ઉત્તર :- બેથી લઈને અનંતાઅનંત પરમાણુઓ સુધી બધા સ્કંધ કહેવાય છે.

**પ્રશ્ન-૬૬ :- શું સ્કંધ સ્વતંત્ર દ્રવ્ય નથી?**

ઉત્તર :- ના નથી; પરમાણુ જ સ્વતંત્ર દ્રવ્ય છે.

(૧) શ્રી નિયમસાર, ગાથા-૨૦માં લખ્યું છે કે 'પરમાણુ, તે સ્વભાવપુદ્‌ગલ છે અને સ્કંધ, તે વિભાવપુદ્‌ગલ છે.' (૨) ગાથા-૨૧ થી ૨૪માં લખ્યું છે કે આ વિભાવપુદ્‌ગલનું સ્વરૂપ કથન છે. (૩) ગાથા-૨૯ની ટીકામાં લખ્યું છે કે શુદ્ધ નિશ્ચયનયથી સ્વભાવ શુદ્ધ પર્યાયાત્મક પરમાણુને જ 'પુદ્‌ગલદ્રવ્ય' એવું નામ હોય છે; અન્ય સ્કંધ પુદ્‌ગલોને વ્યવહારનયથી વિભાવ પર્યાયાત્મક પુદ્‌ગલપણું ઉપચાર દ્વારા સિદ્ધ થાય છે. આ પ્રમાણે પરમાણુને નિશ્ચયદ્રવ્ય કહ્યું છે અને સ્કંધને વ્યવહારથી પુદ્‌ગલ કહ્યો છે.

(૪) શ્રી પંચાસ્તિકાય, ગાથા-૭૬માં 'બાદર અને સૂક્ષ્મરૂપથી પરિણત સ્કંધોને 'પુદ્‌ગલ' એવો વ્યવહાર છે.' (૫) ગાથા-૮૧માં લખ્યું છે કે 'સર્વત્ર પરમાણુમાં રસ-વર્ણ-સ્કંધ-સ્પર્શ સહભાવી ગુણ હોય છે અને તે ગુણ તેમાં ક્રમવતી નિજ પર્યાયોસહિત વર્તે છે. ... અને સ્નિગ્ધ-રૂક્ષત્વને કારણે બંધ હોવાથી અનેક પરમાણુઓની

એકત્વ પરિણતિરૂપ સ્કંધની અંદર રહ્યો હોય, તેમજ સ્વભાવને ન છોડતો એવો સંખ્યાને પ્રાપ્ત હોવાથી (એટલે કે પરિપૂર્ણ એકની જેમ જુદો ગણતરીમાં આવતો હોવાથી) એકલું દ્રવ્ય જ છે.'

તેમાં કહ્યું છે કે સ્કંધમાં પણ દરેક પરમાણુ સ્વયં પરિપૂર્ણ છે, સ્વતંત્ર છે. પરની સહાયતાથી રહિત અને પોતાનાથી જ પોતાના ગુણ-પર્યાયોમાં સ્થિત છે.

**પ્રશ્ન-૬૭ :- સ્કંધ, સ્વતંત્ર દ્રવ્ય છે. તેના માટે શ્રી સમયસારમાં ક્યાંય કાંઈ કહ્યું છે?**

ઉત્તર :- શ્રી સમયસાર, ગાથા-૨૭માં લખ્યું છે કે 'જેમ આ લોકમાં સોનું અને ચાંદિને ગાળીને એક કરી દેવાથી એક પિંડનો વ્યવહાર હોય છે; તે પ્રમાણે આત્મા અને શરીરના પરસ્પર એક ક્ષેત્રમાં રહેવાની અવસ્થા હોવાથી એકપણાનો વ્યવહાર હોય છે. આમ તો વ્યવહારથી જ આત્મા અને શરીરનું એકપણું છે પણ નિશ્ચયથી જોવામાં આવે તો જેમ પીળાપણું આદિ અને સફેદ વગેરે જેનો સ્વભાવ છે એવા સોના અને ચાંદીમાં અત્યંત ભિન્નતા હોવાથી, તેમાં એક પદાર્થપણાની અસિદ્ધિ છે. માટે અનેકત્વ જ છે.' વ્યવહારનય, જીવ અને શરીરને એક કહે છે પણ નિશ્ચયનયથી એક પદાર્થપણું નથી.

**પ્રશ્ન-૬૮ :- શું દરેક સ્કંધમાં દરેક પરમાણુ અલગ-અલગ છે?**

ઉત્તર :- સ્કંધમાં જેટલા પરમાણુ છે, તેમાં દરેક પરમાણુ પૂર્ણરૂપે પોતાનું જ કાર્ય કરે છે, બીજાનું બિલકુલ કરતો નથી - તેવું જ કેવળીના જ્ઞાનમાં આવ્યું છે અને અવું જ જ્ઞાની જાણે છે.

**પ્રશ્ન-૬૯ :- આત્મહિતકારી આઠમો બોલ ક્યો છે?**



ઉત્તર :- 'અર્થપર્યાય અને વ્યંજનપર્યાયના વિષયમાં મિથ્યા માન્યતા શું છે?' તે આઠમો બોલ છે.

**પ્રશ્ન-૭૦ :- પર્યાય કેટલા સમયની છે?**

ઉત્તર :- વ્યંજનપર્યાય હોય કે અર્થપર્યાય હોય, ચાહે તે સ્વભાવરૂપ હોય કે વિભાવરૂપ હોય; બધી એક-એક સમયની જ હોય છે, વધારે સમયની કોઈ પણ પર્યાય નથી હોતી.

**પ્રશ્ન-૭૧ :- શ્રી પંચાસ્તિકાય, જયસેનાચાર્ય કૃત ટીકા, ગાથા-૧૬માં લખ્યું છે કે 'અર્થપર્યાયો અત્યંત સૂક્ષ્મ, ક્ષણ-ક્ષણમાં થઈને નાશ પામનારી છે, જે વચન ગોચર નથી; વ્યંજનપર્યાય, જે લાંબો સમય રહે છે અને સ્થૂળ હોય છે, અલ્પજ્ઞાનીને પણ જણાય છે, તે વ્યંજનપર્યાયો છે'; તેથી વ્યંજનપર્યાય એક સમયની હોય છે, તે વાત મિથ્યા સાબિત થઈ?**

ઉત્તર :- અરે ભાઈ! વ્યંજનપર્યાય પણ એક જ સમયની હોય છે પણ સમય-સમયની થઈને, તેવી ને તેવી હોવાથી લાંબા સમય સુધી રહે છે - સ્થૂળ હોય છે - અલ્પજ્ઞાનીને પણ જણાય છે, તેમ કહેવામાં આવે છે; ખરેખર એમ છે નહિ.

**પ્રશ્ન-૭૨ :- શાસ્ત્રોમાં દર્શનમોહનીયકર્મની સિત્તેર ક્રોડાક્રોડીની સ્થિતિ કહી, ત્યાં એક-એક સમયની પર્યાય ક્યાં રહી?**

ઉત્તર :- શાસ્ત્રોમાં જે દર્શનમોહનીયની સિત્તેર ક્રોડાક્રોડી સાગરની સ્થિતિ કહી છે, તેનો આશય એ છે કે તે સ્કંધ ક્યાં સુધી રહેશે, એટલે કે એક-એક સમય બદલીને સિત્તેર ક્રોડાક્રોડી સાગર સુધી રહેશે.

**પ્રશ્ન-૭૩ :- એક-એક સમયનો એક-એક ભવ છે, એમ શાસ્ત્રોમાં ક્યાં કહ્યું છે?**

ઉત્તર :- શ્રી ભાવપાહુડ, ગાથા-૩૨ની ટીકામાં લખ્યું છે કે

'જો આયુ કા ઉદય સમય-સમય કરી ઘટે હૈ, સો સમય-સમય કા મરણ હૈ, યે આવિચિકા મરણ હૈ.'

તેમાં કહ્યું છે કે જીવ, સમય-સમયમાં મરે છે, કેમકે પર્યાય એક-એક સમયની હોય છે. ખરેખર તો એક-એક સમયનો એક-એક ભવ છે, કેમકે સૂક્ષ્મઋજુસૂત્રનયની અપેક્ષાએ ગતિ ક્યાં સુધી ચાલશે, તે વાત ભાવપાહુડમાં બતાવી છે. માટે 'જેવી મતિ, તેવી ગતિ' થાય છે અને 'જેવી ગતિ, તેવી મતિ' થાય છે.

**પ્રશ્ન-૭૪ :- 'જેવી મતિ-તેવી ગતિ'નું શું તાત્પર્ય છે?**

**ઉત્તર :-** જીવ જે સમયે જેવો ભાવ કરે છે, તે સમયે તે તે જ છે, તે તાત્પર્ય છે. જેમ કે મનુષ્યભવ હોવાથી ઘરમાં વધારે લોકો છે ત્યાં આંખ લાલ-પીળી ન કરે અને જરા ફુંફાડો ન કરે તો લોકો બગડી જાય, એમ જાણીને જે જીવ ફુંફાડો કરે છે, તે તે સમયે સાપ જ છે.

**પ્રશ્ન-૭૫ :- 'જેવી ગતિ, તેવી મતિ'થી શું તાત્પર્ય છે?**

**ઉત્તર :-** જેમ - કોઈ જીવ સાપ બની ગયો, તો ત્યાં તે એક-એક સમય કરીને ફુંફાડો જ કરતો રહેશે, એટલે કે એવું ને એવું કરતા રહેવાની અપેક્ષાએ 'જેવી ગતિ, તેવી મતિ' કહેવામાં આવે છે પણ બધી જગ્યાએ પર્યાય એક સમયની હોય છે - તેમ જાણવું.

**પ્રશ્ન-૭૬ :- શબ્દ તો સ્કંધોની પર્યાય છે, તેમાં એક સમયની વાત ક્યા પ્રકારે છે?**

**ઉત્તર :-** જ્યાં સુધી પરમાણુ રહે છે, ત્યાં સુધી તેનું શબ્દરૂપ પરિણમન નથી. સ્કંધરૂપ પર્યાયમાં પોતાની યોગ્યતાથી શબ્દરૂપ પર્યાય હોય છે. શબ્દરૂપ સ્કંધમાં એક-એક પરમણુ અલગ-અલગ સ્વતંત્ર પરિણમન કરી રહી છે.



**પ્રશ્ન-૭૭ :- જીવના વિકારીભાવોના વિષયમાં અને દ્રવ્યકર્મ ઉદય આદિ વિષયમાં શું જાણવું જોઈએ?**

**ઉત્તર :-** જીવમાં એક-એક સમયમાં જે વિકારીભાવ થાય છે, તેવા-તેવા પોતાની યોગ્યતાથી પુદ્‌ગલોમાં પણ સમયે-સમયે પરિણમન થાય છે. જેમ કે જીવમાં ક્ષયોપશમભાવ થયો તો દ્રવ્યકર્મમાં પણ ક્ષયોપશમભાવ, એક સમયપર્યંત સ્વતંત્ર હોય છે.

**પ્રશ્ન-૭૮ :- જ્યારે જીવમાં ભાવકર્મ થયો, ત્યારે દ્રવ્યકર્મ હોય છે - એવું ક્યાંય લખ્યું છે?**

**ઉત્તર :-** (૧) આત્માવલોકનમાં લખ્યું છે કે 'ભાવવેદનીય, ભાવઆયુ, ભાવગોત્ર, તેની સામે દ્રવ્યવેદનીય, દ્રવ્યઆયુ, દ્રવ્યનામ, દ્રવ્યગોત્ર હોય છે.'

(૨) શ્રી પ્રવચનસાર, ગાથા-૧૬ની ટીકાના અંતમાં લખ્યું છે કે 'દ્રવ્ય તથા ભાવ ઘાતિકર્મોનો નાશ કરીને, સ્વયમેવ આવિર્ભૂત થયો.'

**પ્રશ્ન-૭૯ :- જ્યારે જીવમાં ભાવકર્મ થયું, ત્યારે દ્રવ્યકર્મ સ્વયં પોતાની યોગ્યતાથી થાય છે - તેનાથી અમને શો લાભ?**

**ઉત્તર :-** (૧) એક દ્રવ્યનો બીજા દ્રવ્યની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી. (૨) દરેક દ્રવ્યમાં અનંત-અનંત ગુણ છે; દરેક ગુણમાં દરેક સમયે એક પર્યાયનો વ્યય અને બીજી પર્યાયની ઉત્પત્તિ; ગુણ તેવોને તેવો રહે છે. તેમ દરેક દ્રવ્યના, દરેક ગુણમાં, અનાદિથી થયું છે, વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં પણ થતું રહેશે. તેવી બધા દ્રવ્યોમાં દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પારમેશ્વરી વ્યવસ્થા છે; તેને તીર્થંકરદેવ આદિ કોઈપણ હેર-ફેર કરી શકતું નથી. તેમ જાણીને પોતાના ત્રિકાળી ભગવાનની દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ કરીને, ક્રમથી મોક્ષનો પથિક બનવું તે દરેક પાત્ર જીવનું પરમ કર્તવ્ય છે.

●●

# વસ્તુસ્વરૂપ સમજવા

| પાંચ બોલ | નવ પદાર્થ | કાળ | પાંચ ભાવ | સુખદાયક દુઃખદાયક | હેય, જ્ઞેય ઉપાદેય |
|---|---|---|---|---|---|
| ૧. સંયોગ | અજીવતત્ત્વ | અનાદિ-અનંત | x | x | જ્ઞેય |
| ૨. સંયોગી ભાવ | આસ્રવ-બંધ પુણ્ય-પાપ | અનાદિ સાંત | ઔદયિક ભાવ | દુઃખદાયક | હેય |
| ૩. સ્વભાવ ત્રિકાળી | જીવતત્ત્વ | અનાદિ-અનંત | પારિણામિક ભાવ | પરમ સુખદાયક | પરમ ઉપાદેય (આશ્રય કરવા યોગ્ય) |
| ૪. સ્વભાવ ના સાધન | સંવર-નિર્જરા | સાદિસાંત | ઔપશમિક, ધર્મના ક્ષાયોપશમિક શ્રદ્ધા-ચારિત્ર ના ક્ષાયિક ભાવ | એકદેશ સુખદાયક | એકદેશ ઉપાદેય (પ્રગટ કરવા યોગ્ય) |
| ૫. સિદ્ધત્વ | મોક્ષ | સાદિ-અનંત | પૂર્ણ ક્ષાયિક ભાવ | પૂર્ણ સુખદાયક | પૂર્ણ ઉપાદેય (પ્રગટ કરવા યોગ્ય) |



# સમજાવાનું માનચિત્ર

| ઉત્તમ ક્ષમા | ઈર્યાસમિતિ | વચન-ગુપ્તિ | ક્ષુધા-પરિષહજય | નમસ્કાર | સંયોગની પૃથક્તા વગેરે ત્રણ બોલ |
|---|---|---|---|---|---|
| જડ ઉત્તમક્ષમા | જડ ઈર્યાસમિતિ | જડ વચન -ગુપ્તિ | જડ ક્ષુધાપરિષહ -જય | જડ નમસ્કાર | સંયોગની પૃથક્તા |
| દ્રવ્ય ઉત્તમક્ષમા | દ્રવ્ય ઈર્યા -સમિતિ | દ્રવ્ય વચન -ગુપ્તિ | દ્રવ્ય ક્ષુધાપરિષહ -જય | દ્રવ્ય નમસ્કાર | વિભાવ ની વિપરીતતા |
| શક્તિરૂપ ઉત્તમક્ષમા | શક્તિરૂપ ઈર્યાસમિતિ | શક્તિરૂપ વચન -ગુપ્તિ | શક્તિરૂપ ક્ષુધાપરિષહ -જય | શક્તિરૂપ નમસ્કાર | પરમ સ્વભાવની સામર્થ્યતા |
| એકદેશ ભાવ ઉત્તમક્ષમા | એકદેશ ભાવ ઈર્યાસમિતિ | એકદેશ ભાવ વચન -ગુપ્તિ | એકદેશ ભાવ ક્ષુધાપરિષહ -જય | એકદેશ ભાવ નમસ્કાર | એકદેશ સ્વભાવ ની સામર્થ્યતા |
| પૂર્ણ ભાવ ઉત્તમક્ષમા | પૂર્ણ ભાવ ઈર્યાસમિતિ | પૂર્ણ ભાવ વચનગુપ્તિ | પૂર્ણ ભાવ ક્ષુધાપરિષહ -જય | પૂર્ણ ભાવ નમસ્કાર | પૂર્ણ સ્વભાવ ની સામર્થ્યતા |

## ૨૨

# માનચિત્રથી વસ્તુસ્વરૂપ સમજવા-સમજાવવાનો સરળ ઉપાય

**પ્રશ્ન-૧ :- સંયોગ વગેરે પાંચ બોલની ઓળખાણ કઈ રીતે કરવી જોઈએ?**

**ઉત્તર :-** (૧) **સંયોગ** — પોતાના આત્માને છોડીને વિશ્વના અનંત જીવ, અનંતાઅનંત પુદ્‌ગલ, ધર્મ-અધર્મ-આકાશ એક-એક અને લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય; (૨) **સંયોગીભાવ** — શુભાશુભ વિકારીભાવ; (૩) **સ્વભાવ ત્રિકાળી** — જ્ઞાન-દર્શનાદિ અનંત ગુણોનો અભેદ પિંડ નિજ આત્મા; (૪) **સ્વભાવના સાધન** — એકદેશ પ્રગટ વીતરાગદશા; (૫) **સિદ્ધત્વ** — પરિપૂર્ણ પ્રગટ ક્ષાયિકદશા.

**પ્રશ્ન-૨ :- સંયોગ આદિ પાંચ બોલ શું બતાવે છે?**

**ઉત્તર :-** પોતાના ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો આશ્રય લેવાથી સ્વભાવના સાધની પ્રાપ્તિ થાય છે અને સ્વભાવ ત્રિકાળીનો પૂર્ણ આશ્રય લેવાથી સિદ્ધત્વની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનીને પોતપોતાની ભૂમિકા અનુસાર જે વીતરાગ-સર્વજ્ઞ વગેરે પ્રત્યે બહુમાનનો રાગ આવે છે, તે સંયોગીભાવ છે. સંયોગીભાવ અને સંયોગનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, જે જ્ઞાનીઓને વ્યવહારનયથી જ્ઞાનનું જ્ઞેય છે. અજ્ઞાનીને તે રહસ્યની ખબર નથી, તે સંયોગોથી સંબંધ માનીને સંયોગીભાવોની પુષ્ટિ કરતો ચારેય ગતિમાં રખડતો નિગોદમાં ચાલ્યો



જાય છે.

**પ્રશ્ન-૩ :- નવ પદાર્થોની ઓળખાણ કેવી રીતે કરવી જોઈએ?**

**ઉત્તર :-** (૧) જેમાં મારા જ્ઞાન-દર્શન હોય, તે જીવતત્ત્વ છે. (૨) જેમાં મારા જ્ઞાન-દર્શન નથી તે અજીવતત્ત્વ છે. (૩) શુભાશુભવિકારી ભાવોનું ઉત્પન્ન થવું તે આસ્રવતત્ત્વ છે. (૪) શુભાશુભ વિકારીભાવોમાં અટકવું બંધતત્ત્વ છે. (૫) દયા-દાનાદિનો ભાવ, પુણ્યતત્ત્વ છે. (૬) હિંસાદિ ભાવ પાપતત્ત્વ છે. (૭) શુદ્ધિનું પ્રગટવું, સંવરતત્ત્વ છે. (૮) શુદ્ધિની વૃદ્ધિ, નિર્જરાતત્ત્વ છે. (૯) પરિપૂર્ણ શુદ્ધદશાનું પ્રગટવું, મોક્ષતત્ત્વ છે.

**પ્રશ્ન-૪ :- નવ પદાર્થોને સંયોગ આદિ પાંચ બોલમાં લગાવો?**

**ઉત્તર :-** (૧) જીવ, સ્વભાવ ત્રિકાળી; (૨) અજીવ, સંયોગ; (૩) આસ્રવ-બંધ, પુણ્ય-પાપ, સંયોગીભાવ; (૪) સંવર-નિર્જરા, સ્વભાવના સાધન; અને (૫) મોક્ષ, સિદ્ધત્વ.

**પ્રશ્ન-૫ :- નવ પદાર્થો શું બતાવે છે?**

**ઉત્તર :-** પોતાના જીવતત્ત્વનો આશ્રય લેવાથી સંવર-નિર્જરા તત્ત્વને પમાય છે અને પોતાના જીવતત્ત્વનો પૂર્ણ આશ્રય લેવાથી મોક્ષતત્ત્વને પમાય છે. જ્ઞાનીને પોતપોતાની ભૂમિકા અનુસાર જે વીતરાગ-સર્વજ્ઞ આદિ પ્રત્યે બહુમાનનો રાગ આવે છે, પણ તે આસ્રવ-બંધતત્ત્વ અને અજીવતત્ત્વનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે; જે જ્ઞાનીઓને વ્યવહારનયથી જ્ઞાનનું જ્ઞેય છે. અજ્ઞાની આ રહસ્યને નથી જાણતો, તે અજીવતત્ત્વથી પોતાનો સંબંધ માનીને આસ્રવ-બંધતત્ત્વની પુષ્ટી કરતો ચાર ગતિમાં ફરીને નિગોદમાં ચાલ્યો જાય છે; માટે પાત્ર જીવોને નવ પદાર્થોનું સાચું સ્વરૂપ જાણીને, પોતાનું

કલ્યાણ કરી લેવું જોઈએ.

**પ્રશ્ન-૬ :- ચાર કાળની ઓળખાણ કેમ થાય?**

ઉત્તર :- (૧) **અનાદિ અનંત** — જેનો ત્રણ કાળ, ત્રણ લોકમાં ક્યારે અભાવ ન થાય, તેવા જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય અને ગુણ છે; (૨) **અનાદિ સાંત** — રાગ-દ્વેષનો ભાવ, અનાદિથી ચાલ્યો આવે છે તેનું ઉત્પન્ન ન થવું; (૩) **સાદિ-સાંત** — સ્વભાવનો આશ્રય લઈને એકદેશ વીતરાગતા પ્રગટે છે અને મોક્ષ થતાં સમાપ્ત થઈ જાય છે, (૪) **સાદિ-અનંત** — ક્ષાયિકદશા પ્રગટ થવાથી તેનો અભાવ કદી નથી થતો.

**પ્રશ્ન-૭ :- આ ચારેય કાળને પાંચ સંયોગ આદિ બોલમાં લગાવો?**

ઉત્તર :- ચાર્ટમાં જોઈને જાતે લગાવો.

**પ્રશ્ન-૮ :- ચાર કાળ શું બતાવે છે?**

ઉત્તર :- પાત્ર જીવ, જ્ઞાન-દર્શનરૂપ પોતાનો સ્વભાવ જે અનાદિ-અનંત છે તેનો આશ્રય લે છે તો સાદિ-સાંત દશા પ્રાપ્ત થાય છે અને પોતાના અનાદિ-અનંત સ્વભાવનો પૂર્ણ આશ્રય લે છે તો સાદિ-અનંત દશા પ્રાપ્ત થાય છે. જ્ઞાનીને પોતાની ભૂમિકા અનુસાર જે વીતરાગ-સર્વજ્ઞ આદિ પ્રત્યે બહુમાનનો રાગ આવે છે, તે અનાદિ-સાંત છે. શરીર, મન-વાણી જે પરદ્રવ્ય છે, તે અનાદિ-અનંત છે. અનાદિ-સાંત અસ્થિરતાનો રાગ અને પરદ્રવ્ય જે અનાદિ-અનંત છે, તેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, જે જ્ઞાનીઓને વ્યવહારનયથી જ્ઞાનનું જ્ઞેય છે. અજ્ઞાની તે રહસ્યને નથી જાણતો. તે અનાદિ-અનંત જે પરવસ્તુઓ છે તેમાં પાગલ બને છે. એ પ્રકારે તે અનાદિ-અનંત ઘાચીના બળદની જેમ ચારેય ગતિઓમાં ફરતો રહે છે. માટે પાત્ર જીવોએ ચાર કાળનું રહસ્ય જાણવું જોઈએ.



**પ્રશ્ન-૯ :- પાંચ ભાવની ઓળખાણ કેવી રીતે થાય?**

ઉત્તર :- (૧) ઔપશમિકભાવ — ધર્મની શરૂઆતવાળા ભાવ; (૨) ક્ષાયિકભાવ - પરિપૂર્ણ શુદ્ધતા; (૩) ધર્મનો ક્ષાયોપશમિકભાવ - સાધકદશા; (૪) ઔદયિકભાવ — સંયોગીભાવ (૫) પારિણામિકભાવ - અનાદિ-અનંત એકરૂપ રહેનારો ત્રિકાળી સ્વભાવ.

**પ્રશ્ન-૧૦ :- પાંચ ભાવોને સંયોગ આદિ પાંચ બોલમાં લગાવો?**

ઉત્તર :- ચાર્ટમાં જોઈને સ્વયં લગાવો.

**પ્રશ્ન-૧૧ :- પાંચ ભાવ શું જણાવે છે?**

ઉત્તર :- પારિણામિકભાવનો આશ્રય લેવાથી, પ્રથમ ઔપશમિકભાવને પ્રાપ્ત થઈને, ધર્મનો ક્ષયોપશમભાવ પ્રગટે છે; અને પારિણામિકભાવનો પૂર્ણ આશ્રય લેવાથી પૂર્ણ ક્ષાયિકભાવ પ્રગટે છે. જ્ઞાનીને પોતાની ભૂમિકા અનુસાર જે વીતરાગ સર્વજ્ઞ આદિ પ્રત્યે બહુમાનનો રાગ આવે છે, તે ઔદયિકભાવ છે, જે જ્ઞાનીઓને વ્યવહારનયથી જ્ઞાનનું જ્ઞેય છે. અજ્ઞાની આ પાંચ ભાવોના રહસ્યને નથી જાણતો. તે પાંચ ભાવોના નામ, લક્ષણ વગેરે શીખી લે છે; તેનાથી પોતાની મહિમા માને છે, તે કારણે ચારેય ગતિમાં ફરીને નિગોદમાં ચાલ્યો જાય છે. માટે પાત્ર જીવોએ જ્ઞાનીના સમાગમમાં રહીને પાંચ ભાવનું રહસ્ય જાણી પોતાનું કલ્યાણ કરી લેવું જોઈએ.

**પ્રશ્ન-૧૨ :- સુખદાયક-દુઃખદાયકની ઓળખાણ કેમ થાય?**

ઉત્તર :- (૧) પોતાનો આત્મા સદા પરમ સુખદાયક; (૨) એકદેશ વીતરાગતા, એકદેશ પ્રગટ કરવાયોગ્ય સુખદાયક; (૩) પરિપૂર્ણ ક્ષાયિકદશા, પૂર્ણ પ્રગટ કરવાયોગ્ય પૂર્ણ સુખદાયક; (૪) શુભાશુભ વિકારીભાવ, દુઃખદાયક; (૫) સંયોગ, ન સુખદાયક અને ન દુઃખદાયક, માત્ર જ્ઞાનનું જ્ઞેય છે.

**પ્રશ્ન-૧૩ :- સુખદાયક-દુઃખદાયકને સંયોગ આદિ પાંચ બોલોમાં લગાવો?**

ઉત્તર :- ચાર્ટમાં જોઈને જાતે લગાવો.

**પ્રશ્ન-૧૪ :- સુખદાયક-દુઃખદાયકમાં શું રહસ્ય છે?**

ઉત્તર :- પરમ સુખદાયક પોતાના આત્મા તરફ દૃષ્ટિ કરવાથી એકદેશ સુખદાયકપણું પ્રગટે છે અને પરમ સુખદાયક પોતાના આત્માનો પૂર્ણ આશ્રય લેવાથી પૂર્ણ સુખદાયકપણું પ્રગટે છે. જ્ઞાનીને પોતપોતાની ભૂમિકા અનુસાર જે વીતરાગ-સર્વજ્ઞદેવ વગેરે પ્રત્યે બહુમાનનો રાગ આવે છે, તે દુઃખદાયક છે. દુઃખદાયક ભાવનો અને નિમિત્તરૂપ પરવસ્તુનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, જે જ્ઞાનિઓને વ્યવહારનયથી જ્ઞાનનું જ્ઞેય છે. અજ્ઞાની તે રહસ્યને નથી જાણતો, તે સંયોગોને જ સુખદાયક-દુઃખદાયક માનીને, તેમાં પાગલ બને છે. આ કારણે ચાર ગતિમાં ફરતો રહે છે. પાત્ર જીવોએ સુખદાયક-દુઃખદાયકનું રહસ્ય જાણીને પોતાનું કલ્યાણ તરત કરી લેવું જોઈએ.

**પ્રશ્ન-૧૫ :- દેવ-ગુરુ-ધર્મની ઓળખાણ શું છે?**

ઉત્તર :- (૧) દેવ—પરિપૂર્ણ ક્ષાયિક શુદ્ધિ; (૨) ગુરુ—એકદેશ વીતરાગતા; (૩) ધર્મ—સદા એકરૂપ રહેનારો સ્વભાવ.

**પ્રશ્ન-૧૬ :- દેવ-ગુરુ-ધર્મને સંયોગાદિમાં લગાવો?**

ઉત્તર :- ચાર્ટમાં જોઈને જાતે લગાવો.

**પ્રશ્ન-૧૭ :- દેવ-ગુરુ-ધર્મ શું બતાવે છે?**

ઉત્તર :- ધર્મરૂપ ત્રિકાળ પોતાનો આત્મા છે. તેનો આશ્રય લેવાથી ગુરુપણાની પ્રાપ્તિ થાય છે, અને ધર્મરૂપ ત્રિકાળી સ્વભાવનો પૂર્ણ આશ્રય લેવાથી દેવપણું પ્રાપ્ત થાય છે. જ્ઞાનીને પોતાની ભૂમિકા અનુસાર જે વીતરાગી દેવ-ગુરુ પ્રત્યે બહુમાનનો રાગ આવે છે,



તે વ્યવહાર ગુરુપણું છે. શરીરની ક્રિયા - માથુ નમાવવું, હાથ જોડવા, સાક્ષાત્ દેવ-ગુરુનું હોવું વગેરે જડની ક્રિયા છે. વ્યવહાર ગુરુપણાનો અને શરીરની ક્રિયા — સાચા દેવ-ગુરુ વગેરેની ઉપસ્થિતિનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, તે જ્ઞાનીઓનો વ્યવહારથી જ્ઞાનનું જ્ઞેય છે. અજ્ઞાની તે રહસ્યને નથી જાણતા, તે બહારની ક્રિયા જોઈને તેમાં જ ધર્મ માનવા લાગે છે, તેનું ફળ ચારેય ગતિમાં ફરીને નિગોદ છે.

**પ્રશ્ન-૧૮ :- હેય-જ્ઞેય-ઉપાદેયની શું ઓળખાણ છે?**

ઉત્તર :- (૧) હેય—છોડવા યોગ્ય; (૨) જ્ઞેય—જાણવાયોગ્ય; (૩) પરમ ઉપાદેય—પોતાનો આત્મા; (૪) એકદેશ ઉપાદેય—એકદેશ વીતરાગતા; (૫) પૂર્ણ ઉપાદેય—સંપૂર્ણ જ્ઞાયિકદશા.

**પ્રશ્ન-૧૯ :- હેય-જ્ઞેય-ઉપાદેયને સંયોગાદિમાં લગાવો?**

ઉત્તર :- ચાર્ટમાં જોઈને જાતે લગાવો.

**પ્રશ્ન-૨૦ :- હેય-જ્ઞેય-ઉપાદેયમાં શું રહસ્ય છે?**

ઉત્તર :- પરમ ઉપાદેયનો આશ્રય કરીને, એકદેશ ઉપાદેયની પ્રાપ્તિ થાય છે અને પરમ ઉપાદેયનો પૂર્ણ આશ્રય કરવાથી, પૂર્ણ ઉપાદેયની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનીને પોતપોતાની ભૂમિકા અનુસાર જે વીતરાગ સર્વજ્ઞ વગેરે પ્રત્યે બહુમાનનો રાગ આવે છે, તે હેય છે અને શરીર આદિની ક્રિયા-સર્વજ્ઞદેવ-ગુરુનું હોવું જ્ઞેય છે. હેય અને જ્ઞેયનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, તે જ્ઞાનીઓને વ્યવહારનયથી જ્ઞાનનું જ્ઞેય છે. અજ્ઞાની તે રહસ્યને નથી જાણતો. તે ભગવાન દેવ-ગુરુ, શરીરની ક્રિયા, શુભભાવોને જ ઉપાદેય માની લે છે, જેનું ફળ પંચ પરાવર્તનત કરવું છે. તેથી પાત્ર-જીવોએ હેય-જ્ઞેય-ઉપાદેયનું રહસ્ય જાણીને, પોતાનું હિત તરત કરી લેવું જોઈએ.

**પ્રશ્ન-૨૧ :- ઉત્તમક્ષમાની ઓળખાણ શું છે?**

ઉત્તર :- (૧) શક્તિરૂપ ઉત્તમક્ષમા — ત્રિકાળી પોતાનો આત્મા; (૨) એકદેશ ઉત્તમક્ષમા - એકદેશ વીતરાગદશા; (૩) પૂર્ણ ઉત્તમક્ષમા — પરિપૂર્ણ ક્ષાયિકદશા; (૪) દ્રવ્ય ઉત્તમક્ષમા — જ્ઞાનીઓની ભૂમિકા અનુસાર ક્ષમાસંબંધી રાગ; (૫) જડ ઉત્તમક્ષમા - હાથ જોડવા-બોલવા વગેરેની ક્રિયા.

**પ્રશ્ન-૨૨ :- ઉત્તમક્ષમાને સંયોગ આદિમાં લગાવો?**

ઉત્તર :- ચાર્ટમાં જોઈને જાતે લગાવો.

**પ્રશ્ન-૨૩ :- ઉત્તમક્ષમા દશા શું બતાવે છે?**

ઉત્તર :- શક્તિરૂપ ઉત્તમક્ષમાનો આશ્રય લેવાથી, એકદેશ ઉત્તમક્ષમાની પ્રાપ્તિ થાય છે અને શક્તિરૂપ ઉત્તમક્ષમાનો પરિપૂર્ણ આશ્રય લઈને, પૂર્ણ ક્ષાયિકરૂપ ઉત્તમક્ષમાની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનીને પોત પોતાની ભૂમિકા અનુસાર જે ક્ષમા સંબંધી વિકલ્પ આવે છે, તે દ્રવ્ય ઉત્તમક્ષમા છે. ક્ષમા સંબંધી બોલવા આદિની ક્રિયા થાય છે તે જડ ઉત્તમક્ષમા છે. દ્રવ્ય ઉત્તમક્ષમા અને જડ ઉત્તમક્ષમાનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે; તે જ્ઞાનીઓને વ્યવહારનયથી જ્ઞાનનું જ્ઞેય છે. અજ્ઞાની તે રહસ્યને નથી જાણતો, તે જડ ઉત્તમક્ષમા આદિને જ ઉત્તમક્ષમા માનીને ચારેય ગતિમાં ફરે છે. માટે પાત્ર જીવોએ ઉત્તમક્ષમાનું સ્વરૂપ સમજીને પોતાનું કલ્યાણ કરી લેવું જોઈએ. આ પ્રકારે અન્ય ધર્મો પર લેવું જોઈએ.

**પ્રશ્ન-૨૪ :- ઈર્યાસમિતિની ઓળખાણ શું છે?**

ઉત્તર :- (૧) શક્તિરૂપ ઈર્યાસમિતિ — ત્રિકાળી પોતાનો આત્મા; (૨) એકદેશ ભાવ ઈર્યાસમિતિ - એકદેશ વીતરાગતા; (૩) પૂર્ણ ભાવ ઈર્યાસમિતિ —પરિપૂર્ણ શુદ્ધદશા; (૪) દ્રવ્ય ઈર્યાસમિતિ - — પોતાના ગુરુ પાસે જવાનો ભાવ કે યાત્રાનો ભાવ; (૫) જડ ઈર્યાસમિતિ — ચાર હાથ જમીન જોઈને ચાલવાની શરીરની ક્રિયા.



**પ્રશ્ન-૨૫ :- ઈર્યાસમિતિને સંયોગાદિમાં લગાવો?**

ઉત્તર :- ચાર્ટમાં જોઈને જાતે લગાવો.

**પ્રશ્ન-૨૬ :- ઈર્યાસમિતિ શું બતાવે છે?**

ઉત્તર :- શક્તિરૂપ ઈર્યાસમિતિનો આશ્રય લેવાથી, એકદેશભાવ ઈર્યાસમિતિની પ્રાપ્તિ થાય છે અને શક્તિરૂપ ઈર્યાસમિતિનો પૂર્ણ આશ્રય લેવાથી, પૂર્ણ ઈર્યાસમિતિની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનીને પોત પોતાની ભૂમિકા અનુસાર યાત્રાદિનો વિકલ્પ, દ્રવ્ય ઈર્યાસમિતિ છે. ચાલવા આદિની ક્રિયા, જડ ઈર્યાસમિતિ છે. દ્રવ્ય ઈર્યાસમિતિ અને જડ ઈર્યાસમિતિનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, જે જ્ઞાનીઓને વ્યવહારનયથી જ્ઞાનનું જ્ઞેય છે. અજ્ઞાની આ રહસ્યને નથી જાણતો; તે ચાર હાથ જમીન જોઈને ચાલવાની ક્રિયા જ ઈર્યાસમિતિ છે - એમ માનીને તેમાં પાગલ બને છે; તેના ફળમાં મિથ્યાત્વાદિ પાંચ કારણોની પુષ્ટી કરે છે, જે અનંત સંસારનું કારણ છે.

**પ્રશ્ન-૨૭ :- વચનગુપ્તિની ઓળખાણ શું છે?**

ઉત્તર :- (૧) શક્તિરૂપ વચનગુપ્તિ — ત્રિકાળી પોતાનો આત્મા; (૨) એકદેશભાવ વચનગુપ્તિ — એકદેશ વીતરાગતા; (૩) પૂર્ણ ભાવ વચનગુપ્તિ — પરિપૂર્ણ ક્ષાયિકદશા; (૪) દ્રવ્ય વચનગુપ્તિ — વચન ન બોલવાનો વિકલ્પ; (૫) જડ વચનગુપ્તિ — ન બોલવાની ક્રિયા.

**પ્રશ્ન-૨૮ :- વચનગુપ્તિને સંયોગાદિમાં લગાવો?**

ઉત્તર :- ચાર્ટમાં જોઈને જાતે લગાવો.

**પ્રશ્ન-૨૯ :- વચનગુપ્તિ શું બતાવે છે?**

ઉત્તર :- શક્તિરૂપ વચનગુપ્તિનો આશ્રય લેવાથી, એકદેશ ભાવ વચનગુપ્તિની પ્રાપ્તિ થાય છે અને શક્તિરૂપ વચનગુપ્તિનો પરિપૂર્ણ આશ્રય લેવાથી, પૂર્ણ ભાવ વચનગુપ્તિ પ્રાપ્ત થાય છે. જ્ઞાનીને પોતપોતાની ભૂમિકા અનુસાર વચન ન બોલવાનો વિકલ્પ આવે

છે, તે દ્રવ્ય વચનગુપ્તિ છે. વચન બોલવાની ક્રિયા, જડ વચનગુપ્તિ છે. દ્રવ્ય વચનગુપ્તિ અને જડ વચનગુપ્તિનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, જે જ્ઞાનીઓને વ્યવહારનયથી જ્ઞાનનું જ્ઞેય છે. અજ્ઞાની આ રહસ્યને નથી જાણતો; તે કારણે જડ વચનગુપ્તિને જ સત્યાર્થ માનીને સંસાર વધારે છે.

**પ્રશ્ન-૩૦ :- ક્ષુધાપરિષહજયની ઓળખાણ શું છે?**

**ઉત્તર :-** (૧) શક્તિરૂપ ક્ષુધા પરિષહજય — ત્રિકાળી આત્મા; (૨) એકદેશભાવ ક્ષુધાપરિષહજય — એકદેશ વીતરાગતા; (૩) પૂર્ણ ભાવ ક્ષુધાપરિષહજય - પૂર્ણ ક્ષાયિકદશા; (૪) દ્રવ્ય ક્ષુધાપરિષહજય — આહાર ન લેવાનો વિકલ્પ; (૫) જડ ક્ષુધાપરિષહજય — શરીર સાથે આહારનો યોગ ન હોવો.

**પ્રશ્ન-૩૧ :- ક્ષુધાપરિષહજયને સંયોગાદિમાં લગાવો?**

**ઉત્તર :-** ચાર્ટમાં જોઈને જાતે લગાવો.

**પ્રશ્ન-૩૨ :- ક્ષુધાપરિષહજય શું બતાવે છે?**

**ઉત્તર :-** શક્તિરૂપ ક્ષુધાપરિષહજયનો આશ્રય લેવાથી, એકદેશ ક્ષુધાપરિષહજયની પ્રાપ્તિ થાય છે અને શક્તિરૂપ ક્ષુધાપરિષહજયનો પૂર્ણ આશ્રય લેવાથી, પૂર્ણ ક્ષુધાપરિષહજયની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનીને પોતપોતાની ભૂમિકા અનુસાર ક્ષુધા સંબંધી વિકલ્પ આવે છે, તે વિકલ્પ દ્રવ્ય ક્ષુધાપરિષહજય છે. આહાર વગેરેનો યોગ ન થવો, જડ ક્ષુધાપરિષહજય છે. દ્રવ્ય ક્ષુધાપરિષહજય અને જડ ક્ષુધાપરિષહજયનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે, જે જ્ઞાનીઓને વ્યવહારનયથી જ્ઞાનનું જ્ઞેય છે. અજ્ઞાની આ રહસ્યને નથી જાણતો, તે આહાર ન લેવાને ક્ષુધાપરિષહજય માની લે છે, તેનાથી જ ધર્મ માને છે, જે સંસારનું કારણ છે. માટે પાત્ર જીવે ક્ષુધાપરિષહજયનું સાચું સ્વરૂપ સમજી લેવું જોઈએ.



**પ્રશ્ન-૩૩ :- નમસ્કારની ઓળખાણ શું છે?**

**ઉત્તર :-** (૧) શક્તિરૂપ નમસ્કાર — ત્રિકાળી સ્વભાવ; (૨) એકદેશ ભાવનમસ્કાર — એકદેશ વીતરાગતા; (૩) પૂર્ણ ભાવનમસ્કાર — પૂર્ણ ક્ષાયિકદશા; (૪) દ્રવ્યનમસ્કાર — વીતરાગસર્વજ્ઞ પ્રતિ રાગ; (૫) જડ નમસ્કાર - શરીરની ક્રિયા.

**પ્રશ્ન-૩૪ :- નમસ્કારને સંયોગાદિમાં લગાવો?**

**ઉત્તર :-** ચાર્ટ જોઈને જાતે લગાવો.

**પ્રશ્ન-૩૫ :- નમસ્કાર શું બતાવે છે?**

**ઉત્તર :-** (૧) શક્તિરૂપ નમસ્કારનો આશ્રય લેવાથી, એકદેશ ભાવ નમસ્કારની પ્રાપ્તિ થાય છે અને શક્તિરૂપ નમસ્કારનો પૂર્ણ આશ્રય લેવાથી, પૂર્ણ ભાવનમસ્કારની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનીને પોતપોતાની ભૂમિકા અનુસાર જે વીતરાગ-સર્વજ્ઞ વગેરે પ્રત્યે બહુમાનનો રાગ આવે છે, તે દ્રવ્યનમસ્કાર છે. શરીર વગેરેની ક્રિયા, જડ નમસ્કાર છે. દ્રવ્યનમસ્કારનો અને જડ નમસ્કારનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, જે જ્ઞાનીઓને વ્યવહારનયથી જ્ઞાનનું જ્ઞેય છે. અજ્ઞાની આ રહસ્યને નથી જાણતો, તે બહારના નમસ્કાર આદિને સાચા નમસ્કાર માની લે છે; તે કારણે ચારેય ગતિનો પાત્ર થાય છે, પંચમગતિનો પાત્ર નથી બનતો.

**પ્રશ્ન-૩૬ :- સંયોગની પૃથકતા વગેરેની ઓળખાણ શું છે?**

**ઉત્તર :-** (૧) પરમ સ્વભાવની સામર્થ્યતા; (૨) એકદેશ સ્વભાવની સામર્થ્યતા - એકદેશ વીતરાગતા; (૩) પૂર્ણ સ્વભાવનું સામર્થ્ય — પૂર્ણ શુદ્ધદશા; (૪) વિભાવની વિપરીત - શુભાશુભ વિકારીભાવ; (૫) સંયોગની પૃથકતા — સંયોગ આદિ પરદ્રવ્ય.

**પ્રશ્ન-૩૭ :- સંયોગની પૃથકતા આદિને સંયોગાદિમાં લગાવો?**

**ઉત્તર :-** ચાર્ટમાં જોઈને જાતે લગાવો.

**પ્રશ્ન-૩૮ :- પરમ સ્વભાવની સામર્થ્યતા આદિ શું બતાવે છે?**

ઉત્તર :- પરમ સ્વભાવની સામર્થ્યતાનો આશ્રય લેવાથી, એકદેશ સ્વભાવની સામર્થ્યતા પ્રગટે છે અને પરમસ્વભાવની સામર્થ્યતાનો પરિપૂર્ણ આશ્રય લેવાથી, પૂર્ણ સ્વભાવની સામર્થ્યતાની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનીને પોત પોતાની ભૂમિકા અનુસાર જે વીતરાગ-સર્વજ્ઞ આદિ પ્રત્યે બહુમાનનો ભાવ વિકારની વિપરીતતા છે. સંયોગ આદિ સંયોગની પૃથક્તા છે. વિભાવની વિપરીતતા અને સંયોગની પૃથક્તાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જે જ્ઞાનીઓને વ્યવહારનયથી જ્ઞાનનું જ્ઞેય છે. અજ્ઞાની આ રહસ્યને નથી જાણતો તે જ્ઞાનીઓની જેમ નકલ કરે છે જે ચાર ગતિમાં ફરવાનું કારણ બને છે. માટે સમજો-સમજો.

જય-મહાવીર - જય -મહાવીર

**સમાપ્ત**